# શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન
અને
# તેના આપ્તજનોની જીવનરેખા

શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન

અને

તેના આપ્તજનોની જીવનરેખા

સુધાબેન બુદ્ધિધનભાઈ મોદી



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ. કાર્તિક સુદ ૧૫. વિ.સં. ૧૯૨૪ રવિવાર રાત્રે
દેહોત્સર્ગ - ચૈત્ર વદ-૫ વિ.સં. ૧૯૫૭ મંગળ બપોરે
૨ વાગે

# શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન
## અને
# તેના આપ્તજનોની જીવનરેખા

[ભવન અને ભાવાંજલિ]

(શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન, પ્રેરક પ્રસંગો,
પ્રસંગવિશેષ અને મહાનુભાવોનો પરિચય)


સંપાદક

**ડૉ. શ્રી નરોત્તમદાસ ચુનીલાલ કાપડિયા**

•

સંમાર્જકો

**અમૃતલાલ યાજ્ઞિક**

આચાર્ય, મીઠીબાઈ કૉલેજ, મુંબઈ ૫૬.

**ચીમનભાઈ દવે**

આચાર્ય, એન. એલ. હાઈસ્કૂલ, મુંબઈ ૬૪.


•


પ્રકાશકો

**પ્રફુલ્લભાઈ ભગવાનલાલ મોદી**

**મનુભાઈ ભગવાનલાલ મોદી**

**સુધાબહેન બુદ્ધિધનભાઈ મોદી**

કિંમત રૂા. ૨-૦૦
પ્રથમ આવૃત્તિ, ૧૯૬૭

કારતક પૂનમ, ૨૦૨૪

પ્રકાશક :

મનુભાઈ ભગવાનલાલ મોદી
'ચેતન'
૬ બી, માટુંગા,
મુંબઈ-૧૯

મુદ્રક :

અનંત જે. શાહ,
લિપિકા પ્રેસ,
કુર્લા રોડ,
અંધેરી,
મુંબઈ ૫૯

"ધન્ય તે નગરી, ધન્ય વેળા ઘડી,
માતા પિતા, કુળવંશ, જિનેશ્વર."

શ્રી આનંદઘનજી (ધર્મજીવન સ્તવન)

## મેં ફૂંડાં ભરીને પાન કર્યું છે

"....મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના (શ્રીમદ્ રાજચંદ્રના) જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું....ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં ફૂંડાં ભરીને પાન કર્યું છે."

ગાંધીજી

(૧૫-૧૧-૧૯૨૧ : શ્રીમદ્ રાજચંદ્ર જયંતિ પ્રસંગે પ્રમુખસ્થાનેથી)

❀

## ત્રિકાળ-નમસ્કાર

"જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાયરહિત થયા છે
તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિથી નમસ્કાર હો,
નમસ્કાર હો! તે મહાત્મા વર્તે છે તે દેહને,
તે ભૂમિને, તે ઘરને, તે માર્ગને,
આસનાદિ સર્વને નમસ્કાર હો!
નમસ્કાર હો!"

—શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૬૭૪)

# આમુખ

"મનુષ્ય પરમેશ્વર થાય છે."—સત્પુરુષના આ સૂત્રનું તાત્પર્ય એ છે કે મનુષ્યમાં દેવત્વ ગૂઢરૂપે રહ્યું છે અને માણસ અંતર્મુખ બની એ તત્ત્વને ઓળખે તો તે દેવ બની શકે છે. તેથી પહાડ, વન, ગુફા કે મંદિર વગેરેમાં ભગવાનની શોધથી થાકી જઈને જો કોઈ વિચક્ષણ પુરુષ સર્વજ્ઞ, વીતરાગ એવા જંગમતીર્થરૂપ 'દેહધારી પરમાત્મા'ને શોધીને તેમને યથાર્થ ઓળખે અને પરમેશ્વરરૂપે અપનાવે તો તે ખરેખર બડભાગી છે.

પરમકૃપાળુ દેવશ્રીએ* કહ્યું છે કે, "માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે અને ભજે છે તે જ તેવો થાય છે. તેને ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે." આમ છતાં જો કોઈને, એવા કુટુંબી સ્વજનને એવી વ્યક્તિની ઉત્કૃષ્ટ અવસ્થાનું સાચું દર્શન થાય તો તે વ્યક્તિની મહત્તા પણ વિશેષ છે.

આવી વિશેષ મહત્તાનું સદ્‌ભાગ્ય જેને પ્રાપ્ત થયું છે તેવી એક વ્યક્તિ છે પૂ. જવલબા. પૂ. જવલબા એટલે શ્રીમદ્ રાજચંદ્રનાં સુપુત્રી. કૌટુંબિક સંબંધે શ્રીમદ્ રાજચંદ્ર પિતાજી હોવા છતાં, શ્રીમદ્‌ના અંતરમાં વિરાજતા "ઈશ્વરી અંશ"નું દર્શન પામી તેમને પરમાત્મ સ્વરૂપ—પરમેશ્વર—લેખીને વવાણિયામાં આવતા શ્રીમદ્‌ના ભક્તો, અનુયાયીઓ અને દર્શનાર્થી યાત્રાળુઓનું ભાવભીનું આતિથ્ય કરીને તેમની ભક્તિ-ભાવપૂર્વક શુશ્રૂષા કરવાનું પૂ. જવલબાએ વ્રત આદર્યું છે. વાત્સલ્યમૂર્તિ માતેશ્વરી પૂ. જવલબાનો આ સેવાભાવ ખરેખર સ્તુત્ય ને પ્રેરક છે.

---

* શ્રીમદ્ રાજચંદ્ર સર્વજ્ઞ, વીતરાગ, જંગમતીર્થસમા દેહધારી પરમાત્મસ્વરૂપ હોવાથી 'પરમકૃપાળુ દેવ', 'ભગવાન', 'પ્રભુ', દેવશ્રી, શ્રીમદ્ વગેરે સંજ્ઞાઓથી તેમનો ઉલ્લેખ થયો છે.

વવાણિયાની ભૂમિ શ્રીમદ્ રાજચંદ્રદેવના જન્મથી અને પુનિત પગલાંથી પાવન થઈ છે; તેથી જ આજે વવાણિયા એક પુણ્ય તીર્થધામ બની ગયું છે.

એ પરમપુરુષના પરમાત્મસ્વરૂપનું દ્યોતક તો "શ્રીમદ્ રાજચંદ્ર" નામે મહદ્ ગ્રન્થરત્ન છે. તેની પુનરુક્તિ કરવાનો અહીં આશય નથી. અહીં તો. પૂ. જવલબાની ઉદાત્ત અને સંસ્કારપ્રેરક ભક્તિના મૂર્તિમંત સ્વરૂપ 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'ને લગતી કેટલીક હકીકતો, પૂ. જવલબાના ઉદાત્ત જીવનની આછી રૂપરેખા તથા તેમનાં સ્વજનોની આછેરી ઝાંખી અને વિશેષ તો પરમકૃપાળુ દેવના પ્રસંગોચિત થોડાં સંસ્મરણો, વચનામૃતો અને મુમુક્ષુઓ સાથેના કેટલાક પ્રસંગોનું આલેખન અને સંકલન કર્યું છે. આ સાત્ત્વિક અને પ્રેરક હકીકતોનું વાંચન-મનન સર્વ જિજ્ઞાસુ-મુમુક્ષુઓને શ્રી પરમકૃપાળુ દેવ પ્રત્યેની પ્રેમભક્તિમાં યત્કિંચિત્ વૃદ્ધિ કરવામાં કારણભૂત બનશે તો આ નમ્ર પ્રયાસ તેટલે અંશે સફળ થયાનો સંતોષ અને આનંદ હું અનુભવીશ.

—સંપાદક

# પ્રાસ્તાવિક

કુરાંચીમાં ભરાતો અમારો કુટુંબમેળો, અમારા સ્વ. પૂ. પિતાશ્રી ભગવાનલાલભાઈ અને માતુશ્રી પૂ. જવલબાની શીળી છાયામાં કોઈ અનેરો આહ્લાદ અનુભવતો. સ્વ. પૂ. શ્રી ભગવાનલાલભાઈની સૌ પ્રત્યેની સ્નેહાળ લાગણી અને પૂ. જવલબાની અમીદૃષ્ટિભરી સર્વની સંભાળ આજે પણ એ કુટુંબમેળાના એક અવિસ્મરણીય અંગ તરીકે નજર સમક્ષ તરવરી રહે છે.

પૂ. શ્રી ભગવાનલાલભાઈના નિધન પછી થોડાં વર્ષે અમે સૌ જ્યારે મુંબઈમાં મળ્યાં ત્યારે પૂ. જવલબાના ત્રણ પુત્રો : બુદ્ધિધનભાઈ, પ્રફુલ્લભાઈ અને નાના મનુભાઈ; તેમની પુત્રવધૂઓ : સુધાબહેન, સુરભિબહેન અને કુસુમબહેન; તેમ જ ત્રણ પુત્રીઓ : વિદ્યાબહેન, લીલાબહેન અને શાંતાબહેન પણ પરિવાર સાથે ત્યાં જ હતાં. પૂ. જવલબાનાં બહેન કાશીબહેનના પુત્ર નગીનભાઈ અને પુત્રવધૂ ઇંદિરાબહેન પણ ત્યાં સાથે જ હતાં. તેમનો મોટો પુત્ર અને પુત્રવધૂ તે સમયે રંગૂન હતાં. આમ દૈવાનુયોગે પૂ. જવલબાની આસપાસ જામેલો આ કુટુંબઝમેલો, આ સમયે તેમના સ્વાસ્થ્યની ઊંડી ચિંતા અનુભવતો હતો. સૌનું અંતર પૂ. જવલબાના હૃદયની અભિલાષા ઉકેલીને તેમની ઇચ્છાનુસાર વર્તવા તૈયાર હતું.

આથી શ્રી બુદ્ધિધનભાઈએ પૂ. જવલબાને પૂછ્યું : "તીર્થસ્થલ વવાણિયામાં ચાલતી ધર્મપ્રવૃત્તિ આપના સુખના બલિદાનની દ્યોતક છે. મેં પણ મારું જીવન તેમાં પરોવવાનો વિચાર કર્યો છે તો તે અંગે આપ શું સૂચવો છો ? અત્યારે બધાં કુટુંબીઓ અહીં છે તો આપ આપની અંતરેચ્છા જણાવો એમ અમે આપને વીનવીએ છીએ. વવાણિયા તીર્થની મહત્તા ત્યારે જ સ્થપાય કે જ્યારે પરમકૃપાળુ શ્રીમદ્‌ના અનુયાયીઓને આપના અનુભવના અખૂટ ભંડારનો લહાવો મળે. શ્રીમદ્‌ના જન્મસ્થાનના ગૌરવને પ્રસ્થાપિત કરવાની સામગ્રીથી સજ્જ એવું આપનું અંતર ખોલો, જેથી એ અંતરપટ ઊપડતાં, વવાણિયાની તીર્થભૂમિના કણેકણમાં શ્રીમદ્‌ના પુનિત જીવનનું માહાત્મ્ય જીવંત પ્રકાશથી ઝળહળી ઊઠે !"

વવાણિયાને તીર્થસ્થળ તરીકે સ્થાપવાના વિચારને સર્વ કુટુંબીજનોએ ઊભરતા આનંદથી ઝીલી લીધો. એ આનંદે પૂ. જવલબાના અંતરને ઉકેલવા વિનંતી કરી: "બા, હવે મૌનનો પરિત્યાગ કરીને જીવન-પૃષ્ઠને શબ્દાંકિત કરો. શ્રીમદ્‌ના સાંનિધ્યમાં વિતાવેલા જીવનપટ પર ઊપસેલાં સ્મૃતિચિત્રોને શબ્દદેહ આપીને વવાણિયાની ભૂમિએ અનુભવેલી એ પરમ આધ્યાત્મિક જીવનની ઝલકનો અમને પરિચય કરાવો. આપનું જીવન એટલે શ્રીમદ્ પ્રત્યેનો નિતાંત ભક્તિભાવ. આમ આપના દરેક હલન-ચલનમાં શ્રીમદ્‌નું પરોક્ષ દર્શન પ્રગટતું હોવાથી આપની સાથે સંકળાયેલા જીવનપ્રસંગો શ્રીમદ્‌ની જ મહત્તાનું એક પ્રબોધક ગાન બની રહેશે."

સમયના વહેતા વહેણની સાથે સૌનો આગ્રહ ફળ્યો અને પૂ. જવલબાએ નોંધો લખાવવી શરૂ કરી. તેને વ્યવસ્થિત કરીને સુગમ શૈલીમાં સમાજના લાભાર્થે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેનું અધ્યયન સૌને આત્મશ્રેયરૂપ થાઓ એ જ અભિલાષા.

આ પુસ્તકને સુવાચ્ય અને સુંદર બનાવવા માટે અતિશય ખંત અને ઉત્સાહપૂર્વક સાક્ષર આચાર્ય શ્રી અમૃતલાલભાઈ યાજ્ઞિકે તથા શ્રી ચીમનભાઈ દવેએ કીમતી સમયનો સપ્રેમ લાભ આપ્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. અમને આપેલા આવા સાત્ત્વિક સહકાર માટે અમે તેમના હાર્દિક આભારી છીએ.

—**પ્રકાશકો**

# સંમાર્જન વિશે

આ પુસ્તકની હસ્તપ્રત જોઈને તેનું સંમાર્જન કરવાની જરૂરિયાત પ્રકાશકોને લાગી. એ કાર્ય કરવાનું મને સૂચવવામાં આવ્યું ત્યારે મેં એ સહર્ષ સ્વીકાર્યું, કારણ કે એ નિમિત્તે મારા હૃદયમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે જે પ્રેમાદરભાવભક્તિ હતાં તેને અનુરૂપ સેવા કરવાનો અવકાશ મળે છે એ વસ્તુ મારે માટે મૂલ્યવાન હતી.

હસ્તપ્રત વાંચ્યા પછી માત્ર ભાષા કે શૈલીની દૃષ્ટિએ જ નહિ પણ અંતરંગની દૃષ્ટિએ થોડો ફેરફાર કરવાની મને જરૂર લાગી. તે વિશે મેં શ્રી અમૃતભાઈ તથા અન્ય સજ્જનો કે જેમણે મને આ કાર્ય સોંપ્યું હતું તેમની જોડે વાત કરી. તેમણે ફેરફાર કરવાની મને સંપૂર્ણ છૂટ પ્રસન્ન મનથી આપી હતી. મારું દૃષ્ટિબિન્દુ એમને રુચ્યું હતું એટલે જ હું પણ મોકળે મને સંમાર્જનકાર્ય કરી શક્યો છું તે માટે હું વિશેષે કરીને શ્રી અમૃતભાઈનો આભારી છું. તેમની તથા તેમના સહકારીઓની ઉદારતાને લીધે મેં મુક્ત મને ફેરફાર કર્યો છે.

મેં ફેરફાર કર્યા છે તેમાં એક દૃષ્ટિબિન્દુ પ્રધાન રહ્યું છે: મૂળ લેખકના ભક્તિભાવ કે હેતુને વફાદાર રહી તેના વક્તવ્યને સુવાચ્ય કરવું તે. કેટલાકમાં મેં ધરમૂળથી ફેરફાર કર્યા છે અને થોડે અંશે મેં લખાણ કર્યું છે, પણ લેખન પાછળના મુખ્ય આશયને પૂર્ણતઃ વફાદાર રહેવા હું જાગ્રત રહ્યો છું. કેટલુંક લખાણ ગાળી પણ નાખ્યું છે. પણ મૂળ આશયમાં જરા ફેરફાર ન થાય તેને અનુલક્ષીને ફેરફાર કરવા જેવું લાગ્યું હોય તોયે કર્યો નથી. એટલે જો આમાં ફેરફારથી સહેજ પણ દોષ આવી ગયો હોય તો જવાબદારી મારી છે. અલબત્ત, કેટલાક પત્રોમાં જે ભાગ અસ્પષ્ટ હોય છતાંય આખો પત્ર ઉતારવાનો હોય તો તેમાં મેં કશો ફેરફાર કર્યો નથી. કેટલુંક લેખન અપેક્ષિત કોટિએ ન પહોંચ્યું હોય છતાં ભક્તિભાવને અનુલક્ષીને રાખ્યું છે—રાખવું પડ્યું છે. એટલે સમગ્ર પુસ્તકમાં કેટલેક સ્થળે લેખનકોટિની એકવાક્યતા જળવાઈ નથી એ હું કબૂલ કરું છું. કોઈક સ્થળે થોડી અસ્પષ્ટતા રહી હોય તો તેનો આટલો ખુલાસો કરું છું.

આ કાર્ય કરવામાં મને શ્રીમદ્‌ની પ્રતિભાભક્તિથી જે સાત્ત્વિક સંતોષ મળ્યો છે તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. તેથી આ કાર્ય કરવાની મને તક મળી તેમાં હું ખરેખર વિધિનો કોઈ સંકેત રહ્યો હોય તેમ સમજું છું.

આ કાર્યમાં મને મારા મિત્ર શ્રી ચીમનભાઈ દવેનો સાથ મળ્યો છે તેથી તેમનો ઘણો આભારી છું.

**અમૃતલાલ યાજ્ઞિક**

મીઠીબાઈ કૉલેજ,
વિલે પારલે (પશ્ચિમ), મુંબઈ–૫૬.

બેસતું વર્ષ ૨૦૨૪
૩-૧૧-૧૯૬૭



શ્રીમંદિર ( પ્રતિષ્ઠાના સમયે )

## જન્મભુવન પ્રતિષ્ઠા મહોત્સવ–જય વવાણિયા

સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સંતોની ભૂમિ. અનેક સંત—મહાત્મા પુરુષોની તે જન્મદાત્રી છે. શ્રી. આનંદઘનજી, નરસિંહ મહેતા, પ્રીતમદાસ, મીરાંબાઈ, સ્વામી દયાનંદ, પૂ. ગાંધીજીએ—આવા અનેક મહાત્માઓએ તે ભૂમિને પાવન કરી છે.

જંગમ તીર્થરૂપ સત્પુરુષો જેમ એ ભૂમિ પર થઈ ગયા છે, તેમ તીર્થ સિદ્ધાચલ (શત્રુંજય), ગિરનાર, તળાજા, દ્વારકા વગેરે સ્થાવર તીર્થો પણ ત્યાં શોભી રહ્યાં છે. એવા એ સૌરાષ્ટ્રના વિશાળ પટ પર એક નાની પણ શ્રી સંતની જન્મદાત્રીને કારણે તીર્થરૂપ બનેલી પરમ પાવની શ્રી વવાણિયાભૂમિ, કચ્છની ખાડીના સૌરાષ્ટ્રના કિનારે શોભી રહી છે. માણેકવાડાથી ત્યાં વરસોથી આવી વસેલ પંચાણ મહેતાના કુટુંબમાં તેમના પુત્ર રવજીભાઈને ત્યાં દેવીસમાં પૂ. દેવમાએ વિ. સંવત ૧૯૨૪ના કારતક સુદી પૂનમને રવિવારની રાત્રીએ જગઉધ્ધારક પુત્રરત્નને જન્મ આપ્યો હતો.

કાર્તિકી પૂર્ણિમાનો દિવસ દેવદિવાળી તરીકે મનાય છે. મહાપ્રભાવક શ્રી હેમચંદ્રાચાર્યજીનો જન્મ પણ કાર્તિકી પૂર્ણિમાએ જ થયો હતો. જૈનોમાં તે દિવસ શ્રી સિદ્ધાચલજીની યાત્રાનો મહિમાદિન ગણાય છે. એવા આ મહાન પાવનકારી દિવસે દેદીપ્યમાન જ્યોતિસમા મહાપ્રતાપી જ્ઞાનભાનુનો વવાણિયાની ભૂમિમાં ઉદય થયો.

અહોહો! આ નાનાસરખા ગામમાં આ શું? જાણે માનવમહેરામણ ઊભરાઈ રહ્યો છે! વાજિંત્રોના નાદ અને નોબતના ગડગડાટ! આ શો છે બધો કોલાહલ અને શેનો છે આ આનંદ?

ઉત્સવ પ્રસંગ સ્પષ્ટ થાય છે: જ્ઞાનભાનુ શ્રીમદ્ રાજચંદ્રદેવના જન્મ-સ્થાને આજે એક વિશાળ ભુવનના વિસ્તૃત ઘેરાવામાં, વચ્ચે શિખર અને બે બાજુ બે ગઢ સહિત ગુરુમંદિર પરમ શોભા આપી રહ્યું છે. તેમાં આજના મંગળ દિને પ્રભુની પ્રતિષ્ઠા થવાની છે.

એ પરમપુરુષનાં દર્શન માટે આરસમાં તેઓની મુદ્રા બનાવીને એ વિશાળ ભુવનમાં પધરાવવાના કોડ મારા અંતરમાં કેટલા વખતથી ઘોળાઈ રહ્યા હતા! અને તે વિચારોમાં ને વિચારોમાં કેટલીય રાતની મારી ઊંઘ પણ ઊડી જતી. મન ખૂબ વ્યાકુળ રહેતું. છેવટે આવા પવિત્ર વિચારોને ઉદારચિત્ત શ્રી ભગવાનલાલ-ભાઈએ સહર્ષ ઝીલી લીધા. અને વર્ષોથી અંતઃકરણમાં ગુંજી રહેલી એક મહાન ઇચ્છાને મૂર્તિમંત કરવાનો આજનો સં. ૨૦૦૦ના કાર્તિકી પૂર્ણિમાનો પરમ પવિત્ર દિવસ આવી પહોંચ્યો.

"પ્રભુ મુદ્રા"ની પ્રતિષ્ઠા કરવાની ધન્ય ઘડી પ્રતિક્ષણ નજીક ને નજીક આવતી જાય છે. જય ઘોષણા, જયનાદ હવામાં ગાજી રહ્યાં છે. સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ ઊભાં છે. પરમ પ્રભુજીને પધરાવવાનો મહાન લહાવો કોણ લે છે તે જોવા સૌ કોઈ મીટ માંડી રહ્યા છે. વિધિનિષ્ણાતો "જલદી કરો, જલદી કરો, કેમ વાર થાય છે? મુહૂર્ત નજીક આવી રહ્યું છે," એવી બૂમો પાડી રહ્યા છે. લોકો કહે છે, "અરે ભાઈ, શ્રી ભગવાનલાલભાઈને તો સખત તાવ આવે છે. પ્રભુને હવે કોણ પધરાવશે?" આ ગડમથલ ચાલતી હતી ત્યાં મોટેથી બુદ્ધિધનભાઈનો અવાજ આવે છે, "રસ્તો કરો, બાજુ પર ખસતા જાઓ. પૂ. બા પધારે છે, પ્રભુને પૂ. બા પધરાવે છે." એ પ્રમાણે બધાને જણાવીને મારો હાથ ઝાલી આગળ આગળ ચાલીને શ્રી બુદ્ધિધનભાઈ ગુરુમંદિરમાં મને લઈ આવ્યા. પાછળ સૌ કુટુંબીજનો પણ આવ્યાં.

મંત્રોચ્ચાર અને જયઘોષના નાદ વચ્ચે, 'પરમકૃપાળુ દેવની જય હો'ના બુલંદ અવાજો સાથે શુભ પળે પ્રભુ પધરાવીને હું કૃતાર્થ થઈ અને ધન્ય બની. અનેક દિવસની ભક્તિથી સેવાયેલા સ્વપર ઉપકારક વિચારો ફળીભૂત થઈને મૂર્તિમંત થયાનો અનેરો આનંદ મેં અનુભવ્યો.

આ પ્રતિષ્ઠામહોત્સવ પર મુંબઈ, ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રના પ્રદેશોમાંથી ઘણા મુમુક્ષુભાઈઓ કુટુંબ સાથે પધાર્યા હતા. તેઓ બધા મળીને લગભગ સાતેક હજાર જેટલી સંખ્યામાં હતા. આ મહોત્સવ કાર્તિક સુદ ૧૩થી ૧૫ સુધી ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. તે વખતે અનાજ, ખાંડ વગેરેની માપબંધી હતી. પણ મોરબીનરેશ ઠાકોરસાહેબ શ્રી લખધીરસિંહજી મહારાજાએ આ પ્રસંગે અસાધારણ સહાનુભૂતિ દર્શાવી અને જેટલી જોઈએ તેટલી ખાંડ, અનાજ વગેરે પૂરું પાડ્યું. તે ઉપરાંત ગાદલાં, ગોદડાં, સામાન લઈ જવા તેમ જ મહેમાનોને દહીંસરાથી વવાણિયા જવા-આવવા મોટર, બસ, ખટારાઓ વગેરેની અન્ય સગવડો આપીને તેઓશ્રીએ પ્રશસ્ય અનુકૂળતા કરી આપી હતી. વ્યવસ્થા સાચવવા પોલીસ-પાર્ટી પણ ગોઠવી આપી હતી. ત્યારે આજની જેમ દહીંસરાથી વવાણિયા સુધીની ટ્રેઈન ચાલતી નહોતી. ઉપરાંત ઠાકોરસાહેબે મોરબીથી દહીંસરા સ્પેશિયલ ટ્રેઈનો દોડાવી હતી, અને યાત્રાળુઓ દહીંસરાથી વવાણિયા સહેલાઈથી આવી શકે તે માટે પણ બસની સગવડ કરી આપી હતી અને તે પણ બધું વિના મૂલ્યે.

પછી મહારાજાસાહેબના શુભ હસ્તે મંદિરનો ઉદ્‌ઘાટનવિધિ થયો. તેઓશ્રી સાથે મોટા રાજ્યાધિકારીઓ તથા અગ્રગણ્ય વ્યાપારીઓ પણ પધાર્યા હતા. મહારાજાસાહેબે અને અન્ય ભાઈઓએ પ્રસંગને અનુરૂપ સુંદર ભાવવાહી વ્યાખ્યાનો આપીને મહોત્સવની શોભામાં વૃદ્ધિ કરી હતી. આ પ્રસંગે મોરબીનાં મહારાણીશ્રી પ્રભુનાં દર્શનાર્થે પધાર્યાં હતાં. તેમણે પ્રભુની આરતી ઉતારી હતી.

ગામમાંથી પ્રભુનો વરઘોડો 'જ્ઞાનપ્રકાશ મંદિર' સુધી લઈ જવામાં આવ્યો હતો જેમાં સરકારી બૅન્ડ, પોલીસ-પાર્ટી અને મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો પાંચથી છ હજારની સંખ્યામાં જોડાયાં હતાં.

આ વ્યાવહારિક કાર્યોમાં મહારાજાસાહેબની અમને મોટી મદદ મળી હતી. તેઓએ ભક્તિભાવભર્યો ભાગ લઈ સુપુણ્ય

ઉપાર્જન કર્યું છે. ઠાકોરસાહેબ લખધીરસિંહજી મોરબીથી વખતોવખત ફોનથી ખબર પૂછતા. જે કાંઈ જોઈએ તે તરત જ મોકલી આપતા. આવા ધર્મપ્રેમી અને પ્રજાવત્સલ રાજા-રાણીનો પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી માટેનો આવો ઉત્કટ આદર અને સેવાભાવ એ એક રીતે જેમ તેમની ઉચ્ચ સંસ્કારિતા દર્શાવે છે, તેમ બીજી રીતે આપણા ભારતદેશની પવિત્ર પ્રાચીન પ્રણાલિકાની ઉચ્ચતાનું સ્મરણ કરાવે છે. આવા સુજ્ઞ રાજવીઓનું આવું ઉદાત્ત વર્તન એ વાતની સાક્ષી પૂરે છે કે તેમણે શ્રીમદ્ કથિત એ વચન જીવનમાં ઉતારી દીધું છે: "રાજા હો કે રંક હો–ગમે તે હો–પરંતુ....આ કાયાનાં પુદ્ગળ થોડા વખતને માટે માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માગનાર છે*" અને એમને એ વાતનું નિત્યસ્મરણ હોય છે કે, "સર્વોત્તમ પદ સર્વ ત્યાગીનું છે."*

☆ ☆ ☆

---

* 'પુષ્પમાળા' ૧૯.

* શ્રીમદ્ રાજચંદ્ર તત્ત્વદીપિકા" પાનું ૬૪, 'વચનામૃત' ૧૩.




શ્રીમદ્ રાજચંદ્રનું મૂળ રહેણાકનું મકાન–વવાણિયા (જેના પર અત્યારનું 'જન્મભુવન' રચવામાં આવ્યું છે.)

## ગરવા ગુરુ અને ગરવી જન્મભૂમિ

અંતર આજ અતિ ઉલસે, શી જન્મભૂમિ ગરવી!
ભક્ત મુમુક્ષુ મન હરનારી, કલ્યાણક નરવી.

પશ્ચિમ ભારતની પટરાણી, વવાણિયા પૂરી 'વખણાણી'
શ્રીમદ્‌જનનીનું પદ પામી, ઉચ્ચ ધર્મની અનુગામી.
....અંતર આજ૦

સૌરાષ્ટ્ર પ્રભાવંતું તુજથી, જગ જેમ નિશા શશી ઉદયથી,
મંદિર મનોહર જો દૂરથી, પ્રણમું ઉરથી હરખી હરખી.
....અંતર આજ૦

જિન મંદિર સહ ગુરુ મંદિર આ, કરુણામૂર્તિ ગુરુરાજ મહા,
ચરણે મન લીન રહો જ સદા, મન મંગળ દર્શન કાજ ત્યહાં.
....અંતર આજ૦

પ્રભુ પૂર્વ કમાણી બહુ લાવ્યા વળી સર્વ કળા ધરી અહીં આવ્યા,
મા દેવુમાને બહલાવ્યા શ્રી રાજચંદ્ર અમ મન ભાવ્યા.
....અંતર આજ૦

અહો, કિશોર કાળે ભવ ભાવ્યા, સ્મૃતિ પડદાઓ સઘળા ટાળ્યા,
શ્રુત નયને સહુ ધર્મો ભાળ્યા, સમ્યક્‌દર્શન ગુણ સૌ પાળ્યા.
....અંતર આજ૦

પ્રભુ સત્ય ધર્મને ઉદ્ધરવા, અશરીરી ભાવ સદા વરવા,
અજ્ઞાન કલંક મહા હરવા, કરી દેહની આપે ના પરવા.
....અંતર આજ૦

ગુરુ સત્‌ પુરુષાર્થ સદા કરતા, ખરી નિષ્કારણ કરુણા ધરતા,
વળી મોક્ષ-માર્ગ કંટક હરતા, અમ સમ નિર્બળને ઉદ્ધરતા.
....અંતર આજ૦

હે સદ્‌ગુરુ શ્રીમદ્‌, ઉર વસજો, અવરોધક બળ સામે ધસજો,
અણસમજણ અમ સઘળી હરજો, ભક્તિ-મુક્તિ પદ ઉર ધરજો.
અંતર આજ૦



વવાણિયાની સ્મશાનભૂમિમાં બળતી ચિતા દેખી
શ્રીમદ્‌ને સાત વર્ષની વયે થતું જાતિ સ્મરણ જ્ઞાન



શ્રીમદ્ રાજચંદ્રજીનાં ધર્મપત્ની પૂ. ઝબકબા.

જન્મ. વિ.સં. ૧૯૨૬ દેહવિલય વિ.સં. ૧૯૯૦

લગ્ન- મહા સુદ-૧૨ વિ.સં. ૧૯૪૪

સહજાત્મ સ્વરૂપાય નમઃ

# મારા પૂ. માતુશ્રી ઝબકબાઇ

મારા પૂ. માતુશ્રી, શ્રીયુત રેવાશંકરભાઈ જગજીવનભાઈ ઝવેરીના મોટાભાઇ પોપટલાલભાઇના પુત્રી થાય. તેમનું નામ ઝબકબાઇ હતું.

પરમ કૃપાળુદેવને કારણાવશાત્ મોરબી જવું થયું હતું ત્યારે ત્યાં સબંધીજનોની પ્રેરણાથી અવધાન કર્યાં હતાં. આ જોઈ પૂ. રેવાશંકરભાઈને આશ્ચર્ય થયું અને પોતાને ઘેર ચા પાણી માટે આમંત્રણ આપ્યું. પરમ કૃપાળુદેવ રેવાશંકરભાઈને ઘેર પધાર્યા ત્યારે શ્રી ઝબકબાઈ ત્યાં હતાં ત્યારે પ. કૃ. દેવે કહ્યું કે :–"આ તમારા મોટાભાઈના પુત્રી છે તેનું નામ ઝબક છે" આ પ્રમાણે વાત થયેલી.

ત્યારપછી રેવાશંકરભાઇને તથા શ્રી પોપટલાલભાઇ ને શ્રી પ. કૃ. દેવ સાથે ઝબકબાઈના સગપણનો વિચાર થયો, અને પૂર્વ પ્રારબ્ધાનુસાર તેમ થતાં મારા માતુશ્રી આ મહાત્મા સાથે સં. ૧૯૪૪ની સાલમાં લગ્નગ્રંથિથી જોડાયા.

આ સત્પુરૂષના પ્રતાપે મારાં માતુશ્રીમાં ઘણી રૂડી સંસ્કારીતા પ્રાપ્ત થઇ. તેમનું જીવન સત્યપરાયણ, સરળ અને સ્વભાવે કોમળ હોઇ પક્ષપાત વિનાનું હતું અમારા અને મારા ફઈબાના બાળકોમાં તેઓ કદિ ભેદભાવ રાખતા નહી. આથી મારા માતુશ્રી સૌને પ્રિય થઈ પડયાં હતાં.

પ. કૃ. દેવનું જીવન સંસારમાં વિરકત ભાવે હોઈ ઉદાસીન-ભાવે રહેતા. તે મારા માતુશ્રી સમજતાં હતાં પણ શાંતિથી અને સંતોષથી રહી આનંદ માનતાં ને પ. કૃ. દેવના કાર્યમાં ક્યારેય પણ અવરોધરૂપ થતાં નહીં. મારા માતુશ્રીએ કોઇને કહેલું કે "તેમનું (પ. કૃ. દેવનું) જીવન સાધુ જેવું છે."

મારાં મોટા માતુશ્રી દેવમા માદાં પડયા ત્યારે તેઓ બંને નડીયાદ હતા. નડીયાદમાં પૂજ્ય દેવમા માંદા પડવાની ખબર જતાં તેઓ બંનેએ વવાણીએ આવી ઘણી સેવા કરી મોટા માતુશ્રીને માંદગીથી ઘણી નબળાઇ આવી જવાથી ચાલી શકતા નહી જેથી પ. કૃ. દેવ સાથે રહી મારા મોટા માતુશ્રીના હાથ ઝાલીને ચલાવતા હતાં. ઘણા વખતે કંઇક શરીર સરખું થયું ત્યાં સુધી પોતે વવાણીયા રોકાયા હતા. બંનેયે માબાપની જે સેવા બરદાસ્ત કરી તેનું અનુકરણ કરવાની આપણને શક્તિ આપો.

કુટુંબમાં શાંતિથી રહી નિસ્પૃહભાવે તેમણે આત્માનું સાધ્યું, જ્યારે ગૃહસ્થાશ્રમમાં વવાણીઆ હતા ત્યારે મારાં માતુશ્રી કમોદ ખાંડતાં હતાં, ત્યારે પ. કૃ. દેવ થોડે દુર બેઠા,

"ધાર તરવારની સોહલી દોહલી,
ચૌદમાં જિન તણી ચરણ સેવા"

એ પદ મહાત્મા આનંદઘનજીનું બોલતા હતા આ દૃશ્ય મેં નજરે જોયેલું, મારા માતુશ્રીને કોઇએ કહ્યું કે તમે આવા

પૈસવાળા છતાં હાથે કામ કરો છો ? મારા માતુશ્રીએ પ. કૃ. દેવને આ વાત કરી પ. કૃ. દેવે પૂ. દેવમાને કહ્યું કે "મા ! બીજા પાસે કામ કરાવી લેતા હોતા ? દેવમા કહે "ભાઇ ! મોરબી નગરશેઠના ઘરના કામ હાથે કરે છે અને આપણે પણ કરીએ કામ કરવામાં ખોટ નહીં" એ પ્રમાણે ખુલાસો પૂ. દેવમાં-એ કરતાં સૌને આનંદ થયો.

પ. કૃ. દેવનો દેહ વિલય થયો તેને આગલે દિવસે મારા માતુશ્રીને માળા ફેરવવાનું કહેલું શ્રી પ. કૃ. દેવના દેહ વિલય બાદ પોતે ઉદાસીન ભાવે એકાંતમાં ઝાઝો વખત રહી જે તેમને સ્મરણ આપેલ તે માળા ફેરવતાં. આ રીતે પોતાનો જીવનકાળ વ્યતીત કરતાં.

પૂર્વના અશુભ કર્મના ઉદયે રેવાશંકર જગજીવનની પેઢીનો આપસમાં કેસ ચાલ્યો ને તેમાં અનેક વીટંબનાઓ પડી, અને ફેંસલો થયો. ત્યાર પછી મારા ભાઈ છગનલાલ અને મારા કાકા મનસુખલાલ એ બેના નામથી છગનલાલ મનસુખલાલના નામની કંપની શરૂ કરી. ચાર મહિના મારા ભાઈ છગનલાલ પેઢી ઉપર બેઠા ત્યારબાદ તે બિમાર પડયા બાર મહિના બિમારી ભોગવીને ભાઇ છગનલાલનો દેહ છુટી ગયો. આથી મારા માતુશ્રીનું જીવન નિરસ થઇ ગયું અને પ્રભુએ આપેલ માળામાં મન પરોવી રાખતા. ત્યાર પછી એક વર્ષે મારા લગ્ન થયા પણ તેમને (મારા માતુશ્રીને) તેમાં રસ ન હતો. મારાં લગ્ન પછી ૮ મહીને મારો નાનો ભાઈ રતીલાલ પણ ગુજરી ગયો, આવા

દુઃખદ પ્રસંગો એક પછી એક આવ્યા. છતાં મારા માતુશ્રી આવા દુઃખદ પ્રસંગોમાં પણ સહનશીલતા રાખી જીવન વિતાવતાં. ત્યારબાદ મારા માતુશ્રી ઝળકબા પણ બિમાર પડયાને સં. ૧૯૭૦ની સાલમાં પ્રભુના સ્મરણમાં શાંતિપૂર્વક દેહ છોડયો (પૂજ્ય બાએ લખાવેલું).

★★★



પ. પૂ. શ્રી જવલબા ( જયાબહેન )

જન્મ:- કારતક સુદ-૯ સંવત ૧૯૮૦

## વાત્સલ્યમૂર્તિ
## પૂ. શ્રી. જવલબા (જયાબહેન)

તરણતારણ, જ્ઞાનાવતાર સત્પુરુષોની ઉપકારવૃત્તિ માનવ-ઇતિહાસમાં સદાકાળ એક સોનેરી પ્રકરણરૂપે શોભી રહે છે. આપણા આ ધૂંધળા વર્તમાનયુગમાં પણ એ ઉપકારવૃત્તિએ પોતાનો પ્રાદુર્ભાવ કરીને એક મહદ્ ઉપકાર કર્યો છે. એ પ્રાદુર્ભાવ એટલે પરમકૃપાળુ આત્મસ્વરૂપ શ્રીમદ્ રાજચંદ્રનું મૂર્તિમંત સત્પુરુષ સ્વરૂપે સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ પર પુણ્યતીર્થ વવાણિયામાં થયેલું પ્રાકટ્ય. ત્રિવિધ તાપમાં બળતા માયાગ્રસ્ત જીવોને એ કારુણ્ય-મૂર્તિનું પરમ ઉપશમ સ્વરૂપ આત્મચરિત્ર અને તેમનો સદ્‌બોધ એ પરમ શીતળ જળસમાન છે. "જે મનુષ્ય સત્પુરુષના ચરિત્ર રહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.*" શ્રીમદ્‌નું આ કથન પણ એ જ મર્મનું સૂચક છે.

એટલે જીવોના વાસ્તવિક કલ્યાણ માટે આવા જંગમતીર્થ સમા સત્પુરુષોનાં ચરિત્ર, સદુપદેશ, મુદ્રા, પવિત્ર જન્મભૂમિ, નિવાસસ્થાન, આસન વગેરે સર્વ પૂજાર્હ બની રહે છે.

આવી વિભૂતિઓના ચરિત્ર–રહસ્યને આરાધવાનો સુઅવસર અન્ય મુમુક્ષુઓને પણ પ્રાપ્ત થાય તે અર્થે આ ઉજ્જવળ પરંપરાને સાચવવામાં તેઓશ્રીના પ્રભાવક વૃત્તિના અનુયાયી ભક્તજનોએ પણ જે યથાશક્તિ ફાળો આપ્યો છે તે અવિસ્મરણીય છે. આ

*જુઓ – 'મોક્ષમાળા'. શ્રીમદે તેમની સોળ વરસ અને પાંચ માસની ઉંમરે ત્રણ દિવસમાં એ રચી હતી. જૈનધર્મને યથાર્થ રીતે સમજાવવા તેમાં પ્રયત્ન કર્યો છે. વીતરાગમાર્ગનું બીજ હૃદયમાં રોપાય એ તેનો હેતુ છે.

ઉજ્જવળ પરંપરામાં, પુણ્યક્ષેત્ર વવાણિયામાં, "શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન" એક મહાન તીર્થધામ બની રહે છે. દૂરદૂરથી મુમુક્ષુઓ આવે છે અને આ પુણ્યતીર્થમાં વર્તમાન યુગના આ આડંબરરહિત દર્શનનો લાભ લઈને પાવન થાય છે.

આવું પાવનકારી કાર્ય જેમની નિષ્કામ ભક્તિ, સદ્ધર્મ અને પ્રભાવક વૃત્તિનું પરિણામ છે તે પૂ. બહેનશ્રી જવલબા એટલે સાંસારિક દૃષ્ટિએ શ્રીમદ્દનાં સુપુત્રી. તેમને તો તેમની પાંચ-છ વર્ષની નાની ઉંમરમાં જ આવી દિવ્ય વિભૂતિનું પિતા સ્વરૂપે સાન્નિધ્ય પ્રાપ્ત થયું. એ સદ્ભાગી બચપણના કુમળા અંતરમાં દૈવી પિતાની મહાનુભાવતાની છાપ કોરાવા લાગી અને ઉત્તરોત્તર તેઓશ્રીની ચર્ચા-ચેષ્ટા દ્વારા પોષણ મળતાં તેમને પિતાની અપૂર્વતા સમજાઈ ગઈ.

આવી અપૂર્વતાનો સ્પર્શ પામેલું હૃદય જ્યારે તેણે ઝીલેલી સ્મૃતિસિદ્ધિને જિજ્ઞાસુઓ સમક્ષ વ્યક્ત કરે છે ત્યારે તે કોઈ લોકોત્તર હેતુ ખાતર તેમ કરતા હોય છે. અને તેનું પરિણામ પણ "શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન" જેવું જ લોકોત્તર હોય છે.

આટલી નાની ઉંમરમાં પણ પૂ. બહેનશ્રીના સ્મૃતિપટ પર આવાં ઉદાત્ત દૃશ્યોની સ્મૃતિ કોરાઈ રહે તે, તેમના પ્રભુની પુત્રીરૂપે પ્રગટવાના સદ્ભાગ્યની જેમ, પૂર્વના આરાધક આત્માની ઝાંખી કરાવે છે. તેમણે પોતાનું જીવન ભગવદ્રૂપ પિતાની ભક્તિમાં ઓતપ્રોત કરી દીધું. એમની ભક્તિ એ જ તેમને માટે આજીવન સાધના બની રહી. તેમના પરિચયમાં આવતાં તેમની વાતો પરથી સ્પષ્ટ જણાઈ આવતું કે તેમનો સાંસારિક ભાવ ઓસરતો જતો હતો અને પરમાત્માની ભક્તિ અને તે પ્રભાવનામાં વૃદ્ધિ થાય તેવાં સાધનો યોજીને તેમને સુવ્યવસ્થિત રાખવામાં તેમનું મન સતત પરોવાયેલું રહેતું હતું. સંસારનાં ઉપાધિજન્ય કાર્યો સત્-દૃષ્ટિવાન જીવ જેમ પરાણે કરે છે તેમ પૂ. બહેનશ્રી તેવાં કાર્યો એક અનિવાર્ય ફરજરૂપે પરાણે કરતાં. તેમણે તો હવે એક જ ધર્મ સ્વીકાર્યો છે કે પરમકૃપાળુ શ્રીમદ્પ્રભુમાં પ્રીતિ ધરાવનારા તેમના અનુયાયીઓ અને મુમુક્ષુઓ તીર્થધામ વવાણિયામાં જ્યારે

દર્શનાર્થે આવે ત્યારે તેમનો ઉમળકાભેર આદર–સત્કાર કરવો અને વાત્સલ્યભાવે તેમની ખાવાપીવાની, સૂવાબેસવાની વગેરે નાનામાં નાની સુખસગવડ પર ધ્યાન આપવું.

પરમાર્થ સાચવી તેને દીપાવવા માટે ઉદાર ભક્તિ ઉપરાંત અન્ય સદ્ગુણોની પણ આવશ્યકતા રહે છે: નમ્રતા, લઘુતા, ગંભીરતા, ધીરજ, સહિષ્ણુતા, વાણીમાધુર્ય, હિંમત, હોંશ, વાત્સલ્ય તથા ઔદાર્ય વગેરે સદ્ગુણો આવશ્યક બની રહે છે. પૂ. જવલબામાં આ ગુણોનું દર્શન થાય છે. તેમના સાન્નિધ્યમાં તેમના અપાર સદ્ભાવ અને વાત્સલ્યની પ્રતીતિ થાય છે અને 'વાત્સલ્યમૂર્તિ બા' એ શબ્દો સૌના મોંમાંથી સહેજે સરી પડે છે. માતાથી પણ અધિક સંભાળ લેતાં આ 'બા'નું દર્શન ખરેખર પાવનકારી છે.

કર્મગતિની વિચિત્રતા અનુસાર શાતા–અશાતા, અનુકૂળતા–પ્રતિકૂળતા, ગૃહસ્થના ઘરના બહોળા કુટુંબ–વહેવારને કારણે ઊભી થતી અનેક પ્રકારની વ્યાવહારિક વિટંબણાઓ વચ્ચે પણ દૃઢ સંકલ્પબળથી લોકોત્તર શુભ સંસ્કારોનો પ્રાપ્ત થયેલો વારસો, તેના પર કોઈ પ્રકારનું આવરણ આવવા દીધા વગર, અણીશુદ્ધ જાળવી રાખવાનું કાર્ય ઘણું કપરું છે. એ મહદ્ પુણ્યની નિશાની છે અને બહારથી સામાન્ય જણાતા જીવનના ઊંડાણમાં રહેલા પ્રભાવક આત્માનાં લોકોત્તર લક્ષણોનું સૂચક છે.

પૂ. બાનું અંતઃકરણ ખરેખર કેવું સાત્ત્વિક અને નિર્દોષ છે! તેમને હંમેશાં મનમાં થયા કરતું કે, "શું માણસ ખરેખર જૂઠું બોલી શકતો હશે? અન્યાય, અનીતિ આચરી શકતો હશે?" તેવું તેનાથી કેમ બનતું હશે? સાતસો મહાનીતિ* વાંચતાં મનમાં એમ થાય કે "પ્રભુએ આમ કેમ લખ્યું હશે?!" સંવત ૨૦૧૫માં એટલે કે પોતાની ૬૫ વર્ષની ઉંમરે પૂ. જવલબાએ જણાવેલી આ વાત છે. એ હકીકત સૂચવે છે કે આ બહુરંગી દુનિયાના પ્રપંચી ખેલનો તેમના સરળ ભદ્રસ્વભાવને ક્યારેય પાશ લાગ્યો

*'મહાનીતિ'–(વચન સપ્તશતી)–જુઓ 'તત્ત્વદીપિકા' પા. ૨૧થી ૪૬.

ન હતો. આવા સાત્ત્વિક સત્યાત્માઓ જ પરમાર્થમાર્ગનો અને ગુરુભક્તિનો મર્મ પામી શકે છે.

આવી વ્યક્તિઓની ગણના લૌકિક નહીં પણ લોકોત્તર માનવીઓમાં થાય છે. હવે પછીનું તેમનું વૃત્તાંતનિરૂપણ તેમના ઉદાત્ત જીવનનાં ઊજળાં પાસાંઓનો પરિચય કરાવે છે. તે ખરેખર સાચાં માતેશ્વરી છે અને સર્વ મુમુક્ષુઓની એ શીતળ છાયા રૂપ છે. તેમનું ગૃહજીવન ઉભય પક્ષે સાત્ત્વિક ને સરળ છે. તેમની કૃતજ્ઞતા અને ગુણગ્રાહકતા દૃષ્ટાંતરૂપ બની રહે છે. તેમની અપૂર્વ ભક્તિ અને મુમુક્ષુ યાત્રિકોનું આતિથ્ય અને સુશ્રૂષા–ભાવ, તે બધાંના ફળસ્વરૂપ 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન' સાથે સદૈવ સંકળાયેલા રહીને પ્રભાવશાળી આત્માનો સદાય વિજય પોકારી રહેશે.

☆ ☆ ☆

## પૂજ્ય જવલબાનાં સંસ્મરણો

પ્રભુ રાજચંદ્રની કુળપરંપરા અને જીવન વિષે જાણવાની સૌની ઇચ્છાથી પૂ. શ્રી. જવલબાએ તેમનાં પૂ. દાદીમા અને વડીલો પાસેથી સાંભળેલી અને પ્રત્યક્ષ જોયેલી હકીકતો નીચે પ્રમાણે જણાવી છે:

(૧)

સૌરાષ્ટ્રમાં આવેલું વવાણિયા બંદર, પૂર્વે તેની જાહોજલાલી અને વેપાર-રોજગાર માટે સુવિખ્યાત હતું. વસ્તી અને વસ્તુ બંને દૃષ્ટિએ એ આજે છે તેના કરતાં અનેકગણું સમૃદ્ધ હતું. સમયનાં વહેણ સાથે આજે આ સ્થળ પૂર્વ જેવું રહ્યું નથી. પણ એ મહાપુરુષનો જન્મ આ નાનકડા ગોકુળિયા જેવા ગામમાં હોઈને આજે એ પવિત્ર તીર્થધામ બન્યું છે.

આ મહાપુરુષનો જન્મ શા. દામજી પીતાંબરના કુટુંબમાં થયો હતો. એમના પિતામહનું નામ પંચાણભાઈ હતું. તેઓ મોરબી પાસે આવેલા માણેકવાડા ગામના મૂળ રહીશ હતા. તેઓ પાંચ ભાઈઓ હતા. તેમની સંપત્તિ એટલી વિપુલ હતી કે તેના ભાગ ગણતરીએ નહીં પાડતાં તાંસળીએ પાડ્યા હતા. પંચાણભાઈને દીકરો નહીં હોવાથી તેમને ઓછો ભાગ આપ્યો તેથી માઠું લાગતાં પોતાનું વતન છોડી તેઓ વવાણિયા આવીને રહ્યા* અને વહાણવટાનો ધંધો શરૂ કર્યો. રવીચી માતાની તેમણે

*સંવત ૧૮૯૨માં વવાણિયા આવ્યા પછી દાદાજીએ એક મકાન વેચાતું લીધું હતું અને એ જ મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. (શ્રીમદ્ રાજચંદ્ર 'જીવન સાધના' પાનું ૨.)

માનતા રાખી. ત્યાર બાદ પુત્રનો જન્મ થયો. તેથી તેમનું નામ રવજીભાઈ પાડ્યું. ઉંમરલાયક થતાં માળિયામાં રાઘવજી શાહની દીકરી શ્રી. દેવબાઈ સાથે શ્રી. રવજીભાઈનાં લગ્ન થયાં. દેવબાઈ સ્વભાવે સરળ દેવી સમાન હતાં. તેમનાં પૂ. સાસુજી ભાણબાઈને તથા સસરાજી પૂ. પંચાણભાઈને આંખની તકલીફ હોવાથી પૂ. દેવમા તેમની સુશ્રૂષા અને ઘરનું કામકાજ ખૂબ ઊલટથી કરતાં. વહુની આવી એકનિષ્ઠ સેવાચાકરીથી તેઓ બહુ પ્રસન્ન રહેતાં. પૂ. દેવમાને ત્યારે બાળક નહોતું. એક વાર સાસુએ આશિષ આપી કે : 'વહુ બેટા! ફૂલની જેમ ફૂલજો!'

અત્રેની રામમંદિરની જગ્યામાં ત્યારે પૂ. રામબાઈમા આવી રહ્યાં હતાં. પૂ. રામબાઈમા પવિત્ર બાળબ્રહ્મચારિણી હતાં. ઘણાં દયાળુ હોઈ તેમણે અનાથ અને સાધુસંતોની સેવાનું વ્રત આદર્યું હતું. તેમની જગ્યા સૌ અભ્યાગતોને માટે સદા ખુલ્લી હતી. તેમનું ચરિત્ર વિસ્તારથી 'રામબાઈમા' નામના પુસ્તકથી પ્રસિદ્ધ થયેલું છે. રામબાઈમાની પાસે દેવમાનું પ્રસંગોપાત્ત જવાનું થતું.

રામબાઈમાનાં લગ્ન નાની ઉંમરમાં થયાં હતાં. સાસરિયાં તેમને આણું તેડવા આવેલા ત્યારે દુકાળને કારણે ભૂખ્યાં બાળકોનાં ટોળેટોળાં તેમને ગામ વાંટાવદર આવ્યાં હતાં. લોકો નિર્દયપણે તેમને મારીમારીને હાંકી કાઢતા હતા. આ જોઈ પૂ. રામબાઈમાને અત્યંત દયાભાવ સ્ફુર્યો. સૌ બાળકોને પોતાને શરણે લીધાં ને સાસરે ન ગયાં. અનાથ બાળકોને લઈ પિયેર છોડી ચાલી નીકળ્યાં અને વવાણિયા આવી, આજે જ્યાં રામમંદિર છે ત્યાં આવીને રહ્યાં અને પોતાનું સમગ્ર જીવન અનાથ, દીનદુઃખિયા અભ્યાગતોની સેવામાં તેમ જ પ્રભુભક્તિમાં ગાળ્યું. સૌને તેમનાથી શાંતિ મળતી. પૂ. દેવમાનો પણ તેઓ એક ઉત્તમ વિસામો હતાં. તેમણે પૂ. દેવમાને એક ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થશે એમ કહ્યું હતું અને એ ભવિષ્યવાણી ખરી પડી.

મારા પિતામહ (રવજી અદા) સ્થાનકવાસી જૈન હતા. તેમનામાં ગરીબો પ્રત્યે બહુ દયાભાવ હતો. ગરીબોને અનાજ, કપડાં વગેરે આપતા. સાધુસંત, ફકીર પર પણ તેમને બહુ આસ્થા



પૂ. રવજીદાદા



પૂ. દેવામા

હતી. તેમની સેવા, ભક્તિ કરે અને જમાડે પણ ખરા. વવાણિયામાં ત્યારે કોઈ ઓલિયા ફકીર આવેલા. તેમની સેવા તેમણે બહુ કરી હતી. તેમની પાસે દરરોજ ભોજન વગેરે લઈને જતા. એક વખત તે ઓલિયાએ મારા પૂ. દાદાને કહ્યું: 'રવજી, કલ સબેરે તુમ જલ્દી આના.' તેમણે કહ્યું: 'બહુ સારું, બાપજી, વહેલો આવીશ.' બીજે દિવસે ઘરે મહેમાન આવેલા, તેમની સરભરા કરવામાં બાપજી પાસે જતાં મોડું થયું. મહેમાનો માટે ચૂરમું કર્યું હતું તે બાપજીને જમાડવા માટે લઈને ગયા. ફકીર બાવા પાસે પહોંચતાં જ તેમણે કહ્યું: 'રવજી, તુમ બહુત દેરસે આયે. અચ્છા! રવજી, તેરેકો દો લડકે હોંગે, એક તો બડા નામ નિકાલનેવાલા હોગા, ઔર દૂસરા ભી અચ્છા હોગા. દોનોં લડકે તુમ્હારા નામ રોશન કરેંગે. મગર બડા લડકા સબકો વંદનીય હોગા. લેકિન રવજી, તુમ બહુત દેરસે આયે, વક્ત ચલા ગયા. ઇનકે આયુષ્યમેં ફેર પડેગા ઐસા માલૂમ હોતા હૈ. તુમ અબ ઘર પર જાઓ, તુમ્હારા ભલા હોગા.'

પૂ. દેવમા પ્રત્યે તેમનાં સાસુજીને બહુ વહાલ હતું અને તેઓ કહેતાં: દેવ! તું તો મારે ત્યાં દેવી જેવી છે. તારા જેવી ભલી વહુ કોઈકને જ ત્યાં હશે. બેટા, સૌ સારું થશે.

આમ સાધુસંતોની સેવા અને સાસુ-સસરાના આશીર્વાદ પૂ. દેવમાને ફળ્યા અને સંવત ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાને વાર રવિની પાછલી રાત્રિએ* દેવદિવાળીના દિવસે પૂ. દેવમાએ પુત્રરત્નને જન્મ આપ્યો જેમનું નામ તે દિવસથી 'રાયચંદભાઈ'* રાખવામાં આવ્યું.

પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય, એમ આ ભવ્ય વિભૂતિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. ચંદ્ર જેવા શીતળ અને સૂર્ય

---

*રાત્રે બે વાગ્યે.

*તેમનું હુલામણાનું નામ 'લક્ષ્મીનંદન' હતું. સં. ૧૯૨૮માં તે બદલીને 'રાયચંદ' પાડવામાં આવ્યું. આગળ જતાં તેઓ શ્રીમદ્ રાજચંદ્ર નામે પ્રસિદ્ધ થયા. (જીવન-સાધના)

જેવા તેજસ્વી પોતાના બાળકને તેડીને પૂ. દેવમા રામમંદિરે પૂ. રામબાઈની પાસે જતાં. પ્રભુ સાત વર્ષના થયા ત્યારે રવજી અદા તેમને નિશાળે બેસાડવા લઈ ગયા. વવાણિયાની નિશાળમાં લાવ્યા ને ત્યાં મોટા માસ્તરને વિનંતી કરી કે મારા આ એકના એક દીકરાને બરાબર ભણાવજો; એને મારશો કે લડશો નહીં. આવી ભલામણ કરી મોટા માસ્તરને સોંપી તેઓ ઘરે આવ્યા.

પ્રભુની અપૂર્વ તેજસ્વિતાએ મુખ્ય શિક્ષકના અંતરમાં પ્રેમ જગાડયો અને તેમના હાથ નીચેના શિક્ષકને બોલાવીને કહ્યું, 'લવજીભાઈ, આને પ્રેમ રાખી ભણાવજો. જરા પણ ખિજાતા નહીં કે મારતા નહીં.' લવજીભાઈના મનમાં થયું કે મોટા માસ્તરના સંબંધીનો પુત્ર હશે તેથી આમ ભલામણ કરતા હશે. લવજીભાઈ તો પોતાના વર્ગમાં બાળ રાજચંદ્રને લઈને ગયા. એકથી પાંચ સુધી આંકડા લખી આપ્યા અને કહ્યું, 'રાયચંદ, જા કલાસમાં બેસી ઘૂંટી લાવ.'

પ્રભુ પાટી તરફ એક નજરે જોઈ રહ્યા અને વિચારમગ્ન થયા, તરત જ શિક્ષકને જઈને કહ્યું કે સાહેબ, આ તો મને આવડે છે. એમ કહી પાંચે આંકડા લખી બતાવ્યા. શિક્ષકના મનમાં થયું કે ઘરમાં તેને શીખવ્યા હશે. બીજે દિવસે પ્રભુએ સો સુધી લખી બતાવ્યું. શ્રી સ્થૂલીભદ્રજીના ચરિત્રમાં તેમની બહેનો સંબંધી એવું વર્ણન આવે છે, કે પ્રથમ બહેનને એક વખત સાંભળે ત્યાં જ યાદ રહી જતું, બીજી બહેનને બે વાર સાંભળતાં ને ત્રીજી બહેનને ત્રણ વાર સાંભળતાં યાદ રહેતું. તેઓ એકપાઠી, બેપાઠી, ત્રણપાઠી, એમ કહેવાતાં. પ્રભુ જન્મથી જ એકપાઠી હતા. તેમની સ્મૃતિલબ્ધિને લીધે તેમને એક વખત જોતાં કે સાંભળતાં બધું યાદ જ રહી જાય.

પ્રભુ થોડા દિવસ નિશાળે ગયા ત્યાં તો તેમના શિક્ષક પ્રભુની અપાર શક્તિ જોઈ નવાઈ પામી ગયા. એક વાર ગુજરાતી પહેલી ચોપડીના પાઠ વંચાવ્યા તે પ્રભુ બરાબર એક પણ ભૂલ વિના વાંચી ગયા. તે જોઈને શિક્ષક શ્રી લવજીભાઈ તો તાજુબ થઈ ગયા. મોટા માસ્તર પાસે રાયચંદને લઈ ગયા અને કહ્યું કે,

સાહેબ, આ વિદ્યાર્થી મારા ક્લાસનો નથી, ઉપરના ધોરણનો છે. આ બાળકને મારે શું ભણાવવું? ગમે તે કવિતા, પાઠ, અર્થ, ગણિત જે કહીએ તે બધું જ જરા પણ ભૂલ વિના તે જ પ્રમાણે બોલી તથા લખી જાય છે. મુખ્ય શિક્ષક આ જાણી આશ્ચર્ય પામ્યા અને એક વિદ્યાર્થીને મોકલી રવજીભાઈને બોલાવી પૂછ્યું કે 'તમારા આ બાળકને તમે ઘરે કંઈ અભ્યાસ કરાવો છો?'

રવજીભાઈ અદાએ કહ્યું કે, "સાહેબ, પાટી ને પેન નિશાળે તેને બેસાડ્યો ત્યારે જ લાવ્યો છું. તે સાંભળી સુસંસ્કારી મોટા માસ્તરને બરાબર સમજાઈ ગયું કે આ બાળક પૂર્વજન્મનો કોઈ આરાધક દેવાંશી પુરુષ છે. આમ સમજી ગયા પછી તેઓ તેમને પોતાની પાસે જ બેસાડતા.

પ્રભુના બાળમુખે જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યની કવિતાઓ બોલાવતા. પ્રભુએ એક જ વર્ષમાં ચાર ધોરણનો અભ્યાસ કરી લીધો હતો. ચોથા ધોરણની પરીક્ષા લેવા માટે મોરબી સ્ટેટના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ શ્રીયુત પ્રાણલાલભાઈ વવાણિયા આવેલા. સમજુ અને વિચક્ષણ પુરુષો કોઈના પરિચયમાં આવતાં જ તેમને કળી જાય છે. પરીક્ષા લેતી વેળાએ જ પ્રભુની લાક્ષણિકતાનું ઇન્સ્પેક્ટર પ્રાણલાલભાઈને ભાન થયું. તેમણે શાળાશિક્ષકને પૂછ્યું: "આ વિદ્યાર્થી કોણ છે?" મુખ્ય શિક્ષકે કહ્યું, "સાહેબ, દેખાય છે તો આ નાનકડો બાળક, પણ પૂર્વના સંસ્કાર લઈને આવેલો કોઈ બાળયોગી છે એમ અમે તેને સમજીએ છીએ. એક વર્ષમાં જ તેણે ચાર ચોપડીનો અભ્યાસ પૂરો કર્યો છે." આ સાંભળી પરીક્ષક સાહેબ બાળપ્રભુની સાથે વાતે વળગ્યા. તેમ કરતાં કંઈક લંબાણ થતાં તેમાંથી ધર્મ વિષયની ચર્ચા નીકળી. તે પરત્વે આ આ બાળકનું વિવેકયુક્ત અને ગંભીર ભાવનિરૂપણ થતાં પ્રભુ પર ઇન્સ્પેક્ટર સાહેબને બહુ પ્રેમ આવ્યો અને ઉલ્લાસમાં આવી તેઓ પોતાની સાથે તેમને જમવા તેડી ગયા.

પ્રભુએ તે વયમાં રચેલી કવિતાઓ — જેમાંથી કેટલીક તો છાપામાં પણ મોકલી હતી તે તેમને બતાવી. તે સઘળું જોઈને અને સાંભળીને તેમને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું અને પ્રભુને

કહ્યું કે, "જ્યારે મોરબી આવવાનું થાય ત્યારે જરૂર મને મળવાનું રાખજો."

પ્રભુ તેર વર્ષના હતા ત્યારે તેમને વવાણિયામાં આવેલા કચ્છ દરબારના ઉતારે (તેઓના અક્ષર સરસ અને શુદ્ધ હોવાથી) નકલો કરવા બોલાવતા હતા.*

બાળવયમાં જ પ્રભુની આવી અદ્‌ભુત શક્તિ અને જ્ઞાનપ્રભાવ ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે. એમનું જીવન જ પૂર્વજન્મની, કર્મની અને આત્માની સ્પષ્ટ પ્રતીતિ કરાવે એવું છે. એમણે પોતે જ આ સંબંધે એક કાવ્યમાં દર્શાવ્યું છે કે,

લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?....

જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?....

જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત.....

કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.....

આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ,
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ.....*

પ્રભુએ કરેલ અવધાનોની વાત સાંભળતાં જ આશ્ચર્યચકિત થઈ જવાય છે. શી અદ્‌ભુત સ્મરણશક્તિ! બાવન અવધાનો સંબંધમાં તેમણે પોતે જ લખ્યું છે તે વાંચવાથી તેમના અદ્‌ભુત માહાત્મ્યનો અને ભક્તિપ્રસન્નતાનો ખ્યાલ આવશે.

આ અવધાન પ્રયોગો, પોતે જ કહ્યું છે તેમ, 'આત્મ-શક્તિનું કર્તવ્ય' છે. તેઓનાં તે વચનો પણ સહજ તેમ જ અદ્‌ભુત આત્મ-સામર્થ્યનું ભાન કરાવે છે. પ્રખર વિદ્વાનો અને રાજ્યાધિકારીઓ

---

*આ વાત લવજીભાઈ મોતીચંદ પાસેથી પૂ. જવલબાને જાણવા મળી છે.

*શ્રીમદ્‌ને સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયેલું અને વૈરાગ્ય ભાવ વધવા લાગેલો તે સંબંધી આ કાવ્ય તેઓશ્રીએ સં. ૧૯૪૫માં લખેલું.

પણ મુંબઈમાં તેઓશ્રીના અવધાનપ્રયોગો જોઈ આશ્ચર્યમુગ્ધ થયા છે. છતાં તેઓ પોતે તે સિદ્ધિઓથી પોતાના ધ્યેયમાંથી વિચલિત થયા નથી.

તેમનું લક્ષ્ય આત્મસ્થ થવા પ્રત્યે હોવાથી આ પ્રકારના પ્રયોગના મોહમાંથી તેઓશ્રી વિરક્ત થયા હતા એ જ એમનો અપૂર્વ વૈરાગ્ય સૂચવે છે.

ભક્તકવિ પ્રીતમદાસે કહ્યું છે :

'જન્મ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમાંહી.'

પ્રભુની કથાવાર્તાના શ્રવણ–મનનમાં, એટલે કે તેમના બાહ્યાંતર ચરિત્રને સાંભળવામાં ને સમજવામાં આપણું ચિત્ત રહ્યા કરે એ જ ઇષ્ટ છે, એ જ આત્મશ્રેયરૂપ છે. પ્રભુએ પણ કહ્યું છે કે, "સ–ઉલ્લાસથી ચિત્તથી જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં અનંત કર્મનો ક્ષય થાય છે."

( ૨ )

મારો જન્મ સંવત ૧૯૫૦ના કાર્તિક સુદ પાંચમ (જ્ઞાન-પંચમી)ના રોજ થયો છે. બાળવયમાં પ્રભુતુલ્ય પિતાની છાપ, તેમની પ્રતિભા અંતરમાં દૃઢમૂલ કોરાઈ રહી છે અને જાણે એ જ મારા મનની સમગ્ર પ્રેરણા બની રહી છે. અંતરમાં તેમના પ્રતિ સતત ભક્તિભાવ ઊભર્યા કરે છે. એ ખરેખર પ્રભુનો અનુગ્રહ છે.

વવાણિયાના મૂળ ઘરમાં પૂ. બાપુજીની જ્યાં બેઠક હતી ત્યાં એક દફતરપેટી* હતી. તેની સામે પોતે ગાદી પર બિરાજતા. બહારગામથી મુમુક્ષુભાઈઓ દર્શન–સમાગમ અર્થે આવતા, ત્યારે તેઓ સૌ ત્યાં એમની સન્મુખ બેસતા. આ દૃશ્ય જોઈને એ બાળવયમાં કોઈ અનેરો ભાવ અંતરમાં જાગી ઊઠતો, અને પૂ. પિતાજીની પ્રતિભાની આછેરી ઝાંખી થતી.

બેઠકનો ખંડ લાંબો હતો. ત્યાં આંટા મારતા તેઓને ઘણી વાર મેં જોયા છે. તે દૃશ્ય અત્યારે પણ જેવું ને તેવું સ્મૃતિમાં તાજું

*ઢાળિયું

છે. તે વખતની તેમની મુદ્રા, પાછળ રાખેલા હાથ, અને ગંભીર ગતિએ ગાથાની ધૂનમાં ભરતાં ડગ—આ બધું આબેહૂબ સ્મૃતિ પર તરવરે છે. ગાથાની જે ધૂન તેઓશ્રી ઉચ્ચારતા તે નીચે મુજબ હતી તેવું સ્મરણ છે :–

'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે.' ધાર તરવારની....૩

આ ગાથા બહુ જોરથી અને ભારપૂર્વક બોલતા. એ દૃશ્ય હજુ પણ મારા અંતરમાં રમી રહ્યું છે. બીજી ગાથા :–

'ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે.'*

આ પદ પણ તેઓશ્રી ઉલ્લાસપૂર્વક ઉચ્ચારતા. એ રણકાર હજુયે જાણે કાનમાં ફરીફરીને ગુંજ્યા કરે છે. એવી સુમધુર, ગંભીર વાણી બીજે ક્યાંય હજી સાંભળવા મળી નથી.

પ્રભુ ધૂન લગાવતા. 'દોડત દોડત દોડત દોડિયો, જેવી મનની રે દોડ,' તથા 'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિન તણી ચરણસેવા' અને 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આ ધૂનોના ભણકાર આજે પણ મને સંભળાયા કરે છે અને તેના સ્મરણથી ભક્તિમાં વૃદ્ધિ થાય છે. સાચે જ એ સત્સંગનો ઉપકાર છે–મહિમા છે.

ફળિયામાં સીંદરીના ખાટલા ઉપર પૂ. પિતાજી નહાવા બેસતા. એક વખત ઓસરીના બારણામાં હું ઊભી હતી ને બાપુજી નહાતા હતા. તે પ્રસંગે દેહની ક્ષણભંગુરતાને પડકારતું અને તેને અતિક્રમી જતું કોઈ દૈવી તેજ તેમની કંચનવર્ણી કાયામાંથી પ્રગટતું હોય તેવો તેમને નિહાળીને મને અનુભવ થયેલો. એની અવિસ્મરણીય સ્મૃતિ આજે પણ મારા હૃદયમાં એ અલૌકિક અનુભવની યાદ આપે છે, ત્યારે હૃદયમાં એ ભક્તિતેજ પથરાઈ રહે છે.

*સ્વાત્મ વૃત્તાંત

☆ ☆ ☆



સ્વ. પૂ. શ્રી મનસુખલાલભાઈ

( શ્રીમદ્‌ના નાના ભાઈ )

જન્મ - વિક્રમ સંવત ૧૯૩૨

દેહત્યાગ " " ૧૯૮૦

## સ્વ. પૂ. મનસુખલાલભાઈ
## (શ્રીમદ્‌ના નાના ભાઈ)

**મા**રા કાકા મારા પૂ. પિતાજી કરતાં નવ વર્ષ નાના હતા. એક વાર બંને ભાઈઓ સાંજના બહારથી ફરીને ઘરે આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી ને ડેલી બંધ હતી. તે ખખડાવી એટલે અદા ખોલવા માટે આવ્યા, ત્યારે મારા બાપુજીએ બહારથી બૂમ મારી ને કહ્યું કે, 'કાકા, આઘા રહો, અંદર સર્પ છે.' રવજી અદા ડેલીથી આઘા ખસી ગયા ને જોયું તો ખરેખર ત્યાં સર્પ હતો. પૂ. દેવમાએ મને આ વાત કરી હતી. બંને ભાઈઓ વચ્ચે ઘણો જ મેળ હતો. લોકો કહેતા કે રામ અને લક્ષ્મણની જોડી છે.

વવાણિયામાં અમીચંદભાઈ નામે ગૃહસ્થ હતા. તેમના ગુજરી જવાના ખબર પ્રભુને પડ્યા એટલે પોતે વિચારમાં પડી ગયા કે મરી જવું એટલે શું? એ વખતે પ્રભુની ઉંમર સાત જ વર્ષની. દાદા પંચાણભાઈને તેમણે પૂછ્યું: "ગુજરી જવું એટલે શું?" દાદાએ સમજાવ્યું કે 'એમાંથી જીવ નીકળી ગયો, હવે એ બોલશે–ચાલશે નહીં અને તેને તળાવ પાસે મસાણમાં બાળી નાખશે. જા, શેંઢો કરી લે. તું બાળક એમાં ન સમજે.' પ્રભુ શેંઢો કરવા બેઠા પણ મગજમાં તેની તે જ વાત ઘૂમ્યા કરતી હતી. જલદી શેંઢો પતાવી બહાર નીકળી ગયા અને કોઈ ન દેખે તેમ તેઓ તળાવ પાસે પહોંચી ગયા. જ્યાંથી અમીચંદભાઈનો મૃતદેહ દેખાય તેવા બે શાખાવાળા બાવળ પર પોતે ચડી ત્યાં ઊભા રહીને જ્યાં અમીચંદભાઈનું શબ બળતું હતું તે જોયું ને જોતાંવેંત અંતરમાં મંથન શરૂ થઈ ગયું: આવા એક માણસને બાળી દેવો તે કેટલી નિર્દયતા! આમ વિચારમાં અને વિચારમાં આવરણ ખસી ગયું, ભાન પ્રગટ્યું, અને જાતિસ્મરણ જ્ઞાન થયું.

વવાણિયામાં 'શ્રી રાજજન્મભુવન'માં આ પ્રસંગની એક મોટી છબી છે. તેમાં કલાકારે આ ભાવો સુંદર રીતથી આલેખ્યા છે.

પૂ. દેવમા કહેતા હતા કે પ્રભુ નાના હતા ત્યારે તેમને એક દિવસ શાક સમારવા આપ્યું. પ્રભુ શાક સમારતા જાય અને અશ્રુધારા વહેતી જાય. પૂ. દેવમાએ આ જોયું. તે કહેવા લાગ્યાં: "આટલું શાક સમારવામાં પણ તને રડવું આવે છે?" પ્રભુ શું કહે? તેમના અંતરમાં તો લીલોતરીના જીવો પર કરુણા વરસી રહી હતી. તે કારણથી અશ્રુધારા વહેતી હતી. જ્ઞાનીની આ અંતરવેદના કોણ સમજે?

વવાણિયામાં દાદા પંચાણભાઈ, પ્રભુની દસ વર્ષની ઉંમર હતી ત્યારે ગુજરી ગયા. પ્રભુને દોણી લઈને સ્મશાનમાં જવાનું થયું હતું. રસ્તામાં ચાલતાં બાવળની શૂળ વાગી, પણ તેનો કોઈ ઉપાય કર્યો નહીં. આ વાત કહેતી વખતે મોટાં માતુશ્રી કહેતાં કે "ત્યારે પણ તેમને દેહ પ્રત્યે મમતા નહોતી."

મારા માતામહનું નામ મહેતા પોપટલાલ જગજીવન. મુંબઈમાં ઝવેરી રેવાશંકર જગજીવનના નામથી જે પેઢી ઓળખાતી તેમના તે ભાઈ થાય. બીજા પણ બે ભાઈઓ હતા જેમનાં નામ ડૉ. પ્રાણજીવનદાસ મહેતા અને ભાઈચંદ જગજીવન. પ્રભુનું સગપણ થયા પહેલાં સોળ વરસની વયે તેમનું મોરબી પધારવું થયેલું ત્યારે સંઘવી જનોના આગ્રહથી અવધાનો કરવાનું ત્યાં થયેલું. તે અવધાનપ્રયોગો રેવાશંકરભાઈએ જોયા. તેમને ઘણું આશ્ચર્ય થયું. પ્રભુ પર સ્નેહ ઊભરાતાં તેમણે પોતાને ત્યાં પ્રભુને આમંત્રણ આપ્યું. ઘરમાં તેમના ભાઈ પોપટલાલનાં પુત્રી ચૌદ વર્ષનાં હતાં. નાસ્તાપાણીની સરભરા તેમણે કરી હતી. તેમને જોઈ પરમકૃપાળુ દેવશ્રીએ રેવાશંકરભાઈને પૂછ્યું: 'આ પોપટલાલભાઈનાં પુત્રી છે? એનું નામ ઝબક છે?' ત્યાર પછી પોપટલાલભાઈ વગેરેને યોગ્ય લાગતાં તેમણે ઝબકબાનું સગપણ પ્રભુ સાથે કર્યું. પ્રભુએ કહ્યું છે: 'કર્મગતિ વિચિત્ર છે.' વિશેષમાં જણાવ્યું છે: 'અહોહો! કર્મની કેવી વિચિત્ર બંધ સ્થિતિ છે? જેને સ્વપ્ને

પણ ઇચ્છતો નથી, જે માટે પરમ શોક થાય છે' એ જ અગાંભીર્ય દશાથી પ્રવર્તવું પડે છે.' (વ. ૮૧.)

સંવત ૧૯૪૪ના મહા સુદી બારસે તેઓશ્રીએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. અને સંવત ૧૯૪૫ના મહા વદ સાતમે લખે છે: 'ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં; નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે. એ શ્રેણીમાં વર્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે....' (વ. ૫૦.) 'કર્મગતિ જાણે તે જાણે. જ્ઞાનીની વાત. કર્મોદય સમજવો વિકટ છે.'

મારાં પૂ. માતુશ્રી ઝબકબાએ કોઈને વાત કરી હતી કે તેમનું (મારા પિતાજીનું) સમગ્ર જીવન સાધુ જેવું જ હતું.

પૂ. રવજી અદા કહેતા કે તારા બાપુ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' લખી ગયા છે તે સઘળાં શાસ્ત્રોનો સાર છે.

એક પ્રસંગની વાત છે. વવાણિયામાં વીરજી દેસાઈ કરીને એક ભાઈ રહેતા હતા. એક દિવસ પ્રભુએ તેમને પૂછયું: 'મારી કાકીને કંઈ થાય તો તમે બીજી વાર પરણો ખરા?' વીરજી દેસાઈએ જવાબ દીધો નહીં. છ મહિના થયા ત્યાં તો તેમનાં પત્ની ગુજરી ગયાં. દેસાઈ ફરી સગપણ કરવાની તૈયારીમાં જ હતા. પ્રભુએ તે વાત જાણી ત્યારે તેમને કહ્યું: 'છ મહિના સુધી સગપણ કરશો નહીં.' બાળવયથી જ લોકોમાં સામાન્યપણે પણ પ્રભુના જ્યોતિષના જ્ઞાનની કંઈક ચમત્કારિક પ્રતિષ્ઠા હતી. જેથી દેસાઈએ તેમના વચન પર વિશ્વાસ લાવી સગપણની વાત અટકાવી દીધી. અને બન્યું પણ એવું જ કે બરાબર છ મહિના પૂરા થયે તેમને રાત્રે ઉપાશ્રયથી ઘેર આવતાં સર્પ કરડ્યો અને તેઓ ગુજરી ગયા.

પરમકૃપાળુ દેવ પોતે ચાખ્યા વગર જ ચીભડાં કડવાં છે કે મીઠાં તે કહી દેતા તેથી પૂ. માને બહુ જ આશ્ચર્ય થતું.

એક વાર તેઓ મોરબી મારે મોસાળ પધાર્યા હતા. આવીને ઓટલા પર બેસી ગયા. સામે પાડોશમાં રહેનાર બાઈએ કહ્યું:

'તમારા જમાઈ આવ્યા છે, બહાર તો આવો.' તે સાંભળી જલુબાઈ એવા ઉલ્લાસમાં આવી ગયાં કે ચૂલે હાંડલું મૂકેલું હતું તેમાં આંધણનું પાણી મૂકવાનું ભૂલી જઈ ધોયેલા ચોખા ખાલી હાંડલીમાં ઓરી દઈ બહાર આવ્યાં. એટલે પરમકૃપાળુ દેવશ્રીએ કહ્યું : 'જમાઈ આવે એટલે ઉલ્લાસમાં ધાણી ફૂટે.' કહેવાનો આશય એ હતો કે રસોડામાં ચોખાની ધાણી ફૂટે છે.

વવાણિયામાં એક શિવુભા બાપુ છે. તેમણે મને એક વાર એક વાત કરેલી. તે આ મુજબ હતી : શિવુભાના બાપુ મોમિયાજી હરદાસજીનાં લગ્ન હતાં. તેમના ભાઈજી શ્રી ભૂપતસિંહ લખમણજી અવારનવાર પ્રભુ પાસે આવતા હતા. ભૂપતબાપુને પ્રભુએ કહ્યું કે બાપુ, તમે આજે સામૈયામાં જશો નહીં અને જાઓ તો ઘોડે ચડશો નહીં. તેમણે કહ્યું કે નહીં જાઉં. પણ પછીથી તેઓ ઘોડે ચડી સામૈયામાં ગયા. ઘોડો દોડાવતાં તે ભડક્યો અને વરરાજાના ગાડા સાથે અથડાતાં ભૂપતસિંહબાપુને કપાળમાં ગાડાનું ડાગળું વાગ્યું અને જ્ઞાનમંદિરે જતાં મિયાણાવાસ પાસે અત્યારે જે ઝાંપો છે ત્યાં પડ્યા અને થોડી વારમાં મરણ પામ્યા.

વવાણિયામાં મારાં માતુશ્રી એક વાર કમોદ ખાંડતાં હતાં ત્યારે પ્રભુ થોડે દૂર બિરાજ્યા હતા અને ગાથાઓ બોલતા હતા. મેં પાંચથી સાત વર્ષની વયે જોયેલી આ વાત છે. તે હજુ પણ યાદ આવ્યા જ કરે છે. મારાં માતુશ્રીને કોઈએ વિનોદમાં કહ્યું કે તમે પૈસાવાળા ઝવેરી કહેવાઓ અને છતાં હાથે કમોદ ખાંડો છો? આ વાત મારાં માતુશ્રીએ બાપુજીને કરી જેથી તેઓએ મારાં માતુશ્રી દેવમાને કહ્યું : 'કામ કરવા માટે માણસ રાખી લેતાં હો તો?' પૂ. દેવમા કહે: 'ઘરનું કામ કરવામાં ખોટ–ખાંપણ નહીં. ગામના નગરશેઠનાં ઘરનાં પણ કરે અને આપણે પણ કરીએ.' મારાં માતુશ્રીને સમાધાનકારક જવાબ મળી ગયો.

મારાં પૂ. માતુશ્રી સરળ, વિનયવાન અને સેવાભાવી હતાં. વડીલોની આજ્ઞાનુસાર વર્તતાં. તેમની છબી ઉપલબ્ધ નથી. તે વખતમાં છબી પડાવવાનો રિવાજ નહોતો. મારાં પૂ. માતુશ્રીનો દેહ છૂટ્યા પછી પૂ. દેવમા ખંભાત ગયાં હતાં. ત્યાં પૂ. બાપુભાઈએ એમનો ફોટો પાડી લીધેલો, જે તેમની પાસેથી મળેલ છે.

જ્યારે નડિયાદમાં મારાં પૂ. માતુશ્રી અને પરમકૃપાળુ દેવશ્રી હતાં ત્યારે વવાણિયાથી પૂ. દેવમા બીમાર થયાંના સમાચાર મળવાથી બંને વવાણિયા પધાર્યાં હતાં. પ્રભુએ પૂ. દેવમાની ચાકરી ઘણી જ સરસ કરી. પોતે તેમની પાસે જ બેસી રહેતા. પૂ. દેવમા માંદગીને કારણે ચાલવું સાવ ભૂલી જ ગયાં હતાં તેથી પ્રભુ તેમને હાથ ઝાલીને ચલાવતા. 'અપૂર્વ અવસર'નું પદ પ્રભુએ પૂ. દેવમાના ખાટલા પર બેઠાં બેઠાં લખ્યું હતું. આ વાત મને મારાં ફોઈના દીકરા હેમંતભાઈએ કહી હતી.

એક વાર મારા ફુઆ ટોકરશીભાઈ તથા મારા મોટાભાઈ કૃપાળુદેવ સાથે ઈડર ગયા હતા. ત્યાંથી પ્રભુ વવાણિયા પધાર્યા પછી થોડો વખત રહીને મુંબઈ પધાર્યા. થોડા દિવસ પછી અમે કુટુંબસહિત મારાં પૂ. માતુશ્રી અને પૂ. દેવમા સુદ્ધાં મુંબઈ ગયાં હતાં. ત્યાં ટોકરશી મહેતા ગુજરી જવાથી અમે સૌ વવાણિયા પાછાં આવ્યાં અને પ્રભુ ધરમપુર પધાર્યા. ત્યાંથી વવાણિયા પાછા ફર્યા ત્યારે તેઓશ્રીના શરીરે નબળાઈ વર્તાતી હતી. આ સઘળું મારી સ્મૃતિમાં હજી સુધી જેમનું તેમ જ છે. પછી મોરબી રહેવાનું રાખ્યું. ત્યાં સૌ કુટુંબી સાથે હતાં. ત્યાર પછી કૃપાળુદેવની તબિયત વઢવાણમાં વધુ નરમ થઈ ગઈ હતી. ત્યારે પૂ. દેવમા ત્યાં હતાં. તેમણે પૂ. રવજીભાઈને તારથી ખબર આપ્યા. તાર આવતાં મારાં પૂ. માતુશ્રી તથા પૂ. રવજી અદા પરોઢિયે ગાડીમાં બેઠા, ત્યારે જતી વખતે પૂ. અદાએ પ્રતિજ્ઞા કરી કે હું ભાઈનું મોઢું જોયા પછી ગાયોને ઘાસ નાખી અન્નપાણી લઈશ. ત્યાં પહોંચીને પ્રભુને જોયા પછી તેમને શાંતિ થઈ. કોઈ મુમુક્ષુ ભાઈએ રવજી અદાને કહ્યું કે હવે દાતણ કરો. કૃપાળુદેવે જ્ઞાનમાં જાણી લીધેલું કે આવી રીતે તેમણે પ્રતિજ્ઞા કરી છે, એટલે પેલા ભાઈને કહ્યું કે ચોકમાં ગાયોને ઘાસ નંખાવો ત્યાર પછી જ તેઓ અન્નપાણી લેશે, તે પહેલાં નહીં લે.

વઢવાણ કૅમ્પ પછી અમદાવાદમાં આગાખાનને બંગલે પ્રભુને રહેવાનું થયું. ત્યાંથી તેમણે કાગળમાં લખાવ્યું કે 'અત્યારે બધા અહીં છે. સાબરમતીને કાંઠે દીકરો એકલો છે પણ મા નથી.'

ત્યારે અમે સૌ કુટુંબીઓ અમદાવાદ ગયાં. ત્યાંના બધા મુમુક્ષુ ભાઈઓની ભક્તિ વગેરે આજે પણ સઘળું યાદ આવે છે.

પછી પ્રભુ અમદાવાદથી માટુંગા, શીવ અને ત્યાંથી તિથલ પધાર્યા હતા. પૂ. અદા સાથે જ હતા. પછી સંવત ૧૯૫૭માં વઢવાણ કૅમ્પ અને પછી રાજકોટ ગયા હતા. રાજકોટમાં કરસનજી મૂલચંદવાળા નાનચંદ અનુપચંદભાઈને ઘરે એક દિવસ રહેલા. ત્યાંથી બીજે દિવસે ગામ બહાર ખુલ્લી હવાને કારણે સદરમાં રહેવાનું રાખ્યું હતું. એક દિવસ તબિયત વધારે નરમ થતાં પૂ. દેવમાને બહુ દુઃખ થયું. તેમને શાંતિ આપતાં પ્રભુએ કહ્યું : 'જે છે તે પરમ દિવસે.' તેમ મારાં પૂ. માતુશ્રીને જણાવ્યું હતું કે..................નામની માળા ફેરવવી.

પ્રભુને રાજકોટ રહેવાનું થયું ત્યારે ત્યાં ઘણા મુમુક્ષુઓ આવતા. પણ શરીરે ઘણી અશક્તિ હોવાને કારણે ડૉકટરે વાતચીત વિશેષ ન કરવાની સલાહ આપેલી. પત્રો લખાવવા પડે તો એક બે લીટીના જ લખાવતા. રાજકોટથી લખેલો છેલ્લો પત્ર આંક ૯૫૧ અને આંક ૯૫૪–અંતિમ સંદેશાનું કાવ્ય 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં જ છે. મારા કાકા પૂ. મનસુખભાઈએ પ્રભુની છેવટ સુધીની સ્થિતિનું વર્ણન તેમની પોતાની મનોવ્યથા સાથે એક પત્રમાં ટૂંકમાં આ પ્રમાણે કર્યું છે : "મનદુઃખ ! હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્રાત્માએ આડકતરી રીતે મને ચેતવ્યો તથાપિ રાગને લઈને તે હું સમજી શક્યો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓશ્રીએ મને એક વાર ચેતવણી આપી હતી. દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે પૂ. રેવાશંકરભાઈને, નરભેરામભાઈને અને મને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે. અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંતિ અને સમાધિ ભાવે પ્રવર્તશો. જે રત્નમયી જ્ઞાનવાણી આ દેહ દ્વારા વ્યક્ત થવાની હતી તે કહેવાનો હવે સમય નથી. તમે પુરુષાર્થ કરજો....' અમે તો એવી જ ગફલતમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે 'નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે.' ઉપાયો કરતાં શરદી

ઓછી થઈ. સવારે પોણા આઠ વાગ્યે દૂધ આપ્યું તે તેઓએ લીધું. સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયાના યોગો હતા. પોણા નવે કહ્યું: 'મનસુખ, દુઃખ ન પામતો. માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.' સાડાસાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ પર ફેરવવાની મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જ જણાય છે, માટે ફેરફાર ન કરવો. ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર. એટલે કોચ પર સમાધિસ્થ ભાવે સૂઈ શકાય તેવી વ્યવસ્થા કરી. તે જ કોચ પર તે પવિત્ર આત્મા અને દેહ સમાધિભાવે છૂટા પડ્યા. આત્મા છૂટો થવાનાં લેશમાત્ર ચિહ્નો ન જણાયાં અને મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કૅમ્પમાં જે સ્થિતિમાં ઊભો ફોટો પડાવેલ તે જ સ્થિતિમાં કોચ પર પાંચ કલાક સમાધિસ્થ રહ્યા. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી, આંખે પાણી કે પરસેવાનું એક બુંદ નહોતું આવ્યું. પોણાઆઠથી બે વાગ્યા સુધી કંઈ જ વિપરીત ચિહ્નો ન જણાયાં. દૂધ પીધા પછી એક કલાકે કુદરતી હાજતે જવું પડતું તેવું પણ આજે કંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ અધીન કરી લેવામાં આવે તે રીતે તે જાણે આ દેહવિસર્જનની ક્રિયા પોતાને સંપૂર્ણ સાધ્ય હોય તેમ છૂટચો અને આ પંચમકાળે મળેલ પવિત્રાત્મા દેહનો સંબંધ રત્નચિંતામણી, આપણને મૂકી સ્વધામે સિધાવ્યા."

"વીતરાગભાવે સ્થિતિ હોઈ કોઈ પણ પ્રકારે, તેઓશ્રીએ તેને પોતાની માનીને પ્રવૃત્તિ કરેલી નહીં. પ્રભુના દેહત્યાગ અવસરે મોરબીના વકીલ શ્રી નવલચંદભાઈ હાજર હતા. તેમણે શ્રી અંબાલાલભાઈ પરના પત્રમાં લખેલું કે તેમની 'નિર્વાણ સમયની મૂર્તિ અનુપમ, શાંત, મનોહર અને જોતાં તૃપ્તિ ન થાય એવી શોભતી હતી. આપણને તો લાગે, પણ બીજા જે હાજર હતા તેમને પણ આશ્ચર્ય પમાડતી હતી અને હાજર રહેલા સર્વને પૂજ્યભાવ ઉત્પન્ન કરાવતી હતી. આ વખતના અદ્ભુત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાવ ઉત્પન્ન થાય છે તે લખી શકાતો નથી."

સંવત ૧૯૫૭ના ચૈત્ર વદી પાંચમને મંગળવારે બપોરે બે વાગતાં પ્રભુ આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિ પામ્યા. જે જે મુમુક્ષુઓને જેટલા પ્રમાણમાં તે મહાત્માનું ઓળખાણ થયું હતું તેટલા પ્રમાણમાં તેમના વિયોગનું દુઃખ તેમને લાગ્યું. રાજકોટમાં ડોસાભાઈના વડની પાસે સ્મશાનભૂમિની બાજુમાં આજી નદીને કિનારે તે પવિત્ર દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવેલો. તે સ્થળે સમાધિ મંદિર બાંધવાનો કેટલાક મુમુક્ષુઓને વિચાર થતાં શ્રી જ્ઞાનચંદ્ર ન્હાટાજીની ઉદાર સખાવતથી સંવત ૧૯૯૬ના મહા સુદી ૧૩ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર અસ્તિત્વમાં આવેલું છે. મંદિરમાં તેમનાં પરમ પુનિત પાદુકાજીની સ્થાપના એક આરસની દેરી બનાવી તેમાં કરવામાં આવી છે. એક પવાસન સં. ૨૦૦૭માં બનાવી તેમાં પ્રભુની ત્રણ છબીઓની સ્થાપના પૂ. શ્રી. બ્રહ્મચારીજી ગોવર્ધનભાઈના વરદ્ હસ્તે કરવામાં આવી છે. આ સમાધિ મંદિરનો વહીવટ કરવા એક ટ્રસ્ટ કરવામાં આવ્યું છે. તેના મેનેજિંગ ટ્રસ્ટી મારાં સ્વ. બહેન કાશીબહેનના દિયેર શ્રી. લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ સંઘવી છે.

(૪)

મારા પૂ. દાદા શ્રી. રવજીભાઈ સ્વભાવના દયાળુ, કુટુંબપ્રેમી અને ઉદાર દિલના હતા. છપ્પનિયાના દુકાળ વખતે તેઓ વવાણિયામાં હતા. ત્યાં તથા આજુબાજુનાં ગામોમાં તેમણે છૂટે હાથે ખેડૂતોને વિના મૂલ્યે અનાજ આપ્યું હતું. અદા ઘણા જ ભોળા ને ભદ્રિક હતા.

પૂ. શ્રી. દેવમાને પ્રભુ પૂછતા : 'મા, મોક્ષે આવશો?' પ્રભુનો દેહવિલય થયો ત્યારે આખું કુટુંબ ત્યાં જ હતું. કુટુંબમાં સૌ સાદા અને સરળ હતા. જેના ઘરમાં પ્રભુ જન્મ્યા તેના સંસ્કાર અને ભાગ્યની શી ખામી હોય? એક પ્રભાતિયામાં કવિએ ગાયું છે કે :

'રવજીભાઈ રે ભાગ્યવંતમાં સરદાર કે વ્હાણલાં ભલે વાયાં રે,
જેના ઘરમાં રે પ્રગટ્યા સંતોમાં વીર કે વ્હાણલાં ભલે વાયાં રે.'

પૂ. દેવમામાં નામ તેવા જ ગુણ હતા. દેવી જેવાં શાંત. પ્રભુજીનાં માતા એટલે જગતનાં માતા એવાં જ વાત્સલ્યમૂર્તિ હતાં. એક પૂજામાં આવે છે કે :–

'પ્રભુમાતા તું જગતની માતા, જગદ્દીપકની ધરનારી,
માજી! તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જનને ઉપકારી.'

તેમની સમીપ મુક્તિગામીને જ એવું પુણ્ય સાંપડે. પૂ. દેવમા ઉત્તમ કોટીના ભોળા જીવ હતાં. મારાતારાનો ભેદ તેમને બિલકુલ નહોતો. કુટુંબના સર્વ પ્રત્યે તેમને સમાન દૃષ્ટિ હતી. દરેકને સમભાવે જોતાં, પોતાથી બનતી બધી સેવા કરતાં. તેમનું દિલ વિશાળ અને ઉદાર હતું; તેથી તેમના પ્રત્યે સૌને પ્રેમ રહેતો.

(૫)

મારા મોટાભાઈ પૂ. છગનભાઈને પૂ. પિતાજી પ્રત્યે બહુમાન અને ભક્તિ હતાં. તેઓ જાણે પૂ. પિતાજીના જ્ઞાનનો વારસો લેવાના સાચા અધિકારી ન હોય! તેમને પરમકૃપાળુ દેવ છગનશાસ્ત્રી કહીને બોલાવતા. તેમના વિચારો ઘણા ઊંચા હતા. આચાર પણ વિચારને જ અનુરૂપ હતા. વીસ વર્ષની નાની વયમાં તેમણે દેહ છોડચો. પોતાને સખત માંદગી હોવા છતાંયે તેમનામાં જરા પણ વ્યાકુળતા ન હતી. વેદનામાં પણ કૃપાળુદેવનું નામસ્મરણ વીસરતા નહિ. તેમણે વ્યાવહારિક ચિંતાની તો વિસ્મૃતિ જ કરી હતી. સગપણ કરવાની તૈયારી હતી પણ પોતે ના જ કહેતા હતા. પછી મંદવાડ વધ્યો ત્યારે કહેતા કે જીવવાની ઇચ્છા એટલા જ માટે છે કે આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, જૈન ધર્મ, 'સદ્‌ગુરુ પિતા'— આ સર્વ અનુકૂળતા ફરી ફરી મળવી દુર્લભ છે. વીસ વર્ષની યુવાન વય છતાં તેમને મોજશોખનું નામનિશાન નહોતું. તેમણે શાંતભાવે દેહ છોડચો હતો. આજે પણ એ પવિત્રાત્માના ગુણો ખૂબ જ સાંભરી આવે છે.

સને ૧૯૦૯ના એપ્રિલ માસમાં સનાતન જૈન નામે ત્રૈમાસિકનો વધારાનો અંક શ્રી. મનસુખભાઈએ આપ્યો તેમાં ભાઈ છગનલાલના દેહત્યાગના સંક્ષિપ્ત સમાચાર અને ફોટા સહિત લેખ આપ્યો છે જે આ પુસ્તકમાં પાછળ આપ્યો છે.

(૬)

મારાથી નાનાં બહેન કાશીબહેન સદ્‌ગુણી હતાં. તેઓ નાનાં હતાં ત્યારે એક વખત રમતાં રમતાં પ્રભુના ખોળામાં જઈને બેસી ગયાં. પ્રભુએ પૂછ્યું, 'બહેન, તમારું નામ શું?' કાશીબહેન કહે, 'બાપુ, તમને ખબર નથી? મારું નામ કાશી.' ત્યારે કૃપાળુ દેવે કહ્યું, 'બહેન, તારું નામ કાશી નહીં પણ 'સચ્ચિદાનંદ સ્વરૂપ અવિનાશી આત્મા.' એ સાંભળી કાશીબહેન રડતાં રડતાં મા પાસે ગયાં. જઈને કહેવા લાગ્યાં, 'મા, મારા બાપુજી મારું નામ કાશી નહીં પણ કંઈક જુદું જ કહે છે.' ત્યારે ઉંમર નાની હતી તેથી કાશીબહેનને કંઈ સમજ ન પડી. પણ અવ્યક્ત સંસ્કાર જે જ્ઞાની પુરુષ દ્વારા રોપાય છે તે કાળે કરીને ફળરૂપ થાય છે જ.

આર્યાવર્તના ઇતિહાસમાં જોઈશું તો મદાલસા જેવી સતી માતાઓ બાળકને પારણામાં હોય ત્યારથી જ મહાપુરુષનાં ચરિત્રો સંભળાવે છે. હાલરડાં પણ તેવાં જ ગાય. 'સિદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ.' માતાપિતાનો વિયોગ હોઈ કાશીબહેન ઘરમાં સૌને બહુ પ્રિય હતાં. શ્વસુર પક્ષમાં પણ તેઓ સમતાવાન અને વિવેકી હોવાથી તેમણે સૌનો પ્રેમ સંપાદન કર્યો હતો. મારા બનેવી શ્રી. રેવાશંકરભાઈને પરમકૃપાળુ દેવ પ્રત્યે તેમણે જ વાળ્યા હતા. કાશીબહેનને મંદવાડમાં પણ પરમકૃપાળુ દેવનું જ સતત સ્મરણ રહ્યું હતું. છેવટ સુધી તે જ લક્ષ હતું. તે પણ માત્ર અઠ્ઠાવીસ વર્ષની નાની વયમાં પાછળ બે દીકરા મૂકી ચાલ્યાં ગયાં. મારો નાનો ભાઈ રતિલાલ પણ બાર વર્ષનો થઈ ગુજરી ગયો. અત્યારે કુટુંબમાં હું એક રહી ગણાઉં અને બીજા ગણીએ તો શ્રી મનસુખભાઈના દીકરા સુદર્શન. તેઓ કુટુંબપ્રેમી, વિનયી અને સમજુ છે.

(૭)

હું છ વર્ષની હતી ત્યારે આટલું મોટું કુટુંબ હોવા છતાં તેમાંથી મારું નામ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના લાઈફ મેમ્બર તરીકે પ્રભુએ નોંધાવ્યું હતું. તેના માસિક પત્રનું નામ 'બુદ્ધિપ્રકાશ' છે, તે 'જયાકુંવર રાયચંદભાઈ'ને નામે આજે પણ મને મળે છે.



સ્વ. પૂ. કાશીબેન (૨૮ વર્ષ)

સંવત ૨૦૦૪ની સાલમાં વવાણિયામાં હું પૂ. શ્રી હેમચંદભાઈને ત્યાં પ્રભુના વચનામૃતનું પુસ્તક લઈ વાંચતી હતી. સામે હેમચંદભાઈનાં પત્ની મોતીબહેન સાંભળતાં હતાં. તેવામાં મને ભાસ થયો કે પાછળ કૃપાળુદેવ પોતે જ જાણે બોલે છે. આગળપાછળ મેં જોયું પણ કંઈ દેખાયું નહિ. વળી થોડો વખત રહી ફરી તેવો ભાસ થયો અને હું આમતેમ જોવા લાગી પણ........કંઈ દેખાયું નહીં. મારી ઉત્કટ ભક્તિની કલ્પનાએ જ એમનું દર્શન કરાવ્યું હશે? હું શું જાણું?

મારાં માતુશ્રી ઝબકબાઈના કાકા પૂ. પ્રાણજીવનભાઈ ડૉક્ટર જ્યારે ધરમપુરમાં હતા ત્યારે મારા સસરાજી પૂ. શ્રી રણછોડભાઈ ત્યાં ફૉરેસ્ટ ઑફિસર હતા. મારા સસરાજીને ડૉ. પ્રાણજીવનભાઈના સંપર્કથી પરમકૃપાળુ દેવની ઓળખાણ થયેલી. ઘણું કરીને વિ. સં. ૧૯૫૬ના વૈશાખ માસમાં પરમકૃપાળુ દેવનું નિવૃત્તિ અર્થે તેમ જ તબિયત કારણે ધરમપુર પધારવું થયું હતું. ત્યાં તેઓ એક માસ રહ્યા. મારા સસરાજી પૂ. રણછોડભાઈએ તેઓની સેવાશુશ્રૂષાનો લાભ લીધો હતો. તેઓ સ્વભાવે ઘણા સરળ હતા. કૃપાળુ દેવ પ્રત્યે બહુ માન અને પ્રેમ ધરાવતા હતા.

મારાં પૂ. સાસુજી મણિબાઈ પણ પરમકૃપાળુ દેવ પ્રત્યે ભક્તિવાળાં હતાં અને પોતાને હાથે રસોઈ બનાવી પ્રભુને જમાડતાં. એક વખત રોટલીનો લોટ બાંધેલો તેમાંથી તેમને પૂરી બનાવવા કહ્યું. તેમને ત્યારે સખત તાવ આવ્યો હતો તોપણ ઉલ્લાસપૂર્વક કંટાળા વગર તે પ્રમાણે કર્યું. વળી તેમની પરીક્ષા કરવા તાવ ભરેલો હતો અને પરમકૃપાળુ દેવે પૂછ્યું કે તમને સેવ વણતાં આવડે છે? તે વખતે પણ દેહની પરવા કર્યા વગર ઉત્સાહમાં મેંદાની ચારથી પાંચ શેર સેવ વણી નાખી છતાં થાક્યાં નહીં. એક પ્રસંગે પરમકૃપાળુ દેવ મોરબી પધારેલા ત્યારે પણ મારાં સસરાજી તથા સાસુજી ત્યાં હતાં. તે વખતે કૃપાળુ દેવે કહ્યું કે ધરમપુરમાં તમારે ત્યાં રોટલો બનાવેલો તેવો બનાવવા તેમને કહો. ત્યારે મારા સસરાજીએ કહ્યું કે તેના કરતાં મારાં કાકી સારો બનાવે છે. એટલે કૃપાળુ દેવ કહે, 'ભાવિ.' આમ પ્રથમથી જ આ કુટુંબમાં કૃપાળુ દેવ પ્રત્યે ભક્તિભાવ હતો. આ કુટુંબ

નાનું પણ સંપીલું હતું અને સંસ્કારી પણ ખરું. મારા સસરાજીને બે દીકરા અને એક દીકરી હતાં. પૂ. મોટાબા વાત કરતાં કે પરમકૃપાળુ દેવ ધરમપુર પધારેલા ત્યારે ઝવેરાતની પેટી ઉઘાડી જ સોંપતા અને ચાવી દેવાનું કહીએ તો તેઓશ્રીનું તે તરફ લક્ષ જ ન હોય.

પરમકૃપાળુ દેવ જ્યારે નિવૃત્તિમાંથી પાછા ફરતા હતા ત્યારે પૂ. રણછોડભાઈ તેઓશ્રી માટે સિગરામ લઈ વલસાડ સ્ટેશન સુધી વળાવવા ગયા હતા. તે વખતે તેમની સાથે આશરે આઠ વર્ષના તેમના મોટા પુત્ર ભગવાનલાલભાઈ અને નાના પુત્ર દલીચંદભાઈ હતા. તે વખતે કૃપાળુ દેવે બંને ભાઈઓના હાથમાં એક એક રૂપિયો આપ્યો હતો. મારા પૂ. સસરાજીને, પ્રથમ જણાવ્યું છે તેમ, પરમકૃપાળુદેવ પ્રત્યેની ભક્તિને કારણે આ કુટુંબ સાથે સંબંધ ચાલ્યો જ આવતો. મારા મોટાભાઈ છગનભાઈ તેમને ત્યાં છ મહિના રહ્યા હતા. મારાં નણંદ નર્મદાબહેન ઘણા શાંત સ્વભાવનાં છે. આ કુટુંબમાં સૌમાં મારા પૂ. સસરાજીને લીધે ઉત્તમ સંસ્કાર હતા.

( ૮ )

મારી ઉંમર થતાં મારા પૂ. કાકા મનસુખભાઈ યોગ્ય સ્થાનની તપાસ કરતા હતા. તેમને સગપણ માટે ચિંતા રહેતી હતી. તે વાત તેમણે પૂ. રણછોડભાઈને કહી. તેમને પરસ્પર સારો સંબંધ હતો. મારા પૂ. સસરાજી અને સાસુજી મણિબહેનને વિચાર કરતાં થયું કે દીકરા ભગુનું જયાકુંવર સાથે કરીએ અને એ વાત નક્કી કરી શ્રી મનસુખભાઈને જણાવ્યું.

મારા પૂ. કાકાએ પૂ. દેવમાને વાત જણાવી ત્યારે પૂ. દેવમાએ કહ્યું, 'ભાઈ પણ આમ જ કહેતા કે જવલનું સગપણ રણછોડદાસ-ભાઈના કુટુંબમાં કરીએ તો?' ત્યાર બાદ પૂર્વના સંસ્કારથી મારું સગપણ ત્યાં જ થયું. મારાં સાસુજી બીજી વારનાં હતાં. પણ મા કે બાળકોમાં કોઈ ભેદવૃત્તિ નહોતી. તેમની ઐક્યભાવ, પ્રેમ અને સંપની ભાવના સદાય અખંડ રહી હતી. મારાં સ્વ. સાસુજીનું નામ સાંકળીબાઈ હતું. બંને ભાઈઓને નાના મૂકી તેમનો દેહત્યાગ

થયેલો જેથી માતા તરીકેની સઘળી ફરજ પૂ. મોટાબા મણિબહેને સ્વીકારી લીધી હતી. સઘળો ગૃહવ્યવહાર તેમના માર્ગદર્શન નીચે ચાલતો અને તે સૌને સંતોષરૂપ હતો.

અમારાં લગ્ન મને સોળમું અને એમને અઢારમું વર્ષ હતું ત્યારે થયાં હતાં. અમારી વચ્ચે બરાબર બે વર્ષનો ફેર હતો. જન્મ બન્નેનો એક જ માસ, એક જ તિથિએ એટલે 'જ્ઞાનપંચમી'–કારતક સુદ પાંચમ–ના રોજ થયેલો. લગ્ન રાજકોટમાં થયેલાં. પછી દસ દિવસ રહીને પોતે કરાંચી ગયા અને અમે ધરમપુર ગયાં. લગ્ન પહેલાં એક વખત તેઓ કરાંચી ગયેલા અને ધંધાની શરૂઆત ત્યાં કરી હતી.

આ કુટુંબ સુધારાનું હિમાયતી ગણાય. પણ ઘરમાં જૂની રૂઢિ પ્રમાણે વ્યવહાર ચાલતો. હું ત્રણ મહિના ધરમપુર રહી, અને ત્યાર પછી દસ દિવસ વવાણિયા. મારા સસરા જંગલ ખાતાના ઑફિસર હતા પણ એટલા નીતિવાળા હતા કે સ્ટેટની એક પેનસિલ સરખી પણ તેઓ પોતાને માટે વાપરતા નહીં. તેમણે નોકરી મૂકી દીધી અને અમે બધાં કરાંચી ગયાં. ત્યાં ચાર મહિના રહી, મારા પૂ. સસરાજીને દેશમાં આવવું થયું તેથી તેઓ મને સાથે લઈ દેશમાં આવ્યા. અજાણ્યા દેશમાં મને એકલી મૂકીને ન જવું તેવો તેમનો અભિપ્રાય હતો. પોતે એકલા કરાંચી રોકાયા. દસ મહિના હું દેશમાં રહી. પછી તેઓ આવ્યા અને હું તેમની સાથે કરાંચી ગઈ. પૂ. બાપુજી અને બા દસ દિવસ પછી આવ્યાં. સૌ આનંદથી રહેતાં. તેઓ મા અને પૂ. બાપુજીને હંમેશાં પગે લાગી દુકાને જાય અને ઘરે પાછા આવે ત્યારે પણ પગે લાગતા. વડીલો પ્રત્યેના વિનય વગેરેને કારણે તેમણે પ્રેમ સંપાદન કર્યો હતો. પૂ. બાપુજી પર તેઓ કોઈ જાતનો બોજો પડવા ન દેતા. ઘરનો બોજો તેઓ ઉપર બિલકુલ નાખતા નહીં. આગળના રિવાજ પ્રમાણે બાળકોમાં અમારે માથું મારવાનું નહીં, વડીલો જ તેમનું ધ્યાન રાખે. બુદ્ધિધન તો પૂ. બા તથા પૂ. બાપુજી પાસે જ રહેતો. પોતે કોઈ દિવસ ઘરની વ્યાવહારિક બાબતમાં પડતા નહીં. તેઓ દુકાનના કામમાં અને હું ઘરના કામમાં. બીજી લૌકિક વાતો કે ચર્ચાને સ્થાન જ નહોતું. તેઓ છસાત વાર વિલાયત જઈ આવેલા. છતાં

ત્યાંનો પવન તેમનામાં બિલકુલ નહોતો. ઘરની અનુકૂળતા પ્રમાણે રહેતા. સંપ અને સાદા વ્યવહારથી કુટુંબનો દોર એકસરખો ચાલતો. તેથી કુટુંબ ગામમાં દાખલારૂપ હતું અર્થાત્ અનુકરણીય હતું. કરાંચીમાં આ કુટુંબ માટે ઘણું જ માન, અને ઘર પણ નામાંકિત ગણાતું.

મારા સ્વ. દિયરનું નામ દલીચંદભાઈ હતું. તેઓ સૌ પ્રત્યે ઘણી જ લાગણી રાખતા. તેમને રંગૂનમાં કાપડનો ધંધો હતો. તેમનાં પત્ની કાશીબહેન હાલ મારી સાથે જ રહે છે, ને પ્રભુભક્તિ તથા મુમુક્ષુઓની સેવા કરે છે. મારાં નણંદ નર્મદાબહેન હાલ મુંબઈમાં રહે છે. તેઓ ઘણાં શાંત અને માયાળુ છે. અમારા કુટુંબમાં પૂ. ગાંધીજીના સિદ્ધાંત અને આદર્શમાં ઘણી શ્રદ્ધા હતી, તેથી ત્યાં પરદેશી વસ્તુ વપરાતી નહીં. જે જે પરદેશી વસ્તુઓ હતી તે પણ આઝાદીની ચળવળમાં આપી દીધેલી. ગાંધીજી સાથેનો અમારો સંબંધ ઘણા ઉચ્ચ પ્રકારનો હતો. જ્યારે તેમનું કે કોઈ દેશનેતાનું આગમન થાય ત્યારે અમારે ત્યાં જ ઉતારો રહેતો. ઘરમાં બધા શુદ્ધ ખાદી જ વાપરતા.

પૂજાના ખંડમાં પરમકૃપાળુ દેવનાં પગલાં હતાં. હંમેશાં સવારે પૂજા થતી. તેમનાં રચેલાં પદો અને વાકચોથી ઘરનું વાતાવરણ પવિત્ર બનતું. સાદાઈ અને સંસ્કારિતા એ આ ઘરનો મહાન આદર્શ હતો. મારા પૂ. સસરાજીના દેહવિલયનો આઘાત તેમને બહુ વસમો લાગ્યો. વાંકાનેરમાં તેમની છેલ્લી માંદગી વખતે તેમણે તન, મન, ધનથી ખૂબ જ સેવા કરી હતી.

તેમનું જીવન ખૂબ સાદું હતું. અંતરંગ ભક્તિરસ ને વિચારો ઘણા ઊંચા હતા. ગાંધીજીના સિદ્ધાંતો તેમને અતિ પ્રિય હતા. કોઈનું દુઃખ જોતા ત્યારે તેમનું કોમળ હૃદય ધબકી ઊઠતું. ગુપ્ત દાન ઘણું કરતા. દાન લેનાર વ્યક્તિ જ્યારે તેમનાં ગુણગાન કરતી આવે ત્યારે જ ખબર પડે કે તેમણે દાન કર્યું છે. કરાંચીમાં ચાલતી શાળા શારદામંદિરમાં તેમનો ગુપ્તપણે ઘણો જ સાથ હતો. આજે તે શાળા શારદાગ્રામ તરીકે માંગરોળમાં ચાલે છે.

તેમને પરમકૃપાળુ દેવ પ્રત્યે અનહદ ભક્તિ અને શ્રદ્ધા હતી. વાચન કરતાં તેમનું મનન અદ્‌ભુત હતું. તેઓ કહેતા કે અતિ વાચનથી જ્ઞાન કે શક્તિ મળતી નથી પણ જેમ ખાધેલું અન્ન પચે ને શક્તિ આવે તેમ થોડું વાંચી, વિચારીને પછી અંતરમાં ઉતારવામાં આવે તો જ શક્તિ વધે.

પૂ. બાપુજીની જવાબદારી પોતાને શિરે આવી, પણ તેમણે કોઈને ઓછું આવવા નથી દીધું. સુસંતાન તરીકેની બધી જ ફરજ તેમણે બજાવી. પૂ. માતુશ્રી મણિબહેન પ્રત્યે તેમણે હંમેશાં બહુમાન રાખ્યું છે. તેમનું જીવન સાદું હતું. તેઓ પરગજુ હતા અને વ્યવહારમાં સારી રીતે આગળ વધ્યા હતા. અમારા બંનેમાં મતભેદ કદી ન પડતો. સહુ આનંદથી રહેતાં. સત્યાગ્રહની લડાઈમાં તેમણે પોતાની સહાનુભૂતિ દર્શાવી છે અને પોતે તે વખતે કાર્યકર હતા તેથી તેમણે ખાદીનો ઝભ્ભો અને ટોપી અપનાવ્યાં હતાં. તેઓ પરગજુ બહુ હતા. તેઓ ઘણા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદ કરતા. હજુ પણ કરાંચીના માણસો તેમને યાદ કરે છે. તેઓ મૂંગી સેવામાં માનતા હતા. તેમના જેવી શાંતિ તેમ જ ગંભીરતા બહુ ઓછામાં જોવા મળે છે. અમારા રહેઠાણની બાજુમાં ઉપાશ્રય હતો. ત્યાં એક મુનિ પધારેલ. તેઓશ્રીએ વિહાર કરતી વખતે કહ્યું કે, "મારા અઢાર વર્ષના વિહારમાં પૂ. ભગવાનલાલભાઈ જેવી ગંભીર અને મૂંગી સેવા ક્યાંયે જોઈ નથી. આ એક આકરી તપશ્ચર્યા છે." બીજી વખત એક મુનિ ઉપાશ્રયમાં પધારેલ. તેમની પાસે કોઈ દુઃખી માણસ આવ્યો. તેને અમારે ત્યાં મોકલ્યો, ત્યારે કોઈ ન જાણે તેવી રીતે તેને મદદ કરેલી. આ વાત તે ભાઈએ મુનિશ્રીને કહી. ત્યારે મુનિશ્રીએ કહ્યું કે, "ભગવાનલાલભાઈનું જેવું નામ, તેવા જ તેમનામાં ગુણ છે. તેમની પાસેથી કોઈ અસંતોષ પામી પાછું જતું નથી. તેમને ત્યાં ભગવાનનો દરબાર છે." તેઓ સામાને દુઃખે દુઃખી થતા. તેઓ પરદુઃખભંજન હતા. દેરાસરમાં એક મુનિશ્રી પધારેલા. તેમણે કહ્યું કે, "કાળી રાત્રે ભગવાનલાલભાઈને ત્યાં જે કોઈ સહાય માટે જાય અને સાંકળ ખખડાવે, તો તે ખાલી હાથે કદી પાછો ન ફરે."

આટલી જાહોજલાલી છતાં ચાંદીનાં વાસણ ઘરમાં વપરાતાં દેખે તો તરત જ કહેતા કે, "તમે ચાંદીનાં વાસણમાં જમો છો ને ગરીબોને તો ખાવાય નથી મળતું! તેમને કેટલું દુઃખ થતું હશે! એ વિચારથી મારી આંખમાં આંસુ આવી જાય છે." કોઈ વાર ફેરીવાળા સાથે હું માથાકૂટ કરું તો કહેતા, "જે માગે તે બિચારાને આપો. બે પૈસા કમાશે." આમ ગરીબો પર તેમને બહુ અનુકંપા હતી. અમારે ત્યાં છાશ થતી તે અમે બધાંને આપતા. તેમાં એક બુઢ્ઢો માણસ રોજ છાશ લેવા આવે. તેનાથી ઉપર ન ચડાય, તેથી મને કહે કે, "તમે તેને દૂધ, નાસ્તો અને છાશ નીચે આપી આવો." બુઢ્ઢો જીવ્યો ત્યાં સુધી મેં રોજ આ રીતે કર્યું. જમતી વખતે કોઈ પણ આવે તેને જમવા બેસાડવા જ જોઈએ. પોતે બોલે નહીં પણ પ્રથમથી જ આ પ્રથા થઈ ગયેલ. કદાચ કોઈ ભૂલી જાય તો તેમનું મન ઘણું દુભાતું. સાંજના દુકાનેથી કોઈ નોકર આવી ચડે તો તેને પણ જમાડવાનો નિયમ હતો. ચીજો તો ઘરમાં છૂટથી આવતી. જે કોઈ આવે તે દરેક પ્રત્યે સરખો જ આદરભાવ રાખતા. આ ગુણ મારા સ્વ. પૂ. સસરાજી પાસેથી વારસામાં મળ્યો હતો તેમ હું માનું છું. સારી ચીજ હોય ને કોઈ માગે તો તે સહર્ષ આપી દેતા. આ ગુણ પિતાપુત્રમાં સમાન હતો. સગાં-સ્નેહીઓ સાથે પોતે પ્રેમથી વર્તતા. વ્યવહારમાં કોઈ કંઈ અન્યાય કરે, તો મનમાં લાવતા નહીં; અને કહેતા કે 'આપણે આપણી ફરજ બજાવવી.' તેમણે મને વ્યવહાર સાચવવા બાબત તેમના તરફથી કોઈ પ્રકારની કદીયે અટકાયત કરી નહોતી. દીકરી-દીકરાના પ્રસંગમાં તેઓ પડતા નહીં. જે વ્યવહાર કરવો હોય તે હું અને પૂ. માતુશ્રી કરતાં. પૂ. માતુશ્રી ન હોય ત્યારે હું એકલી તૈયાર કરીને કહું તો કહે કે, "તમને ઠીક લાગે તેમ કરો; મને ન પૂછશો. દીકરીઓને આપવામાં સંકોચ ન રાખવો. તેમને તો જે આપશો તેટલું તેઓ લેવા જોગ છે. સંકોચાયા વગર આનંદથી આપો." વહુ અને દીકરીને એક દૃષ્ટિએ જ જોતા. તેમના વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ કદી ન રાખતા; વહુઓનાં મોઢાં ઢીલાં જુએ તો તેઓ દુઃખી થતા અને તેમને પ્રસન્ન થાય તેવો સમભાવ દર્શાવતા.

પાછલાં વર્ષોમાં મારે અને તેમને કોઈ કોઈ વાર મતભેદ થતો. તેનું કારણ એ હતું કે તેઓ કહેતા, વહુઓને જેમ સુખ ઊપજે તેમ કરવા દો અને મને એમ થતું કે આપણા ઘરનો મોભો જળવાઈ રહે તે જાતની કેળવણી આપવી. પરંતુ તેમનો લાગણી અને સહાનુભૂતિભર્યો સ્વભાવ એટલે તેમને મન સૌ રાજી રહે તેવી ઇચ્છા રહેતી. આથી ઘણી વાર વિરોધ થતો. તેમાં હું ગુસ્સે થઈ હોઈશ પણ તેઓ તો શાંત જ રહેતા. બધાની પ્રસન્નતામાં જ એમની પ્રસન્નતા હંમેશ રહેતી.

પાકિસ્તાન થતાં બધાને ધીરે ધીરે દેશમાં આવવાનું થયું. છેલ્લાં ત્રણ વર્ષ પેઢીના ભાગીદાર શ્રી ગોપાલજીભાઈ અને તેઓ અનેક પ્રકારની મુશ્કેલી વેઠી ત્યાં રહ્યા, છતાંય પોતાની ફરજ ભૂલ્યા ન હતા. છેલ્લે રહેવાનો બંગલો, ઘર, દુકાન વગેરે બધાંનો જ્યારે પાકિસ્તાન સરકારે કબજો લઈ લીધો, ત્યારે તેઓ સ્વામીનારાયણની ચાલીમાં રહેતા. તે અરસામાં તેઓ આત્મવિચાર કરવામાં દરરોજ નિયમિત સમય ગાળતા ને પત્રોમાં આત્મ-સિદ્ધિની ગાથા અવશ્ય લખતા. પરમકૃપાળુ દેવ પ્રત્યે તેમની ઊંડી શ્રદ્ધા હોવાથી જેટલો બને તેટલો વખત આત્મવિચારાર્થે ભક્તિ ભાવનાપૂર્વક ગાળતા. પરમકૃપાળુ દેવના જન્મસ્થાન વવાણિયામાં હાલ જે તીર્થધામ 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન' છે, તે તેઓએ તન, મન અને ધનથી બંધાવ્યું છે, અને પરમકૃપાળુ દેવ પ્રત્યેની શ્રદ્ધાનું એ મૂર્તિમંત સ્મારક છે.

પાકિસ્તાનમાં સઘળાં મકાનોને સીલ દેવાયાં છે અને સરકારે તેનો કબજો લઈ લીધો છે, એવો તાર હું અને પૂ. મોટાબા રાજકોટ હતાં ત્યાં આવ્યો. અમને ઘણો જ ગભરાટ થયો. શું કરવું તેની કાંઈ સૂઝ નહોતી પડતી. અને કરવાનું પણ શું હોય? કલ્પાંત કર્યે શું વળે? ત્યારે પરમકૃપાળુ દેવે જે દિશા સુઝાડી, તેથી મન શાંત રાખી રહ્યાં હતાં. તે વખતે જરા સ્વસ્થ થઈ વિચાર્યું કે પ્રભુનું શરણ જ સર્વશ્રેષ્ઠ છે. એકાંતમાં પ્રભુની છબી રાખેલી હતી. તેની સન્મુખ બેસીને વચનામૃત ઉઘાડયું અને જાણે પ્રભુએ જ પ્રેરણા કરી હોય તેમ નીચે પ્રમાણેનું વચનામૃત નીકળ્યું: "મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ

પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંત કાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે. આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મૂંઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે."

"વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં એમ શ્રી તીર્થંકર કહેતા હતા." (વ. ૪૯૨) આ વચનનું મનન સ્વસ્થ ચિત્તે કર્યું. તેથી અંતરમાં ઊંડું આશ્વાસન મળ્યું. પ્રભુનાં ઉપશમ સ્વરૂપ એ વચનો અમને ત્યારે ખરા ઉપશમનું કારણ બન્યાં. તેમાંથી અમને શાંતિ મળી.

## ( ૯ )

શ્રી વવાણિયામાં જે પરમકૃપાળુ દેવનું જન્મસ્થાન છે ત્યાં પંચાણભાઈ મહેતાના વખતનું ઘર હતું. તે ઘણું જૂનું થઈ ગયું હતું. પૂ. રવજી અદા તે એમ જ ચલાવતા ને ભાંગ્યુંતૂટ્યું સમું કરાવતા. પછી પૂ. મનસુખભાઈએ મારાં લગ્ન વખતે ઘરમાં સુધારોવધારો કરી સરખું કરાવ્યું પણ કારણવશાત્ રાજકોટ રહેવાનું થયું; અને થોડા વખત પછી તેઓનો દેહત્યાગ થયો.

સંજોગવશાત્ વવાણિયાની એ જગ્યા મોરબી દરબાર પાસે ગઈ. તે અરસામાં પૂ. શ્રી ભગવાનલાલભાઈને રાજનગર-નિવાસી પૂ. શ્રી પોપટલાલભાઈ મહોકમચંદભાઈનો પરિચય થયો. પરમકૃપાળુ દેવ પ્રત્યે ભક્તિના સંસ્કાર પૂ. બાપુજી તરફથી પ્રાપ્ત જ હતા. ત્યાં પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈના સમાગમથી એ તરફની શ્રદ્ધામાં વિશેષ વૃદ્ધિ થઈ. વ્યવહાર અને પરમાર્થ એ બંનેમાં પૂ. ભાઈશ્રીની દોરવણી પ્રસંગોપાત્ત મળતી. પોતે જણાવતા કે પૂ. ભાઈશ્રીનો મારા પર મોટો ઉપકાર છે.

પૂ. ભાઈશ્રીને થયું કે વવાણિયામાં આ જે મકાનો મોરબી દરબાર પાસે છે, તેનો કબજો આપણે પાછો ન લઈએ. તે માટે તેઓશ્રીએ પૂ. શ્રી. ભગવાનલાલભાઈને કરાંચી પત્ર લખી શ્રી વડવા બોલાવ્યા. આ વાત મારા જાણવામાં આવી. મેં તેમને કહ્યું, "આપણે જ આ મકાનો લઈએ" ત્યારે તેઓ કંઈ બોલ્યા નહીં. પણ સીધા શ્રી વડવા જઈ પૂ. ભાઈશ્રીને મળ્યા. મકાનો પોતે જ લેવાનું નક્કી કરીને મોરબી ગયા. ત્યાં દરબારને મળી મકાનો લઈ લીધાં. પૂ. ભાઈશ્રીને મારા પૂ. સસરાજીની હયાતીમાં ત્યાં મંદિર બાંધવાનો વિચાર થયો, પણ મારા ભાઈ સુદર્શનની સંમતિ મેળવવી જોઈએ એમ તેમને લાગ્યું કારણ કે મૂળ તે તેના બાપદાદાનાં મકાન ગણાય. તેથી તેના મનને કોઈ પ્રકારે પણ દુઃખ થવું ન જોઈએ એ જોવાની ફરજ છે એવી તેમની મનોવૃત્તિ હતી. એટલે મકાનો લેવાયાં પછી પણ લાંબો વખત એમ ને એમ જ રહેવા દીધેલાં હતાં.

તે દરમિયાન મારા અંતરમાં એક ઊંડી અભિલાષા વારંવાર જાગ્રત થતી. શ્રી વડવા, અગાસની તીર્થભૂમિઓ જોઈને અંતરમાં સ્ફૂર્યા કરતું કે પરમકૃપાળુ દેવની જન્મભૂમિમાં પણ તીર્થધામ થવું જ જોઈએ. અને તે જ વિચારો રાતદિવસ પ્રબળ રીતે મારા મનમાં ઘોળાયા કરતા. મને મનમાં થતું કે, "આ હાથે જો આ કામ ન થાય તો આપણાં બાળકોથી તો તે કેમ થશે?" ઘણી વાર તો ઊંઘ પણ ન આવતી. આમ કેટલોક વખત ગયો. શારીરિક અસ્વસ્થતાને કારણે મારે મીરજ પાસે માધવનગર રહેવાનું થયું હતું. ત્યાં ભાઈ સુદર્શન મને મળવા આવેલ. તેની સાથે પરસ્પર બહુ પ્રેમથી વાતચીત થઈ. મેં મારો અભિપ્રાય જણાવ્યો કે વવાણિયાના મકાનને સ્થાને ભવ્ય ગુરુમંદિર બાંધવાનો મારો વિચાર છે. તે સાંભળી તેણે રાજીખુશીથી સંમતિ આપી કે તમને ઠીક લાગે તેમ કરો. આમ મારી અભિલાષા પૂરી થાય તે માટે માર્ગ મોકળો થયો.

માધવનગરથી મારે રાજકોટ થઈ કરાંચી આવવાનું બન્યું. પ્રસંગે વાત નીકળતાં મેં તેમને (પૂ. શ્રી ભગવાનલાલભાઈને)

શ્રી. ૩

જણાવ્યું કે "સુદર્શન સાથે વાત થઈ છે અને મકાનને સ્થાને જે કાંઈ કરવું હોય તેમાં તેની પૂર્ણ સંમતિ છે. તો આપણે હવે ત્યાં ગુરુમંદિર બાંધવાનું કરીએ." તેઓ કહે, "ભલે, હવે વાંધો નથી. પણ આ કામ કરશે કોણ? દેખરેખ કોણ રાખશે?" આ વાત થઈ ત્યારે મારાં ફઈબા ઝબકબહેનના દીકરા પ્રાણજીવનભાઈ ત્યાં હાજર હતા. તેણે કહ્યું કે આ કામ પૂરી દેખરેખ સાથે હું કરાવી દઈશ. આ વાત આગળ ચાલી. કેટલો ખર્ચ થાય, એવી વાત નીકળતાં પ્રાણજીવનભાઈ કહે કે પાંચ હજાર; અને જો દસ હજાર નાખીએ તો તે ઘણું જ સરસ થાય. પછી પોતે હા કહી અને ત્યાં જ એન્જિનિયર ગોકળભાઈને બોલાવી તેનો પ્લાન તૈયાર કરાવ્યો.

પ્રાણજીવનભાઈ દેશમાં આવ્યા. જમીન સરખી કરાવી પોતે બધી યોજના કરી આપી હતી, અને એન્જિનિયરને વવાણિયા મોકલાવ્યા હતા. રાજકોટમાં પૂ. શ્રી બેચરદાસભાઈ કાળિદાસ જસાણી પર કાગળ લખ્યો. તેમાં જણાવ્યું કે "પ્રાણજીવનભાઈ વવાણિયામાં રાજભુવન બંધાવવાની યોજના લઈને આવેલ છે તેમને ત્યાં પૂરતી સગવડ કરી આપશો. આપ ત્યાં જતાઆવતા રહેશો અને દેખરેખ રાખશો; સૂચના આપતા રહેશો. જે જે વસ્તુઓ જોઈએ તેની પૂરી સગવડ કરી આપશો." પૂ. બેચરદાસભાઈએ ઘણી જ સંભાળ રાખી હતી. તેઓએ ફરી ફરી આવીને તે માટે જોઈતી સગવડ કરી આપી હતી. તેઓ જરૂરી સલાહ-સૂચનો આપતા. તેમણે શરૂઆતથી છેવટ સુધી પ્રેમપૂર્વક પૂરતો સાથ આપ્યો હતો. એ રીતે શ્રી રાજભુવન બાંધવામાં તેઓ અમને સારી રીતે મદદરૂપ થયા છે.

જમીન સરખી કરાવ્યા બાદ પ્રથમ મૂળ મકાનની આજુબાજુની જગ્યાઓ લેવાની જરૂર જણાઈ. તેના માલિકોને મળી તે તે જગ્યાઓ ખરીદ કરી. તેમાં ખેડૂતોની જમીન અને દરબારી જગ્યા પણ હતી. મોરબીના મહારાજાસાહેબને મળી તે જગ્યાઓની જરૂર સંબંધમાં જણાવ્યું. ઠાકોરસાહેબે વવાણિયાના વહીવટદારને હુકમ આપ્યો કે કરાંચીવાળા વવાણિયામાં મંદિર બાંધે છે તો તેમને રાજની જે જમીન જોઈએ તે આપવી; અને

ખેડૂતોની પડતર જમીન તેમને જરૂરની હોય તે વાજબી કિંમતે અપાવવી.

જમીન ખરીદ થયા પછી સંવત ૧૯૯૭ના આસો સુદ દસમ (વિજયાદસમી)ના દિવસે વકીલ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના શુભ હસ્તે શિલારોપણવિધિ કરાવવામાં આવ્યો. અમદાવાદથી મુમુક્ષુ ભાઈઓ ભોગીલાલ પોપટલાલ શાહ, મોરબીના શેઠશ્રી નરભેરામભાઈ વનેચંદ, મનસુખલાલ જીવરાજભાઈ વગેરે ઘણા ભાઈઓ પધાર્યા હતા. તે શુભ કાર્ય યથોચિત જમણ વગેરેના પ્રબંધ સાથે અતિ ઉત્સાહથી કરવામાં આવ્યું હતું. ત્યાર પછી તરત જ ઇમારતનું બાંધકામ શરૂ થયું. તે કામ લગભગ બે વર્ષ ચાલ્યું.

ગુરુમંદિર, જિનાલય, સ્વાધ્યાય ખંડ અને નીચેના ભાગમાં રસોઈઘર તથા ભોંયરાનો ભાગ: આ પ્રમાણે બાંધકામ થયું. તેમાં ખરું તો પરમકૃપાળુ દેવના યોગબળે જ કામ કર્યું છે. પૂ. શ્રી. ભગવાનલાલભાઈએ ખુલ્લા દિલથી, પૂર્ણ ભક્તિથી રૂપિયા લાખ ઉપરાંતનો ખર્ચ કર્યો. ઘણો ખર્ચ થયો એમ ક્યારેય કહ્યું નથી. હું કોઈક દિવસ કહું કે "ધાર્યા કરતાં ઘણો જ ખર્ચ આવે છે" તો તેઓ કહેતા કે, "પ્રભુના કામમાં કેમ સંકોચ રાખો છો? આપણે શું કરી શકીએ છીએ? જેનું છે તે બધું સંભાળી લે છે; માટે એવો વિચાર ન કરવો." મારાપણાની ભાવના તેમને કદી થતી નહીં. એવી નિરભિમાનતા તેમનામાં અનેક પ્રસંગે વ્યક્ત થતી.

આ મંદિરના બાંધકામના કાર્યમાં તેમને તેમનાં ફઈબાના દીકરાઓ પૂ. નાનાલાલભાઈ કાળિદાસ જસાણી અને શ્રી બેચરદાસભાઈ કાળિદાસ જસાણી અને શ્રી મોહનલાલ કાળિદાસ જસાણી તથા પૂ. શ્રી ભગવાનલાલભાઈનાં માસીના દીકરા શ્રી અમૃતલાલ વીરચંદ જસાણી તથા ભાગીદારો શ્રી ગોપાળજીભાઈ માનસંગ શાહ, શ્રી વેલજીભાઈ, શ્રી પોપટલાલભાઈ, શ્રી શંભુલાલભાઈ, શ્રી રવજી ઝવેરચંદના ભત્રીજા શ્રી મોહનલાલભાઈ, પંજાબી લાલા, ભગવાનદાસ કપૂર વગેરે તરફથી ઘણો સહકાર મળ્યો હતો.

તેઓ બધાની સાથે પૂ. શ્રી ભગવાનલાલભાઈને ભાઈથી પણ અધિક સ્નેહભાવ હતો. શ્રી ગોપાલજીભાઈ સાથેનો તેમનો પ્રેમ અને સંબંધ અત્યંત નિકટનો હતો.

અમારા જમાઈઓ શ્રી જયંતીલાલભાઈ મોતીચંદ ગાંધી તથા સ્વ. શ્રી નાનાલાલ ખીમચંદ પારેખ તથા શ્રી ધીરજલાલ ગોપાળજી શાહે પણ આ મંદિરમાં શરૂઆતથી હજી સુધી ઘણા ઉમંગથી અમને સાથ આપ્યો છે અને આપી રહ્યા છે. શ્રી ભોગીલાલ પોપટલાલ શાહ, બ્રહ્મચારી ગોવર્ધનદાસભાઈ, પૂ. શ્રી મણિલાલ રણછોડદાસ નારવાળા અને શ્રી મણિલાલભાઈ કીલાભાઈ તરફથી પણ પ્રથમથી છેવટ સુધી સહકાર અને સૂચનાઓ મળ્યા કરે છે.

વળી રાજ જન્મભુવન, વવાણિયાના હાલના વ્યવસ્થાપક શ્રી પ્રતાપભાઈ લવજીભાઈ વોરા રાજભુવનનાં સર્વ કાર્યોમાં ઘણા પ્રેમથી અને અંતઃકરણની લાગણીથી સેવા આપી રહ્યા છે.

આ રીતે સૌના સાથ અને સહકારથી જન્મભૂમિની સેવા થઈ રહી છે. ખરેખર આ બધું સર્વના ઉલ્લાસ, ભક્તિભાવ અને સંતોષનું દ્યોતક છે.

સત્પુરુષોનું યોગબળ જગતનું હમેશાં કલ્યાણ કરે છે—આપણે તો સૌ નિમિત્તમાત્ર છીએ.

☆ ☆ ☆

## કાકાશ્રી મનસુખભાઈ

(૧૦)

**મા**રા પૂ. કાકા શ્રી મનસુખભાઈએ મારી નાની વયમાં જ મારામાં જે સંસ્કારોનું સિંચન કર્યું છે તે બદલ મારા હૃદયનો ઉપકારભાવ હું કયા શબ્દોમાં વ્યક્ત કરું? મારા પિતાશ્રી શ્રીમદ્ રાજચંદ્રજીના દેહોત્સર્ગ પછી મારા કાકા પૂ. મનસુખભાઈએ મારા શિક્ષણ સંબંધમાં અને મારા સુસંસ્કાર માટે બહુ જ ધ્યાન આપ્યું છે. હું અંગ્રેજી બીજા ધોરણમાં હતી અને મારે મોરબી, રાજકોટ જવાનું થતાં શાળાના અભ્યાસની નિયમિતતા ન સચવાઈ. તેથી ઘેર શિક્ષક રાખી થોડો અભ્યાસ ચાલુ રખાવ્યો. તે પછી શાળાનો અભ્યાસકાળ પૂરો થયો અને લગભગ તેરમે વર્ષે મારે મુંબઈ જવાનું થયું. પૂ. કાકાશ્રી પાસે મુંબઈમાં લગભગ દોઢ વર્ષ રહેવાનું થયું હતું. શાળા અંગેના અભ્યાસનો જ નહીં પણ ઘરમાં અન્ય સાહિત્ય, સદ્વાચનનો પરિચય રહેતો, જેમાં 'સતી મંડળ', 'ભામિનીભૂષણ' જેવા ગ્રંથોનું વાચન વિશેષ રખાતું.

મારી બાળવયમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પ્રગટ થયો ત્યારે મારા પૂ. કાકા મને કહેતા, 'આ વાંચો.' યોગ્ય પ્રસંગે પોતે પણ સમજાવતા હતા. તેમાંથી પદો, ગાથા, 'હે પ્રભુ'ના દોહરાનો મુખપાઠ કરવાનું સૂચન કરતા.

આ પ્રકારના અભ્યાસ સાથે ઘરકામની પ્રવૃત્તિમાં પણ મદદરૂપ થવાનું બનતું. મને ઘરકામ કરવું ઘણું ગમતું. હું નવરાશે 'વચનામૃત' વાંચતી તે સમજવામાં ન આવે, પણ મારા પૂ. પિતાશ્રીએ લખ્યું છે એવી ભાવનાના બળે 'વચનામૃત' વાંચવામાં બહુ ઉલ્લાસ આવતો. પૂ. કાકા મારી દરેક પ્રકારની સંભાળ લેતા. તેમાં સુસાહિત્યનો પરિચય રાખવા સંબંધી મને વિશેષ પ્રેરણા

આપતા. મોહની વૃદ્ધિ કરે તેવાં સાહિત્યો જેવાં કે નવલકથા આદિ વાંચવાની મના કરી હતી. 'ભામિનીભૂષણ', 'સતી મંડળ', 'ત્રિષષ્ટિ સલાકા પુરુષચરિત્ર', 'મોક્ષમાળા', 'રામાયણ' અને મારી ચૌદ વરસની વયથી 'વચનામૃત' વાંચવાની પ્રેરણા મારા કાકા આપ્યા કરતા હતા. મને ન સમજાય તો પોતે વિવરણ કરી સમજાવતા. મારા પ્રત્યે કાકાનો રૂડો વાત્સલ્યભાવ હતો. આમ મારા કાકાનો મારા પર જે ઉપકાર છે, તેને હું કયા શબ્દોમાં વ્યક્ત કરી શકું?

'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ' પ્રગટ કરવામાં તેમણે શરૂઆતથી સારી મહેનત ઉઠાવી હતી. મારા પૂ. બાપુજી અને પૂ. કાકા એમ બે ભાઈઓ અને ચાર બહેનો—શિવકોરબહેન, મેનાબહેન, ઝબકબહેન અને જીજીબહેન—હતાં. મારા મોટાભાઈ છગનભાઈ કૃપાળુ દેવના સંસ્કારથી ઉછરેલા અને રંગાયેલા હોઈ ધર્મપ્રેમી, ગુણાનુરાગી, વિવેકી અને પ્રેમાળ બન્યા હતા. મારા બીજા ભાઈ રતિલાલ હતા. કાશીબહેન મારાથી નાનાં હતાં. મારાં દાદીમા અને દાદાને અમારા પર અત્યંત વહાલ હતું. કાશીબહેનને બે દીકરા—નગીનભાઈ અને પ્રવીણભાઈ—છે. હેમંત અને ઇન્દીરા તેમની પુત્રવધૂઓ છે. મારા બે ભાઈઓનો અને બહેનનો તો નાની ઉંમરમાં દેહવિલય થયો હતો. પરમ કૃપાળુ દેવના દેહવિલય વખતે મારા કાકાની ઉંમર ૨૪ વર્ષની હતી. પ્રભુથી તે નવ વર્ષે નાના હતા. કૃપાળુ દેવે સર્વ વ્યવહાર તથા વેપાર દ્રવ્યાદિક વગેરેથી કાકાને વાકેફ કર્યા હતા, તેથી સર્વ જવાબદારી તેમના પર આવી પડી. તેનો વહીવટ તે બુદ્ધિપૂર્વક ખૂબ કુશળતાથી કરતા. રેવાશંકર જગજીવનની પેઢી સાથેનો સંબંધ કૃપાળુ દેવના દેહવિલય પછી પણ સાત વર્ષ સુધી ચાલ્યો ને પછી છૂટા પડ્યા. ત્યાર બાદ 'છગનલાલ મનસુખલાલ' નામની પેઢી શરૂ કરી. છગનભાઈ ચારેક મહિના પેઢી પર બેઠા હશે અને તેમને બીમારી આવી અને તેમનો પણ દેહવિલય થયો. પંદર વર્ષના વહીવટ પછી મારા કાકાએ પણ દેહત્યાગ કર્યો અને સાથે આ પેઢી પણ સંકેલાઈ ગઈ. આજે મારા કાકાના દીકરા સુદર્શન અને પુત્રી સૂરજબહેન છે. મારાં કાકી ઝબકબહેન તથા તેમની દીકરી સૂરજબહેન અને તેમની ત્રણ પુત્રીઓ અને એક પુત્રે પણ દીક્ષા લીધી હતી. સૂરજબહેનના બીજા દીકરા ભાઈ

હસમુખલાલ મુંબઈમાં વેપાર કરે છે. મારા કાકાના દીકરા ભાઈ સુદર્શનને એક પુત્ર અતુલ અને એક પુત્રી આરતી છે. ભાઈ સુદર્શન મુંબઈમાં ઝવેરાતનો વેપાર કરે છે. ભાઈ સુદર્શને વવાણિયાના વડીલોના મકાન પર 'રાજ જન્મભુવન' બાંધવાની રાજીખુશીથી રજા આપી હતી તે અગાઉ કહેવાઈ ગયું છે. પરમકૃપાળુ દેવનાં વસ્ત્રો તથા ઘોડિયું વગેરે સાધનો તેમણે તથા તેમની પત્ની શારદાએ સાચવી રાખ્યાં હતાં. તે તેમણે રાજભુવનને ભેટ અર્પણ કર્યાં છે. આ હકીકત તેમના ભક્તિભાવની સૂચક છે.

કૃપાળુદેવનું પરમાર્થમય લોકોત્તર જીવન, તેઓના અપૂર્વ દિવ્ય વિચારો અને સદ્બોધ પ્રકાશમાં આણવા મારા કાકા મનસુખભાઈએ સતત અથાગ પ્રયત્ન કર્યા છે. તે માટે સારો શ્રમ લઈ તેઓશ્રીના (પરમકૃપાળુ દેવના) મુમુક્ષુભાઈઓ પ્રતિ લખાયેલા સદ્બોધમય, શુદ્ધ સન્માર્ગદર્શક પત્રો ભેગા કરીને તેમણે ગ્રંથાકારે પ્રગટ કર્યા છે. તે પછી અન્ય આવૃત્તિઓ પણ 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તરફથી બહાર પડેલ છે. તેમની પત્રકાર તરીકે લેખનશક્તિ ઘણી જ સારી હતી. તેઓ શાસ્ત્રોનું સંશોધન કરી જૈન ધર્મની મૂળ પ્રણાલિકા ઉપર સારો પ્રકાશ પાડતા અને નીડરપણે સત્ય વસ્તુને દૃષ્ટાંત-દલીલો સહિત પ્રગટ કરતા.

પરમકૃપાળુ દેવનાં વચનામૃત પુસ્તકરૂપે પ્રગટ થતાં ઘણાં જૈન તેમ જ જૈનેતર ભાઈઓ તેમાં રસ લેતા થયા. ત્યારે શ્રી મનસુખભાઈના તેમ જ બીજા ઘણા ભાઈઓના ઉત્સાહથી પરમકૃપાળુ દેવની જન્મજયંતી જાહેરમાં ઉજવવાનું શરૂ થયું. સંવત ૧૯૭૧માં મહાત્મા ગાંધીજી હિંદ પધાર્યા ત્યારે શ્રી મનસુખભાઈએ તેમનો સહકાર મેળવી તેઓશ્રીના પ્રમુખપણા નીચે પરમકૃપાળુદેવની જયંતી ઉજવી હતી.

'રાજ-જયંતી વ્યાખ્યાનો' એ નામે પુસ્તક શ્રી મનસુખભાઈએ સંવત ૧૯૭૪માં પ્રસિદ્ધ કર્યું છે. તેમાં પરમકૃપાળુશ્રી પ્રત્યે આદર અને વિશ્વાસ દર્શાવનાર ભાઈઓ તરફથી અપાયેલાં વ્યાખ્યાનો તથા જયંતી પ્રસંગે મોકલાવેલા લેખોનો સંગ્રહ કર્યો છે. તે ગ્રંથમાં જયંતી મહોત્સવ પ્રસંગે દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદેથી અપાયેલા ભાષણનો પણ સમાવેશ થાય છે. તેમાં 'અનુકરણીય ભ્રાતૃભાવ' એ વિશે નીચે પ્રમાણે જણાવ્યું છે, જેથી આપણને મનસુખભાઈની વિશિષ્ટતા સમજાશે:-

'ઈશ્વરે શ્રીમદ્ રાજચંદ્રજીમાં જ્યારે દૈવી અંશો મૂકેલા ત્યારે એક બીજી બાબત પણ ધ્યાનમાં રાખેલી લાગે છે. તે એ છે કે રા. રા. મનસુખલાલ રવજીભાઈ જેવાને સમાગમ કરાવ્યો. મનસુખલાલભાઈ વાતચીતમાં અથવા તો પોતાના મરહૂમ ભાઈનાં રચેલાં પુસ્તકો પ્રસિદ્ધ કરતા, તેના પર ટીકા લખવામાં અથવા તો શ્રીમાનનાં નાનાંનાનાં વાક્યો અથવા નાનાંમોટાં કથનો વિચારતા, તેમના જીવનની એકેએક દશા વર્ણવતાં જે નિઃસીમ ભ્રાતૃભાવ દર્શાવે છે, જે ભક્તિથી સઘળું જુએ છે, જે પ્રેમથી તેમનું આખું જીવનરૂપી આકાશ દેદીપ્યમાન માને છે, તે જોતાં આપણા પ્રાચીન ઇતિહાસમાંથી લક્ષ્મણનો શ્રીરામ પ્રત્યેનો બંધુભાવ સ્મરણમાં આવ્યા સિવાય રહેતો નથી. આવા સંસ્કારી અને વિશુદ્ધ પ્રેમવાળા ભાઈ જેઓ કેવળ સ્વાર્થરહિતભાવથી શ્રીમાન રાજચંદ્રનાં પુસ્તકો, તેમના ઉમદા લેખો, અને તેમના જીવનના ઉચ્ચ આશયો પ્રસિદ્ધિમાં મૂકતા જાય છે તેમના આપણે સૌ એક રીતે ઋણી છીએ એમ કબૂલ કરવું જોઈએ.

'ભાઈ મનસુખલાલને સંસ્કારી વિશેષણ એટલા માટે આપ્યું છે કે ઝવેરી તરીકે ધંધામાં રહી, સાહિત્યપ્રેમ, દેશદાઝ તથા પોતાના સંપ્રદાયને અનુરૂપ સાચે રસ્તે દોરવવા માટે તેમણે કરેલો સ્વાર્થત્યાગ, પૂર્ણ પ્રવૃત્તિના ઉચ્ચ ગુણો દર્શાવે છે; અને તેમણે પોતાનો ધર્મ ઘણા જ વિનીતભાવે બજાવ્યો છે. તમારા સમૂહમાં તેઓ પણ એક બહુ ઉપયોગી વ્યક્તિ છે.'

આ પછી મારા કાકાએ સભામાં ભાષણ કરી પ્રસંગોચિત પ્રત્યુત્તર આપ્યો છે. તે 'વ્યાખ્યાન સંગ્રહ'માં છપાયો છે. બીજું સંવત ૧૯૭૪ પછી તેઓ કાઠિયાવાડની રાજકીય પ્રવૃત્તિમાં રસ લેતા થયા. સૌરાષ્ટ્રનું એકમ કરનાર રાજકીય પરિષદના આદિ કાર્યકર્તાઓમાંના તેઓ એક હતા. સરધાર ગામમાં શિકાર અટકાવવાથી તેમને જેલમાં જવાનું પણ થયું હતું. એવાં લોકોપકારી કાર્યો પણ તેમણે ઘણાં કર્યાં છે. દેશ તથા સમાજની તેમણે કરેલી વિવિધ પ્રકારની સેવાઓનો આ હકીકતોથી ખ્યાલ આવે છે. તેઓશ્રી સંવત ૧૯૮૦માં રાજકોટમાં અવસાન પામ્યા.

☆ ☆ ☆

### પરમ પૂજ્ય
### કુંવરમા

( ૧૧ )

પરમ પૂજ્ય માના સમર્થ વ્યક્તિત્વને શબ્દોમાં આલેખી શકું એટલી હું સમર્થ નથી અને છતાં એમની સાથેનાં સ્મરણો મારે માટે જીવંત અને અવિસ્મરણીય છે. અત્યારે લખું છું ત્યારે તેમની સજીવ મૂર્તિ ખડી થાય છે અને તેઓ સ્થૂળદેહે નથી તેનું વિસ્મરણ થાય છે.

આ મહાન આત્માનો પરિચય કરાવનાર મારા પૂ. ફઈબાના પુત્ર પૂ. શ્રી. હેમચંદભાઈની હું પરમ ઋણી છું. તેમની માન્યતા હતી કે મારો અને પૂ. માનો મેળાપ મારા આત્માના શ્રેયનું કારણ બનશે. પરંતુ દૈવાનુયોગે પ્રતિકૂળ સંયોગોને લીધે પૂ. માને મળવામાં અંતરાય આવ્યા કરતા હતા.

એક વખત હું જ્યારે તીર્થધામ વવાણિયા હતી ત્યારે એ ભાવના ફળીભૂત થાય એવો યોગ ઉપસ્થિત થયો. પૂ. મા માંડવી હતાં અને પૂ. શ્રી. હેમચંદભાઈ તેમના દર્શનાર્થે ત્યાં જતા હતા. તેમના આગ્રહ અને પ્રેરણાબળે વવાણિયામાં પૂનમનિમિત્તે આવેલા મહેમાનોની અવરજવર ચાલુ હતી છતાં હું પૂ. માનાં દર્શન કરવા નીકળી. મારા આત્માને શાંતિ મળશે એમ માની મનુભાઈના પિતાશ્રીએ હું નીકળી શકું તેવી બધી વ્યવસ્થા કરી દીધી.

માંડવી રાત્રે દશ વાગે પૂ. માતુશ્રીની પાસે અમે પહોંચ્યાં ત્યારે તેમના પ્રથમ દર્શનથી જ મારું અંતર તેમને નમી પડ્યું. અસહ્ય તાપ પછીની શીતળતાના પરમાનંદનો મેં તેમના સાન્નિધ્યમાં અનુભવ કર્યો.

આઠ દિવસ પૂ. માના સાન્નિધ્યમાં ગાળ્યા. એ સતત સત્સંગના સમયમાં મેં તેમના કૃપાળુ હૃદય પ્રત્યે અપાર શ્રદ્ધા અને

પ્રેરણાત્મક ભક્તિ કેળવી. આવા યોગથી આટલો વખત વંચિત રહી તેનો પારાવાર પસ્તાવો પણ થયો. મને ખાતરી થઈ કે પૂ. મા મને સત્ય રસ્તે દોરશે. જીવનના નિત્ય વ્યવહારો વચ્ચેથી પણ સ્થિર ચિત્તે તેમનો સત્સંગ કેળવવાથી કાંઈક પ્રાપ્ત કરી શકાય, એમ માની મેં નિર્ણય કર્યો કે તેમની પાસે હું 'ઠરીને ઠામ બેસીશ.'

પૂ. મા એક અનન્ય ભક્ત હતાં. એક ગૃહસ્થાશ્રમી તરીકે પણ તેઓએ જીવન જીવી જાણ્યું હતું. પરમકૃપાળુ દેવ ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે અલિપ્ત રહ્યા હશે તેની પ્રતીતિ મેળવવી હોય તો પૂ. માના જીવનનું દર્શન કરવું. કુટુંબજીવનમાં પૂ. માનો વ્યવહાર નાનાંમોટાં કે નોકરો એમ બધાં માટે ભાવભર્યો રહેતો અને કોઈ પણ સંજોગોમાં તેઓ શાન્ત ચિત્તે જ વર્તતાં.

પરમકૃપાળુ દેવે કહ્યું છે તેમઃ

"કુશળ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબી ધર્મયુક્ત અનુચરો, સદ્‌ગુણી સુંદરી, સંપીલું કુટુંબ, સત્પુરુષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ વંદનીય છે."

માંડવીથી નીકળતાં અમારી ટિકિટ પૂ. માએ કઢાવી. પૂ. શ્રી. હેમચંદભાઈની તે માટે ના હોવા છતાં પૂ. મા ઉપરની મારી શ્રદ્ધાભક્તિથી મને લાગ્યું કે સન્માર્ગે જવાની છેક સુધીની આ ટિકિટ છે એમ માની મારે એ જ ટિકિટથી મુસાફરી કરવી અને એને જ અહોભાગ્ય ગણવું. પૂ. માએ અપાવેલી ટિકિટથી તો નિયત ધ્યેય પર જલદી પહોંચી જઈશું એવી ભાવના અંતરમાં લઈને માંડવીથી નીકળ્યાં. વવાણિયા પહોંચતાં જ પૂ. બ્રહ્મચારીજી સંઘ લઈ પધાર્યા હતા તેમનો લાભ મળ્યો. પૂ. મા અને પૂ. બ્રહ્મચારીજી બંનેના દર્શનનો અનન્ય લહાવો મને મળ્યો. તરસ્યો માણસ તળાવે જઈને તરસ્યો પાછો આવે તેવું દુઃખ તે વખતે મારા અંતરમાં રહી ગયું કારણ કે પૂ. માના અગાધ જ્ઞાનસાગરમાંથી હું મારી તરસ ન છિપાવી શકી. ત્રણચાર વર્ષ એમ ને એમ નીકળી ગયાં પણ પૂ. માનો ફરી મેળાપ ન થયો. ત્યાર બાદ પાકિસ્તાનની રચના થતાં પુણ્યયોગે મુંબઈ રહેવાનું થયું. તે

નિમિત્તે પૂ. મા મુંબઈ હતાં. એટલે તેમને મળીને અપૂર્વ આનંદ મેળવ્યો ને પછી તો તેમનો સત્સંગ એ નિત્યક્રમ બની ગયો.

તેમનો ઉપદેશ સાંભળતાં મહામુનિની યાદ આવે. તેમની આંખોમાંથી અમીવર્ષા થાય. નબળું શરીર અને એક જ આસને બેસીને વાંચે છતાં કોઈ પણ પ્રકારનો આધાર કે ટેકો રાખે નહિ. તેમની આ રીત ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. મને વિચાર આવતો કે આ જ સાચી સામાયિક કહેવાય. તેઓ પોતે કોઈ દિવસ આવી સમતારૂપી સામાયિકનો ઉલ્લેખ કરતાં નહિ. પણ તેમના આવા વ્યવહારની છાપ આપણા પર પડે જ. પરમકૃપાળુ દેવે કહ્યું છે કે કોઈ સામાયિક કરતું હોય તેને તેમાં રહેલી ખામીનો નિર્દેશ કરવો ન જોઈએ, પણ આપણે જ્ઞાન, ધ્યાન અને વૈરાગ્યની સમતારૂપી સામાયિક કરવી કે જેથી બીજાને પોતાની ભૂલ સમજાય. પૂ. મા પરમકૃપાળુ દેવની આ રીત અનુસાર વર્તતાં. તેમની ઉપદેશ આપવાની રીત પણ અનોખી હતી. તેઓ વ્યક્તિગત ઉલ્લેખ ન કરે તોપણ દરેકને એમ લાગે કે પૂ. મા તેમને જ મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપી રહ્યાં છે. આ રીતે બધાં જ પોતાની નબળાઈઓ પ્રત્યે સજાગ રહેતાં.

પૂ. મા ઘણી વખત કહેતાં, “પ્રમાદ છોડો; તમે છ આના મહેનત કરશો તો પ્રભુ તમને દસ આના સાથ આપશે. કાલનો ભરોસો છોડો. જે કામ કાલે કરવાનું છે તે આજે જ કરો. આ શરીરનો ભરોસો નકામો છે. એકબીજા માટેનો જે રાગ છે, પ્રેમ છે તે શરીરનો છે. માટે સાચા આત્માને ઓળખવા કમર કસો તો જ તેનું પરિણામ છે. તેમ નહિ કરીએ તો મહા પ્રયત્ને મેળવેલો રત્નચિંતામણી જેવો મનુષ્યદેહ ઘડીકમાં ખોઈ બેસીશું.” આ પુણ્યાત્માની પ્રેરણાથી ઘણી બહેનોને આગળ વધવાનું પ્રોત્સાહન મળ્યું. તેમના ધાર્મિક જીવનની રહેણીકરણી તદ્દન સાદી હતી. રોજ માત્ર બે ટંક જરૂર પૂરતું ખાવું પીવું અને જરૂર પડતાં કપડાં રાખવાં—એ સિવાય કોઈ જાતનો પરિગ્રહ તેઓ રાખતાં નહિ. સંસારમાં રહીને તેમણે આત્માનું સાચું ભાથું બાંધ્યું. તેમણે આવા ધાર્મિક રંગે રંગાયેલા પોતાના જીવનને

કુટુંબના સંજોગોની અનુકૂળતા અનુસાર ગોઠવી દીધું. એમનું જીવન ધર્મની પાછળ કેટલીક વાર જોવા મળતા નર્યા ગાંડપણથી મુક્ત હતું.

પૂ. માના આટલા સહવાસ પછી તેમની સાથે મારું મન એટલું મળી ગયું કે તેઓનાં દર્શન વિના મને ચેન પડતું નહીં. ધીરેધીરે પૂ. માની તબિયત લથડવા લાગી. છતાં પૂ. માની અંદર રહેલી ચૈતન્યજ્યોતિ તો એટલી જ દેદીપ્યમાન રહેતી. છેલ્લા દિવસોમાં તેઓ સતત પ્રભુસ્મરણમાં રહેતાં. ઘણો સમય મૌન જાળવતાં. પ્રભુ હંમેશાં આવા હૃદયની સમીપ જ હોય એમ પ્રતીતિ થતી. એક વાર ચાર કલાકના મૌન પછી પૂ. માને જાગૃતિ આવી ત્યારે તેમણે જણાવ્યું, "બહેન, આજે મને જે વસ્તુ જોઈતી હતી તે મળી: આજે પ્રભુનાં દર્શન થયાં." પૂ. મા સાથે કેટલીક વખત પ્રત્યક્ષ સદ્ગુરુ સંબંધી વાત થતી. હું કહેતી કે કૃપાળુ દેવ તો પરોક્ષ ગણાય એમ સૌનું માનવું છે. પરંતુ કૃપાળુદેવની ભક્તિના રંગે રંગાયેલાં પૂ. મા તો એમ જ કહેતાં કે "મારા ભગવાન તો પ્રત્યક્ષ જ છે. એમને પ્રત્યક્ષ સમજી ભાવ રાખવો જોઈએ." પોતે અજ્ઞાન હોય તેમ પ્રભુ પાસે જ્ઞાનની ભિક્ષા માગતાં અને પ્રભુ પ્રત્યે પોતાની દીનતા દર્શાવતાં. પૂ. માનાં તે વખતે મેં દર્શન કર્યાં ત્યારે મને થયું કે પૂ. માના જેવો ભક્તિભાવ રૂંવાડે રૂંવાડે પ્રગટે અને આપણી પોતાની દીનતાનું ભાન થાય તો જ ઈશ્વર પાસેથી આપણે જ્ઞાનામૃત મેળવી શકીએ. માટે તો કહ્યું છે કે,

> "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
> એ નિશ્ચય આત્મા વિના, સાધન કરશે શુંય?"

પૂ. માની એક ભાવના હતી કે પરમકૃપાળુ દેવના પત્રોને ત્રાંબાના પતરે કોતરાવવા. આ સંબંધી તેમની સાથે મારે એક વાર ખૂબ વિગતવાર વાત થઈ હતી. પૂ. માને મેં જણાવેલું કે શ્રી હેમચંદભાઈએ પણ આવા જ કાર્યની વાત કરી હતી. આ પત્રોને ત્રાંબાનાં પતરાં પર કોતરાવવામાં આવે તો હજારો વર્ષ પછી પણ માનવજાતને તેનો લાભ મળ્યા કરે. પૂ. માના જીવન-

કાળ દરમિયાન તો આવો યોગ પ્રાપ્ત ન થયો. પણ બહેનોએ આ વાત લક્ષમાં રાખીને તેમના દેહવિલય પછી તેમની ભાવનાને મૂર્ત કરવા યથાશક્તિ દ્રવ્ય એકઠું કરી પરમકૃપાળુ દેવના પત્રોને મૂળ હસ્તાક્ષરોમાં ત્રાંબાના પતરા પર ઉતારવાનું પવિત્ર કાર્ય શરૂ કર્યું.

પૂ. માની છેલ્લી માંદગીના એ દિવસોમાં તેઓ સતત પ્રભુમય રહેતાં હતાં. તેમનો દેહવિલય થયો તે દિવસે હું સાંજે જ જઈ શકી. મેં જોયું કે તેમને ઘણી વેદના થતી હતી, પણ તે તરફ તેમનું લક્ષ જ નહોતું. મેં અને સૌ. ભાનુમતીએ તેમના પ્રત્યે ભક્તિ પ્રગટ કરી. સૌ. ભાનુમતીએ મને જમવાનો આગ્રહ કર્યો અને પૂ. માએ મારે ખાતર કંઈક લેવાની ઇચ્છા કરી પણ કંઈ લઈ શક્યાં નહિ. તેમની સાથે હું જમી તેથી તેમને આનંદ થયો. હું એ પ્રેમાળ જ્ઞાનમૂર્તિના હસતા ચહેરાને જોઈ ઘેર ગઈ અને ફરી મને તે દર્શન પ્રાપ્ત ન જ થયાં. બીજે દિવસે સમાધિ–અવસ્થામાં પરોઢિયે તેઓએ દેહ મૂકી દીધો, ને અનંતતામાં લીન થઈ ગયાં. પૂર્વના કોઈ પુણ્યે પૂ. માની મારા પર કૃપાદૃષ્ટિ હતી, પણ તેમના જ્ઞાનનો પૂરો લાભ હું લઈ શકી નહિ. અત્યારની અવસ્થા તો સાવ નિરાધાર લાગે છે કે, "ગુરુ બિન કૌન ઉતારે પાર?" આ રીતે એમનો વિયોગ નિકટનાં પ્રિય જનોના વિયોગથી પણ વસમો લાગ્યો છે.

મેં પૂ. માને પૂછેલું કે, "આપણાં શરીરનો ભરોસો નથી, તો પછી બહેનોને આધાર કોનો?" પૂ. માએ કહ્યું કે, "બાઈ, આધાર ભગવાનનાં વચનોનો." પૂ. માનો પાર્થિવ દેહ ગયો પણ તેમણે બહેનોનાં અંતરમાં જગાડેલી જાગૃતિની જ્યોતિરૂપે અપાર્થિવ સ્વરૂપે તેઓ આપણી વચ્ચે જ છે એવું મને સતત લાગ્યું છે. અત્યારે પણ પૂ. માની છાયા નીચે બપોરનો જે સમય વાચન માટે મુકરર કરેલો હતો તે પ્રમાણે વાચન ચાલે છે અને બહેનો તેમાં ખંતથી રસ લે છે. પૂ. માના બે પુત્રો શ્રી હીરાલાલ અને શ્રી બાબુભાઈ અને પુત્રવધૂઓ સૌ. ભાનુમતીબહેન અને સૌ. મેનાબહેનમાં પૂ. માના શુભ સંસ્કારો પડેલા છે. તેઓએ પૂ. માની ભાવના અને કાર્યને વેગ આપવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે.

પૂ. માએ આપણામાં વાવેલા ઉત્તમ ધાર્મિક સંસ્કારબીજને વિકસાવવા આપણે સતત જાગૃત રહીએ એ જ પરમકૃપાળુ દેવ પાસે આપણી નમ્ર માગણી છે.

એક જિજ્ઞાસુએ પૂ. કુંવરમાનો ઘણો પ્રેમ સંપાદન કર્યો હતો. તેમણે એક વાર પૂછ્યું, "બા! તમારું ઉત્તમ ચરિત્ર જાણવા અને સમજવા મળ્યું એને મારું અહોભાગ્ય સમજું છું. તમારી જ્ઞાન-ગ્રહણશક્તિ, સંતજનોની તમે અંતરથી કરેલી ભક્તિ અને તેમનાં દર્શન અને સમાગમની એકનિષ્ઠ ઉત્કંઠા—આ બધી તમારા ઉદાત્ત આત્માની જ પ્રસાદી છે. મહાપુરુષોના ચરિત્રની સુવાસ પામવા અને તેનાં રહસ્યોને સમજવા માટે પણ સાચી યોગ્યતા હોવી જોઈએ. તે કેમ મેળવવી?" પૂ. બાએ ઉત્તર આપ્યો: "છે તો એમ જ; પણ એવી સર્વાંગ યોગ્યતા મારામાં ક્યાં છે? પ્રભુએ તો કહ્યું છે, જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે." (વચનામૃત)

પૂ. કુંવરમાની ઉપર્યુક્ત જિજ્ઞાસુ ઉપર અત્યંત કરુણા હતી. તેઓ પ્રભુના પરમ ભક્ત તો હતાં જ, પરંતુ સાથેસાથે આત્માની એટલી બધી કેળવણી તેમને મળી હતી કે વ્યવહારશુદ્ધિ અને પરમાર્થશુદ્ધિ એમ બંનેનું જ્ઞાન મેળવી શકે. તેઓ કથાવાર્તા કરતાં હોય ત્યાંય જનસમુદાયને તેમના ઉદાત્ત પ્રભુપ્રેમ, તેમની ઉપર અપાર શ્રદ્ધાભક્તિ તથા શમ-સંવેગ આદિ સદ્ગુણોના જ્યોતિદર્શનનો અનન્ય લાભ મળતો. સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો અને સમાગમમાં આવનાર વ્યક્તિના મનનું સમાધાન કરી તેને શાંતિ આપવી અને પરમકૃપાળુ પ્રભુનાં વચનામૃતમાં તેમની શ્રદ્ધા કેળવવી એ એમને સહજ સ્વાભાવિક હતું. તેમની વાણીમાં એવી મીઠાશ હતી કે લોકોને એમના મુખેથી પ્રભુનાં વચનામૃતો સાંભળવા ગમતાં. તેમની વાત્સલ્યભાવના એટલી પ્રબળ હતી કે તેમનો પરિચય કેળવવાનું ખૂબ મન થતું. આવાં જનો પર પૂ. માને એટલો બધો પ્રેમ હતો કે તેઓ એકાદ દિવસ ગેરહાજર હોય તો પૂ. મા તેમને બોલાવવા કોઈને મોકલતાં અને ભોજન પણ ઘણુંખરું તેમની સાથે જ લેતાં.

તેમના અને આપણા વ્યવહારમાં એટલો સ્પષ્ટ તફાવત છે કે આપણે લૌકિક દૃષ્ટિએ કામ કરીએ છીએ, જ્યારે તેમનાં કાર્યો અલૌકિક—નિષ્કામ પ્રેમ—દૃષ્ટિએ થતાં. સંસારમાં રહેવા છતાં તેમનું અંતર સંસારથી વિરક્ત—અનાસક્ત હતું. સંસારથી નિસ્પૃહ થવા સિવાય તેમની કોઈ આકાંક્ષા નહોતી :

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

—આત્મસિદ્ધિશાસ્ત્ર.

તેમના આવા પ્રકારના ઉત્કૃષ્ટ ચરિત્રમાંથી આપણે અત્યંત ભક્તિ-આદરપૂર્વક સદ્‌ગુણો ગ્રહણ કરી શકીએ અને ભવમુક્ત થઈએ એ જ આપણી નમ્ર પ્રાર્થના છે. પૂ. માને આપણાં કોટિ કોટિ વંદન હો !

☆ ☆ ☆

## ‘શ્રી વચનામૃત’ તામ્રપત્ર પર

(૧૨)

મીરજ પાસે આવેલા માધવનગર ગામે મારે હવાફેર માટે લગભગ દસ માસ રહેવાનું થયું, ત્યારે પૂ. શ્રી. હેમચંદભાઈ ટોકરશી સાથે હતા. તે વખતે એક વાર વાતચીતમાં તેમણે સૂચવેલું કે પ્રભુનાં વચનામૃતના મૂળ હસ્તાક્ષરના જે પત્રો પરમશ્રુત પ્રભાવક મંડળ પાસે છે તે સઘળા મેળવી શકાય ને તેના બ્લૉક કરાવી ત્રાંબાનાં પતરાં ઉપર કોતરાવી શકાય તો તે એક અગત્યનું ને કરવા યોગ્ય સત્કાર્ય છે. આ રીતે પ્રભુનાં વચનામૃતો દીર્ઘકાળ પર્યંત જાળવી શકાય અને અનેક વર્ષો સુધી જિજ્ઞાસુઓને આ મહાન વિભૂતિના પરમાત્મપણાની ઓળખનો લાભ કરવામાં ઉપકારક થાય.

મને આ વાત ઘણી યોગ્ય લાગી અને તેની મેં મનોમન નોંધ કરી. ત્યાંથી ઘેર આવીને મેં આ બાબત ધ્યાન પર લીધી. મને ખ્યાલ હતો કે અગાસના ‘શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ’માં મૂળ હસ્તાક્ષરવાળા સઘળા પત્રોના ફોટાઓ લેવડાવીને મોટા ખર્ચે તેનાં આલબમ બનાવેલાં છે. મને પણ પ્રથમ તેવા ફોટોપ્રિન્ટ કરાવવાની વૃત્તિ થઈ, અને મેં તે ભાઈ બુદ્ધિધનના પિતાશ્રીને જણાવી. તેઓએ મારી વાત તરત જ સહર્ષ સ્વીકારી અને પરમશ્રુત પ્રભાવક મંડળ પાસેથી તે સઘળા પત્રો મેળવ્યા. શ્રી. હેમચંદ-ભાઈના પુત્ર શ્રી. શાંતિભાઈને ફોટાઓ તૈયાર કરવાનું કામ સોંપ્યું અને તેમણે પૂરા ઉમંગથી બહુ સુંદર રીતે તે પાર પાડ્યું.

આ કાર્યથી મને કાંઈક સંતોષ થયો; છતાં ત્રાંબાનાં પતરાં પર વચનામૃતો કોતરાવવાની ભાવના અંતરમાં રમતી રહી. પરંતુ

એ માટેનો યોગ પ્રાપ્ત થતો ન હતો. પણ મુંબઈ જવાનું થયું, ત્યાં પૂ. કુંવરમાને મેં અંતરની ભાવના જણાવી. પૂ. માને એ વાતની યથાર્થતા સમજાતાં તેની અનુમતિ આપતાં તેમણે જણાવ્યું કે, "આ કામ ખરેખર કરાવવા જેવું છે." ત્યાં પૂ. માના સમાગમમાં રહેલી બહેનોને પણ આ ઉચિત કાર્યમાં ઉલ્લાસ તેમ જ ઉત્સાહ આવ્યા, ને આ પુણ્ય કાર્યનો લાભ લેવા સૌએ ભક્તિપૂર્વક યથાશક્તિ દ્રવ્યની ભેટ આપી.

આ કાર્યની શરૂઆત થઈ. મુંબઈના પરા શીવમાં રહેતાં ગં. સ્વ. બહેનશ્રી લક્ષ્મીબહેન ભોજરાજે સૌથી વિશેષ દ્રવ્યનો ફાળો આ કામ માટે આપ્યો અને ત્યાર પછી પણ આવા ભક્તિકાર્યમાં તેમનો સાથ મને મળતો જ રહ્યો છે.

પહેલાં બેએક પતરાં પર સોની પાસે 'પુષ્પમાળા'ના અમુક વચનો કોતરાવ્યાં, પણ તેવામાં પૂ. માને માંદગી આવી ને એ કામમાં વિક્ષેપ પડ્યો. તેટલામાં પૂ. માએ દેહત્યાગ કર્યો. ત્યાર બાદ પૂ. માના સુપુત્ર શ્રી હીરાલાલભાઈએ બહેનોના કહેવાથી તે કામ હાથ પર લીધું. પરંતુ વ્યવસાયને લીધે તેઓ તેમાં પૂરતો સમય આપી શકતા નહિ. એક દિવસ પ્રાણજીવનભાઈ અમારે ત્યાં આવ્યા ત્યારે આ પતરાં સંબંધી વાતચીત થઈ. તેમણે જણાવ્યું કે સોની પાસે આ પત્રો કોતરાવવામાં મૂળ હસ્તાક્ષરો આવશે નહિ. અને તે ઉપરાંત સમય અને નાણાંનો ઘણો ખર્ચ થશે. મને પણ તે વાત યોગ્ય લાગી તેથી મેં તેમને વિનંતી કરી કે શ્રી હીરાલાલભાઈ પાસે સમય નથી તો તમે આ કામ ઉપાડી લો. મારી આ વિનંતી તેમણે સ્વીકારી અને તપાસ કરી કે મૂળ હસ્તાક્ષરો તામ્રપત્ર પર આવી શકે કે કેમ? ઘણી તપાસ પછી એક કારખાનાવાળાએ પ્રાણજીવનભાઈને નમૂનાનાં ચારપાંચ પતરાં તૈયાર કરી આપ્યાં. તે તેમણે મને બતાવ્યાં તો બરાબર પ્રભુના જ હસ્તાક્ષરો પતરા પર આવેલા જોઈને મને ઘણો આનંદ થયો. બધી બહેનોને તે બતાવતાં આવા સુંદર કામનો તે બધાએ પણ પૂરો સંતોષ વ્યક્ત કર્યો અને

આ કામ પ્રાણજીવનભાઈને હાથે પૂરું કરાવવા બધાં સંમત થયાં. તેમણે આ સત્કાર્ય પોતાના તનમનનો શ્રમ ઉઠાવી પાર પાડ્યું તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે. આવાં ૨૦–૨૫ તામ્રપત્રોનું એક એક પુસ્તક લાકડાની એક એક પેટીમાં પ્લાસ્ટિકના કાગળો વીંટીને રાખેલું છે. આ રીતે તામ્રપત્રોની ૧૦૮ પેટીઓ તૈયાર થઈ છે. શાસ્ત્રોક્ત પદ્ધતિએ બધાં તામ્રપત્રોની ગોઠવણી કરી છે, અને બધી પેટીઓ સુરક્ષિત સ્થાને સ્થાપિત કરેલી છે.

☆ ☆ ☆

## શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન મંદિર
### ( ચિત્રપરિચય )

**આ** મંદિરનું નામ છે, 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'. પૂ. શ્રી. ભગવાનલાલભાઈએ હૃદયના ઊંડેરા ભક્તિભાવથી આ નામ વિચારી રાખ્યું હતું, તે મુજબ મંદિરનું એ નામ રાખવામાં આવ્યું છે. ગુરુમંદિરમાં પરમકૃપાળુદેવનાં દર્શન કરી આગળ ચાલતાં 'શ્રી જિનમંદિર' આવે છે. તેમાં જિનમુદ્રાનાં ચિત્રો તથા ધાતુની મુદ્રાનાં દર્શન થાય છે. પછી આવે છે વિશાળ સ્વાધ્યાય ખંડ, જેમાં પરમકૃપાળુ દેવનાં ચિત્રો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં છે. તે ચિત્રો ખરેખર ખૂબ આકર્ષક અને દર્શનીય છે.

પરમકૃપાળુદેવનાં માતાપિતાની છબીઓ સાથે પૂ. શ્રી જવલબહેન, પૂ. શ્રી. ભગવાનલાલભાઈ તથા તેમના પુત્રરત્ન શ્રી બુદ્ધિધનભાઈની છબીઓ પણ યથાસ્થાને મૂકવામાં આવી છે. સંવત ૧૯૫૨માં નડિયાદ મુકામે રાત્રિના સમયે પ્રભુ 'શ્રી આત્મસિદ્ધિ' શાસ્ત્રની રચના કરે છે, તે વખતે પૂ. શ્રી. અંબાલાલભાઈ ત્યાં ફાનસ ધરીને ઊભા રહ્યા છે એ અદ્ભુત દૃશ્યચિત્ર પણ તે પ્રસંગને આપણી દૃષ્ટિ સમક્ષ આબેહૂબ ખડો કરી દે છે. તે ઉપરાંત ચરિત્રકથાને અનુલક્ષીને દોરેલાં બે ચિત્રો પણ ત્યાં નજરે ચડે છે:

(૧) સાત વર્ષની બાલ્યાવસ્થામાં સ્મશાનભૂમિ પાસે કુતૂહલવૃત્તિથી જઈને બાવળના ઝાડ ઉપર ચડીને સામે બળતા મડદાને જોઈને વિચારમગ્ન થતા પ્રભુને જાતિસ્મરણજ્ઞાન થયેલું તે દૃશ્યનું આલેખન કરતું ચિત્ર છે.

(૨) 'મુનિસમાગમ'માંનો રાજા ચંદ્રસેન ઘોડા ઉપરથી ઊતરતાં બનેલી સઘળી ઘટનાનો દેખાવ રજૂ કરતું બીજું ચિત્ર છે.

આ ચિત્ર ખરેખર ખૂબ ભાવવાહી છે. પછી આવે છે પ્રભુના સત્સમાગમમાં આવેલા મુમુક્ષુભાઈઓ તથા પરમ પૂજ્ય મુનિશ્રી લઘુરાજ સ્વામીના ફોટાઓ. તેમની સાથે શ્રી કાનજી-સ્વામી, પૂ. શ્રી મનસુખભાઈ તથા છગનભાઈ તથા કાશીબહેન વગેરેની છબીઓથી સ્વાધ્યાય ખંડ શોભી રહે છે.

## એક જિજ્ઞાસુ સાથે થયેલો વાર્તાલાપ

જિજ્ઞાસુ—બા, એ પૂ. મુનિશ્રી કોણ હતા? એમણે પ્રભુને કેવી રીતે ઓળખ્યા?

પૂ. બા—વટામણના શ્રી લલ્લુભાઈ નામના એક રહીશ નાની ઉંમરથી જ તેમનામાં ઉદારતા, ક્ષમા, સમતા અને પ્રમાણિકતા વગેરે ગુણો હોવાને લીધે તેઓ ગામમાં લોકપ્રિય થઈ પડ્યા હતા. તેઓ વેપારાદિમાં પણ નીતિસંપન્ન રહેતા. ધીરધારના ધંધામાં રકમની વસૂલાત માટે લોકોને કડક શબ્દોથી સતાવીને ઉઘરાણી કરીને પૈસા માટે કોઈની સાથે વેર બાંધવું એ એમને ફાવતું જ નહોતું. સરકારમાં ફરિયાદ કરવી, જપ્તી કરી પૈસા વસૂલ કરવા ઇત્યાદિ દુનિયાની કારમી કાર્યરીતિ જોઈ તેમનું કોમળ હૃદય દ્રવી જતું.

એવામાં તેમને પિત્તપાંડુનો રોગ થયો. અનેક દવાઓ કરવા છતાં તે ન મટયો. તેવે વખતે તેમને એક શુભ વિચાર સૂઝ્યો:

“જો મને આ રોગ મટી જાય તો સંસારનો ત્યાગ કરી, દીક્ષા લઈ સાધુ થઈશ; આ ભવે ધર્મની આરાધના કરી લઈશ.” પુણ્યપ્રભાવના બળે કહો કે ભાવિના કોઈ ગર્ભિત હેતુને લીધે કહો, કોઈ યોગ્ય ઇલાજ હાથ લાગતાં દર્દ મટી ગયું. મિત્ર જેવા શ્રી દેવકરણજી સાથે પૂ. મુનિ મહારાજ શ્રી હરખચંદજી પાસે તેઓ માતાજીની સંમતિ લઈને દીક્ષિત થયા.

એક દિવસ ખંભાતમાં પૂ. લલ્લુજી મહારાજ દામોદરભાઈને પૂછતા હતા કે “ભવસ્થિતિ પરિપક્વ થયે મોક્ષ થતો હોય તોપછી સાધુપણું, કાયક્લેશાદિ ક્રિયાઓ કરવાની શી જરૂર છે?” ત્યાં ઉપાશ્રયમાં અંબાલાલભાઈ આદિ બેત્રણ મુમુક્ષુઓ પણ થોડે

દૂર બેસી કંઈક વાંચતા હતા. તેમને મુનિશ્રી લલ્લુજીએ કહ્યું, "ઉપર વ્યાખ્યાનમાં જાઓ, નહિતર અહીં આવીને બેસો." તેઓ (અંબાલાલભાઈ) મુનિશ્રી લલ્લુજી પાસે ગયા. ઉપરનો પ્રશ્ન ચર્ચાતી વખતે કહ્યું કે, " આવા પ્રશ્નો તો શું પણ અનેક આગમો જેને હસ્તામલકવત્ વર્તે છે આવા પુરુષ શ્રીમદ્‌રાજચંદ્ર વિદ્યમાન છે. અમે તેમના પત્રો વાંચતા હતા. તેઓશ્રી અહીં પધારવાના છે. તેમની પાસેથી સમાધાન મેળવવું યોગ્ય છે." આ વાત સાંભળીને તથા પત્રો વાંચીને મુનિશ્રી લલ્લુજીને શ્રીમદ્ કૃપાળુદેવનો સમાગમ કરવાની તીવ્ર ભાવના જાગી. તે પધારે ત્યારે ઉપાશ્રયમાં તેમને જરૂર તેડી લાવવાની શ્રી અંબાલાલભાઈને વિનંતી પણ કરી.

પૂર્વની શોધના પ્રતાપે અને અધૂરી સાધના આરાધવા માટેની તીવ્ર ઇચ્છાના બળે સાચા પુરુષરૂપ ભગવાનનું માત્ર નામોચ્ચારણ થતાં જ તેમનું અંતર તેમના દર્શનને ઝંખી રહ્યું. સં. ૧૯૪૯ના ચોમાસામાં દિવાળીના દિવસોમાં શ્રી પરમકૃપાળુ દેવ ખંભાત પધાર્યા અને અંબાલાલભાઈ વગેરેના આગ્રહથી ઉપાશ્રયમાં પણ પધાર્યા. શ્રી હરખચંદજી મહારાજે શતાવધાનની વાત સાંભળેલી તે કરી બતાવવા વિનંતી કરી. તેમણે આવા પ્રયોગોને જાહેરમાં કરવાનો વિચાર માંડી વાળ્યો હતો, તોપણ સર્વના આગ્રહને લઈને તથા હિતકારણ ચિંતવી થોડા પ્રયોગો ઉપાશ્રયમાં કરી બતાવ્યા. પછી હરખચંદજી મહારાજ સાથે શાસ્ત્ર સંબંધી થોડી જ્ઞાનવાર્તા થઈ. તે ઉપરથી તેમણે સર્વની સમક્ષ કૃપાળુદેવનાં બહુ વખાણ કર્યાં. એટલે પૂ. શ્રી લલ્લુજી મહારાજે તેમની પાસેથી શાસ્ત્રનો મર્મ સમજવા માટે ગુરુ પાસે આજ્ઞા માગી. તે તેમણે માન્ય કરી. મુનિશ્રીએ ઉપાશ્રયને મેડે પધારવા કૃપાળુ દેવને વિનંતી કરી. તેઓશ્રી ઉપર ગયા. તેમનો ગૃહસ્થવેશ અને પોતાનો મુનિવેશ હોવા છતાં પોતાને તેમનાથી લઘુ માની, શિષ્ય માની ત્રણ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી પ્રભુએ મુનિને પૂછ્યું, "તમારી શી ઇચ્છા છે?" મુનિએ વિનયપૂર્વક હાથ જોડી કહ્યું, 'સમકિત (આત્માની ઓળખાણ) અને બ્રહ્મચર્યની દૃઢતાની મારી માગણી છે.' કૃપાળુ દેવ થોડી વાર મૌન રહ્યા અને કહ્યું, 'ઠીક છે.' એમ

કહી નીચે ગયા. રસ્તામાં પૂ. અંબાલાલભાઈને જણાવ્યું કે 'મુનિ પૂર્વના સંસ્કારી છે.'

જિજ્ઞાસુ—પ્રભુએ કહ્યું તે બરાબર લાગે છે. પોતે ત્યાગી હોવા છતાં ગૃહસ્થ વ્યવહારોપાધિ-વ્યાપારાદિમાં વર્તતા એવા પુરુષને યથાર્થ જ્ઞાની—ભગવાન—તરીકે ઓળખી લીધા એ કોઈ સામાન્ય મનુષ્યનું ગજું છે? અરે! એટલું જ નહીં પણ પ્રભુની આજ્ઞામાં સરળપણે નિશદિન વર્તતા એ હકીકત તેઓની (મુનિશ્રીની) ઉચ્ચ સંસ્કારિતા, પુણ્યશીલતા અને પૂર્વની આરાધના સૂચવે છે. અન્ય લોકો ઉપર એમની અસર કેવી હતી?

પૂ. બા—પરમકૃપાળુ દેવ પ્રત્યેની ભક્તિને કારણે સંપ્રદાય તરફથી તેમને ઘણું કષ્ટ સહેવું પડ્યું. તે બધું તેમણે નિષ્કષાયભાવે શાંતિથી સહી લીધું હતું. તેમના ભક્તિ–પ્રભાવથી ગુજરાતનાં અનેક ગામોમાં વસતા પાટીદાર સદ્‌ગૃહસ્થો આજે પરમકૃપાળુ દેવ પ્રત્યે પ્રેમભક્તિ અને શ્રદ્ધાવાળા થયા છે. પૂ. મુનિશ્રીના સત્સમાગમનો લાભ મળે તે માટે અગાસમાં 'શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમ'ની સ્થાપના કરવામાં આવી છે.

જિજ્ઞાસુ—બા, તમે સારો અનુભવ વર્ણવ્યો, અને અમારો ઉલ્લાસ વધાર્યો. ત્યારે હવે બા, એ પ્રભુના પ્રત્યક્ષ સત્સમાગમમાં આવેલા મુમુક્ષુભાઈઓનો અમને પરિચય કરાવોને? તેથી અમને સોનામાં સુગંધ ભળ્યા જેવું લાગશે.

પૂ. બા—તમારી બધાની જિજ્ઞાસા છે તો તેનો અલ્પ પરિચય આપું: જુઓ, આ છબી શ્રી સૌભાગ્યભાઈની છે. પ્રભુ પ્રત્યે તેમની અનન્ય ભક્તિ અને અટલ શ્રદ્ધા હતી. પોતે ઉંમરમાં વયોવૃદ્ધ છતાં તેમનામાં જરા પણ અભિમાન નહોતું. પરમકૃપાળુ દેવ પ્રત્યે અત્યંત નમ્રતાથી, વિનયસહિત આજ્ઞાધીનપણે જ વર્તતા. નાનામાં નાની વાત હોય તોપણ તેઓ પ્રભુને જણાવ્યા સિવાય ન રહેતા. કોઈ પણ કાર્ય પ્રભુને પૂછ્યા વિના ન કરતા—પછી તે કાર્ય વ્યાવહારિક હોય કે પારમાર્થિક. શ્રીમાન આનંદઘનજી મહારાજે ચૌદમા જિનના સ્તવનમાં ગાયું છે: "ધાર તરવારની સોહલી; દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા." જ્ઞાનીની આજ્ઞાની

ધાર પર ચાલવું એ વિકટ હોવા છતાં ‘ આણાએ ધમ્મો આણાએ તવ્વો ’ એ એમનું જીવનસૂત્ર બની ગયું હતું. પરમકૃપાળુ દેવશ્રીએ તેમની આવી ઉત્તમોત્તમ યોગ્યતાને કારણે પોતાનું અંતર તેમની પાસે ખોલ્યું છે. મર્મની—રહસ્યની અનેક પારમાર્થિક વાતો કરી છે અને લખી છે. પ્રભુએ તેમને હૃદયરૂપ ગણ્યા છે. આજે આપણે વચનામૃતમાં તેમનાં પર લખાયેલાં વચનામૃતોનો મોટો સંગ્રહ જોઈ શકીશું. પરમકૃપાળુ દેવની અદ્‌ભુત આત્માનુભૂતિ, અગાધ જ્ઞાન વગેરે જે વિશાળ સાહિત્યરૂપે આપણને પ્રાપ્ત થયું છે તે પૂ. શ્રી સૌભાગ્યભાઈની સમુચિત જિજ્ઞાસા, પરમ દૈન્ય, સરળતા, આશ્રયભક્તિ અને તપશ્ચર્યાનું ફળ છે. તેમણે શાસ્ત્રીય, વ્યાવહારિક અને સામાજિક અનેક પ્રશ્નો પૂછી પ્રભુનું હૃદય ખોલાવ્યું છે. પોતાની અવસ્થાને લીધે પ્રભુએ ગદ્યરૂપે લખેલો છ પદનો પત્ર મુખપાઠે થઈ શકતો નહોતો જેથી પ્રભુને વિનંતી કરી કે “ છ પદની પદ્યરૂપે રચના કરો તો મને મુખપાઠ કરવામાં અને ચિંતન કરવામાં સુગમતા થાય.”

તેમની માગણીને ધ્યાનમાં લઈ પરમકૃપાળુ દેવે ‘ શ્રી આત્મ-સિદ્ધિજી ’ જેવા અજોડ અને મહાન સિદ્ધાંતગ્રંથની રચના કરી. પ્રથમ તે ગ્રંથ ચાર મહાપુરુષોને આપવામાં આવ્યો. તે મહાપુરુષો છે: (૧) પૂ. સૌભાગ્યભાઈ (૨) પૂ. મુનિશ્રી (૩) અંબાલાલભાઈ અને (૪) પૂ. માણેકલાલભાઈ. જે ગ્રંથ વાંચવા–વિચારવાથી અનેક કોયડા ઊકલી જાય અને મુમુક્ષુ જીવ સુગમપણે માર્ગની આરાધના કરી શકે એવો આ ગ્રન્થ છે. તેનાથી સૌ મુમુક્ષુ જીવો ઉપર ઉપકાર થયો છે. પ્રભુએ પણ તેમને સૌને ‘ મુમુક્ષુજનના પરમબંધવ ’ કહીને સંબોધ્યા છે.

પૂ. શ્રી સૌભાગ્યભાઈએ છેલ્લા શ્વાસોચ્છ્‌વાસ પર્યંત એ જ સહજાત્મસ્વરૂપનું ધ્યાન, રટણ રાખ્યું છે. ભક્તાત્મા મીરાંબાઈ કહે છે તેમ ‘ મોરી લાગી લટક ગુરુ ચરનનકી ’ જેવી એમની મનઃસ્થિતિ હતી. તેમને માયા સ્વપ્ના જેવી લાગતી. કોઈ વ્યક્તિ કે પદાર્થ એમને કદી આકર્ષી શકતો નહીં. એમને મન એમના ભગવાન જ સર્વસ્વ હતા. એ જ જાણે એમનું જીવન બની ગયું હતું. એમની નસેનસ અને રગેરગમાં ‘ રાજ ’ નામનો જ રણકાર

હતો. તેમના દેહવિલય વખતે પૂ. શ્રી અંબાલાલભાઈ સેવામાં હાજર હતા. તેઓ પરમકૃપાળુ દેવ પ્રત્યે પત્ર લખતાં પૂ. શ્રી સૌભાગ્યભાઈની અંતિમ વખતની દશા સંબંધી જણાવે છે:

'હે પ્રભુ! બેહદ દિલગીર છું કે પ. પૂજ્ય પરમ સ્તુતિ કરવા યોગ્ય મહાન શ્રી સૌભાગ્યભાઈ સાહેબે પરમ સમાધિભાવે શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક દેહનો ત્યાગ કર્યો છે. એ પવિત્ર પુરુષની દુઃખ વેદનાની સમસ્થિતિ, આત્માનુભવ અને છેવટ સુધીનો 'શ્રી સહજાત્મસ્વરૂપ' એ એક જ ઉપયોગ જોઈને મને બહુ આનંદ થાય છે. તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે. જેઠ વદી ૧૦ ને ગુરુવારે સવારના દસ વાગ્યાથી શ્વાસ થયો. પોતે છેવટના વખતની અત્યંત પીડા ભોગવવા માંડી. દસ અને અડતાલીસ મિનિટે મારા મનમાં એમ થયું કે 'વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મોપયોગ ભૂલી ગયા હોય અથવા દુઃખના લક્ષમાં ચડી ગયા હોય, તેથી સ્મરણ આપ્યું હોય તો ઠીક,' એમ ધારી ધારસીભાઈની સલાહ લઈ મેં 'સહજાત્મસ્વરૂપ સ્વામી' એવું એક બે વાર નામ લીધું એટલે પોતે બોલ્યા કે 'હા, મારું એ જ લક્ષ છે.' એ રીતે પોતાના જીવનવૃત્તાંત દ્વારા મુમુક્ષુતા, આજ્ઞાંકિતપણું, પરમ લઘુત્વ આદિ ગુણોનું દર્શન કરાવી બોધપાઠ શીખવ્યો છે. તેવી જ આદર્શ મુમુક્ષુતામાં આપણી પણ રુચિ અને પ્રયત્ન હો.' પૂ. શ્રી સૌભાગ્યભાઈના દેહવિલય પછી તેમના પુત્ર શ્રી ત્રંબકલાલભાઈને આશ્વાસન આપતાં પરમકૃપાળુ દેવ વૈરાગ્યબોધક પત્ર લખે છે. તેમાં દર્શાવે છે :–

"શ્રી સૌભાગે તેવા દેહને ત્યાગતા મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચય અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે એમાં સંશય નથી.....આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સૌભાગ જેવા વિરલ પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

શ્રી સૌભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે ઉપકારિતાદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે." (વ. ૭૮૨.)

એવો પદાર્થ સંબંધી નિશ્ચય આપણને પ્રાપ્ત થાઓ!

પૂ. બા (આગળ ચાલીને)—'આ છે અમદાવાદનિવાસી પરમ ભક્ત શ્રી જૂઠાભાઈ ઉજમસી. પરમકૃપાળુ દેવ જ્યારે 'શ્રી મોક્ષમાળા' છપાવવા માટે અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમનો પ્રથમ સમાગમ થયો. દર્શન થતાં જ તેમના અંતરમાં ભગવત્ સ્વરૂપની છાપ પડી. પોતે ધર્મપ્રેમી હોઈ જૈન સ્થાનકવાસી સમાજના અગ્રેસર હતા. સાધુ મુનિરાજેનો પણ પરિચય ખરો. તેમાં આ પ્રભુ મળ્યા પછી તેમનું અંતર બીજે ક્યાંય ઠરે ખરું? શ્રીમાન્ મહામહોપાધ્યાય યશોવિજયજીએ ગાયું છે કે :–

'અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે....'

સંસારમાં સુખનું એક સાધન ગણાતી એવી લક્ષ્મી, વિપુલ વૈભવની પ્રાપ્તિ છતાં તેમનું હૃદય સાંસારિક વિલાસોથી અલિપ્ત હતું. માયાના એ પ્રસંગોમાં તેમનું ચિત્ત ઉદાસીન ભાવોથી રંગાયેલું જ રહેતું. પરમકૃપાળુ દેવશ્રીએ પોતે જ તેમના અંતર-વૈરાગ્યની, સમ્યક્દશાની પોતાના શ્રીમુખે પ્રશંસા કરી છે, તે સૌ મુમુક્ષુજીવોને સ્તવનીય છે, અનુકરણીય છે.

તેમના મુખ પર કેટલી સૌમ્યતા જણાય છે! દેખાય છે તો નાની ઉંમરના, પણ મુદ્રા પર કેવી ગંભીરતા નીતરે છે! એ જ તેમના વૈરાગ્યની પ્રતીતિ કરાવે છે. તેમના દેહવિલય પછી એક વચનામૃતમાં પરમકૃપાળુ પ્રભુ કહે છે કે :–

"મિથ્યા વાસના જેની બહુ ક્ષીણ થઈ હતી; વીતરાગનો પરમરાગી હતો; સંસારનો પરમ જુગુપ્સિત હતો; ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું; સમ્યક્‌ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્‌ભુત સમતા હતી; મોહનીય કર્મનું પ્રાબલ્ય જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું; મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી....મોક્ષમાર્ગને દે એવું સમ્યક્ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું એવા પવિત્રાત્મા જૂઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!'

પૂ. બા. (આગળ ચાલતાં)—'આ પુણ્યાત્માને ઓળખ્યા? એ છે બાંધણી ગામના રહીશ શ્રી ગોવર્ધનદાસ કાળિદાસ પટેલ

(શ્રી બ્રહ્મચારીજી). ગ્રેજ્યુએટ થઈ દસેક વર્ષ તેઓ ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં સ્વયંસેવક તરીકે જોડાઈ આણંદના 'દા. ન. વિનયમંદિર'ના આચાર્યપદ સુધી પહોંચ્યા. પરંતુ એમનું જીવન 'આત્મલક્ષી' હોઈ તેમને પોતાના આચારને આદર્શરૂપ બનાવવાની ઝંખના જાગી. જ્યાં સુધી તે સિદ્ધ ન થાય ત્યાં સુધી આચાર્ય ગણાવું તેમને આત્મવંચનારૂપ લાગતું. દિવાળીની રજાઓમાં તેઓ પોતાને ગામ બાંધણી આવ્યા. ત્યાં તેમના સ્નેહી શ્રી ભગવાનભાઈ દ્વારા પરમકૃપાળુ દેવ તથા પૂ. મુનિશ્રી સંબંધી જાણવા મળ્યું, એટલે અગાસ આશ્રમમાં આવવાની ઉત્કંઠા જાગી. કાળી ચૌદસની વહેલી સવારે તેઓશ્રી ભગવાનભાઈની સાથે આશ્રમમાં આવ્યા. ત્યાં પરમકૃપાળુ દેવની છબીના દર્શનથી તેઓ ખૂબ આનંદ પામ્યા. પૂ. મુનિશ્રીના મુખેથી 'મૂળમાર્ગ'નું પદ સાંભળ્યું અને તેમનું અંતર પલટાઈ ગયું. વર્ષોની ઝંખના ફળી જાણીને જોઈતું હતું તે મળી ગયું એવી સાત્ત્વિક તૃપ્તિ અનુભવી.–જાણે અંતરની તમન્ના સારરૂપ થવાની સુવર્ણ તક સાંપડી. 'મૂળમાર્ગ'નું પદ કોઈ ચમત્કારિક અનુભવ કરાવે છે. તે પદ સાંભળી ઘણા મુમુક્ષુઓની વૃત્તિ સ્વચ્છંદ અને મતમતાંતરાદિના આગ્રહથી છૂટીને તે 'મૂળમાર્ગ' આરાધવા જાગી ઊઠે છે. પરમકૃપાળુ પ્રભુનાં એ વચનો કોઈક ભાગ્યવંતનું પરિવર્તન કરી નાખે તેવાં અસરકારક નીવડે છે.

"પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારના ફળમાં સત્પુરુષને વિશે જેના વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છીએ." (વ. ૪૩૬)

આ રીતે પરમકૃપાળુ દેવનો તેમને પ્રત્યક્ષ પરિચય નહોતો થયો, પરંતુ પૂ. મુનિના પરિચયથી પરમકૃપાળુ દેવ પ્રત્યે શ્રદ્ધા પ્રગટી હતી. ત્યારથી 'બ્રહ્મચારી' તરીકે અગાસ આશ્રમમાં રહીને પરમકૃપાળુ દેવની ભક્તિ, વચનામૃતનું વાચન તથા ચિંતન અને પૂ. મુનિશ્રીની સેવામાં જ જીવન ગાળ્યું છે.

પોતે પહેલી વાર વવાણિયા પધાર્યા ત્યારે તેમનો ઉત્સાહ જ જુદો હતો.

'અંતર અતિ ઉલ્લસે હો કે જન્મભૂમિ નીરખી;
મુમુક્ષુ મનને હો કે કલ્યાણક સરખી.'

આ પદ શ્રી બ્રહ્મચારીજીએ પોતાના ભાવથી બનાવ્યું છે. કેવી રૂડી ભક્તિ અને અંતરનો ઉમળકો તેમાં દેખાય છે! પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર પણ તેઓ ત્યાં પધાર્યા હતા અને મને સારી હિંમત તથા સાથ આપ્યાં હતાં. આજે આપણે ભણતરની સાથે નમ્રતા કોઈકમાં જ જોઈશું. જ્યારે તેઓ ભારે વિદ્વાન છતાં નમ્ર પણ એટલા જ. એવો સુમેળ એ એમનું સંસ્કાર-જ્ઞાન બતાવે છે. સંસ્કૃતની ઉક્તિ છે नमन्ति फलिताः वृक्षा नमन्ति गुणीनो जनाः॥ એ સૂત્ર એમના જીવનમાં ચરિતાર્થ થયું હતું.

તેઓ આવા સાક્ષર, સાધનસંપન્ન અને સુખી કુટુંબના હોવા છતાં આત્મસેવા કહો કે માનવસેવા કહો—એવી સાચી સેવામાં ઘરબાર છોડીને, કુટુંબીજનોના સ્નેહસબંધને જૂઠા માનીને, જીવન સંપૂર્ણ કરવા તૈયાર થાય અને સૌના સેવક થઈને રહેવાની ઉત્તમ ભાવના થાય તેમજ તેને જ પોતાનું કર્તવ્ય સમજે અને એને સાકાર કરવા સતત, અત્યંત પુરુષાર્થ કરવામાં આનંદ માનનાર હોય એ જ દર્શાવે છે કે તેમના આત્માની કેવી દિવ્યતા હતી! પરમાર્થમાં હિંમત અને દૃઢતાની પ્રથમ જરૂર રહે છે. એ વિના સત્પુરુષોનો માર્ગ પ્રાપ્ત થવો વિકટ છે.

## મહાત્મા ગાંધીજી

પૂ. બા (આગળ ચાલતાં)—આ ભારતના પ્રાણ રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીની તસવીર છે. તેમની દેશભક્તિ, રાષ્ટ્રપ્રેમ અપૂર્વ અને અજોડ હતાં. એમની એ રાષ્ટ્રસેવાના ફળરૂપે ભારતદેશ આજે સ્વાતંત્ર્ય ભોગવે છે.

મહાત્માજી વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેમને કૃપાળુ દેવનો પ્રથમ પરિચય થયો. ત્યાર પછી પોતે ખ્રિસ્તી થવાના વિચારમાં હતા પણ ધર્મ સંબંધી પોતાના સત્તાવીસ પ્રશ્નોનું સમાધાન કૃપાળુદેવના પત્રથી થવાથી હિંદુ ધર્મમાં સ્થિર થયા તે

સુપ્રસિદ્ધ હકીકત છે. તેમનો કૃપાળુદેવ સાથેનો પરિચય મહાત્માજીના પોતાના જ શબ્દોમાં જોઈએ :

"રાયચંદભાઈની સાથે મારી ઓળખાણ સને ૧૮૯૧ના જુલાઈ માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઈ પહોંચ્યો તે જ દિવસે થઈ.......મારો ઉતારો રંગૂનના પ્રખ્યાત ઝવેરી ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. ડૉકટરે જ પરિચય કરાવ્યો. ....કોઈએ મને સૂચના કરી કે મારે કેટલાક શબ્દો રાયચંદભાઈને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તોપણ જે ક્રમમાં હું બોલ્યો હોઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે. મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો ડોળ, અને વિલાયતનો પવન ત્યારે કાંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું. જુદીજુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા, કેમકે મને ક્યાં ક્રમ યાદ રહેવાનો હતો? પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો. કવિની સ્મરણશક્તિ વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય.

"મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે. ટૉલસ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. હિન્દુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા. સને ૧૮૯૩ની સાલમાં હું દક્ષિણ આફ્રિકાના કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ એમનો મુખ્ય વ્યવસાય હતો. જો કે તેમની સાથે મારો સંબંધ વ્યાવહારિક કાર્યને અંગે જ થયેલો, તોપણ તેમણે મારા આત્માના કલ્યાણને અર્થે ચિંતા કરવા માંડી. મારું એક કર્તવ્ય હું સમજી શક્યો. જ્યાં સુધી હું હિંદુ ધર્મનું રહસ્ય પૂરું ન જાણી લઉં અને તેથી મારા આત્માને અસંતોષ ન થાય, ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઈએ. તેથી મેં હિંદુ અને બીજાં

ધર્મપુસ્તકો વાંચવાં શરૂ કર્યાં. ખ્રિસ્તી તથા ઇસ્લામ ધર્મનાં પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલા અંગ્રેજ મિત્રો સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી શંકાઓ મૂકી. તેમજ હિંદુસ્તાનમાં જેઓ ઉપર મારી કાંઈ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા. તેમની સાથે તો મારે સરસ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. તેમના પ્રત્યે માન હતું. તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા. એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે.

"જે વૈરાગ્ય એ ('અપૂર્વ અવસર' પદની) કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણેક્ષણે તેમનામાં જોયેલો.........ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

"હું તેમની રહેણીકરણી આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતો. પહેરવેશ સાદો: પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતિયું. એ કંઈ બહુ સાફ કે ઇસ્તરીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. તેમને મન ભોંયે બેસવું અને ખુરસીએ બેસવું બંને સરખા હતા. સામાન્ય રીતે પોતાની દુકાનમાં તેઓ ગાદીએ બેસતા.

"તેમની ચાલ ધીમી હતી. જોનાર સમજી શકે કે ચાલતા પણ તેઓ વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો. અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહીં, ચપટું પણ નહીં, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહીં. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત

હતો. તેથી તેમના મુખ ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો હોય એવું મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે તેમને ભાગ્યે જ શબ્દ બદલતાં મેં જોયા હશે; છતાં વાંચનારને એમ નહીં લાગે કે ક્યાંય વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના તૂટેલી છે અથવા શબ્દની પસંદગીમાં ખામી છે.

"આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠણ છે. એ રાગરહિતદશા કવિને સ્વાભાવિક હતી એવી છાપ મારી ઉપર પડી હતી.

"ઘણી વાર કહી ને લખી ગયો છું કે મેં ઘણાંનાં જીવનમાંથી ઘણું લીધું છે. પણ કોઈના જીવનમાંથી મેં સૌથી વધારે ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી શ્રીમદ્‌ના જીવનમાંથી. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું....ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું મેં કૂંડાં ભરીને પાન કર્યું છે.

"તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંય કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય તેમ મેં નથી જોયું. તેમનાં લખાણોમાં 'સત્' નીતરી રહ્યું છે એવો મને હંમેશાં ભાસ થતો આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારુ એક અક્ષર પણ લખ્યો નથી. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્‌નાં લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે. પછી ભલે તે હિંદુ હો કે અન્યધર્મી."

—"રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો"માંથી.

"તેમણે (શ્રીમદે) ધંધાનો ધર્મ સાથે વ્યવહારમાં સમન્વય કર્યો તેની મારી ઉપર ખાસ છાપ પડી. તેઓ ધર્મના સિદ્ધાંતોના સતત અભ્યાસી હતા અને પોતાની માન્યતાઓ પ્રમાણે વર્તન કરવાનો પ્રયત્ન કરતા. તેઓ જૈનધર્મી હતા, છતાં બીજા ધર્મો તરફ તેમની સહિષ્ણુતા ઘણી જ હતી.

"આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું અને હજુ સુધી કોઈ પણ માણસે મારા હૃદય પર તેવો પ્રભાવ પાડ્યો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ સાથે રસ્કિન અને ટોલસ્ટૉયનો ફાળો છે પણ કવિની અસર મારી ઉપર ઊંડી પડી છે કારણ કે હું તેમના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો. ઘણી બાબતમાં કવિનો નિર્ણય, તુલના મારા અંતરાત્માને–મારી નૈતિક ભાવનાને–ખૂબ સમાધાન-કારક થતાં.

"કવિના સિદ્ધાંતનો મૂળ પાયો નિઃસંદેહ અહિંસા હતો. કવિની અહિંસાના ક્ષેત્રમાં ઝીણા જંતુથી માંડીને આખી મનુષ્યજાતિનો સમાવેશ થતો હતો."

—મૉડર્ન રીવ્યૂ, જૂન, ૧૯૩૦.

"તેઓ ઘણી વાર કહેતા કે, "ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું; પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે–ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી. મેં તેમને ઘણી વાર અત્યાચારોથી ઊકળી રહેલા જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું."

—"દયાધર્મ" શ્રીમદ્‌ની જયંતી પ્રસંગે.

[સં. ૧૯૭૮. કાર્તિકી પૂર્ણિમા—અમદાવાદ]

☆ ☆ ☆

## પૂ. ગાંધીજીનો યરોડા જેલમાંથી આવેલો પત્ર

From–                                    તારીખ ૨૭–૩–'૩૩

યરોડા જેલ                                    સરનામું :–

શ્રી ભોગીલાલ પોપટલાલ

ઘાંચીની પોળ

Ahmedabad. B. B. & C. I. R.

ભાઈ ભોગીભાઈ,

તમારો કાગળ મને મળ્યો હતો. હું જવાબ પણ આપી ચૂક્યો હતો. પોપટભાઈ જીવતાં હું ખંભાત ન જઈ શક્યો તેનું મને દુઃખ રહ્યું હતું. તમે ઇચ્છો છો કે પરમશ્રુત ખાતર હું કંઈક કરું. પણ અહીંથી શું થઈ શકે ?

મોહનદાસના જય હિન્દ.

**આ**વું અંતરદૃષ્ટિપૂર્વક જ્ઞાનીનું ઓળખાણ થવું, પરીક્ષા કરીને જ્ઞાનીનું અંતર સમજવું, તેમની વીતરાગતાની પ્રતીતિ પામવી, તેમના પ્રત્યે બહુમાન-પ્રેમ થવો એ તેવી વીતરાગપણાની રુચિ, વૈરાગ્ય અને અંતઃકરણથી મુક્ત થવાની જિજ્ઞાસા વિના ન બને.

કૃપાળુદેવ જેવા પરમજ્ઞાની પુરુષના સમાગમમાં આવીને તેઓ વિચક્ષણ મધ્યસ્થ પ્રજ્ઞાવાન, સત્યના ખોજક હોઈ, શીઘ્રપણે સહેલાઈથી પરમ સત્યને સમજી શક્યા. પોતાના જીવનમાં શક્ય પ્રયત્ને સત્યનું આચરણ કર્યું. મહાત્માજીનું તેવું દયામય, ક્ષમાશીલ, સર્વમાં ભ્રાતૃભાવ અને પ્રેમ-ઝરતું સંયમી જીવન તેમના સંતપણાને શોભાવે છે.

તેમની તેવી ઉચ્ચ અધિકારિતા જાણીને કૃપાળુદેવે તેમના ૨૭ પ્રશ્નોના અવિરોધ સર્વાંગ ખુલાસા કર્યા છે તેમ જ બીજા પણ આર્ય-આચાર વિચાર સર્વેથી સુંદર બોધ કર્યો છે તે સૌ મુમુક્ષુને મનનીય છે.

પૂ. બા (ભીંત પરનું એક ચિત્ર બતાવીને)—આ ચિત્રપટ શ્રી કાનજી સ્વામીનું છે. શ્રીમદ્‌જી સંબંધી તેઓના અભિપ્રાયો તથા ઉદ્‌ગારો નીચે પ્રમાણે છે :–

"જેણે પંચમકાળમાં સત્‌ધર્મની જાહેરાત કરી અને પોતે અનંત ભવનો છેડો કાઢી એક જ ભવ બાકી રહે તેવી પવિત્ર દશા આત્માને વિષે પ્રગટ કરી તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ. ધન્ય છે તેમને.

"હું ચોક્કસ કહું છું કે ગુજરાત–કાઠિયાવાડમાં વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોને પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ગુજરાતી ભાષામાં 'આત્મસિદ્ધિ' લખીને જૈનશાસ્ત્રની શોભા વધારી છે. આ કાળમાં તેમના જેવા મહત્ પુરુષ મેં જોયા નથી. તેમના એકેક વચનમાં ઊંડું રહસ્ય છે.

"શ્રીમદ્‌નું જીવન સમજવા માટે મતાગ્રહથી, દુરાગ્રહથી દૂર રહી એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ. જ્ઞાનની વિશાળ દૃષ્ટિના ન્યાયથી વિચારવું જોઈએ. તેમની ભાષામાં અપૂર્વ ભાવ ભર્યા છે."

શ્રી કાનજી સ્વામી મોટા ભક્તસમુદાય સાથે શ્રી વવાણિયા તીર્થની યાત્રાએ બે વાર પધાર્યા છે. બંને વખતે તેમણે ભક્તિ–ઉલ્લાસ સહિત પ્રવચન આપ્યાં છે. બંને વખતે સંસ્થા તરફથી સર્વે યાત્રાળુઓને જમાડવામાં આવ્યા હતા, અને ખૂબ ઉલ્લાસ સૌએ વેદ્યો હતો.

પૂ. બા (એક છબી બતાવી)—આ વૃદ્ધ તેજસ્વી પુરુષ એક વખતના મોરબીના ન્યાયાધીશ હતા. તેમનું નામ ધારસીભાઈ કુશળચંદ. કૃપાળુદેવ ૧૪–૧૫ વર્ષની ઉંમરે મોરબી પધારેલા

અને કામ પ્રસંગે ધારસીભાઈને ત્યાં જતા હતા. ધારસીભાઈ શાસ્ત્રના સારા જાણકાર અભ્યાસી હતા. એક વાર કૃપાળુદેવ તેમને ઘેર હતા. એક સ્થાનકવાસી મુનિ ત્યાં પધાર્યા. તેમણે ધારસીભાઈને કહ્યું, "આજે રવિવાર છે એટલે કોર્ટમાં રજા હશે; માટે બપોરે તમે સ્થાનકમાં આવજો. 'શ્રી ગાંગેય અણગાર'ના ભાંગા મને બરાબર સમજાતા નથી. આપણે બંને મળી વિચારીશું." તે સાંભળી, ધારસીભાઈ તો જમીને બહાર ગયા. કૃપાળુદેવે એક કોરો કાગળ લઈ તેના મથાળે શીર્ષક લખ્યું: "ગાંગેય અણગારના ભાંગાનું અપૂર્વ રહસ્ય." આખુંય અણગાર ભણી જતાં પણ ન મળે એવું સુગમ શૈલીમાં તેનું સમાધાન લખી એક નાની ચોપડીમાં તે કાગળ મૂકી પોતે ફરવા ચાલ્યા ગયા. એટલામાં ધારસીભાઈ બહારથી આવ્યા, ત્યારે બકરી ઘરમાં આવીને પેલી ચોપડી મોઢામાં લેતી હતી તે ધારસીભાઈએ જોયું. બકરીને બહાર કાઢતાં તેના મુખમાંથી ચોપડી પડી ગઈ અને કૃપાળુદેવે લખેલો કાગળ છૂટો થઈ નીચે પડી ગયો. તે ધારસીભાઈએ હાથમાં લીધો અને તેમાંનું લખાણ વાંચ્યું. તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. તેમને કૃપાળુદેવ પ્રત્યે બહુમાન ઊપજ્યું અને તેમના પટાવાળાને કહ્યું: "જલદી રાયચંદભાઈને બોલાવી લાવ." તે બોલાવવા જાય છે ત્યાં રસ્તામાં જ કૃપાળુદેવ મળ્યા. તેઓશ્રી તો ગંભીરતાથી ચાલ્યા આવતા હતા. ઘરમાં પ્રવેશ કરતાં જ ધારસીભાઈએ કૃપાળુદેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ચરણમાં પડી અવિનયની ક્ષમા માગી. કૃપાળુદેવે તેમને ઊઠાડ્યા અને કોમળ વાણીમાં કહ્યું, "ધારસીભાઈ! અનાદિકાળથી 'હું જાણું છું, હું સમજું છું' એ અભિમાન અને સ્વચ્છંદથી જ જીવે પરિભ્રમણ કર્યું છે."

ત્યાર બાદ ધારસીભાઈએ પોતાની ગાદી ઉપર પ્રભુને બેસાડ્યા. બે હાથ જોડી ગદ્ગદ સ્વરે બોલ્યા, 'પ્રભુ! મેં પામરે આપને ન ઓળખ્યા. મારે આંગણે આવેલા કલ્પવૃક્ષની સેવા ન કરતાં આપની પાસે સેવા કરાવી, તે મારો અપરાધ ક્ષમા કરો અને આપની જ સેવામાં જીવન પર્યંત આ દાસને રાખો." એમ કહી શ્રીમુખે 'ગાંગેય અણગાર'ના ભાંગાનું રહસ્ય સમજાવવા વિનંતી

કરી પ્રભુએ બે કલાક અપૂર્વ બોધ આપી માર્ગનું ભાન કરાવ્યું. પ્રભુની વાણી સાંભળીને ધારસીભાઈએ ધન્યતાનો સાત્ત્વિક ભાવ અનુભવ્યો.

ત્યારથી ધારસીભાઈ કૃપાળુદેવને તરણતારણ ગુરુસ્થાને માનતા, ભગવાન તરીકે જ ઉપાસતા. એમ સમય પસાર થવા લાગ્યો. પણ....

ઉપાસકની ખરી મહત્તા તેની કસોટીમાં છે. એ સમય હવે નજીકમાં જ આવે છે. સુવર્ણની અગ્નિપરીક્ષા જેમ તેની શુદ્ધિ અર્થે થાય છે તેમ સાધકના જીવનમાં પણ એવો જ શુદ્ધિકરણનો અમૂલ્ય યોગ આવે છે. તેમાં એ એના જ નાથની કૃપાને બળે પાર ઊતરે છે.

એક દિવસના ખરા બપોરની વેળાએ ઉનાળાનો પ્રખર તાપ પડે છે. ધરતી પણ ખૂબ ધખેલી છે. કૃપાળુ દેવ અને ધારસીભાઈ બંને દીવાનખાનામાં બેઠેલા છે. વાતચીત કરે છે ત્યાં કૃપાળુદેવે કહ્યું, "ધારસીભાઈ, ફરવા જઈશું?" ધારસીભાઈ કહે, "જેવી આપની ઇચ્છા." એમ કહી તેમની ઇચ્છાને સમજી ધારસીભાઈ તૈયાર થયા. બંને ફરવા જાય છે. એમને મનમાં કોઈ વિકલ્પ નથી. તડકો હોવાથી ધારસીભાઈ હાથમાં છત્રી લઈ ચાલે છે. મોરબીની બજારમાં આવતાં કૃપાળુ દેવે કહ્યું, "ધારસીભાઈ, જરા છત્રી ઉઘાડોને!" કૃપાળુ દેવના મુખમાંથી વચન નીકળતાં જ તેને આજ્ઞારૂપ સમજી ધારસીભાઈએ છત્રી ઉઘાડી અને પોતાના મસ્તક પર જરા પણ ન રાખતાં બરાબર પ્રભુના મસ્તક પર ધરી રાખી. ધર્મકથા કરતા કરતા સરિયામ રસ્તા ઉપર ચાલ્યા જાય છે. ૫૦–૫૫ વર્ષની પુખ્ત ઉંમરના અને ન્યાયાધીશ જેવી પદવીએ પહોંચેલા ધારસીભાઈ તે ૨૦–૨૫ વર્ષના દેખાતા પ્રભુને છત્રી ધરી રાખે એ જગત દૃષ્ટિએ ખરેખર આશ્ચર્યકારક લાગે, અજુગતું પણ લાગે અને હાસ્યાસ્પદ પણ જણાય. લોકો એકબીજાની સામે જોઈને ટીકા કરવા લાગ્યા: 'જોયું, આ કલિયુગનો પ્રભાવ! જૂની આંખે નવું જોવાનું. ધારસીભાઈની બુદ્ધિ બગડી ગઈ છે કે આ છોકરાને ગુરુ માન્યા છે. આવા શાસ્ત્રના જાણકારને આ શું સૂઝયું?" સૌ એની દયા ખાવા લાગ્યા.

અજ્ઞાની જીવથી સહન ન થાય એટલે ટીકા કરવા લાગે. એ બધાની ઉપેક્ષા કરી ધારસીભાઈ તો કોઈ લોકોની સામે જોતાય નથી. જગત શું કહેશે એમાં એમનું લક્ષ પણ નથી. એમના આત્મામાં એ પ્રભુ માટે છલોછલ પ્રેમ છે. એમની આજ્ઞા ઉપાસવામાં તથા એને સર્વાર્પણ કરવામાં જ એમને હર્ષ થાય છે. જગતના જીવો એને ક્યાંથી સમજે?

"રામબાણ વાગ્યાં હોય તે જાણે, ઓલ્યા મૂરખ તે કેમ જાણે?" મુમુક્ષુને કેવી લય લાગવી જોઈએ તેનું પ્રભુએ જ દિગ્દર્શન કરાવ્યું છે:

"જેને લાગી છે તેને જ લાગી છે, તે જ 'પિયુ પિયુ' પોકારે છે, તેના જ ચરણ સંગથી લાગે છે અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે. એ વિના બીજો કોઈ સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં."

ગામ બહાર નીકળતાં કૃપાળુ દેવે કહ્યું, 'ધારસીભાઈ, હવે છત્રી બંધ કરો.' ધારસીભાઈ કહે. 'સાહેબ, ગામ બહાર તો વધારે તડકો લાગે. આપ શા માટે ના પાડો છો? ભલે ઉઘાડી રહી.'

"ભીષણ નરય ગઈએ તિરિય ગઈએ કુદેવમણુ ગઈએ.
પત્તોસિ તિવ્વદુઃખં ભાવહિ જિણ-ભાવણા જીવ."

કાષાયનો તાપ આત્મામાંથી જવો જોઈએ.

'આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે.' જ્ઞાનીઓ જે એ સંસારના તાપથી મુક્ત થયા છે તેને જગતના જીવોને દુઃખી દેખીને પરમ કરુણા આવે છે. તેઓ દુઃખમાંથી મુક્ત કરવાનો ઉપદેશ આપે છે. ત્યાર પછી કૃપાળુ દેવ શ્રી નવલચંદભાઈને ત્યાં પધાર્યા હતા અને બધા મુમુક્ષુ ભાઈઓની વચ્ચે ધારસીભાઈની દૃઢતાની પ્રશંસા કરી હતી. આવી ભક્તિ અને આવા ભક્તો ખરેખર ધન્યવાદને પાત્ર છે.

જિજ્ઞાસુ—"સત્સમાગમનો પ્રતાપ કોઈ અલૌકિક છે. સત્સંગમાં સત્પુરુષનાં ચરિત્રો સાંભળવા મળે, પોતાના દોષનું

ભાન થાય, કર્તવ્ય સમજાય, ભગવાનને ઓળખી શકાય અને સંસારની અનિત્યતાની પ્રતીતિ થાય. બા! જાણે એમ થાય છે કે નિરંતર આપના સત્સંગમાં રહીએ.”

પૂ. બહેનશ્રીની ભક્તિએ વિશેષ અદ્‌ભુત કામ તો એ કર્યું છે કે તેમાં આપણને પ્રભુનાં સ્મરણચિહ્નોનું—જેવાં કે પ્રભુએ ઉપયોગમાં લીધેલાં વસ્ત્રો તેમ જ પદાર્થો વગેરેનું—સારું સંગ્રહસ્થાન જોવા મળે છે. પૂરા પ્રેમથી પૂ. બહેનશ્રી પોતે તે સંગ્રહસ્થાનનું યાત્રિકને દર્શન કરાવીને તે વિષેની સમજૂતી આપી તેનામાં ભક્તિરસ ઉત્પન્ન કરે છે.

પ્રભુના પ્રત્યક્ષ સમાગમમાં આવેલા મુમુક્ષુ ભાઈઓએ તેઓશ્રી પ્રત્યે પત્રો લખી જે જે ભક્તિસ્રોત વહેવરાવ્યો છે તેવા અપાર ભક્તિદર્શક પત્રોનો સંગ્રહ એકત્રિત કરીને વ્યવસ્થિત રીતે રાખવામાં આવ્યો છે. તેમાં મુમુક્ષુઓના મનમાં ઊઠેલા અનેક પ્રશ્નો અને નમ્રતાપૂર્વક કરેલા આત્મદોષદર્શનના અહેવાલો પણ જોવા મળે છે. સાથોસાથ મુમુક્ષુઓને વાંચવામાં ઉપયોગી થાય એ હેતુએ તે પત્રોના ઉતારા કરી રાખેલી નોટોનો પણ મોટો સંગ્રહ છે.

જિજ્ઞાસુ— “બા! આ છબી કોની છે? તેની ઓળખાણ પાડો.”

પૂ. બા— “આ છબી અમદાવાદનિવાસી પોપટલાલભાઈ મહોકમચંદની છે. તેઓશ્રી વડવાતીર્થના પ્રાણ હતા. પૂ. દેવશ્રીએ તેમને ‘મોક્ષમાર્ગનું વરેડું’ એવી ઉપમા આપી હતી.

ચાલો, હવે આપણે એમનો જ પરિચય પ્રાપ્ત કરીએ.

☆ ☆ ☆

## 'મોક્ષમાર્ગનું વરેડું'
## પ. પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈ

પરમ કૃપાળુ દેવશ્રીએ જેમને માટે ભવકૂપમાં ડૂબતા આત્માને ખેંચીને ઉપર લાવનાર દોરડાની ઉપમા આપી છે તેવા પૂ. પોપટલાલભાઈ પરમકૃપાળુ દેવના કૃપાપાત્ર અનેક મુમુક્ષુઓમાં એક ઉત્કૃષ્ટ અવસ્થા પ્રાપ્ત કરનાર, તેઓશ્રીના અનન્ય ભક્ત હતા. દેવશ્રીનું તેમને કાવિઠામાં દર્શન થયું. આમ તો તેમણે પૂ. દેવશ્રીને સં. ૧૯૪૪માં અમદાવાદમાં જોયેલા. તે સમયે ભગુભાઈના વંડામાં દેવશ્રીએ અષ્ટાવધાનનો પ્રયોગ કર્યો હતો. પણ તે પ્રસંગે પૂ. ભાઈશ્રીના હૃદયમાં શ્રીમદ્ માટે કોઈ અસાધારણ ભક્તિભાવનો ઉદ્રેક થવા પામ્યો ન હતો.

તે તો બન્યું જ્યારે તેમણે પૂ. દેવશ્રીનાં 'વચનામૃત'નું પાન કર્યું ત્યારે. ગોધાવીવાળા પૂ. શ્રી. વનમાળીભાઈ, કલોલના પૂ. શ્રી કુંવરજીભાઈ અને તેમનાં બહેન ઉગરીબહેનના પરિચયથી તેમણે આ 'વચનામૃત'નો આસ્વાદ કર્યો. તેમ કરતાં જ આ લખનાર પુરુષ 'સાચો ભગવાન–પરમ આપ્ત પુરુષ છે' તેવી તેમને પ્રતીતિ થઈ. એ ભગવાનસ્વરૂપ પુરુષનાં દર્શનની અદમ્ય અભિલાષા પ્રગટી. પત્રવહેવાર કર્યો. આજ્ઞા મળી અને સં. ૧૯૫૪ની શ્રાવણ વદ બારશના રોજ શ્રી કાવિઠાક્ષેત્રે તેમણે શ્રી ભગવાનનાં દર્શન કર્યાં.

એ પ્રથમ દર્શને જ તેમનામાં સમર્પણભાવ પ્રગટ્યો અને શ્રી ભગવાનને ચરણે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પી દીધું. ત્યાંથી અમદાવાદ તરફ જતી વેળાએ ત્યાં એકત્રિત થયેલા મુમુક્ષુઓ પ્રત્યે પૂ. દેવશ્રીએ કહ્યું: "મોક્ષમાર્ગમાં આ પોપટભાઈ તમારે વરેડું (દોરડું) છે." પૂ. દેવશ્રીના આ શબ્દો પૂ. ભાઈશ્રીની ઉચ્ચ આત્મિક સ્થિતિના સૂચક છે.

બન્યું પણ એમ જ. સમર્પણની એ ક્ષણ પછી પૂ. ભાઈશ્રીએ પોતાનો સમગ્ર કાળ સ્વાધ્યાય, સત્સંગ અને પરમકૃપાળુ દેવશ્રીના ચરિત્રચિંતન અને ભક્તિમાં વ્યતીત કર્યો છે. તેઓશ્રીની વિદાય પછી તેમણે પોતાનું શેષ રહેલું સમગ્ર જીવન ખંભાત પાસે નિવૃત્તિક્ષેત્રે તીર્થધામ વડવામાં તેઓશ્રીની અનન્ય ભક્તિમાં જ ગાળ્યું છે.

પોતાના આવા ઉત્કટ ભક્તિભાવભર્યા ઉચ્ચ ચારિત્ર્યબળ વડે પૂ. ભાઈશ્રી તેમના સમાગમમાં અનેક જિજ્ઞાસુઓને પરમકૃપાળુ દેવશ્રીની ભગવત્સ્વરૂપની પ્રતીતિ કરાવી શકયા છે. તેમણે અનેકને શ્રીમદ્‌ની વીતરાગાવસ્થાનો પરિચય કરાવીને તેમની વ્યવહારશુદ્ધિની સાર્થકતા સમજાવી છે. તેમના ઉપદિષ્ટ સન્માર્ગ પ્રતિ વાળ્યા છે. તેમની વહેવારકુશળતા, વિશુદ્ધ ક્ષયોપશમ અને પરમકૃપાળુ દેવશ્રી પ્રત્યેની નિષ્કામ એકનિષ્ઠ ભક્તિ અને ત્યાગભાવના તેમના સમાગમમાં આવનાર અનેક મુમુક્ષુઓને પ્રેરણારૂપ બની છે.

ભગવત્‌કૃપાના સ્પર્શ વડે આવું જીવન સાચે જ ધન્ય બની રહે છે.

☆ ☆ ☆

## મનસુખભાઈ કીરતચંદ મહેતા

મનસુખભાઈ કીરતચંદ મહેતા મોરબીના મહેતા કુટુંબના બી. એ.ની પદવીની ઉચ્ચ કેળવણી પામેલા ઉત્સાહી યુવક હતા. તેઓ મહાન વિચારક હતા. શ્રીમદ્‌ના અલ્પ કાળના પરિચયથી જ તેમની ઉપર તેમની અપૂર્વ છાપ પડી હતી. પરમકૃપાળુ દેવ સંબંધમાં પોતાના વિચારો વ્યક્ત કરતાં તેઓ એમ કહેતા હતા કે: "શ્રીમદ્ આ યુગના જ્યોતિર્ધર છે. મહાન જ્ઞાની અને પ્રભાવિક છે. ગમે તે માણસના મનમાં ઊઠતા ગહનમાં ગહન પ્રશ્નોના પણ સરલતા અને સુગમતાથી સચોટ ઉત્તર આપી દે છે."

વળી આગળ તેમણે કહ્યું છે: "અપૂર્વ અને અતિશય જ્ઞાની હતા છતાં 'હું જાણું છું' તેવું તેમનામાં અભિમાન ન હતું. નાની વયમાં જ મુંબઈમાં શતાવધાન કરીને મુંબઈની વિદ્વાન-મંડળીને છક બનાવી દીધી હતી. જ્યોતિષશાસ્ત્રના અસાધારણ વિદ્વાન હતા. ઝવેરાતના સૂક્ષ્મ નિરીક્ષક હતા. શીઘ્રકવિ એવા હતા કે તુચ્છમાં તુચ્છ વિષય ઉપર મહાન વૈરાગ્ય અને અપૂર્વ તત્ત્વજ્ઞાનનો ભાવ લાવી શકતા હતા. તેઓ જન્મયોગી, આરાધક અને ઉચ્ચ સંસ્કારી હતા. હું તેમના સંગમાં અનેક વખત આવ્યો છું. તેઓશ્રી આ યુગના અસાધારણ અને અદ્વિતીય જ્ઞાની હતા."

☆ ☆ ☆

આજ્ઞાંકિત 'રાજસેવક'

## પૂ. શ્રી. અંબાલાલભાઈ

પરમ જ્ઞાનીપુરુષના સમાગમમાં આવવું, એમનું પ્રત્યક્ષ પરમાત્મસ્વરૂપે ઓળખાણ થવું અને તે પરમપુરુષની સેવામાં (નિશ્રામાં-આશ્રયમાં) આજ્ઞાંકિતપણે જીવન સમર્પણ કરીને રહેવું એ ખરેખર એક અનુપમ લહાવો છે. અનંત ભવ નાશ કરાવીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી મુક્ત સ્વરૂપને પ્રાપ્ત કરાવનાર અદ્દભુત સંયોગ છે. એવો જ પરમયોગ, આપણે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવના અને પરમ ઉપકારી પ્રજ્ઞાવંત પૂ. શ્રી. અંબાલાલ-ભાઈના સંબંધમાં જોઈ શકીએ છીએ. એ આપણું પણ મહદ્ ભાગ્ય છે કે પૂજ્ય શ્રી. અંબાલાલભાઈના પવિત્ર જીવનથી પરમ પુરુષની દાસાનુદાસભાવે આજ્ઞાંકિત ભક્તિ કેવી હોઈ શકે એનું આપણને યથાર્થ શિક્ષણ મળી શકે તેમ છે અને એ જ એમના ઉપકારનું જીવંત અને માર્ગદર્શક પાસું છે.

પૂ. શ્રી. અંબાલાલભાઈ, સ્થાનકવાસી સંઘના સંઘવી લાલચંદ વકીલના દત્તક પુત્ર હતા. તેઓ તેમના મિત્ર શ્રી છોટાલાલભાઈ તથા શ્રી ત્રિભોવનભાઈ સાથે અમદાવાદ લગ્ન પ્રસંગે ગયા હતા. ત્યાં તેમને પૂ. શ્રી જૂઠાભાઈ ઉજમશીભાઈનો સમાગમ થયો. તેમના સંગે શ્રીમદ્ રાજચંદ્રજી આત્મજ્ઞાની પુરુષ છે અને તેમના બોધથી કલ્યાણ થાય તેમ છે એમ સમજાયું. શ્રી જૂઠાભાઈએ પરમકૃપાળુ દેવે લખેલા પત્રો તેમને બતાવ્યા અને આજ્ઞા મેળવીને સત્સમાગમ અર્થે જવાની સલાહ આપી. આ વાત લક્ષમાં રાખી તેમણે શ્રીમદ્દજીની આજ્ઞા મેળવવા માટે પત્રવ્યવહાર શરૂ કર્યો. કેટલોક પત્રવ્યવહાર થયો ત્યાર પછી તેમને મુંબઈ આવવાની આજ્ઞા મળી. ત્યાં તેમને પ્રથમ દર્શન થયાં અને સત્સમાગમનો

અપૂર્વ લાભ મળ્યો. તેમણે શ્રીમદ્જીને ખંભાત પધારવા વિનંતી કરી અને તે અનુસાર સં. ૧૯૪૬ના આસો વદ ૧૩ના શુભ દિને પાંચ દિવસ માટે પરમકૃપાળુ દેવ પ્રથમ ખંભાત પધાર્યા અને પૂજ્ય શ્રી અંબાલાલભાઈના ઘરે સ્થિતિ કરી. ત્યાર પછી તેઓ વચ્ચે વિશેષ પત્રવ્યવહાર શરૂ થયો અને ગાઢ પરિચય વધતો ગયો. એ ઉપકારક, માર્ગદર્શક પત્રવ્યવહાર આપણે 'શ્રીમદ્ રાજચંદ્ર' મહાગ્રંથમાં જોઈ શકીએ છીએ.

સં. ૧૯૫૨ના આસો વદ ૧ ને ગુરુવારના દિવસે નડિયાદ મુકામે સંધ્યાસમયે પરમકૃપાળુદેવ ફરીને પધાર્યા અને 'આત્મસિદ્ધિ' ગ્રંથ લખવો શરૂ કર્યો. સતત ધારાવાહી રીતે ૧૪૨ ગાથાઓ તેઓશ્રીએ દોઢ કલાકમાં પૂરેપૂરી લખી નાખી. એ સમય દરમ્યાન પૂ. શ્રી. અંબાલાલભાઈ દીવડીની પેઠે ફાનસ ધરીને એકાગ્ર ચિત્તે ઊભા રહ્યા, અને આજ્ઞાવતાર પરમ પુરુષની લેખિનીમાંથી પ્રવાહ રૂપે પ્રગટતા આ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ના જ્ઞાનપ્રવાહના એ ચિરંજીવ શાસ્ત્રાવતારના પુણ્ય પ્રાગટ્યને આત્મભાવે નિહાળી રહ્યા.

આ 'આત્મસિદ્ધિ'ની ચાર નકલો કરવામાં આવી. પરમકૃપાળુ દેવે જ્યાં જ્યાં પત્રો લખ્યા હોય ત્યાંથી મેળવીને તેની નકલો તેઓશ્રી કરતા અને જેઓને મોકલવાનું શ્રીમદ્જી લખી જણાવે તેમને મોકલાવી આપતા.

તે સિવાય માગધી, સંસ્કૃત વગેરે જે કાંઈ ઉતારો કરવા શ્રીમદ્જી જણાવતા તે પ્રમાણે તેની નકલો અત્યંત કાળજીથી ઉત્સાહપૂર્વક ઉતારો કરી યોગ્ય મુમુક્ષુ ભાઈઓને સૂચના પ્રમાણે વાંચવા મોકલતા. એક સમયે પરમકૃપાળુ દેવશ્રીએ દર્શાવ્યું હતું કે "અમે ત્રણ ચાર કલાક બોધ કર્યો હોય તે બીજે કે ત્રીજે દિવસે લખી લાવવાનું કહીએ તો તે સંપૂર્ણ અને અમારા શબ્દોમાં લખી લાવતા." આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે તેઓશ્રી કેટલા ભક્તિવાન, સત્સંગનિષ્ઠ, એકાગ્રચિત્ત અને આજ્ઞાધારક હતા. એમના મહાન ગુણો ખરેખર વંદનીય છે. આ રીતે પરમ-કૃપાળુ દેવ સાથેના લગભગ દસ વર્ષના શિષ્યભાવરૂપ પરિચયે અને સંસ્કારબળે તેઓશ્રીમાં આપણે એક 'આત્મલક્ષી'–આજ્ઞાંકિત

ભક્તાત્માનાં દર્શન કરી શકીએ છીએ. પરમકૃપાળુ દેવે જ્યારે ચરોતર પ્રદેશે વડવા ઇત્યાદિ સ્થળે સ્થિતિ કરેલી તે વખતે મુમુક્ષુ ભાઈઓને જે બોધ કરેલો તે ઉપદેશ છાયા અને વ્યાખ્યાનસાર રૂપે શ્રી અંબાલાલભાઈએ ઝીલી લીધેલો અને પાછળથી તે પરમકૃપાળુ દેવને વંચાવતાં તે બરાબર હોવાનું જણાવ્યું હતું એ તેમની અદ્‌ભુત સ્મરણશક્તિ તેમ જ શ્રી પરમકૃપાળુ દેવ પ્રત્યેની ભક્તિને આભારી છે. એ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં છપાયેલ છે.

સં. ૧૯૫૭ ના ચૈત્ર વદ પાંચમે પરમકૃપાળુ દેવના દેહોત્સર્ગના દારુણ સમાચારે તેમના અંતરપ્રદેશને કેટલો કઠોર આઘાત લાગ્યો હશે તે તેમના ભક્તહૃદયમાંથી શોકપ્રવાહરૂપે નીકળેલા તેમના વિલાપધ્વનિ પરથી આપણે કંઈક અંશે યોગ્યતા પ્રમાણે સમજી શકીએ છીએ. તેઓશ્રી એક વિલાપપત્રમાં ઝૂરણ વ્યક્ત કરતાં દર્શાવે છે:

"વિશાળ અરણ્યને વિષે અતિ સુંદર અને શાંતિ આપનારું એવું એક જ વૃક્ષ હોય, તે વૃક્ષમાં નિઃશંકતાથી શાંતપણે કોમળપણે સુખાનંદમાં પક્ષીગણ મલકતાં હોય, તે વૃક્ષ એકાએક દાવાગ્નિથી પ્રજ્વલિત થયું હોય તે વખતે તે વૃક્ષથી આનંદ પામનારાં પક્ષીઓને કેટલું દુઃખ પ્રાપ્ત થાય કે જેને ક્ષણ એક પણ શાંતિ ન હોય! આહાહા! તે વખતના દુઃખનું મોટા કવીશ્વરો પણ વર્ણન કરવાને અસમર્થ છે, તેવું જ અપાર દુઃખ અઘોર અટવીને વિષે આ પામર જીવોને થાય છે. વળી 'હે પ્રભુ! તમે ક્યાં ગયા?' એવા કરુણ ઉદ્‌ગારો નીકળી જાય છે.

"હે ભારત ભૂમિ! શું આવા દેહ છતાં વિદેહપણે વિચરતા પ્રભુનો ભાર તારાથી વહન ન થયો? જો તેમ જ હોય તો આ પામરનો જ ભાર તારે હળવો કરવો હતો? નાહક તેં તારી પૃથ્વી ઉપર તેને બોજારૂપ કરી રાખ્યો....હે મહાવિકરાળ કાળ! તને જરા પણ દયા ન આવી? છપ્પનિયાના મહાદુષ્કાળ વખતે લાખો મનુષ્યોનો તેં ભોગ લીધો. તોપણ તું તૃપ્ત થયો નહીં; અને તેથી પણ તારી તૃપ્તિ નહોતી થઈ તો આ દેહનો જ પ્રથમ ભક્ષ તારે કરવો હતો, આવા પરમ શાંત પ્રભુનો તેં જન્માંતરનો

વિયોગ કરાવ્યો! તારી નિર્દયતા અને કઠોરતા મારા પ્રત્યે વાપરવી હતી! શું તું હસમુખો થઈ મારા સામું જુએ છે? હે શાસનદેવી! તમારું પરિબળ આ વખતે કાળના મુખ આગળ ક્યાં ગયું? તમારે શાસનની ઉન્નતિની સેવા બજાવવામાં અગ્રેસર તરીકે સાધનભૂત એવા પ્રભુ હતા, જેને તમે ત્રિકરણ યોગે નમસ્કાર કરી સેવામાં હાજર રહેતા તે આ વખતે કયા સુખમાં નિમગ્ન થઈ ગયા? કે આ મહાકાળે શું કરવા માંડયું છે તેનો વિચાર જ ન કર્યો?

"હે પ્રભુ! તમારા વિના કોની પાસે અમે ફરિયાદ કરીશું? તમે જ જ્યારે નિર્દયતા વાપરી ત્યાં હવે બીજો દયાળુ થાય જ કોણ? હે પ્રભુ! તમારી પરમકૃપાળુ, અનંત દયા, કરુણામય હૃદય, કોમળ વાણી, ચિત્તહરણ શક્તિ, વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું, પરમાર્થલીલા, અપાર શાંતિ, નિષ્કારણ કરુણા, નિઃસ્વાર્થી બોધ, સત્સંગની અપૂર્વતા આદિ ઉત્તમોત્તમ ગુણોનું હું શું સ્મરણ કરું? વિદ્વાન કવિઓ અને રાજેન્દ્રદેવો આપના ગુણસ્તવન કરવાને અસમર્થ છે, તો આ કલમમાં અલ્પ પણ સમર્થતા ક્યાંથી આવે? આપના પરમોત્કૃષ્ટ ગુણોનું સ્મરણ થવાથી મારા શુદ્ધ અંતઃકરણથી ત્રિકરણયોગે હું આપના પવિત્ર ચરણારવિંદમાં અભિવંદના કરું છું. આપનું યોગબળ અને આપે પ્રકાશિત કરેલાં વચનો અને આપેલું બોધબીજ મારું રક્ષણ કરો એ જ સદૈવ ઇચ્છુ છું. આપે સદૈવને માટે વિયોગની આ સ્મરણમાળા આપી તે હવે હે દેવ! હું વિસ્મૃત નહીં કરું.

"ખેદ, ખેદ અને ખેદ; એ વિના બીજું કંઈ સૂઝતું નથી. રાત્રીદિવસ રડીરડીને કાઢું છું; કાંઈ સૂઝ પડતી નથી, આ વિરહ-વેદના તો રામબાણ વાગ્યાં હોય તે જ જાણે તેવી છે. પરમ પ્રેમે નમસ્કાર હો એ પરમ ભક્તને અને એ ભગવાનને....

ૐ શાંતિઃ...."

✡ ✡ ✡

## 'શ્રી રૂક્ષ્મણીબહેન અતિથિગૃહ'

**શ્રી** રાજનગર નિવાસી શેઠશ્રી સોમાભાઈ હીરાચંદ 'શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડળ–શ્રી વડવા'ના પ્રાણસમા પ. પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈ મહોકમચંદભાઈના ઘણા નિકટના પરિચયમાં હતા. તેમ જ શ્રી વડવા તીર્થક્ષેત્રના ટ્રસ્ટી અને પાછળથી પેટ્રન પણ હતા. તેઓશ્રીને એક વખત યાત્રા નિમિત્તે શ્રી વવાણિયા તીર્થે થોડા સમુદાય સાથે પધારવાનું થયું હતું. ત્યારે પ્રસ્તુત આશ્રમસ્થાન તેમની દૃષ્ટિમાં આવ્યું. આ બંગલાની માલિકી બાબત પૂછપરછ કરતાં જણાયું કે તે મોરબી દરબારના કબજામાં છે.

બંગલો રાજભુવનની નજીક હોવાથી તેને મંદિર અંગે ખરીદી લેવાનું પૂ. શેઠશ્રીને યોગ્ય લાગતાં તે નિશ્ચય કરીને તેઓ અમદાવાદ પધાર્યા. તેઓની ઉદારતા, વિચક્ષણતા અને કાર્ય-કુશળતા ખરેખર પ્રશસ્ય છે. અમદાવાદ જઈને તેમણે તરત જ પોતાના માણસને મોરબી મોકલ્યા અને સાથે જણાવ્યું કે, "કોઈ પણ કિંમતે ચોક્કસ કરીને જ આવજો." નામદાર ઠાકોર-સાહેબને તે બંગલો વેચાણ લેવાની વાત કરતાં તેઓશ્રીએ તેની દસ હજારની કિંમત જણાવી. તારથી તે હકીકત જણાવતાં શેઠશ્રીએ વિના વિલંબે ખરીદી લેવા જણાવ્યું. બંગલો શેઠશ્રીના સુપુત્ર શ્રી ચીનુભાઈના નામથી ખરીદાયો.

પૂ. પિતાશ્રીની આ બંગલો ખરીદવાની બાબતની શુભ ભાવના શ્રી ચીનુભાઈના જાણવામાં હતી. પૂ. શેઠશ્રીના અવસાન બાદ તેમના બંને સુપુત્રો શ્રી જગાભાઈ તથા શ્રી ચીનુભાઈએ ઉપરોક્ત સ્થાન (બંગલો) શ્રી રા. ભુ. ટ્રસ્ટને સુપરત કરી દીધું અને

પોતાનાં માતુશ્રીનાં સ્મરણાર્થે ‘શ્રી રૂક્ષ્મણીબહેન અતિથિગૃહ’ એવું નામ આ બંગલાને આપવામાં આવ્યું. તે કુટુંબ પરિવારનો અમે ટ્રસ્ટીઓ સહૃદય આભાર માનીએ છીએ. અત્રે દર્શનાર્થે પધારતા સૌ અતિથિઓની પૂ. શેઠશ્રીની ભાવના અનુસાર ઘણી સારી સગવડ સચવાય છે. તેઓશ્રીની આવી દીર્ઘદૃષ્ટિ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આવાં સુકૃત્ય કરનારાઓની કીર્તિ સદાય અમર તપતી રહે છે.

☆ ☆ ☆



શ્રી જ્ઞાનપ્રકાશ મંદિર

## શ્રી જ્ઞાનપ્રકાશ મંદિર

મોરબીમાં મારા મોસાળમાં સંવત ૧૯૪૬ના મહા સુદ બારશના દિવસે ભાઈ છગનભાઈનો જન્મ થયો. ને તે જ દિવસે મુંબઈ રેવાશંકર જગજીવનની પેઢીની સ્થાપના થઈ હતી. તે પેઢીમાં પરમકૃપાળુ દેવ ભાગીદાર હતા. આ પેઢીની ભાગીદારીમાંથી પોતે સંવત ૧૯૫૬માં છૂટા થયા હતા.

મારાં માતુશ્રી (ઝબકબાઈ)ના ભાઈ એટલે મારા મામા ત્રંબકભાઈ પોપટલાલ મહેતા આ પેઢીમાં કામકાજ કરતા હતા. એક દિવસે પરમકૃપાળુ દેવે એમને કહ્યું : "ત્રંબક, ચા બનાવી લાવ." પેઢી પર ઘણા માણસો હોવા છતાં પોતાને પરમકૃપાળુ દેવે ચા બનાવવાની આજ્ઞા કરી તેથી તેમણે ઘણા ઉલ્લાસ અને ભક્તિભાવની લાગણી અનુભવી અને તે ભાવ જિંદગી પર્યંત રહ્યો. જ્યારે પરમકૃપાળુ દેવ વઢવાણ કૅમ્પમાં (હાલના સુરેન્દ્રનગરમાં) હતા. ત્યારે ડૉ. પ્રાણજીવનદાસને રંગૂન મોકલ્યા હતા. મારા સસરા રણછોડદાસભાઈની સૂચનાથી તેમના ભાણેજ નાનાલાલ જસાણીને તથા મારા મામાને પણ પરમકૃપાળુ દેવે રંગૂન મોકલ્યા હતા. તેઓ રંગૂન ગયા પછી ધંધારોજગારમાં સુખી થયા હતા. મારા મામાની પ્રેરણાના બળે તેમનામાં વવાણિયામાં જ્ઞાનમંદિર બનાવવાની શુભેચ્છા પ્રગટી હતી.

શ્રી વવાણિયાની સ્મશાનભૂમિ પાસે જ્યાં પરમકૃપાળુ દેવશ્રીને સાત વર્ષની બાળવયમાં જ બાવળના ઝાડ પર અંતર વિચારમાં નિમગ્ન થતાં જ્ઞાનનું આવરણ ખસી ગયું હતું, અને જાતિ-સ્મરણ જ્ઞાન થયું હતું; એટલે કે પોતાના પૂર્વ ભવો જોયા હતા,

તે બાવળના ઝાડને સ્થળે મામાશ્રી ત્ર્યંબકલાલ પોપટલાલને અને મારાં મામી ઝબકબહેનને સ્મારકરૂપે જ્ઞાનપ્રકાશ મંદિર બાંધવાની ભાવના થઈ. પણ તે ભાવના પૂરી થાય તે પહેલાં શ્રી ત્ર્યંબકભાઈનો સ્વર્ગવાસ થયો. ત્યાર પછી પૂ. ઝબકબહેન અને તેમના સુપુત્ર શ્રી રસિકભાઈ તથા પુત્રવધૂ અ. સૌ. નલિનીબહેને સારા ઉલ્લાસથી તે ભાવનાને સાકાર કરી તે સ્થળે 'જ્ઞાનપ્રકાશ મંદિર' તેમ જ સાથે એક નિવાસસ્થાન અને કૂવો બંધાવ્યાં છે. તે જિજ્ઞાસુઓને શાંતિ અને વૈરાગ્યનું ઉત્તમ નિમિત્ત સ્થાન બની રહ્યું છે.

દર કાર્તિક પૂર્ણિમાએ શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવનથી રથયાત્રાનો વરઘોડો નીકળી ત્યાં જાય છે. ભાઈબહેનોનો મોટો સમુદાય તેમાં ભાગ લે છે. પ્રભુના ગુણગાન, આરતી, તેમની ભક્તિ વગેરે કરી રથયાત્રા ત્યાંથી રાજ જન્મભુવનમાં પાછી આવે છે.

શ્રી ત્ર્યંબકલાલભાઈ, શ્રી રેવાશંકર જગજીવનભાઈના ભાઈ પોપટલાલ જગજીવનના પુત્ર એટલે મારા મામા થાય. તેમને પરમકૃપાળુ દેવ પ્રત્યે સારી શ્રદ્ધાભક્તિ હતી. તેઓની 'જ્ઞાનપ્રકાશ મંદિર' બાંધવાની ઉત્તમ ભાવના પ્રત્યે પરમ આદર આપોઆપ વ્યક્ત થઈ જાય છે. તેમની ભાવના અનુસાર મારાં મામીએ મંદિર બંધાવી ઉત્તમ પુણ્યલાભ સંપાદન કર્યો છે.

આવાં કુટુંબીજનો પ્રત્યે સ્વાભાવિક રીતે જ આદરયુક્ત ઊંડો ભાવ પ્રગટ થાય છે, અને આ પ્રકારનાં શુભ કાર્યો દ્વારા તેઓનું સદાય આત્મશ્રેય સધાતું હોય છે અને તેમાંથી બીજાને પણ પ્રેરણા મળતી હોય છે.

☆ ☆ ☆



શ્રીમદ્ રાજચંદ્ર અતિથિ વિશ્રાંતિગૃહ, વવાણિયા

## શ્રીમદ્ રાજચંદ્ર અતિથિ-વિશ્રાંતિગૃહ

'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'ની સામે લગભગ વીસ વર્ષ પહેલાં વિશાળ પ્લૉટ ખરીદેલો હતો. મારી ઇચ્છા તે પ્લૉટમાં અતિથિગૃહ અને ભોજનાલય બનાવવાની હતી. પણ આ કામ કોને સોંપવું તેનો વિચાર થયા કરતો હતો. મારા જમાઈ શ્રી જયંતિલાલ મોતીચંદ ગાંધી તથા મારા પુત્ર મનહરલાલે વિચાર્યું કે મોરબીવાળા મુમુક્ષુભાઈઓ શ્રી કાન્તિલાલ પ્રેમચંદ શાહ તથા શ્રી જયંતિલાલ પ્રેમચંદ શાહને આ કામ સોંપવાથી તેઓ બંને ઉત્સાહી ભાઈઓ નિસ્પૃહભાવે સરખું કામ કરશે. મારા બીજા પુત્ર પ્રફુલ્લભાઈ તથા સ્વ. બુદ્ધિધનભાઈનાં ધર્મપત્ની શ્રી સુધાબહેન તથા મારા જમાઈ ધીરજલાલ ગોપાળજી શાહ વગેરે સહુને એ નિર્ણય યોગ્ય લાગતાં બંને ભાઈઓને ઉપરનું કામ સંભાળી લેવા વિનંતી કરતો પત્ર લખ્યો. તેના જવાબમાં તેઓએ આ શુભ કાર્ય તેમને સોંપવા બદલ આભાર માનતો અને સારી રીતે કામ પાર પાડવાની ખંત બતાવતો પત્ર અમને લખ્યો. બંને ભાઈઓની અગાધ ભક્તિ અને નિઃસ્પૃહ ભાવથી આ 'અતિથિ વિશ્રાંતિગૃહ' તથા 'ભોજનાલય' બાંધવાનું કામ ઘણી સુંદર રીતે અને ટૂંકા ગાળામાં થવા પામ્યું છે. આવાં રૂડાં કાર્યો કરવામાં તેમની શક્તિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામો એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

☆ ☆ ☆

## 'સ્વ. મણિલાલ ત્રિભોવનદાસ શાહ ભોજનાલય', વવાણિયા

ડૉ. સાહેબ નરોત્તમદાસ ચુનીલાલ કાપડિયાનાં બહેન શ્રી કમળાબહેન મણિલાલ શાહ પરમકૃપાળુ દેવમાં સારી આસ્થા ધરાવે છે. પૂ. ડૉ. સાહેબના સત્સમાગમથી તેમનામાં પ્રભુ પ્રત્યે ઘણી શ્રદ્ધા પ્રગટી છે અને એ પ્રભુભક્તિને કારણે તેમણે 'શ્રીમદ્ રાજચંદ્ર તત્ત્વ દીપિકા' નામનું પુસ્તક છપાવીને પ્રથમ આવૃત્તિ મુમુક્ષુઓને ભેટ આપી હતી તે પૂર્ણ થતાં બીજી આવૃત્તિ છપાવી પડતર કિંમત કરતાં ઘણી ઓછી કિંમતે વેચવાનું રાખ્યું છે. વવાણિયા ભૂમિમાં તેમના સ્વ. પતિ શ્રી મણિલાલ ત્રિભોવનદાસ શાહના સ્મરણાર્થે વિશાળ ભોજનાલય ઘણી મોટી રકમ ખર્ચી બંધાવી આપ્યું છે. આ રીતે કમળાબહેન મને દરેક ધાર્મિક કાર્યમાં આ તીર્થધામમાં હંમેશાં સાથ આપી રહ્યાં છે. તેમની ભક્તિમાં સદા વૃદ્ધિ થાઓ એવી પરમકૃપાળુ દેવ પ્રત્યે અભ્યર્થના છે.

☆ ☆ ☆



સ્વ. મણિલાલ ત્રિભોવનદાસ શાહ ભોજનાલય

## વાતના વિસામા—
## પૂ. બાપુભાઈ

પરમ કૃપાળુ પ્રભુ પિતા તરીકે હતા છતાં મને નાનપણથી જ તેમનામાં કોઈ અલૌકિકતા લાગતી હતી. તેઓ જગતથી જાણે જુદા જ હોય તેમ લાગતું. મુમુક્ષુઓનો મોટો સમુદાય તેમના દર્શનાર્થે આવતો અને તેમની પાસે રહેતો. બધાંને પીરસવાનું કામ નાનપણથી મારું જ રહેતું. તેઓશ્રીના દેહવિલય બાદ પણ ઘણા મુમુક્ષુભાઈઓ આવતા. તેઓ સૌનો વિનય, વિવેક સાચવવો અને ખાનપાન વગેરેની સંભાળ રાખવાનું મારા કાકાશ્રી મનસુખભાઈએ મને સોંપ્યું હતું. એ પ્રકારે અતિથિસત્કાર સંસ્કારો મારામાં પડ્યા હતા. તે ઉપકાર હજુ પણ ફરી ફરી મારી સ્મૃતિમાં આવ્યા કરે છે. સાસરે આવતાં તેવા જ સંસ્કારોને પોષણ મળતાં ઉત્સાહ વધ્યો અને તેની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જતી હતી. ત્યાર બાદ શ્રી વવાણિયા તીર્થની પ્રતિષ્ઠા થયા પછી ખંભાતવાળા મણિભાઈ (બાપુભાઈ) નો સત્સમાગમ અવારનવાર રહેતો. તેમના પિતાશ્રીનું નામ શેઠ છોટાલાલ માણેકચંદ. ખંભાતમાં તેમને ત્યાં સંવત ૧૯૪૨માં અને ત્યાર પછી ૧૯૫૨માં પરમકૃપાળુ દેવ પધાર્યા હતા. તે વખતે પૂ. બાપુભાઈની ઉંમર દસ વર્ષની હતી. પણ પૂર્વના સંસ્કારે કોઈ અદ્ભુત કામ કર્યું. બાળવયના બાપુભાઈની આંખો એ પરમ પુરુષને ટગર ટગર નીરખ્યાં કરતી. અને તેમને જોતાં જ શ્રી પ્રભુના ભગવાન સ્વરૂપનું દર્શન થયું—દિવ્યતાનું બીજ રોપાયું. પરમકૃપાળુ દેવ તેમના તરણતારણહાર બન્યા. પૂ. અંબાલાલભાઈ અને બીજા મુમુક્ષુભાઈઓના સત્સંગથી તે બીજ નવપલ્લવિત થયું. તેને પરિણામે સૌજન્યશીલતા, નમ્રતા, વિવેક, કૃતજ્ઞશીલતા આદિ ઉચ્ચ

ગુણોરૂપી સુંદર પુષ્પો તેમનામાં ખીલી ઊઠ્યાં. આ ગુણો તેમના પરિચયમાં આવનારને આકર્ષી લેતા. કોઈનો થોડો પણ ઉપકાર સંભારી તેનાં લાગણીભર્યાં ગુણગાન કરતા. પરમકૃપાળુ સહજાત્મ-સ્વરૂપનું રટણ હૃદયમાં સતત રાખતા. એમણે સર્વ જીવો પ્રત્યે દાસત્વભાવ જ વેદ્યો છે. ક્યારે પણ માનમરતબો વગેરેની સ્પૃહા તેમને સ્પર્શી શકી નહોતી. 'કિંચિત્ માત્ર પણ ગ્રહવું તે જ સુખનો નાશ થાય છે,' એ પરમકૃપાળુ દેવનું અપૂર્વ બોધવચન તેમના ચિત્તમાં રમ્યા કરતું. એથી જ સાંસારિક સુખનાં સાધન તેમને ગમતાં નહીં. પરિગ્રહાદિ પ્રસંગોમાંથી નિવૃત્ત થવાની ઝંખના તેમને હમેશાં રહ્યા કરતી. એ અર્થે પ્રભુ પ્રત્યે નમ્રભાવે પ્રાર્થના કરતા. એ તેમનો સમ્યક્ દૃષ્ટિનો સંવેગ નામનો ગુણ હતો. પ્રભુના માર્ગની પ્રભાવના થતાં તેઓ હર્ષઘેલા બની જતા. તેમના ઘરે જ્યાં પરમકૃપાળુ દેવ બિરાજ્યા હતા, તે સ્થાને તેમણે 'રાજમુદ્રા' પધરાવી છે. તેમનું ઘર એથી એક તીર્થરૂપ બન્યું છે. અનેક મુમુક્ષુઓ દર્શનાર્થે ત્યાં પધારતાં અને પધારે છે તેવે વખતે પૂ. બાપુભાઈનું અંતર નાચી ઊઠતું. અંતરમાં આનંદ ઉલ્લસી રહેતો અને હોંશથી પ્રભુનાં સંસ્મરણો, તેમના ચારિત્રની કથાવાર્તા, પ્રેમભક્તિથી મુક્તકંઠે સંભળાવી યાત્રિકોને રાજરસે તરબોળ કરી દેતા. આવનાર યાત્રાળુ પ્રત્યે તેમનો આદર, વિનય અને વાત્સલ્યભાવ અનોખા જ વ્યક્ત થતા. તેમની વાત્સલ્યપૂર્ણ પ્રસન્નદૃષ્ટિ યાત્રિકના અંતરને ઠારતી. તેમના સત્સંગનો લાભ પ્રસંગે પ્રસંગે મને મળ્યા કરતો. તેમના તરફથી પરમાર્થપ્રેરક, પ્રભુ પરમકૃપાળુ દેવ ઉપર શુદ્ધ સન્માર્ગમાં દૃઢતા કરાવનાર—સુસ્થિત કરાવનારા પત્રો પણ અવારનવાર આવતા. શ્રી સત્પુરુષના સત્સંગનું માહાત્મ્ય તેમાં જણાવતા. ફરી ફરી તેનો જ મહિમા વર્ણવી તેનું જ પોષણ આપતા. તેમની શ્રદ્ધાભક્તિ અનેરી છે એવી મારા આત્મામાં છાપ પડતી. વિશેષ તો હું અલ્પજ્ઞ તેમના ઉપકારને શું કથી શકું? પરંતુ આવા વિષમ કાળમાં વિવિધ તાપથી બળતા સંસારમાં મુમુક્ષુ જીવોને પ્રભુના પ્રેમનું પાન કરાવી તેઓ તેમની તૃષા છિપાવતા. એ એમના ગુણોને આદર ભાવપૂર્વક હું એમને વંદું છું.

વિશેષમાં શ્રી પ્રભુ પરમકૃપાળુએ પ્રકાશેલા પરમાર્થમાર્ગની પ્રભાવના થાય તે માટે તેમને રટણ રહેતું. પોતાનાં તનમન ધનને ભોગે પણ મુમુક્ષુજનોને રાજરસિક બનાવવાની તેમની અભિલાષા હતી. સં. ૨૦૧૨માં તેઓશ્રી વવાણિયા કેટલાક મુમુક્ષુ ભાઈઓ સાથે પધાર્યા હતા. તે વખતે તેઓશ્રી ત્યાં એક માસ રહ્યા હતા. તે સમયે સવાર, બપોર ને સાંજના એમની સાથેનાં સ્વાધ્યાયભક્તિથી સૌને ખૂબ જ ઉલ્લાસ થતો. તેમની વાણીમાં બહુ જ મધુરતા હતી. સૌ તેમને સાંભળવા આતુર રહેતા. પરમ-કૃપાળુ દેવના ચારિત્રની કથા એટલા પ્રેમપૂર્વક તેઓ કરતા કે સૌ તે રસમાં મુગ્ધ બની જતા અને અનન્ય આનંદ અનુભવતા. તે સમયમાં મારું ચિત્ત ઘણું જ પ્રસન્ન રહેતું. પૂ. બાપુભાઈના સત્સંગથી પ્રભુ પ્રત્યેની અનન્ય નિષ્ઠામાં, તેમના પરમાત્માપણામાં તેમ જ તેમના અપૂર્વ માહાત્મ્યમાં મારી વૃત્તિ ઉલ્લસિત થતી. એમની સૌજન્યશીલતાને કારણે હું મારા અંતરની વાત તેમને કહેતી. ગૂંચવણમાં કે કોઈ મૂંઝવણના પ્રસંગે તેમનું માર્ગદર્શન મને સહાયરૂપ નીવડતું, હૃદય હળવું થતું. આમ તેમણે મારા પ્રત્યે એક સાચા ધર્મબંધુ તરીકેની સહાનુભૂતિ દર્શાવી છે. આ પરમાર્થમાર્ગમાં તેઓ મને ખરા 'વાતના વિસામા'રૂપ બન્યા હતા. આ રીતે તેઓશ્રીનો મારા પ્રત્યે ખરેખર ઘણો જ ઉપકાર થયો છે. તેમને વંદન કરીને જ સંતોષ માનું છું.

☆ ☆ ☆

## પૂજ્ય મોટાંબા

શ્રી રણછોડદાસભાઈ (મારા સસરાજી) ને પરમકૃપાળુ દેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને ભક્તિ હતા. તેઓનું હૃદય શુદ્ધ અને સરસ હતું. તેઓ ઘણા દયાળુ અને પરદુઃખભંજન પણ હતા તેમના સહવાસથી મારાં સાસુજી પૂ. મણિબાઈને પરમકૃપાળુ દેવ પ્રત્યે અનન્ય ભક્તિ અને પ્રેમ હતાં.. તેઓ વ્યવહારકુશળ તેમ જ પરમાર્થપ્રેમી હતાં. આ બંને વડીલોના સુસંસ્કારો, કુટુંબમાં મારા દિયર તથા મારા નણંદ વગેરે પર પડેલાં છે. બાળકોમાં પણ આ સંસ્કારોની ઊંડી છાપ પડી છે. મોટાંબા (પૂજ્ય સાસુજી) એ બાળકોને પરમકૃપાળુ દેવ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવી હતી. તેઓની ભક્તિ દિનપ્રતિદિન વધતી જતી હતી. તેઓ હંમેશાં વહેલાં ઊઠી પ્રભુભક્તિ કરતાં અને તેમાં તલ્લીન બની જતાં. ઘરનું વાતાવરણ પણ તે ભક્તિથી સંસ્કારશુદ્ધ બની જતું.

બંને વડીલો ચોમાસું કરવા વડવે જતાં અને એકાદ બાળકને પણ સાથે રાખતાં, કારણ કે બાલ્યવયમાં જ બાળકોના ધર્મના સંસ્કારો સુદૃઢ થાય છે એમ તેઓ માનતાં. પૂ. બાપુજી (મારા સસરાજી) નો દેહ છૂટી ગયો, ત્યાર પછી પણ મોટાંબા ચોમાસું કરવા વડવા જતાં અને કારતક સુદ પૂનમ પર વવાણિયાના તીર્થધામમાં પધારતાં. કેટલાક વખત પછી સોનગઢ ચોમાસું કરવા જતાં. આ રાજભુવન બંધાવવામાં તેમની પ્રેરણા–ભાવના ઘણી ઊંચી હતી અને તેમને ઉલ્લાસ પણ ઘણો હતો. તેથી મને તેમના તરફથી ઘણી સહાનુભૂતિ મળતી. તેઓ અવારનવાર રાજકોટથી આવી રાજભુવન બંધાતી વખતે સલાહ–સૂચન આપી જતાં. પ્રતિષ્ઠા વખતે પણ તેમનો ઘણો જ ઉલ્લાસભર્યો સાથ હતો.

તેઓશ્રીએ પરમકૃપાળુ દેવની નાની પ્રતિમા તથા ચાંદીથી મઢેલાં પુસ્તકો આગળથી જ બનાવી રાખ્યાં હતાં. તે પ્રતિષ્ઠા વખતે ત્યાં પધરાવ્યાં હતાં. તેમની પરમકૃપાળુ પ્રત્યેની શ્રદ્ધાનું એ ફળ હતું. તેઓશ્રીનો મારા ઉપર પરમ ઉપકાર છે કારણ કે તેમના સુસંસ્કારોથી મારા સંસ્કારોમાં દિનપ્રતિદિન વિશેષ દઢતા થતી રહી હતી. આ તેમનો પરમ ઉપકાર હું કેમ ભૂલું ?

તેમને કૅન્સરનું દર્દ થયું હતું. તેથી પીડા સખત હતી, છતાં તેમનામાં ઘણી સ્વસ્થતા હતી. તેમનું લક્ષ એક પરમકૃપાળુ દેવમાં જ રહેતું. તેથી જ તેમણે ખૂબ શાંતિથી દેહ છોડ્યો હતો. એમના સદ્ગુણો અમને સૌને વારંવાર યાદ આવે છે. એ સદ્ગુણો અમારા જીવનમાં ઊતરો એવી અંતરયામી પ્રભુ પાસે વારંવાર પ્રાર્થના કરું છું, તેથી જ અત્યારે હૃદયમાંથી ઉદ્ગાર નીકળી જાય છે: "વંદન હો આવાં પૂજ્ય મોટાંબાને !"

☆ ☆ ☆

## સદ્‌ગત ભગવાનલાલભાઈ

શ્રી વવાણિયા તીર્થમાં પ્રતિષ્ઠામહોત્સવ વખતે આવેલા મુમુક્ષુભાઈઓ વગેરે દરેકની બને તેટલી સેવા પોતે (શ્રી ભગવાનલાલભાઈ) જાતે જ કરે. સૌને નાહવાનું પાણી પણ પોતે કૂવામાંથી કાઢી આપે. સેવા કરવી, સેવક થઈને રહેવું એમાં જ એમને આનંદ થતો. એમને મોટાઈ બતાવવી ગમતી નહીં; ઊલટું, સેવાભાવમાં જ એમને સાચો આનંદ મળતો.

તેમણે વવાણિયામાં બગીચો બનાવ્યો છે. બળદ, ગાયો વગેરે પણ ત્યાં રાખ્યાં હતાં. પોતે પાકિસ્તાનમાંથી આવ્યા બાદ નિરાંતે ત્યાં શાંતિથી રહેવાની ઘણી જ ઇચ્છા સેવી હતી. મને ઘણી વાર કહેતા કે "વવાણિયા કેવું બને છે તે જોજો! એક દર્શનીય સ્થળ બને તેમ મારે કરવું છે." ભાઈ બુદ્ધિધનને કહેતા, "બધાનું જોઈને તેમનું અનુકરણ કરવું—તેના જેવું બનાવવું—તેમાં શી નવીનતા? આપણી પોતાની નવીન દૃષ્ટિથી કશું કરવામાં જ આપણી પ્રતિભાશક્તિ દેખાય."

ભાઈ બુદ્ધિધને તેના પિતાશ્રીનાં આ વચન બરાબર યાદ રાખી તે મુજબ જ મૌલિક રીતે વ્યવસ્થા કે રચના કરવાની ભાવના સેવી હતી. તેમના પિતાશ્રીની ઇચ્છા મુજબ વવાણિયા માટે તેમણે લાગણીપૂર્વક મહેનત કરી છે. તે કારણે તેમના અંતરમાં એ પુણ્યભૂમિ 'શ્રી રાજભુવન,' ધર્મ-આરાધના રૂપે સાચા ભાવથી વસી ગઈ હતી, જેનું દિવ્ય દર્શન આપણે આગળ કરીશું.

તેમનો બહોળો કુટુંબકબીલો દીકરા-દીકરીઓ, વહુઓ, જમાઈઓ વગેરેનો વિસ્તૃત પરિવાર હતો, પણ સૌ પ્રત્યે તેમની




સ્વ. પૂ. શ્રી ભગવાનલાલ રણછોડદાસ મોદી

સમાન દૃષ્ટિ રહેતી. સૌનામાં પ્રસન્નતા ઉત્પન્ન કરવી એ જ તેમનું લક્ષ રહેતું. ક્યારે પણ કોઈનું મન ન દુભાય તેની તેઓ બહુ જ ચીવટ રાખતા. કોઈનું પણ મોઢું વીલું દેખાય તો એમને ચેન ન પડે; તેના મનનું સમાધાન થયે જ તેમને શાંતિ થતી. લક્ષ્મીની પૂરી મહેર હતી. તેઓના અંતરમાં સૌ પ્રત્યે સ્વાભાવિક સમભાવ હતો. પ્રસંગે અવસરોચિત—ક્વચિત્ તેથી પણ વિશેષ—દયાનો ઝરો તેમણે વહાવ્યો છે, મોકળે મને આપી જાણ્યું છે—કોઈ ન જાણે તેમ. માન કે મોટાઈની સ્પૃહા કદી રાખી નથી. દાન કરવાની પાછળ મોટાઈ બતાવવાનો ઉદ્દેશ કદી નહોતો; માનવી હૃદયનો એ સ્વાભાવિક આવિષ્કાર હતો. પ્રભુ પરમકૃપાળુ દેવે 'મોક્ષ-માળા'માં સદ્ધર્મ નામક શિક્ષાપાઠમાં દયા સંબંધી જણાવ્યું છે—"જેમાં કોઈ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યાં છે ત્યાં દયા નથી, ત્યાં ધર્મ નથી...." તે તેમના જીવનમાં ચરિતાર્થ થતું હતું.

આમ તેમનું જીવન ઘરમાં તેમ જ બહાર વ્યવહારમાં આવી સ્વભાવગત 'દયા'ની જ પ્રતીતિ કરાવે છે. અર્થાત્ પોતાથી કોઈને 'દુઃખ, અહિત કે અસંતોષ' ન ઊપજે, એટલું જ નહીં પણ તેને સારો સંતોષ મળે, તેનું હિત થાય, તેનું દુઃખ દૂર કરીને પોતાને આનંદ થાય તેવી રીતે વર્તવાની એમને ટેવ હતી.

તેમના મિત્ર શુકદેવ* મને કહેતા, 'ભગવાનલાલભાઈ સાચા સંત છે.' શુકદેવ અને પોતે જેલમાં સાથે હતા, પોતાને અને તેમને સગાભાઈ જેવી લાગણી હતી. સત્યાગ્રહનું કામ હરિદાસ શેઠ વગેરે બધા સાથે જ કરતા. હરિદાસ શેઠની સાથે એક ઘર જેવો સંબંધ હતો. વેલજીભાઈ, શંભુલાલભાઈ, પોપટલાલભાઈ, મોહનલાલભાઈ અને રવજીભાઈ બધા ભાગીદારોમાં પરસ્પર પ્રત્યે ઘણો પ્રેમ હતો; જુદાપણું બિલકુલ નહોતું. 'મિલ્સ સ્ટોર'માં ગોપાળજીભાઈ અને લાલાજી ભગવાનદાસ સાથે ત્રીસ વર્ષ ભાગીદારી ચાલી, પણ અન્યત્ર ક્વચિત્ જ જોવા મળે તેવો ભ્રાતૃભાવ, સુમેળ અને આદરભાવ કાયમ ટકી રહ્યા.

*સિંધ ધારાસભાના સભ્ય અને લોકપ્રિય નેતા.

તેમના સ્વભાવમાં એવું સૌજન્ય હતું કે સંપર્કમાં આવનાર વ્યક્તિનું મન ઠરતું. તેમની ભાષામાં પણ કદી કર્કશતા કે કડવાશ આવતી નહી; સ્વાભાવિક મીઠાશ વ્યક્ત થતી. તેથી સાંભળનારને પ્રિય લાગે તેવું સત્ય વચન કહેતા. सत्यमपि प्रियं ब्रुयात् એ એમનો સ્વભાવ થઈ પડચો હતો.

કરાંચીમાં પહેલી જ વાર સને ૧૯૪૭ માં માણસો ભાગ્યા ત્યારે ત્યાં અમુક દસબાર ઘર રહ્યાં હતાં. તે વખતે તેઓ પોતે પણ નીકળી નહોતા શકચા. એટલે મને થયું કે તેમને જમવાની અગવડ પડશે. સગવડ સચવાય નહીં તેથી તેમનું શરીર બગડે માટે મારે પણ જવું નથી, એમ વિચારી હું અને એક ડોશીમા પણ ત્યાં રહ્યા. પણ તેમનું લક્ષ તો મને કેમ ઓછી તકલીફ પડે તે જ રહેતું. એમની સ્વાભાવિક મૃદુતા ત્યારે વિશેષ દેખાઈ આવતી. એ યાદ કરતાં મારું હૃદય પૂજ્યભાવે તેમને નમે છે.

સને ૧૯૪૮ ના જાન્યુઆરીમાં બીજી વાર માણસો ભાગ્યા ત્યારે પણ હું ત્યાં રોકાઈ હતી. તેઓ ત્યાં નિશ્ચિંતપણે રહેતા. 'પ્રભુ પર ભરોસો રાખો; જે થવા યોગ્ય હશે તે થશે,' એમ તેઓ ઘણી વાર કહેતા. ત્યારે દુકાનમાં કોઈ નહીં હોવાથી જેટલો બને તેટલો માલ જાતે કાઢી નાખતા. આવા સંકટ સમયમાં પણ તેમની આવી જીવન રીતિને લીધે અમે આનંદપૂર્વક રહી શકતાં હતાં.

પ્રતિષ્ઠા થયા બાદ દર કાર્તિક પૂર્ણિમાએ વવાણિયા જન્મ-ભુવનમાં મોટો ઉત્સવ રખાય છે. લગભગ હજાર પંદરસો માણસો ભેગા થાય છે. સવારમાં ભક્તિ, પૂજા આદિ વિધિ થયા બાદ 'જ્ઞાન મંદિર' વરઘોડો લઈ જવાય છે. ત્યાર બાદ જમણ અને બપોરના સ્વાધ્યાય અને પ્રભુનું ચરિત્ર વાંચવામાં આવે છે. તેથી મારે પૂર્ણિમા ઉપર વવાણિયા આવવાનું થયું ત્યારે તેમને કંઈક ક્ષોભની લાગણી થઈ આવી. અમે રાત્રે બેઠાં હતાં, ત્યાં જવાની વાત નીકળતાં જ તેમની આંખ ભીની થઈ ગઈ. ત્યાર પછી વવાણિયા આવવા માટે નીકળતી વખતે પોતે દુકાન સુધી સાથે હતા; ત્યાં પણ છૂટા પડતી વખતે એવી જ સ્થિતિ થઈ આવી. જાણે કરાંચીમાં હવે રહેવાનું જ નહીં હોય તેમ અમને બન્નેને

કુદરતી લાગી આવ્યું. હું દેશમાં આવી. એકાદ મહિના માટે આવી હતી પણ કરાંચીમાં તોફાનો અને ધમાલ બહુ હોવાથી પાછી જઈ શકી નહીં. દરમિયાન તેમના શરીરની કાળજી ત્યાં કરાંચીમાં રાખી શકાઈ નહીં, તેથી તેમને શરીરે ઘસારો પહોંચ્યો. તેઓ દસેક મહિના ત્યાં રહ્યા ત્યારે તેઓની સાથે શ્રી ગોપાળજીભાઈ રહ્યા હતા. અમને બધાંને તેઓ ત્યાં હતા તેનું બહુ દુઃખ હતું. પછી તેઓ દેશમાં આવ્યા ત્યારે અમે મસૂરી હતાં. મસૂરીમાં તેઓ લખ્યા કરે, "તમારી બાને કોઈ રીતે મૂંઝાવા દેશો મા કે સંકોચ પડવા દેશો મા." મસૂરીથી અમે મુંબઈ આવ્યાં અને તેઓ પણ દેશમાંથી મુંબઈ આવ્યા. શરીર પર નબળાઈ ઘણી હતી, પણ પોતે તે જણાવે નહીં. થોડો વખત રહી તેઓ બન્ને બહેનોને (દીકરીઓને) મળવા કલકત્તા ગયા, પણ નબળી તબિયત હતી એટલે રસ્તામાં ઠીક ન રહ્યું. તબિયત વધુ બગડી. શરદી બહુ થઈ ગઈ છતાં મને સમાચાર લખ્યા નહોતા. પૂર્ણિમા પર તેઓ કલકત્તાથી નીકળવાની ઉતાવળ ઘણી કરે અને એમ કહેતા કે 'નહીં જાઉં તો તમારાં બાને દુઃખ લાગશે.' પણ બહેનોએ તેમની શારીરિક નબળાઈને કારણે આવવા દીધા નહીં. થોડા દિવસ બાદ કલકત્તાથી વવાણિયા આવ્યા તે વખતે ખંભાતથી ભાઈશ્રી અમૃતભાઈ વગેરે પંદરેક ભાઈઓ ત્યાં દર્શનાર્થે પધાર્યા હતા. તેમાં અમૃતભાઈના વાચનમાં તેમને ખૂબ રસ આવતો. પછી તો તેમને ભાવના પણ એવી થતી કે આપણે હવે નિવૃત્તિ લઈ સૌ જંજાળ છોડી, શાંતિથી દેશમાં આવીને રહીએ અને પ્રભુભક્તિ અને સત્સંગ સત્કથામાં સમય પસાર કરીએ. તેઓ કહેતા કે શ્રી અમૃતભાઈ પણ નિવૃત્તિ લઈને અહીં રહેવાનું કરે અને સ્વાધ્યાય વાચન કરે તો આપણે શાંતિથી સાંભળીએ એવું શેષ જીવન ગાળવાની ઇચ્છા છે.

તેઓ વવાણિયા, મુંબઈ અને રાજકોટ વચ્ચે ત્રણેક મહિના રહ્યા પછી વળી કરાંચી જવાનું થયું ત્યારે પણ શરીર બરાબર નહીં છતાં પણ કોઈને ખબર પડવા ન દીધી. વળી મનુનાં લગ્નમાં બે મહિનામાં દેશમાં આવવાનું થયું, પરંતુ શરીરે નબળાઈ ઘણી હોવા છતાં તે વિશે કોઈને કહે નહીં. પછી ડૉ.

ન્યાલચંદભાઈ ને બોલાવ્યા. તેમને મેં વાત કરી પણ તેઓ તબિયત દેખાડે નહીં. ડૉક્ટર તે દિવસે ત્યાં રોકાયા. સવારે પરાણે તબિયત જોઈ ને સોજો છે એમ કહ્યું. પણ તેઓએ વિલાયતી દવા કરવાની ના પાડી. બધાએ ભેગા મળી વિચાર કર્યો કે બીજા ડૉક્ટરને બોલાવી તબિયત બતાવીએ. ઇન્જેકશન ચાલુ કરાવ્યાં અને જમવામાં માત્ર કેળાં તથા દૂધ શરૂ કરાવ્યાં, પણ તે અનુકૂળ ન આવ્યાં. શરદી થતાં તે બંધ કરી મગના દાણા પલાળી લેવાનું રાખ્યું. એમ એવો દોઢ મહિનો ઉપચાર થયો. કંઈક ઠીક લાગ્યું અને પછી કરાંચી જવાનો વિચાર કર્યો.

પોતાને 'શ્રી આત્મસિદ્ધિજી'ની રૅકર્ડ ઉતારવાની ઘણી ઇચ્છા હતી. પણ તે માટે કોઈ મળ્યું નહીં. ત્યારે મેં કહ્યું, "કૃપાળુદેવના પત્રોના ફોટા તૈયાર કરાવીએ." તેમને તે વાત બહુ રુચી ગઈ. પણ કહે, "એ કોણ કરશે?" મેં કહ્યું, "તમે ધારો તો ગમે તેમ કરીને તે કાર્ય પાર પાડો તેમ છો." પોતે બીજે જ દિવસે શ્રી મણિભાઈ રેવાશંકરની પાસેથી પત્રો મંગાવ્યા ને તે આવ્યા એટલે તેમણે ભાઈ શાંતિલાલ હેમચંદને એ કામ સોંપ્યું. બત્રીસસો રૂપિયામાં આ કામ સરસ રીતે કરાવરાવ્યું. અને રૂપિયા બે હજારમાં કૃપાળુદેવનું શ્રી કાઉસ્સગ મુદ્રાનું ચિત્રપટ (ખડ્ગાસન) પણ કરાવ્યું. કામ સારું થવું જોઈએ તેવી મૂળ ભાવના હોવાથી ખર્ચમાં સંકોચ કરતા નહીં. દર્શન કરતાં જ આહ્લાદ ઊપજે તેવું ચિત્રપટ હોવું ઘટે એવી એમના હૃદયની ભાવના હતી.

કૃપાળુદેવનું સાહિત્ય તેઓ વાંચતા થોડું, પણ વિચારતા ઘણું. તેઓ વર્તનમાં ઉતારવાની દૃષ્ટિએ વાચન-ચિંતન કરતા. કરાંચીમાંના વિકટ સંજોગોની હું વાત કરું તો તેઓ કહે, "કસોટી સોનાની હોય છે. આપણે સોના જેવા થવું. પોતાના દોષ જોવા. આ વાંચો છો તેનો વિચાર કરો." એમની જીવનદૃષ્ટિ આવા આવા ઉદ્ગારોમાં અનેક વાર વ્યક્ત થતી.

પોતે ગૃહવ્યવહારમાં ખાસ લક્ષ આપતા નહીં એટલે કે વચ્ચે આવતા નહીં. મનુભાઈનાં લગ્ન મુંબઈમાં કર્યાં, પણ તેઓ તે કશામાં વચ્ચે પડતા નહીં; કહેતા કે તમે રાજી રહો તેમ

કરો. લગ્ન પછી બે માસ મુંબઈ રહી કરાંચી જવા રાજકોટ આવ્યા. ત્યાં પૂ. માતુશ્રી (મોટાંબા) માંદાં પડચાં. તેમની સેવા-શુશ્રૂષા બની તેટલી કરી. તેમને ઠીક થયા પછી જ કરાંચી ગયા. મુંબઈથી નીકળતાં પહેલાં તેઓ બધાને મળી આવ્યા. પોતાને મનમાં જાણે એમ જ થઈ ગયું કે હવે કરાંચીથી પાછો આવવાનો નથી—જાણે છેલ્લી વખત બધાંની રજા લઈને જતા હોય તેમ ગયા.

કરાંચી ગયા પછી મહિનો થયો અને દુકાનને પાકિસ્તાન સરકારે સીલ માર્યાં. ત્યાર પછી ઘરને પણ સીલ દેવાયાં. તે વખતે પોતે, શ્રી ગોપાળજીભાઈ પટણી તથા આચાર્ય—એ બધા સ્વામીનારાયણની ચાલીમાં સાથે રહેતા હતા. વખતની પણ કેવી બલિહારી છે! ક્યાં રહેવાના બંગલા! ક્યાં એ સુખસામગ્રી! ક્યાં એ કુટુંબપરિવાર! અને ક્યાં આ ચાલમાં રહેવાનું! વિચાર કરતાં અત્યારે પણ મારું હૃદય ભરાઈ આવે છે, અકથ્ય વેદના અનુભવે છે, છતાં એમણે આ વસ્તુ મન પર લીધી નહોતી. તેઓ તો સમદૃષ્ટિવાન હતા. પ્રભુસ્મરણ અને 'આત્મસિદ્ધિજી' વારંવાર વિચારતા અને પરમકૃપાળુ દેવનાં વચનામૃતનું મનન કરતા હોઈને દુ:ખ ન થાય તેમ શાંતિથી નવ મહિના કરાંચીમાં રહેલા. તે બધો સમય આત્મશ્રેય વિચારવામાં ગાળ્યો અને એ અનાર્ય-દેશમાં પણ આત્મહિત સાધ્યું. પોતે ત્યાંથી હંમેશાં કાગળ લખતા તેમાં 'આત્મસિદ્ધિજી'ની ગાથાઓ તો હોય જ. તેમના મનને એમ રહેતું કે કાગળ એક દિવસ નહીં લખાય તો બધાંનાં મનને અશાંતિ અને ચિંતા થશે. તેથી બધાંને શાંતિ થાય એવું લખાણ આવે. છતાં છેલ્લા છેલ્લા દિવસોમાં મને થયા કરતું કે હવે તો હું કરાંચી જાઉં. મેં કાગળ લખી પુછાવ્યું કે મારે આવવું છે. ત્યારે તેમનો પત્ર આવ્યો કે, "આવા અનાર્ય દેશમાં, અત્યારનું વાતાવરણ—ચારે બાજુ માંસાદિક અભક્ષ્ય નજરે ચડે છે અને અસ્વચ્છતા પ્રવર્તે છે તે—જોઈ તમને ગમશે નહીં અને ખૂબ મૂંઝવણ થશે. માટે આવવાનું હાલ મુલતવી રાખવું." ત્યાર પછી પાછો બીજો કાગળ આવ્યો કે, "મારા લખવાથી કદાચ તમને માઠું લાગ્યું હશે પણ તમને અહીં ન ફાવે તેટલા માટે જ ના લખી હતી. તમારી ઇચ્છા હોય તો ખુશીથી આવો; મારી

ના નથી. હું હવે થોડા વખતમાં તે તરફ આવીશ.'' તેઓ આ પ્રમાણે લખતા ને બધાને આશ્વાસન આપતા કે હું આવીને બધું ઠીક કરી દઈશ. પણ પોતાને હવે ક્યાં........!

મને પણ આશા હતી કે આવશે અને પછી અમે બધાં વવાણિયા જઈશું. દિવાળી તથા પૂનમ વવાણિયામાં ઊજવીશું અને પછી બધાં તીર્થસ્થાનોનાં દર્શન કરી, સૌ કુટુંબીજનોને મળી પછી શાંતિથી શેષજીવન પ્રભુના સ્થાનમાં જ ગાળીશું. તેમની પોતાની પણ એમ જ ઇચ્છા હતી એ હું જાણતી હતી.

પણ........આપણે ધારીએ શું? અને થાય છે શું? પ્રભુ કહે છે કે "કર્મગતિ વિચિત્ર છે." કરાંચીમાં તેમને હૃદયરોગનો હુમલો થયો. અતિ વેદના થઈ ત્યારે વાત કરી અને પથારી કરાવી. ગોપાળજીભાઈને થયું કે આમ કોઈ દિવસ પથારી કરાવે નહીં. જરૂર કંઈ વધારે દર્દ થતું હશે? આથી તેમણે ડૉક્ટરને તરત બોલાવ્યા, ઉપચારાદિ કરતાં દુખાવો ઓછો થયો અને ઠીક લાગ્યું. પાછી બીજે દિવસે ગૅસની તકલીફ થઈ આવી ત્યારે દેશમાં ગોપાળજીભાઈનો ટેલિફોન આવ્યો તેમાં ત્યાંના સમાચાર જણાવી ચિંતાનું કારણ નથી એમ જણાવ્યું. પણ મને એમ થયું કે જવું તો ખરું જ. તે વખતે મનુભાઈ દિલ્હી હતા અને મોટાભાઈ બુદ્ધિધન રાજકોટ હતા. તેઓને ટેલિફોન કરતાં મેળાપ ન થયો. પ્રફુલ્લભાઈ ને હું તૈયાર થયાં. પરમીટ તરત જ મળી ગઈ. બીજે દિવસે અમે કરાંચી પહોંચ્યાં. મનુભાઈ દિલ્હીથી આવી ગયા, પણ તે વચ્ચે મુંબઈમાં રોકાઈ ગયા તેથી અમને ઍરોડ્રોમ પર મળ્યા નહીં. ઘેરથી નીકળ્યા ત્યારે શુકન સારાં નહોતાં થયાં એટલે મારું મન અશાંત હતું, હૃદય વ્યથિત હતું.

કરાંચી ઍરોડ્રોમ પર ગોપાળજીભાઈ આવ્યા હતા. તેમને તબિયતના ખબર પૂછતાં કહ્યું કે સારું છે; થોડી ગૅસની તકલીફ છે. અમે ઘેર ગયાં. તેઓ પોતે સૂતા હતા. હું જઈને તેમને પગે લાગી. તેઓ કહે કે "આવ્યાં?" મેં કહ્યું, "હા." "બધાં કેમ છે? મજામાં ને?" મેં કહ્યું, "હા." મને પૂછ્યું, "તમારે પગે કેમ છે?" મેં કહ્યું, "સારું છે." ત્યારે કહે, "મારા કહ્યા પ્રમાણે બરાબર

દવા કરો તો સાવ મટી જાય. ચૈત્ર મહિનો આખો તમારે પનીર પીવું." મેં કહ્યું, "હવે, એમ કરીશું." પછી ગોપાળજીભાઈને કહ્યું, "તમે આમને માટે ખાવાનું કંઈ કર્યું?" ગોપાળજીભાઈએ કહ્યું, "ભૈયો કરે છે." પોતે કહે "ભૈયો ચા કરશે તે તેમને નહીં ફાવે; તેમને ચા સારી જોઈશે." મેં કહ્યું, "તમે કાંઈ ચિંતા કરો મા; મને ચાલશે." "જમવા માટે કેમ કરશો?" તેમણે પૂછ્યું. મેં કહ્યું, "કરી લઈશ." તો ગોપાળજીભાઈએ પૂછ્યું, "બધાંની સાથે ચાલશે નહીં?" ત્યારે તેમણે કહ્યું, "નકામું તેમનું મન દુખાય તેવું નહીં કરો." આમ વાતચીત થઈ એટલામાં ગોપાળજીભાઈને બહાર જવાનું થયું. આચાર્ય આવ્યા. તેમને કહ્યું, "ખાવાનું તમે બનાવી આપો." આચાર્ય કહે, "ભલે." પણ મેં ના પાડી: "હું ચલાવી લઈશ," એમ કહ્યું. પછી બ્રાહ્મણની લૉજમાંથી પોતે ભાણું મંગાવ્યું. આ પ્રમાણે કોઈ રીતે મારું મન ન દુભાય તેમ કરતા. પણ મારું મન તો કેન્દ્રિત થયું હતું તેમના વ્યાધિમાં. એ હું તેમને કઈ રીતે જણાવું?

પૂનમને દિવસે સાંજના શીત વળ્યાં, તેવી વેદનામાં પણ પોતે ક્ષમાપનાનો પાઠ જ બોલતા હતા. પાછું એકમની રાત્રે તેવી જ રીતે થયું. મંદવાડ વધતો ગયો, વ્યાધિ ઘણો ભયંકર થતો જતો હતો. જયંતિલાલ, વિદ્યાબહેન, ભાઈ બુદ્ધિધન એ બધાં કરાંચી આવવા માટે ઉતાવળાં થયાં, પણ તેઓએ તેમ કરવાની તેમને ના પાડી: "બધાંને હેરાન ન કરો. બધાં અહીં આવો તો ત્યાં રહેનારની શી સ્થિતિ?" એમ કહી બોલાવવાની ના જ કહેતા. તોપણ ભાઈ બુદ્ધિધન તેમની ના છતાં આવ્યા વિના ન રહી શક્યા અને તે આવ્યા તે સારું કર્યું. મારા મનને પણ એમ થયા કરતું કે તે આવે તો ઠીક, પણ બધા ના પાડે એટલે હું શું બોલું? હું તો હૃદયની વેદના હૃદયમાં જ સમાવતી.

દર્દ પોતાનું કામ કર્યે જતું હતું અને પોતે તો પોતાનું લક્ષ આત્મશ્રેય પ્રત્યે જ રાખ્યું હતું. પોતે 'પરમગુરુ નિર્ગ્રંથ', 'સર્વજ્ઞદેવ', 'ભગવાન', 'રામ' આ શબ્દો વારંવાર ઉચ્ચારતા તે મુજબ એક વાર 'રામ' કહ્યું ત્યારે મેં કહ્યું, 'હે ભગવાન!'

જવાબમાં પોતે કહે, "રામ અને ભગવાનમાં ફેર ખરો ?" મેં કહ્યું, "બધું એક જ છે." આ રીતે પોતાનું ધ્યાન પ્રભુના નિત્યસ્મરણમાં જ રહેતું.

મોટાભાઈ બુદ્ધિધન આવ્યા પછી ન્યાલચંદભાઈ ડૉક્ટરને તથા મણિયારને મુંબઈથી બોલાવ્યા અને પોતાના ઘરમાં રહેવા જવાની સરકાર તરફથી છૂટ મળતાં ઘેર ગયા. મંદવાડ વધતો જ ગયો. ડૉક્ટર આવ્યા, ઉપચાર ઘણા કર્યા, પણ સુધારો ન જ દેખાયો. આ બાજુ જયંતિલાલની આવવાની ઇચ્છા ઘણી, પણ સૌની ના એટલે તેમ બન્યું નહીં. વિદ્યાબહેનથી પણ એ જ કારણથી ન અવાયું. આઠ વરસ થયાં તે ઘેર રહેવા આવી નહોતી તેમાં છેવટે મળી શકાયું નહીં તેનું તેને બહુ દુઃખ રહ્યું છે.

ઘરમાં આવ્યા, પણ મંદવાડ દિવસે દિવસે વધ્યો. વેદના ઘણી જ હતી. પરંતુ લક્ષ તો આત્મામાં પરોવ્યું હતું. તેમને સમજાઈ ગયું હતું કે હવે પ્રભુના ધામમાં જવાનો સમય આવી પહોંચ્યો છે. દેહ છૂટવાના બે દિવસ પહેલાં ગોપાળજીભાઈને બોલાવ્યા અને બંને ભાઈઓને પણ બોલાવ્યા. પછી બધાને સૂચના કરી કે, "તમે બધાં સૌ હળીમળીને રહેજો. તમારી બા, મોટીબા, તથા નાનીબાને કોઈ જાતનો સંકોચ ન પડવા દેશો." વહુ-દીકરીઓનાં નામ લઈ કહ્યું, "તેમનું બરાબર ધ્યાન રાખશો. તેમ જ લૈયાએ તથા મલંગે મારી ચાકરી ઘણી કરી છે. લૈયાનું ધ્યાન રાખશો. કરીમભાઈ, આચાર્ય, પટણી અને દુકાનના બીજા માણસોએ મારી ખૂબ સેવા કરી છે," એમ કહી બધાનાં નામ લઈ ઉપકાર માન્યો.

પછી મને કહ્યું, "મેં ઘણી વાર તમારું મન દુભાવ્યું તેની ક્ષમા માગું છું." મેં સજળ નયને કહ્યું, "એ તો ઠીક; પણ તમારી ઉદારતા હું કઈ રીતે વર્ણવું ? મેં તમને ઘણી વાર દુખી કર્યા છે તેની હું પણ બે હાથ જોડી ક્ષમા માગું છું. તમારા આત્માને શાંતિ રહો! પ્રભુનું સ્મરણ જ આપણને ભવોભવ રહો અને છેવટે આપણે સાથે જ આ ભવથી નિવૃત્ત થઈએ એ જ હું પ્રભુને પ્રાર્થના કરું છું."

પોતે પથારીમાં છેવટ સુધી પ્રભુનું નામ ભૂલ્યા ન હતા. મંદવાડમાંથી સારા થવા બાબતમાં મને શંકા તો હતી જ. સોમવારે રાત્રે મંદવાડ વધ્યો. ઉપચારો કરતાં ઠીક લાગ્યું. મને થયું કે મનુભાઈ આવે તો સારું. ટેલિફોન કરાવ્યો. છ વાગે પાછો મંદવાડ વધ્યો. ગોપાળજીભાઈ મને કહે, "તમે હા પાડો તો વૈદ્યની દવા લઈએ." મેં કહ્યું, "ભલે." ગોપાળજીભાઈ વૈદ્ય પાસે ગયા, પણ કારણવશાત્ વૈદ્ય ન આવી શકયા અને દવામાં કેસૂડાનો શેક કરવાનો કહ્યો. ગોપાળજીભાઈએ તૈયારી કરી ને મેં શેક કરવો શરૂ કર્યો. હું શેક કરું ને તેઓ બતાવતા જાય કે શેક ક્યાં કરવો. શેક કરતાં કરતાં 'આત્મસિદ્ધિજી'ની ગાથાઓ તથા પ્રભુસ્મરણ કહેતી. તેમાં ભૂલ પડે તો પોતે ઇશારો કરે અને કહે કે ભૂલ છે. આમ છેવટ સુધી ખૂબ જ શાંતિપૂર્વક પ્રભુનું જ ધ્યાન હતું. ત્યાં એકદમ શ્વાસોચ્છ્વાસ વધ્યો એટલે શેક બંધ કર્યો. પ્રભુસ્મરણ ચાલુ જ હતું. તે સાંભળતાં શ્વાસ બંધ પડચો અને .......શરીરચેષ્ટા સઘળી સ્થંભી ગઈ...

વિ. સં. ૨૦૦૬ના શ્રાવણ વદ આઠમ ને મંગળવારે સવારે ૧૧-૫ મિનિટે એ પવિત્ર આત્મા નશ્વર દેહનો સંબંધ છોડી ચાલ્યો ગયો. ઉજ્જવળ પરિણામે ઉત્તમ ગતિને પામ્યો. મૃત્યુનું આવવું અવશ્ય છે, એવો નિશ્ચય થતાં જ્ઞાની સિવાય સામાન્ય જીવોને તેનું વિસ્મરણ થઈ ધીરજ રહેતી નથી. રડી જવાય, અશ્રુપ્રવાહ વહેતો થાય, એ સ્વાભાવિક છે. સ્વજનો સૌ શોકગ્રસ્ત થઈ ગયાં, વાતાવરણ શોકમય બની ગયું.

ઘરમાં, વ્યાપાર વ્યવસ્થામાં અને અનેક સામાજિક કાર્યોમાં તેઓ અગ્રેસર હતા. ખાનગી રીતે અનેકનાં દુઃખ ટાળતા. આમ ઘણાંને ભિન્નભિન્ન ક્ષેત્રોમાં તેઓ સહાય અને હૂંફ રૂપ બન્યા હતા. આવા પ. પૂ. ભગવાનલાલભાઈનો વિયોગ અતિ અતિ દુઃખરૂપ થયો. સ્વજનોને તો આ વિયોગ અસહ્ય હતો. મારી અંતરવેદના પ્રકટ કરવાની ન હોય. આ પ્રસંગ સંબંધે ભાઈ બુદ્ધિધનભાઈએ જણાવ્યું છે કે:

"પૂ. બા પાસે જ છે. સમય જુદો છે. પાકિસ્તાન એટલે જાણે પરાયા દેશમાં ઘણી પ્રતિકૂળતા વચ્ચે છે. ચાળીસ વર્ષનો સંબંધ! વિયોગનો તાપ અસહ્ય લાગે એવી સ્થિતિ છે. પરમાત્મસ્વરૂપ પિતા શ્રીમદ્જીનાં પુત્રી છે. બાળપણથી પરમાર્થસંસ્કાર સિંચાતા આવ્યા છે અને તે જ એક માત્ર આ દુઃખદ પળે, આ વિકટ પ્રસંગે આશ્વાસનરૂપ થાય છે."

ભગવાને કહ્યું છે—"....એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે...."

"જેની નિરુપાયતા છે ત્યાં સહનશીલતા જ સુખદાયક છે એમ માન્યતા હોવાથી મૌનતા છે." વળી પણ કહ્યું છે :

"સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થશે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. ગમે ત્યારે તેનો વિયોગ નિશ્ચયે છે. પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે કે જે આશ્રયને પામીને જીવે તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વરૂપમાં સ્થિતિ કરે."

"એ પરમ પુરુષ અને તેની વાણીનો આશ્રય પૂ. બાને રહ્યો છે જેને આધારે છેવટ સુધી ખૂબ ધીરજપૂર્વક પ્રભુસ્મરણ રાખ્યા કર્યું છે. તેમણે કુટુંબીજનોને પ્રભુની વાણીનું 'આત્મસિદ્ધિજી'ની ગાથાઓ વડે સિંચન આપ્યા કરી પરિણામે શ્રી પ્રભુની સ્મૃતિમાં, એના જ શરણમાં ઉપયોગ રહે તેવી ધર્મ આરાધનાનું મંગળ કાર્ય કર્યું છે, અને એ શુભ આરાધનારૂપ પવિત્ર કાર્ય આ અસહ્ય વિયોગજનિત તાપમાં ચિત્તને સમાધાનરૂપ અને ઉપશમ આપનાર થયું છે. પૂ. શ્રી ભગવાનલાલભાઈને પરમકૃપાળુ પ્રભુમાં વિશ્વાસ હતો જ. ધર્મમૂર્તિ પરમકૃપાળુ પ્રભુની છાપ તેમના અંતરમાં હતી જ. ધર્મને નામે સંબંધ, શરણભાવ, એક પરમકૃપાળુશ્રીમાં જ હતો. એના આલંબને જીવન ધન્યરૂપ બન્યું હતું. એ સઘળા વિચારે, અનુભવે પૂ. બાને શોકને સ્થાને ક્રમે કરી સદ્વિચારને અવલંબને ધર્મધ્યાનમાં ચિત્ત રહ્યું છે.

"તે વખતે આવા ખેદના પ્રસંગે પણ પૂ. બા શુભભાવનું કેવું ચિંતન કરે છે તે એમના જ શબ્દોમાં જોઈએ: 'જીવ નિત્ય વસ્તુને ભૂલી જઈ અનિત્ય પદાર્થમાં મોહ રાખે છે એ જ એની અજ્ઞાનતા છે. સંયોગ માત્ર વિયોગજનિત છે. કોઈ સાથે જઈ શકતું નથી. માટે આત્મહિતનો વિચાર એ જ કર્તવ્ય છે, એમ વિચારી આત્મશ્રેય પ્રત્યે વળવું એ એક હિતકારી ઉપાય છે. હે જીવ! શ્રી સત્પુરુષનાં વચનોનો ફરી ફરી વિચાર કરી તેમના કહેલા પુનિત પંથે ચાલી ભવબંધનથી મુક્ત થા. જન્મમરણરૂપ આ સંસારક્લેશથી રહિત થા. ભગવાન પરમકૃપાળુશ્રીએ કહ્યું છે તેમ:

"'–એ પરમ તત્ત્વનો મને સદાય નિશ્ચય રહો. એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ–મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!

"હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ. કંઈક વિચાર. પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા! નહિ તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

"હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.'"*

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

✩ ✩ ✩

*વ. ૫૦૫

# બુદ્ધિધનભાઈની પુણ્યસ્મૃતિ

પૂ. રણછોડદાસભાઈએ એટલે કે, બુદ્ધિધનભાઈના દાદાએ, બાળપણથી જ તેમનામાં પરમકૃપાળુ દેવની ભક્તિ તથા શ્રદ્ધાનાં બીજ રોપ્યાં હતાં. તેમનાં પૂ. દાદા અને દાદીમા (મણિબહેન)ને ત્યાં કૃપાળુદેવશ્રી પધાર્યા તે વખતથી એ પરમ પુરુષનાં પુનિત દર્શન-સમાગમે તેઓમાં ભક્તિવાત્સલ્યના સંસ્કાર દૃઢ થયા હતા અને તેથી ઘરમાં પણ સૌને એ ધર્મસંસ્કાર દૃઢ થયા હતા. મને પણ ત્યાં પ્રાપ્ત સંસ્કારને સારું પોષણ મળ્યું, જેથી મારામાં શ્રદ્ધા તથા ભક્તિમાં ઉત્સાહ ઉત્તરોત્તર વધતો જ રહ્યો.

મારા સસરા અને સાસુજીએ અમારાં બધાં બાળકોના સંસ્કારમય ઉછેરની સારી મહેનત લીધી છે. ભાઈ બુદ્ધિધન ત્રણ વર્ષનો હતો ત્યારથી તેઓ તેને પોતાની સાથે જ રાખતાં. વડવા, અગાસ કે અન્ય સ્થળે યાત્રાએ જાય ત્યાં પણ તેને પોતાની સાથે જ લઈ જતાં. પૂ. મોટાંબાને દર વર્ષની કાર્તિકી પૂર્ણિમા, એટલે શ્રી રાજજયંતિદિનના મહોત્સવ પર, વડવા જવાનો નિત્યનિયમ હતો. પછી પ્રભુની પ્રતિષ્ઠા વવાણિયા 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'માં થતાં તીર્થધામ વવાણિયા પધારવાનું રાખ્યું હતું. શારીરિક અનિવાર્ય પ્રતિકૂળતાને કારણે બે પૂનમો વવાણિયા ન થઈ શકી. તેનો ખેદ તેમને બહુ રહેતો.

શ્રીમદ્ રાજપ્રણિત સદ્ધર્મમાં માતાપિતા અને દાદા–દાદીમાના સહવાસથી પરમકૃપાળુ દેવની પ્રભુતાની છાપ ભાઈ બુદ્ધિધનના અંતરમાં બાળવયથી જ અંકિત થઈ હતી અને તેને લઈને 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'ની ઉજ્જવળ પ્રભાવના રહેવા અર્થે તેના



સ્વ. પૂ. શ્રી બુદ્ધિધનભાઈ ભગવાનલાલ મોદી

અંતરમાં ઘણી લાગણી હતી. તેને પરમકૃપાળુ ભગવાનમાં ઊંડી શ્રદ્ધા હતી તેથી શ્રીમદ્ ભગવાનની પ્રતિષ્ઠા વખતે તેણે સારો ઉત્સાહભર્યો ભાગ લીધો હતો. વવાણિયા તીર્થનો વ્યવહાર નિર્ભેળ અને સ્વાધીન રહે તેવી તેમની તીવ્ર ઇચ્છા હતી. પ્રભુની પ્રતિષ્ઠા સંબંધમાં કંઈ ભિન્નભિન્ન અભિપ્રાય જણાતાં 'પ્રતિષ્ઠા તો મારાં બા જ કરે' તેવો મક્કમ વિચાર તેણે જ આગળ કરી મારે હાથે પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી.

તેના પિતાશ્રીએ તેને ભલામણ કરેલી: "વવાણિયાને બરાબર સંભાળજો, શોભાવજો." પિતાશ્રીનું વચન તેમણે પૂરા પ્રેમથી તન, મન અને ધનનો યથાસમય ભોગ આપીને બરાબર પાળ્યું છે. દર કાર્તિક પૂર્ણિમાએ જયંતિ મહોત્સવ પર તે કલકત્તાથી વવાણિયા આવી પહોંચતા. તેમની શ્રદ્ધા અને ભક્તિથી અમને સૌને બહુ આનંદ વેદાતો અને ઘણી હળવાશ રહેતી; વ્યાવહારિક કાંઈ બોજો લાગતો નહીં, તબિયતને કારણે તેઓ બે પૂર્ણિમા વવાણિયામાં ન કરી શકયા તેનો તેમના મનમાં બહુ વસવસો હતો. "આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ, ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યાં છે." (પરમકૃપાળુ દેવ.)

પ્રભુનો જ જાણે દિવ્ય સંદેશ ન હોય તેમ વાત બની: સં. ૨૦૧૯ના આખરી મહિનાઓમાં તબિયતને કારણે બુદ્ધિધનભાઈને મુંબઈથી રાજકોટ રહેવાનું થયું હતું. હૃદયની બીમારી હતી જેમાં દર્દીને પૂરો આરામ જ રાખવો પડે. ચડવા–ઊતરવામાં પૂરું જોખમ ગણાય. હરફર કરવાનું તે પણ માપીને. બેત્રણ વર્ષથી ઓછાવત્તા પ્રમાણમાં વ્યાધિએ પણ ઘર કરેલું; તે કવચિત્ ઉગ્ર રૂપમાં પણ થઈ આવે. શરીર સંબંધમાં શ્રી બુદ્ધિધનભાઈની આવી સ્થિતિ રહ્યા કરતી. સગવડ સાચવવામાં, રાખવામાં, ઉપચાર કરવામાં કોઈ સંકોચ નહીં, કોઈ તાણ નહીં. ઘણી મોકળાશ. આવી વિપુલ સામગ્રીનો ધણી, સમજુ વિચારવાન ગણાતો દર્દી, સંવત ૨૦૧૯માં કાર્તિક પૂર્ણિમા પર રાજકોટથી વવાણિયા આવવાના મનસૂબા કરે છે, કોડ સેવે છે. મક્કમ વિચારથી સ્વજનોને

જણાવે છે, "ગમે તેમ થાય, આ વખતે પૂર્ણિમા વવાણિયા જ કરવી છે—તમે હા પાડશો કે ના પાડશો તો પણ આ પૂનમ વવાણિયા કરવી જ છે." આવે સમયે ઇચ્છવાયોગ્ય વિધિ એટલે ડૉકટરની પરમીટ (રજા) લેવી જોઈએ અને તેમ થાય એટલે સમાધાન રહે. પણ જે થવા યોગ્ય હોય તે જ બધો વિધિ અનુકૂળ થાય. ડૉકટરને બતાવ્યું. તેમના કહ્યા પ્રમાણે 'કાર્ડિયોગ્રામ' કઢાવ્યો. બહુ જ સારો આવ્યો અને ડૉકટરે કહ્યું, "પંદર દિવસ ખુશીથી રહી આવો." ઘણી વાર અંતરનાં વેણ કોણ બોલાવે છે તેની કોઈ બોલનારને પણ ખબર હોતી નથી. એની અંતરિક્ષ વાણીથી પોતે કહે, "ત્રણ દિવસ રોકાવું છે." મિત્ર આવ્યા તેને કહે, "આપણને પરમીટ મળી ગઈ. ભગવાન બોલાવે ત્યાં કોણ રોકનાર છે?" તેરસે નીકળી દહીંસરા આવ્યા. મૉટરની સગવડ રખાવી હતી તેમાં વવાણિયા આવ્યા. મૉટરથી મંદિરની પ્રદક્ષિણા કરીને પોતે અંદર આવ્યા. તે વખતનો તેમનો આનંદ, ઉલ્લાસ જ અનેરો હતો—અવર્ણ્ય હતો. પ્રભુને ભેટવા જાણે ન આવ્યા હોય!

'પરમકૃપાળુ પ્રભુ નમું, અહો પ્રગટ મહાવીર;
શ્રીમદ્ રાજચંદ્ર પદે, ધરું શ્રીફળ નિજશિર.'

મંદિરમાં આવતાં જ આ ભક્તિભાવનાથી ઉત્કંઠાપૂર્વક પ્રભુના ચરણમાં શિર ઝુકાવી દીધું. તેની અંતર ઇચ્છાની ભક્તિ સમજીને તેની ભક્તિની સુવાસ સ્વજનોમાં પ્રસરી રહે, તેનું જીવન ધન્ય બને, તેની પુણ્યસ્મૃતિ ખેદ અને શોકને સ્થાને સૌને પ્રભુભક્તિમાં, સદ્વિચારમાં, ધર્મધ્યાનમાં રહે, પ્રેરે, એવા એવા ગહન, અતિ ગહન ભાવો એ તો એ જ જાણે! ભક્તવત્સલ ભગવંતે જાણે તેનો સંદેશો ન સાંભળ્યો હોય! તે અંતરિક્ષ સંદેશાને ઝીલી નાજુક ભયભરેલી પરિસ્થિતિમાં પણ વવાણિયા આવવાના-પ્રભુ-દર્શન પામવાના-કોડ હતા.

આ વખતના એમના વર્તનમાં અને સમાગમમાં કોઈ અનેરો ઉત્સાહ વરતાતો હતો. તેઓ જાણે શરીરને ભૂલી ગયા ન હોય! બધી દેખરેખ જાતે રાખવાની જ તમન્ના તેમને હતી. આવેલા સૌ મહેમાનોની વ્યવસ્થા જોઈ કંદોઈને બોલાવી પોતે જ બધી

સૂચના કરી. ચૌદસના આખા દિવસે મહેમાનો માટે યોગ્ય વ્યવસ્થા કરાવી. રાત્રે પણ પોતે સૂતા હતા, ત્યાં પ્રભુનાં ગુણગાન સાંભળ્યાં. બીજે દિવસે પણ તેમ જ ભક્તિ ચાલુ રાખવાનું કહ્યું. પોતાનું ચિત્ત બધો સમય આમ ભક્તિમય જ રહ્યું. પૂર્ણિમાએ સવારે છ વાગ્યામાં નાહીને તૈયાર થઈ ને એ પ્રકારે પાળી ઉપર બેઠા કે જ્યાંથી બધા મહેમાનોનું ધ્યાન રહી શકે. મેં કહ્યું, "ભાઈ, થાકી જશો." પોતે કહે, "હવે સારું છે; આનંદ છે." સર્વ મહેમાનો ચાપાણી લઈ ને પછી નાહીને પરવાર્યા. કોઈ ને કાંઈ અગવડ ન પડે ત્યાં સુધી બધાનું ધ્યાન રાખ્યું. ત્યાર પછી ગુરુ-મંદિરની ચાલીમાં સીડી છે ત્યાં પાળ ઉપર બેઠા. સર્વને પ્રેમ-ભાવથી મળી વાતચીત કરી. મેં કહ્યું, "ભાઈ, ખુરસી લઈ ને બેસો તો?" તો કહે, "મારે મોટાઈ નથી જોઈતી." કોઈએ કહ્યું, "ભાઈ, થાકી જશો?" પોતે કહે, 'થાકી જઈશું તો ભગવાન પાસે લાંબા થઈ સૂઈ જઈશું." 'સ્નાત્રપૂજા' ભણાવવાની તૈયારી બધી તેમનાં પત્ની સુધાબહેને કરી. ભગવાનને સિંહાસન પર પધરાવ્યા. ત્યાંથી સર્વ ક્રિયા કર્યા પછી શાંતિકળશ સુધાબહેને કર્યો. પોતે પણ 'સ્નાત્રપૂજા' અંગે હાથે નાડાછડી બંધાવી, બાબાએ (ચિ. રાજેશે) આરતી ઉતારી, ચામર ઢોળ્યા. આ બધાનું પોતે ઊભા ઊભા નિરીક્ષણ કર્યું. તે પછી રથયાત્રા નીકળી. તે જોઈ ને તેમને ઘણો જ ઉલ્લાસભર્યો આનંદ થયો. જાણે પોતે ભગવાનનું સાંનિધ્ય – નિકટતા અનુભવતા હોય તેવો આનંદ વરતાતો હતો. રથયાત્રા નીકળ્યા બાદ તેઓ જિનાલય–ગુરુમંદિરમાં સર્વ ચિત્રપટોનાં દર્શન કરી, ચૌમુખીને પ્રદક્ષિણા કરી, બહાર મંદિરની પ્રદક્ષિણા કરી, મહેમાનો માટે તૈયાર કરાવેલી મીઠાઈ વગેરે ચીજો બરાબર છે કે નહીં તે જોઈ તપાસી લીધી. ત્યાર પછી રથયાત્રા પાછી આવી. પ્રભુ મંદિરમાં પધરાવ્યા તે સઘળાનું નિરીક્ષણ કર્યું. બાદ પોતે જરા આરામ લઈ ભોજન કર્યું. મહેમાનોની બરાબર સંભાળ રાખવાની, સરખી રીતે જમાડવાની સૂચના કરી. મહેમાનો હવે લગભગ જમી રહેવા આવ્યા હતા અને પોતે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ સાથે આવેલા મિત્રને વાંચવા આપ્યો. એક પોતાની પાસે રાખ્યો. અને મિત્રને સમજાવે છે, "પ્રભુનું નામ લેતી વખતે મન શુદ્ધ હોવું જોઈએ. સંકલ્પ–

વિકલ્પ ન થવા જોઈએ. જડ અને ચેતનની ભિન્નતા જાણે તેને મોક્ષ છે." આમ પરમાર્થ કથા થાય છે ત્યાં............"

ચિહ્નો ફર્યાં, શરીરે વિકૃતિ આવી, સ્વાભાવિકમાંથી અસ્વાભાવિક ક્રમ થયો. પ્રભુના પ્રત્યક્ષ દર્શને તેના તેડાને ઝીલવાનો ક્રમ આવી પહોંચ્યો. શરીરે પસીનો વળવા માંડચો. માથું પ્રભુના ચરણ તરફ ફેરવી દીધું, અને 'વચનામૃત' ગ્રંથ જમણી બાજુ મૂકચો. થોડી વારમાં પસીનાનું પ્રમાણ વધતું ગયું. વધુ ને વધુ પસીનો થવા લાગ્યો. સુધાબહેને દવા આપવાનું કર્યું. પોતે કહે છે, "હવે એ બંધ કરો. મને ભગવાન આગળ જવા દો." અને તેમ કહ્યા પછી તેમનો પવિત્ર આત્મા સદાને માટે આ પાર્થિવ દેહ છોડી ચાલ્યો ગયો. કયાં ગયો? નથી કોઈના ઉપર કે સ્વજનો તરફ લક્ષ આપ્યું. એક ભગવાન! ભગવાન! તેની ભક્તિમાં જ તેનું મન લીન બની ગયું.

પૂ. દાદાશ્રી રણછોડલાલભાઈએ પરમકૃપાળુ દેવને એક લેખ કે કોઈ સુવાકચ માટે પૂછતાં પરમકૃપાળુ દેવે જણાવ્યું હતું કે "ભાવનાસિદ્ધિ." નિઃશંક એનો આત્મા આ સિદ્ધિને વર્યો અને ઊર્ધ્વગામી થઈ પ્રભુને પંથે પરવર્યો.

"શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન."

કેવું દિવ્ય પરલોકગમન! એ દિવ્ય દર્શને જનાર, પવિત્ર સ્મૃતિ મૂકી જનાર આત્માને વંદન હો! પરમાત્મરૂપ બની જનારને પુનિત વંદન હો!

મહેમાનો અને સૌ જમી પરવાર્યા હતા. મહોત્સવનો બધો પ્રસંગ સરળ રીતે ઉજવાઈ ગયો હતો. એનું દિવ્ય પરલોકગમન કોઈને કોઈ પ્રકારે અંતરાયરૂપ થયું ન હતું. ભગવાનની એના પર પૂર્ણ કૃપા હતી અને તેવી જ સ્વજનો પર! શોક, ખેદ અને દુઃખમય આર્તધ્યાનરૂપ જે સ્મૃતિ તે રૂપાંતર થઈ, તેના સ્વર્ગ-

વાસની સ્મૃતિ મંગલમય, શુભ ચિંતનમાં જોડનાર, ધર્મધ્યાનમાં પ્રેરનાર, પરમકૃપાળુ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા–ભક્તિમાં વૃદ્ધિ કરનાર થયાં, નાસ્તિકને આસ્તિક બનાવનાર થયાં. સ્વજનો સૌને પવિત્ર સદ્ધર્મ માર્ગના ઉપદેષ્ટા શ્રીમદ્ ભગવાનમાં ઉત્તમ પ્રતીતિ ઉપજાવનાર, ધારણ કરાવનાર થયાં. એનો દિવ્ય મૂક સંદેશ સૌને પ્રભુપંથે વાળવા, તેમાં સ્થિર થવા, તે અર્થે કાર્ય કરવામાં, વવાણિયા તીર્થભૂમિની સંભાળ લેવામાં, 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'ની ઉજ્જવળતા અને ઉત્કર્ષ સાધવામાં, એક કર્તવ્યપાઠ શીખવનાર થયો.

એ વખતના એ દિવ્ય સ્વર્ગવાસ વેળાના એના સર્વ સંયોગો કેવા પવિત્ર બન્યા હતા! એની સર્વ ચર્યા, એના વચનનું પ્રકાશવું, એની ધૈર્યશક્તિ, એની મક્કમતા, સુદૃઢતા અને એના અંતરપરિણામ—એ સઘળું કેવું અપૂર્વ હતું! મોટું—મોટું ભાગ્ય! એ જ ઉક્તિ બસ થાઓ! વૈખરી વાણી એનાથી વધુ શું વ્યક્ત કરી શકે?

શ્રીમદ્ ભગવાન પ્રત્યે સાચી પ્રેમ–ભક્તિ આરાધવા આપણે સચેત રહીએ એ જ બુદ્ધિધનભાઈની પુણ્યસ્મૃતિની સાર્થકતા છે. છેલ્લા વખતના તેના ચહેરાનો પ્રભાવ પણ કોઈ જુદો તેજસ્વી દેખાતો હતો! છેલ્લા બે મહિના તેને ઊંઘ ન આવે ત્યારે 'નવકાર' સંભળાવવા કહે અને તે પ્રમાણે લાંબો વખત સંભળાવીએ ત્યારે શાન્તિથી સૂઈ જાય. પરમકૃપાળુ પ્રભુના કથન અનુસાર :–

"શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર પદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો."

ભવના અંતનું, દુઃખક્ષયનું, કારણ ભગવાનનું નામ જ. તેનું ભજન એ જ પ્રિય કર્તવ્ય હોય છે.

તેણે તેનું કામ સાધી લીધું. વસ્ત્ર દેહથી જુદું છે તેમ દેહને જુદો જાણી હસતે ચહેરે તેનાથી આત્મા પોતે છૂટો થયો, ઊર્ધ્વગામી બન્યો. ભગવદ્ ગતિ અનુસર્યો. પાછળ પત્ની અને પાંચ વર્ષનો પુત્ર રાજેશ છે. તેઓમાં પણ તેનાં શુભ સંસ્કાર દર્શન દે છે. બહેન

સુધા પણ એ સદ્ગત આત્માની સ્મૃતિ તાજી રાખી તેમના આશયને અનુસરવા પ્રયત્નશીલ છે. વચનામૃતનો આશ્રય રાખી શાંતિપૂર્વક પ્રભુભક્તિમાં ઉદ્યમવંત છે. રાજેશને પણ તેમ જ સુસંસ્કારિત કરવા ધ્યાન આપે છે. તીર્થભૂમિ વવાણિયા બંને પ્રકારે પુણ્યસ્મૃતિરૂપ છે. અને એ પવિત્ર તીર્થ પ્રત્યે એમને આદર અને ભક્તિ છે.

બુદ્ધિધનભાઈના નાના ભાઈઓ—પ્રફુલ્લભાઈ તથા મનુભાઈ 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન'ની પ્રેમપૂર્વક સંભાળ રાખે છે.

કેવું અતિ આશ્ચર્ય છે! કેવી આશ્ચર્યજનક ગૂઢ ઘટના છે! જે સ્થળેથી સવારે રથયાત્રા, પ્રભુના ગુણગાન, હર્ષ અને આનંદ-પૂર્વક પ્રભુતુલ્ય પિતાનો જન્મોત્સવ ઉજવાય છે તે જ દિવસે અને તે જ રસ્તે મોટા એવા પ્રિય પુત્રની નનામી! એ માતા તરીકેનું અંતરદર્શન પામવું એ પણ એક પુણ્યલાભ છે. સંસ્કારી આત્માઓને પ્રાપ્ત થતો આવો પ્રસંગ એ એક કસોટીનો પ્રસંગ ગણાય. તેમનું અંતરવેદન જાણવા અને સમજવા યોગ્ય છે. આવે સમયે હૃદયનું અંતર-મંથન ચાલ્યા જ કરતું હોય છે, પ્રભુભક્તિના ભાવો ઊભરાયા કરે છે. પ્રભુઉપદિષ્ટ સંસારની અનિત્યતા, અસારતા, અશરણતાના ભાવોનું ચિંતન બળ કરે છે અને પ્રભુનો ઉપકાર અતિ અતિ વેદાય છે. ઉપરાંત પણ પ્રભુમાં પ્રીતિ કરાવનાર, ભક્તિમાં વૃદ્ધિ કરાવી સન્માર્ગમાં દોરનાર, એ જ શુદ્ધ માર્ગમાં સ્થિતિ કરનાર સજ્જન પુરુષોનો સત્સંગ અને તેઓથી થયેલ ઉપકાર બહુ બહુ સાંભરે છે. અંતરમાં નમ્રતાના, દીનતાના, એક-રૂપતાના અર્થાત્ નિરહંકારતાના ભાવો વિશેષ સ્ફુરે છે અને સર્વમાં, સર્વકૃતિમાં શ્રી પ્રભુનું સાક્ષાત્પણું તથા તેનો જ ઉપકાર વેદાય છે. તેને માથે રાખી 'પોતાપણું' ગળે છે, ગાળવા ઉત્સુકતા થાય છે. અને આ રીતે શોકથી, ખેદથી રહિત થવાય છે અને પ્રભુમયતાનો અનિર્વચનીય આનંદ અનુભવાય છે:

"નાથ! અમે કર્યાનું અભિમાન વેદીએ એ અમારી અજ્ઞાનતા છે. ખરી કૃપા આપની! આપનામાં સાચી શ્રદ્ધા હોય તો અમે ભવસાગરમાં ન બૂડીએ. એ વસ્તુ ભાઈ બુદ્ધિધનભાઈએ સાબિત

કરી બતાવી છે. બાકી તો પ્રભુ! મારી કસોટી તો ઘણી થાય છે. મારામાં ક્યાં શક્તિ હતી કે એ કસોટીમાંથી હું પાર પામી શકું? આપ શક્તિ આપજો. હે પ્રભુ! શું કરું તે સૂઝતું નથી. એક બાજુ પરમાત્માસ્વરૂપે પિતાનો જન્મદિવસ કારતક સુદ ૧૫ ને રવિવાર—તે જ દિવસ ફરી આવ્યો અને તે જ દિવસે જ્યેષ્ઠ પુત્રનું સમાધિમૃત્યુ! હે પ્રભુ! મારા જેવાની આ કસોટી સામાન્ય કોટિની નથી. એક બાજુ ધજાઓ બાંધી છે, સવારથી બપોર સુધી ઢોલ-નગારાં વાગે છે, ને બીજી બાજુ બપોરના પુત્રવિયોગના દુઃખના ધ્વનિ! એક બાજુ જ્ઞાનમંદિરમાં ભક્તિની છોળો ઊછળે છે, ત્યારે એ જ જ્ઞાનમંદિર સામે સાંજના પુત્રને અગ્નિસંસ્કાર થાય છે! જે રસ્તેથી પ્રભુની રથયાત્રા આવી તે રસ્તેથી પુત્રની સ્મશાનયાત્રા ગઈ! જેણે પ્રભુની પાલખી લીધી તેને પુત્રને ખાંધે લઈ અગ્નિસંસ્કાર કરવાનું સર્જાયું! હે પ્રભુ! મુજ પામરનું શું ગજું કે આ તારી અકળ ગતિ સમજું? મારા નાથ! આપ જ આ કસોટીમાંથી પસાર થવાનો રસ્તો દેખાડશો. હું પામરનું મન કેમ ધીરજ રાખે? પણ આપનાં વચનો કોઈ અનન્ય, અપૂર્વ એવી અદૃષ્ટ શક્તિ આપતાં હોય તેવી મને અનુભૂતિ થાય છે. મારા પ્રભુ! આપની કૃપાથી સંસારસમુદ્ર પાર ઊતરું અને આપના ચરણોમાં આવીને સ્થિતિ કરું એ જ પ્રાર્થના કરું છું અને જાણે આપ મારી પ્રાર્થના સાંભળતા હો તેવી આંતર-પ્રતીતિનો અનુભવ પણ કરું છું. મારી અકથ્ય વેદનાને જાણે તમે ભક્તિના આનંદમાં રૂપાંતર કરી ન હોય તેવી નિગૂઢ લાગણી અનુભવું છું.”

☆ ☆ ☆

## શ્રીયુત ભોગીભાઈ
## ઇડરવાળા

પૂજ્ય ભાઈશ્રી પોપટલાલભાઈ મહોકમચંદના દેહવિલય પછી તેમના પુત્ર શ્રી ભોગીભાઈ વડવાતીર્થનો વહીવટ સંભાળતા હતા. તેમને પરમકૃપાળુ દેવ પ્રત્યે પ્રેમ તથા ભક્તિ બહુ જ છે. વડવામાં ઘણો વખત રહ્યા પછી તેમને એકાંતમાં રહેવાનો વિચાર થતાં ઇડરમાં રહેવાની ભાવના થઈ.

લીંબડીવાળા મનસુખભાઈ દેવશીના પુત્ર ગિરધરભાઈના સાથથી ઇડર 'શ્રીમદ્ રાજચંદ્ર વિહારભુવન' બંધાવ્યું. ત્યાં પરમ-કૃપાળુ દેવનાં પગલાંની સ્થાપના કરી. અત્યારે તેઓ એકાંતમાં રહીને ભક્તિભાવ કરી જીવનને સાર્થક કરી રહ્યા છે. તેઓશ્રીને પરમકૃપાળુ દેવની જન્મભૂમિ પ્રત્યે ઘણી પ્રીતિ–ભક્તિ છે. 'રાજભુવન'ના ખાતમુહૂર્ત વખતે તેઓની હાજરી હતી. પ્રતિષ્ઠા વખતે પણ તેઓ અગાઉથી હાજર રહ્યા હતા. સૌને સલાહ-સૂચના આપી ઉલ્લાસ ભાવમાં રહેવા પ્રેરણા કરતા હતા. તે વખતનો તેમનો ઉત્સાહ ઘણો જ હતો.

પ્રભુનું જન્મસ્થાન તેઓને માટે અપૂર્વ વસ્તુ હતી. પ્રતિષ્ઠા ખૂબ આનંદથી ઉજવાઈ. પ્રતિષ્ઠા પછી તેઓ દર પૂનમે અહીં જન્મસ્થાનમાં આવી ઉલ્લાસપૂર્વક ભક્તિભાવ કરતા. છેલ્લાં આઠ વરસ થયા તબિયતના કારણે પૂનમ ઉપર આવી શકતા નથી. પણ શરીરની અનુકૂળતાએ વર્ષમાં એકાદ વખત જરૂર આવી જાય છે, તેથી સૌને ખૂબ આનંદ થાય છે. તેઓની ભક્તિમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થાઓ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

☆ ☆ ☆

## ભાઈ અમૃતલાલ મ. પરીખ

શ્રી અમૃતભાઈને પ. પૂજ્ય ભાઈશ્રી પોપટલાલભાઈનો પરિચય ડૉ. ચિમનલાલ તથા ડૉ. નરોત્તમભાઈ કાપડિયાની પ્રેરણાથી વડવાતીર્થે થયો. ત્યાં તેઓશ્રીના પ્રથમ પરિચયે જ પ્રભુ-કૃપાએ કોઈ પૂર્વસંસ્કારથી પૂજ્ય ભાઈશ્રી પ્રત્યે અપૂર્વ ભાવ તેમને આવ્યો, અને એ તીર્થમાં પૂ. ભાઈશ્રીના સાંનિધ્યમાં સત્સંગ-સ્વાધ્યાય અર્થે વખતોવખત જવું થતું અને ત્યાં રહેવાનું થતું. પૂજ્ય ભાઈશ્રીના પરમસત્સંગયોગે શ્રી પરમકૃપાળુ દેવ પ્રત્યે અને તેઓના ઉપદિષ્ટ વચનામૃત પ્રત્યે પ્રીતિ-ભક્તિ, શ્રદ્ધા વિશેષ દૃઢ થયાં. શ્રી વચનામૃતનો સ્વાધ્યાય, ચિંતન-મનન એજ એક તેમનું લક્ષ રહ્યું. પૂ. ભાઈશ્રીના દેહવિલય બાદ તેમણે મોટે ભાગે વડવામાં રહેવાનું રાખ્યું અને ત્યાં આવતા મુમુક્ષુ ભાઈ-બહેનોને સ્વાધ્યાય-સત્સંગનો સારો લાભ મળતાં તેઓ વચનામૃતના વાચન-મનનમાં વધુ રસ લેતા થયા છે અને એમ તેમના સમાગમથી અનેક ભાઈબહેનો પરમ પ્રભુ પરમકૃપાળુ દેવમાં ભક્તિનિષ્ઠ થઈ આજે પોતાનું જીવન સાર્થક કરી રહ્યાં છે. વર્તમાનમાં શ્રી વડવાતીર્થમાં તથા પ્રભુના જન્મસ્થાન શ્રી વવાણિયાતીર્થમાં સ્વાધ્યાય-વાચન દ્વારા શ્રી અમૃતભાઈ સૌ મુમુક્ષુ આત્માઓને પરમકૃપાળુ દેવ પ્રત્યે પ્રીતિ-ભક્તિ કરાવી રહ્યા છે. આ રીતે ઘણા જીવોને માટે તેઓ ભક્તિના નિમિત્તરૂપ બની રહ્યા છે. મને તેમના પ્રત્યે ઘણો જ આદર છે. મારા અંતરની તેમના પ્રત્યે આશિષ છે કે તેમનું આરોગ્ય સચવાઈ રહે અને તેઓ આધ્યાત્મિક જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી અન્ય સૌ મુમુક્ષુ આત્માઓને પ્રેરણાદાયક બની રહે, તથા એમની ઉત્તમ ભાવના

પ્રમાણે પરમકૃપાળુ દેવ પ્રત્યે તથા જન્મસ્થાન 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન' પ્રત્યે નિરંતર સૌની પ્રીતિ–ભક્તિ વધતી રહે. અનેક લોકોમાં શ્રીમદ્ ભક્તિ જાગ્રત કરવાનું અને તેને પોષવાનું પુણ્ય-કાર્ય કરવા માટે જ જાણે જીવન જીવી રહ્યા હોય તેમ પોતાનું અને અન્યનું કલ્યાણ સાધી રહ્યા છે. તે કાર્યનું તેમનું મુખ્ય સ્થાન 'શ્રીમદ્ રાજચંદ્ર ભુવન' રહ્યું છે. એમની સેવાભક્તિ ઉત્તરોત્તર પાંગરી રહો એવા મારા આશીર્વાદ છે.

☆ ☆ ☆

## ડૉ. નરોત્તમદાસ ચુનીલાલ કાપડિયા
## રાણપુર

શ્રી ડૉક્ટર સાહેબ નરોત્તમદાસ ચુનીલાલ કાપડિયા મૂળ લીંબડીના રહીશ. હાલ રાણપુરમાં અને વચ્ચે અમુક સમય સુધી, ગોધરા મુકામે તેઓશ્રીનું દવાખાનું હતું. ત્યાં શ્રી ચીમનલાલ ડૉક્ટરની પ્રેરણાથી તેઓશ્રીને અવારનવાર શ્રી અમૃતભાઈ સાથે શ્રી વડવાતીર્થ જવાનું બનતું. ત્યાં પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈના સત્સમાગમથી પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીમાં ભક્તિ ઉત્પન્ન થઈ. તેમણે વચનામૃતનું પાન કરી શ્રીમદ્ ભક્તિને સુદૃઢ કરી છે.

ગોધરાથી દવાખાનું બંધ કરી શ્રી નરોત્તમભાઈ રાણપુર ગયા. પરમપૂજ્ય ભાઈશ્રી પોપટલાલભાઈના દેહોત્સર્ગ પછી શ્રી વડવાતીર્થે જવાનું ઓછું બનતું. તેમણે અમુક સમય સુધી દવાખાનાનો વ્યવસાય ચાલુ રાખ્યો. ત્યાર બાદ નિવૃત્ત થવાની ભાવના થતાં દવાખાનું બંધ કર્યું. શ્રી વડવાતીર્થે અવારનવાર તેમને જવાનું બનતું. ત્યાં ભાઈ અમૃતભાઈના પરિચયથી અને પ્રેરણાથી શ્રી વવાણિયાતીર્થે તેઓશ્રીને અવારનવાર આવવાનું થતું. તે અરસામાં શ્રી અમૃતભાઈને શ્રી વવાણિયાતીર્થે દીર્ઘ સમય સુધી રહેવાનું થયું. તે સમય દરમ્યાન શ્રી નરોત્તમભાઈ પણ અમુક વખત અહીં વધારે સ્થિરતા કરતા. ત્યાર બાદ ભાઈ અમૃતભાઈને શ્રી વડવાતીર્થ રહેવાનું વિશેષ બનતાં મારા મનને એમ રહેતું કે અત્રે કોઈ સ્વાધ્યાય વાચનનો યોગ હોય તો અહીં જીવોને જાગૃતિ રહે. પ્રભુકૃપાએ ડૉક્ટર સાહેબને પ્રેરણા થઈ અને મારા સંતોષ ખાતર તથા અત્રે સ્વાધ્યાય સત્સંગની ઉજ્જવળતા રહે તેને ધ્યાનમાં લઈ તેઓશ્રીએ અત્રે વિશેષ સ્થિતિ કરી રહેવાનું રાખ્યું. પોતે ડૉક્ટરી અભ્યાસના અનુભવી હોવાથી નિઃસ્પૃહભાવે

ગામવાસીઓને તથા આજુબાજુનાં આઠદસ ગામના ભાઈઓને પણ સારી રીતે સહાયભૂત થયા છે અને થાય છે. તેથી સંસ્થાની ઉજ્જવળતા વૃદ્ધિ પામી છે. અને ઘણાં માણસો—મન અને તનનાં રોગીઓ—તેમનો લાભ લઈ રહ્યાં છે. તેઓની નિઃસ્પૃહ ભક્તિ, સરળતા, લઘુતા, નમ્રતા આદિ ગુણો સૌ ઉપર છાપ પાડે છે એથી મારા મનને ઘણા સંતોષનું કારણ થયું છે. આ નિઃસ્પૃહ સેવા કરવાની શક્તિમાં પ્રભુ દિનપ્રતિદિન ખૂબ જ વૃદ્ધિ કરો એ જ પ્રભુને પ્રાર્થના છે.

☆ ☆ ☆



સ્વ. પૂ. શ્રી છગનભાઈ

જન્મ : મહા સુદ ૧૨, ૧૯૪૬
દેહવિલય : ચૈત્ર વદ ૨, ૧૯૬૫

## સદ્‌ગત
## ભાઈ છગનલાલ

જીવનચરિત્ર તો તેનું લખાય કે જેના જીવનદ્વારા સમાજને કોઈને કોઈ રીતે ગણનાપાત્ર લાભ થયો હોય. સાર્વજનિક ઉન્નતિ માટેની પ્રેરણા આપનાર વ્યક્તિઓનાં જીવનચરિત્રો લખાય તે ઇષ્ટ છે કારણ કે તેથી સમાજ સંસ્કારપુષ્ટ બને છે. ભાઈ છગનલાલનું બાલજીવન આવા કોઈ સામાજિક હિતપ્રદાનના દાવા વગરનું હોવા છતાં પણ ઉલ્લેખનીય બને છે, કારણ કે એની જીવનરીતિમાં સંસ્કારિતા સ્વાભાવિકપણે પ્રગટ થાય છે.

જેઓ આત્મવાદને માનનારા છે તેઓ એમ માને છે કે આત્માની કોઈ પ્રકારે પ્રતીતિ થાય કે તેની ચમત્કૃતિ જણાય તો તે પ્રકારને પ્રસિદ્ધિમાં લાવવાથી સમાજોપયોગી સાર્વજનિક સંસ્કાર-લાભ ઉત્પન્ન થાય છે. ભાઈ છગનલાલની જીવનરીતિથી આત્મા સંબંધી કોઈ પ્રકારનો લાભ થયેલો પ્રત્યક્ષ દેખાય છે એવી પ્રતીતિ થવાથી તેમની આછેરી જીવનરેખા અત્રે આપવામાં આવે છે.

પ્રસ્તુત ચરિત્ર–આલેખનમાં ચરિત્રનાયક અને ચરિત્રલેખક વચ્ચેનો સંબંધ એવા પ્રકારનો છે કે તેમાં મોહને લીધે ઉત્પન્ન થયેલો સ્નેહભાવ ઘણો પ્રબળ છે. એટલે જ્યાં જ્યાં એનો મોહભાવ દેખાય ત્યાં ત્યાં તેને દરગુજર કરીને ચરિત્રમાંથી જે કાંઈ ગ્રહણ કરવા જેવું લાગે તેના પ્રત્યે જ લક્ષ રાખવા વિનંતી છે.

ભાઈ છગનલાલ શ્રીમદ્ રાજચંદ્રના પુત્ર અને મારા ભત્રીજા થાય. તેમનો જન્મ સંવત ૧૯૪૯ના મહા સુદ બારશને રોજ મોરબીમાં થયો હતો અને સંવત ૧૯૬૫ના ચૈત્ર વદ બીજ ને

બુધવારના રોજ વીસ વર્ષની તરુણ વયે મોરબીમાં જ સવારે સાત વાગ્યે એમનું નિધન થયું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમને રોજ ૩૩ વર્ષની યુવાન વયે દેહોત્સર્ગ કરી આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા. એ વખતે ભાઈ છગનલાલની ઉમર માત્ર ૧૧ વર્ષની હતી. તેઓશ્રીનું લક્ષ પરમાર્થ તરફ જ હોઈને તેમણે ખરું કહીએ તો પોતાના સંસાર સંબંધમાં ઉદાસીનતા જ સેવી હતી અને તેથી બાલપણથી જ ઘણુંખરું ભાઈ છગનલાલની સંભાળ રાખવાનું કામ આ ચરિત્રલેખક—તેના દુખી કાકા—ઉપર આવી પડ્યું હતું. ભાઈ છગનલાલને સોળમે વર્ષે વિદ્યાભ્યાસ બંધ કરવાનું અનિવાર્ય બનતાં મૈટ્રિકના વર્ગમાં દાખલ થઈને તેમણે વિદ્યાભ્યાસ બંધ કર્યો.

ભાઈ છગનલાલ છ-સાત વર્ષના હતા ત્યારથી જ તેના પિતા—શ્રીમદ્ રાજચંદ્ર—તેને 'છગનશાસ્ત્રી' એવા રહસ્યસૂચક નામથી બોલાવતા. તે નામ પૂજ્ય ગાંધીજીની સ્મૃતિમાં પણ હતું. સંવત ૧૯૬૧-૬૨માં કોઈ પૂર્વના પાપયોગે અંદરઅંદરના સગા-સંબંધીઓથી ચાલતી વેપારી પેઢીને અંગે હાઈકોર્ટમાં મોટો ખર્ચાળ ખટલો ઊભો થયો. આ ક્લેશનું પૂરું સ્વરૂપ અહીં ન આલેખતાં માત્ર એટલું જ જણાવીશ કે તે અંગે ભાઈ છગનલાલને કાકાની સહાયમાં રહેવાની અનિવાર્ય જરૂર પડી.

સોળ સત્તર વર્ષના તરુણનું આ વખતે કેવું દૃઢ મનોબળ હતું તેમ જ તેમની કેટલી શક્તિ હતી તેની પ્રતીતિ આ ખટલામાં રોકાયેલા આ પક્ષના વકીલોને પણ થઈ ગઈ હતી. કાકા-ભત્રીજા વચ્ચેના સુંદર સંબંધનો ઉલ્લેખ એમાંના એક ઉચ્ચ કેળવણી પામેલા મહાનુભાવે ભાઈ છગનલાલ સંબંધી તેમના અવસાન પછી જે આશ્વાસનપત્ર લખેલો તેમાં વ્યક્ત થાય છે:–

"આપે એક પુત્ર તરીકે પાળીને, વળી પુત્ર કરતાં પણ અધિકતર લાલન આપીને સંતાન તરીકે ઉછેરી અનેક આશાઓને હૃદયમાં સ્થાન આપ્યું હશે. તેઓશ્રીએ પણ આપને પિતાતુલ્ય માની, સંકટ સમયે પ્રતિકૂળ આદેશ હોવા છતાં છેવટ સુધી બાળક તરીકે પોતાનો ધર્મ અવિચ્છિન્ન સ્નેહ ને આદરથી પૂરેપૂરી

રીતે બજાવ્યો હતો. પરંતુ આવો સ્નેહ નિરંતર નિભાવવાનું સર્જનહારની ઇચ્છાને પ્રતિકૂળ હશે તે તેના હાલના કાર્યથી સમજાઈ શકે છે."

આ ખટલાનું સમાધાન ઘણી વિપત્તિઓ વેઠયા પછી સંવત ૧૯૬૪ના અંતમાં આવ્યું. આ કેસ ચાલ્યો તે દરમ્યાન છગનલાલે ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં ધર્મનીતિને લગતાં ઘણાં બધાં પુસ્તકો વાંચી નાખ્યાં તેમ જ પોતાના પિતાનાં વચનામૃતોના સંગ્રહરૂપ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનું તો એવું ઊંડું અધ્યયન કર્યું કે તેના કયા પૃષ્ઠ પર કયો વિષય છે તે સુદ્ધાં તેને જિહ્વાગ્રે હતું.

ભાઈ છગનલાલે સંખ્યાબંધ પુસ્તકો વાંચેલાં તેમાં 'રામાયણ', 'મહાભારત' અને 'શ્રીમદ્ રાજચંદ્ર' એ ત્રણ ગ્રંથો તેને અત્યંત પ્રિય હતા. તેમાં પણ 'શ્રીમદ્ રાજચંદ્ર' અને 'રામાયણ' વિશેષ પ્રિય હતા. આપણે એમ કહી શકીએ કે 'શ્રીમદ્ રાજચંદ્ર' અને 'રામાયણ' એ બે ગ્રંથો તેના ચારિત્ર્ય–ઘડતરના બે મુખ્ય ઘટક અંશો હતા.

સંવત ૧૯૬૪ની મધ્યમાં આ લખનારે એટલે કે કાકાએ ભત્રીજાને વેપારમાં કેળવવાના ઉદ્દેશથી ભત્રીજા–કાકાના નામવાળો વેપારનો વહીવટ શરૂ કર્યો. ઉપરોક્ત ખટલાનો સં. ૧૯૬૪ માં અંત આવ્યો. ત્યાર પછી ભાઈ છગનલાલે વેપારમાં ખરું ચિત્ત પરોવવાની શરૂઆત કરી, પણ હજી ચાર માસ પૂરા ન થયા, ત્યાં તેના પર ક્ષયના જીવલેણ વ્યાધિએ હુમલો કર્યો.

આ વ્યાધિએ હુમલો કર્યા બાદ બની શકે તેટલો પોતાની જાત ઉપર સંયમ રાખી આત્માનું કલ્યાણ કરવા માટે મનુષ્યદેહ ટકાવવાની તેણે દૃઢ ઇચ્છા કરી. પરદેશી તેમ જ દેશી ડૉક્ટરો અને વૈદ્યોના ઉપાયો એવા કડક નિયમપાલનથી કર્યા કે જેથી તેની સારવાર કરનાર ડૉક્ટરો પણ કહેતા કે આવો વિચક્ષણ અને નિયમનું ચુસ્ત પાલન કરનાર દરદી ભાગ્યે જ જોવામાં આવે છે. આરોગ્યના દરેકે દરેક નિયમ ચીવટપૂર્વક પાળવાથી સાત મહિનાના પ્રયત્ન પછી એક વખત આરોગ્ય તદ્દન સુધરી ગયું અને તે પ્રમાણે બરાબર અઢી મહિના સુધી તંદુરસ્તી ટકી રહી. પરંતુ ત્યાર બાદ વ્યાધિએ એવો ઊથલો માર્યો કે છેવટે તેણે તેનો દેહ લીધો.

વાંચનારને આશ્ચર્ય થશે કે, વીસ વર્ષની ઉમર કે જ્યારે સંસારના અનેક લહાવા લેવાની ઇચ્છાઓ અને તૃષ્ણાઓ પૂરી કરવાના હેતુથી વ્યાધિગ્રસ્ત થયેલાઓ મનુષ્યદેહ ટકાવવાની ઇચ્છા રાખે છે, ત્યારે ભાઈ છગનલાલે પોતાના પિતાનો ધાર્મિક અને સાંસ્કારિક વારસો કેમ જાણે પ્રાપ્ત કર્યો ન હોય તેમ દેહને આત્માર્થે ટકાવી રાખવાની દૃઢ મનોવૃત્તિ સતેજ રાખી હતી.

ભાઈ છગનલાલે એક વિદ્વાન તરીકે અથવા એવી બીજી રીતે સમાજમાં કોઈ ભાગ ભજવ્યો ન હતો. અથવા, તરુણ અવસ્થાને લીધે તે કોઈ લેખો વગેરે લખીને પણ પ્રસિદ્ધિ પામ્યો ન હતો. તેને લેખો લખવાનો ખાસ શોખ પણ ન હતો. એટલે તેનું કોઈ લેખન–સાહિત્ય ઉપલબ્ધ નથી. પણ તેનાં થોડાં વચનો તેની સ્વહસ્તે લખેલી છૂટીછવાઈ નિત્યનોંધોમાં જોવા મળે છે. તે અહીં મૂકીએ છીએ. તે ઉપરથી ખ્યાલ આવશે કે મનુષ્યદેહ ટકાવી રાખવાની તેમની દૃઢ ઇચ્છા હતી તે આત્મકલ્યાણાર્થે હતી. સાથોસાથ એ પણ જણાશે કે તે પોતાના પ્રસિદ્ધ પિતાનો સુયોગ્ય પુત્ર હતો. સંવત ૧૯૬૨ ની પોષી પૂનમ ને બુધવાર તા. ૧૦મી જાન્યુઆરીની તેની એક નોંધ છે.

પ્રશ્ન : "જીવવાની ઇચ્છા છે? શા માટે છે?"

જવાબ : "કલ્યાણને અર્થે."

પ્રશ્ન : "કોનું?"

જવાબ : "આત્માનું."

પ્રશ્ન : "પ્રયત્ન મંદ કેમ?"

જવાબ : "પંચમ કાળને કારણે."

પ્રશ્ન : "જીવીને શો ફાયદો કાઢશો?"

જવાબ : "મેં તમને ઉપર જણાવ્યું તે ઇચ્છા પૂરી કરીશ."

પ્રશ્ન : "હવેના ભવમાં તે પૂરી નહિ પડે?"

જવાબ : "ફરીથી મનુષ્ય ભવ, તે સાથે જૈન ધર્મ, સાથે પૂજ્ય શ્રી (શ્રીમદ્ રાજચંદ્ર) નો જોગ. અને તેનું સ્મરણ આવતા ભવમાં રહેવું........"

સંવત ૧૯૬૫ની પોષ વદ ૨ને શુક્રવાર તા. ૮ જાન્યુઆરી ૧૯૦૯ની નોંધ:

પ્રશ્ન : "હે જીવ, તું તારા દેહને બચાવવાને ઉત્કંઠિત કેમ રહ્યા કરે છે?"

જવાબ: તેનું કારણ એટલું જ કે ફરીથી ધર્માત્મા પિતા, આર્યક્ષેત્ર, જૈન ધર્મ, મતાગ્રહ વિનાના ધર્મસંસ્કાર, સ્થિતિની અનુકૂળતા અને યૌવન અવસ્થામાં ધર્મ પ્રત્યેની જિજ્ઞાસા થવી એ આવતા ભવમાં મળશે કે નહિ? અને (એ) મળવું અસંભવિત લાગે છે, કારણ કે એક ચીજ ફરીથી ક્યાંય પણ પિતા તરીકે દેખાશે નહિ–અને તે (પણ) ધર્માત્મા પિતા શ્રી રાજચંદ્ર."

છગનલાલનું સગપણ કરવામાં આવ્યું નહોતું. આરોગ્ય બગડ્યા પહેલાં સગપણ થવાની અણી ઉપર હતું. સંસારમાં રહેલા જીવોને સ્વાભાવિક એવી ઇચ્છા થાય કે શરીર સુધારી વૈભવો ભોગવું, પણ તેને બદલે આને એમ થતું કે શરીર સુધરે તો આત્માનું કલ્યાણ કરી શકું. અને કોઈ અગમ્ય રીતે બનતું પણ એવું કે જ્યારે જ્યારે સગપણની વાત ચર્ચાતી કે તેની કોઈ તજવીજ કરાતી ત્યારે ત્યારે સ્વાભાવિક રીતે જ તેના મુખમાંથી નકારના જ ઉદ્‌ગારો નીકળતા; અને બન્યું પણ તેમ જ. તેને મનુષ્યદેહની વિશેષતા માટે કેટલું ભાન હતું તે તેણે પૂછેલા પ્રશ્ન : "હવેના ભવમાં તે પૂરી નહિ પડે?" અને તેનો તેણે આપેલો ઉત્તર: "ફરીથી મનુષ્યભવ, તે સાથે જૈન ધર્મ, સાથે પૂ. શ્રી (શ્રીમાન્ રાજચંદ્ર)નો જોગ અને તેનું સ્મરણ આવતા ભવમાં રહેવું.... (અસંભવિત છે)" એ ઉપરથી જણાય છે.

મનુષ્યદેહની વિશેષતાનું જેમ તેને આટલું ભાન હતું, તેમ તેને પૂર્વજન્મની પ્રતીતિ પણ એવી જ હતી તે પણ તે જ ઉત્તર પરથી જણાય છે. જૈન ધર્મ પ્રત્યે તેની અખંડ શ્રદ્ધા હતી, તે પણ તે જ ઉત્તરથી સ્પષ્ટ થાય છે. પોષ વદ બીજની નિત્યનોંધનાં વચનો તેની ઉપરોક્ત બાબતો વિષેના લક્ષની દૃઢતા બતાવે છે. નાની વયમાં પિતાનો વિયોગ થયો હોય ત્યારે એ તરુણ જીવને આવા મંદવાડના સમયે પિતાનું સુખ ન ભોગવ્યાનો મનમાં

વસવસો રહી જાય તેને બદલે ભાઈ છગનલાલને પિતા પ્રત્યે જ્ઞાન અને ચારિત્ર–ધર્મ પમાડનાર ધર્મપિતાનો જ ભાવ હતો. “આ દેહ ન રહે તો આવતા ભવમાં તેમના જ્ઞાન–ચારિત્રનો પરિચય ક્યાંથી મળે?”—આ ઉદ્દગારો પિતા પ્રત્યે, ધર્મ પમાડનાર મહાસાધક પ્રત્યે તેનો ભક્તિભાવ કેવો સુદૃઢ હતો તેના સૂચક છે.

તેનામાં જેમ આત્માર્થ કરવાની આવી પ્રબળ જિજ્ઞાસા હતી તેમ તે આત્માર્થ સાધવા માટે કેવા સંયોગો જોઈએ તેની આવશ્યક સૂઝ અને જાગૃતિ પણ હતી. ‘આર્ય ક્ષેત્ર’ની આવશ્યકતા તેને બરાબર જણાઈ હતી. જૈન ધર્મ પ્રત્યે તેનો અનુરાગ હતો. એ તેના ‘જૈન ધર્મ–મતાગ્રહ વિનાના ધર્મસંસ્કાર’—એ ઉદ્દગારો પરથી જણાય છે.

આપણે જૈન ધર્મના ઇતિહાસ તરફ નજર કરીએ છીએ ત્યારે માલૂમ પડે છે કે પૂર્વના સમયમાં જૈન ધર્મમાંથી નીકળેલા જુદા જુદા ગચ્છો—સંપ્રદાયો મતાગ્રહને લીધે નીકળેલા હતા. અત્યારે પણ જોઈશું તો જણાશે કે શાસ્ત્રના મોટા મોટા જાણનારાઓ પણ ધર્મના મતાગ્રહને આધીન થઈ પડેલા છે, તેવે વખતે આ એક બાળક ‘મતાગ્રહ વિનાના ધર્મસંસ્કારો’ આત્માર્થ કરવા માટે જોઈએ એ વસ્તુ સંપૂર્ણપણે જાણે એ હકીકત નાનીસૂની નથી; બલ્કે રહસ્યસૂચક છે.

શ્રીમદ્ રાજચંદ્રના પરિચયમાં આવેલા મનુષ્યોને મોટામાં મોટો જો કોઈ લાભ થતો હોય તો તે મતાગ્રહ વિનાના ધર્મ-સંસ્કારો આત્માર્થ પ્રાપ્તિ માટે જરૂરી છે એવી સ્પષ્ટ છાપ તેમના પર પડે છે, તે છે. પિતાશ્રીની જ્ઞાનમુદ્રાની ઊંડી છાપ છગનલાલના વ્યક્તિત્વ ઉપર પડેલી જોઈ શકાય છે.

“સ્થિતિની અનુકૂળતા” એ ધર્મપ્રાપ્તિમાં બળવાન કારણ છે એ પણ આ બાળકથી અજાણ્યું નહોતું. સામાન્ય જનોને સાંસારિક વૈભવો ભોગવવાની જ ઇચ્છા—ખાસ કરીને આ યૌવન પ્રવેશની વયે—થાય, તેને બદલે છગનલાલને “સ્થિતિની અનુકૂળતા” એ ધર્મપ્રાપ્તિનું બળવાન કારણ છે એમ પ્રતીત થયું હતું. તે શું એમ સૂચવતું નથી કે, જ્ઞાનીપિતાના જ્ઞાનશોધક પુત્રમાં ધર્મ પામવાની જિજ્ઞાસાનો પિતાનો વારસો ઊતર્યો હતો?

જેની મૂળ જીવનભૂમિ ઉત્તમ હોય છે અને તેની સાથે જેનું જીવન સંસારપ્રપંચમાં રગદોળાયું નથી એવા મનુષ્યોને બીજો કાંઈ પણ ખોટું કરે એમ જણાય ત્યારે તેનું હૃદય અતિશય બળવા લાગે છે, તેને થરથરાટી ઊપજે છે. ભાઈ છગનલાલના સંબંધમાં પણ આમ જ બનતું. તેના પરિચયમાં આવનાર કોઈને પણ વિષે તે સહેજ પણ દોષ જોતો કે તેના પ્રત્યે તે દૃષ્ટિ કરવાની પણ ઇચ્છા ન કરતો. કેટલીક વખત તો તે એવાની સાથે મોટો ઝઘડો કરી તેની સાથે સંબંધ જ ન રાખવાની પ્રતિજ્ઞા કરતો. શુદ્ધ હૃદયવાળા તરુણો તો સરળ હોય છે. કેટલીક વખત એવું પણ બનતું કે પોતાને બીજાનાં કૃત્યોમાં ખોટાપણું લાગ્યું હોય અને તેથી તે જીવ પ્રત્યે પોતે સત્યને ખાતર આવેશ કર્યો હોય, પણ ખરેખર તેનાં કૃત્યોમાં કાંઈ ખોટું ન હતું. માત્ર પોતાની સમજમાં જ ફેર હતો એવું જ્યારે છગનલાલને જણાતું ત્યારે પોતાને થયેલા આવેશ માટે તે પશ્ચાત્તાપ કરતો અને માફી માગતો. પોતાને થયેલા આવેશને પોતે ક્રોધ સમજી તેનો આવિર્ભાવ ફરી ન થાય તેવી દૃઢ ઇચ્છા કેળવતો. માગશર સુદ ૫ ને શનિવારની નિત્યનોંધમાં તેના નીચેના ઉદ્‌ગારો છે તે ઉપરથી ક્રોધાદિ કષાય શાંત કરવાની તેની જાગૃતિ વ્યક્ત થાય છે :–

“ક્રોધાદિ થોડાથોડા પાતળા પડ્યા પછી સહજરૂપ રાખવો; અને વિચારમાં વખત કાઢવો. કોઈના પ્રસંગથી ક્રોધાદિ ઊપજવાનું નિમિત્ત થાય તો તેને ગણકારવું નહીં. કેમકે પોતે ક્રોધ કરીએ તો થાય. જ્યારે પોતાના પ્રત્યે કોઈ ક્રોધ કરે ત્યારે વિચાર કરવો કે બિચારાને હાલ તે પ્રકૃતિનો ઉદય છે. તો એની મેળે ઘડીએ બે ઘડીએ શાંત પડી જશે; માટે જેમ બને તેમ અંતર–વિચાર કરી પોતે સ્થિર રહેવું. ક્રોધાદિ કષાયને હંમેશાં વિચારી વિચારી મોળા પાડવા. બાહ્ય પ્રસંગો બને તેમ ઓછા કરવા.”

આ વચનોમાં છગનલાલે પોતાના પિતા શ્રીમદ્ રાજચંદ્રનું અનુકરણ કર્યું છે; તે એના હૃદયના પરિચાયક છે, તેના ધાર્મિક અનુજ છે.

ભાઈ છગનલાલનું આરોગ્ય ૧૯૬૪ના ફાગણ માસમાં બગડ્યું;

ને સંવત ૧૯૬૪ના શ્રાવણ માસથી તે દિવાળી સુધી સુધરેલું રહ્યું. કારતક માસમાં ઊથલો માર્યો, અને ત્યાર બાદ દિવસે દિવસે આરોગ્ય વધારે ને વધારે ખરાબ થતું ગયું. જ્યારે વ્યાધિએ ઊથલો માર્યો અને તે જોર ઉપર ચડવાની શરૂઆત હતી તે અરસામાં ઉપલા વિચારો લખાયા છે.

ડૉકટરો અને વૈદ્યોનું એમ કહેવું છે કે વિચક્ષણ દરદી જેમ પોતાનું આરોગ્ય સુધારી શકે છે તેમ તે બગાડી પણ શકે છે. ભાઈ છગનલાલે આરોગ્યના અને ઔષધના નિયમો, તેની સારવાર કરનાર ડૉકટર આશ્ચર્ય પામે તેવી રીતે પાળીને જેમ તબિયત સુધારી, તેમ જ્યારે વ્યાધિએ આકરું સ્વરૂપ લેવાની શરૂઆત કરી ત્યારે તેણે જીવનદોરી—આશા—નો ત્યાગ કરવા માંડચો. "આર્ય ઔષધ"ના વૈદક પુસ્તકમાં ક્ષયના વ્યાધિ સંબંધમાં આ પ્રમાણે લખ્યું છે: "આ દરદમાં ઝાડા થાય છે જે આખરની સ્થિતિ સૂચવે છે ઇ." જ્યારે પોતે આ વાક્ય વાંચ્યું અને પોતાને તેવી શરૂઆત થઈ ચૂકી એમ જ્યારે તેને લાગ્યું ત્યારે તેણે પોતે તે વાક્ય નીચે પેનસિલથી લીટી દોરી છે.

પોતાને જ્યારે આવી શરૂઆત જોવામાં આવી ત્યારથી જેટલો તે શરીર માટે પુરુષાર્થ કરતો તેટલો જ તે પુરુષાર્થરહિત થયો. તેની સારવાર કરનાર મોરબી રાજ્યના મુખ્ય ડૉકટર બામે તેને જોઈને એમ કહ્યું કે "Chhaganlal has not left with him an ingredient of hope" (અર્થાત્ છગનલાલે પોતાને વિષે આશાનો એક અણુ પણ રહેવા દીધો નથી.) ભાઈ છગનલાલે આશા—જીવનદોરી—ડૉકટરના અભિપ્રાય પ્રમાણે જોઈએ તે કરતાં ઘણી વહેલી છોડી દીધી હતી.

જ્યારથી પોતે જીવનદોરી—આશા—છોડી ત્યારથી વ્યાધિની શરૂઆતમાં જેવો તે વ્યાધિની સામે થવામાં પુરુષાર્થ દર્શાવતો હતો તેવો એ સંસાર પ્રત્યે નિર્મોહીપણું લાવવા અને પોતાના આત્માને પોતે પાપ કર્યાં હોય તો તે નિંદવા, તેમ જ પરિચયમાં આવેલાં માણસો પ્રત્યે પોતાથી થયેલા અપરાધની ક્ષમા ચાહવામાં પુરુષાર્થ કરવા લાગ્યો. તેણે જીવનઆશા છોડચા બાદ લગભગ બે

માસ તેનું શરીર ટક્યું. ડૉક્ટર અને વૈદ્યો કહેતા કે જો તેણે જીવનઆશા છોડી ન હોત, તો દેહ વધારે વખત ટકવાનો સંભવ હતો.

આ બે મહિનામાં દિનપ્રતિદિન તાવ, ઉધરસ તથા દસ્ત વધવા લાગ્યાં. આ સમયે તેનું શરીર નબળું પડતું જતું, તેનું વજન લગભગ અઢી મણ હતું તેમાંથી ઘટીને અરધોઅરધ થઈ ગયું અને તેને બિછાનાવશ થવું પડ્યું. આ વખતે તે વારંવાર કહેતા કે, "તમારો ઉપકાર હું ક્યારે વાળી શકીશ, કાકા ? તમે બધાં મહેનત શા માટે કરો છો? મારું શરીર ટકવાનું નથી. તમે બધાં મારા એકને ખાતર શા માટે દુઃખ ભોગવો છો? હું પાપી અને દુષ્ટ છું કે હું આટલા બધાને દુઃખ આપું છું. કાકા, તમે મારે માટે એવી દવા લાવો કે જેથી મને વેદના ઓછી થાય; કે જેથી હું મારા આત્માને વેદનાને લીધે ભૂલી ન જાઉં. તમે મારો દેહ બચાવવાની દવાની તજવીજ નકામી કરો છો, એ બધાં થીંગડાં છે." પોતે પોતાના પિતાશ્રીની છબી પોતાના બાર મહિનાના મંદવાડ દરમ્યાન પોતાના બિછાના સામે જ રાખી હતી. બહુ વેદના જણાય ત્યારે તેની સામે જોઈ ધીરજ લેતો. કેટલીક વખત વેદના અસહ્ય હોય ત્યારે છબી સામે રહી માળા ફેરવતો.

આ પ્રમાણે વારંવાર ઉદ્‌ગારો કાઢ્યા કરતો હતો. પોતાના શરીરને જ્યારેજ્યારે કાંઈક વેદનાની શાંતિ થતી ત્યારે ત્યારે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથ વાંચવા માટે તે સૂચના કરતો હતો. તેમાં પણ તેના પિતાએ શરીરને વેદના હોય ત્યારે ત્યારે આત્માએ કેવી શાંતિપૂર્વક તે વેદવી તે સંબંધી લખેલા પત્રો, અનિત્યાદિ બાર ભાવનું સ્વરૂપ, આત્મા છે, આત્મા નિત્ય છે, એ આદિ છ પદનું સ્વરૂપ વંચાવીને બહુ મનનપૂર્વક વિચારતો.

પ્રસંગ એવો બનેલો કે દેહત્યાગ પહેલાં આઠેક દિવસે અત્યંત વેદના જણાઈ ત્યારે તેનું શમન થવા માટે મોરબીના એક ગૃહસ્થ ભાઈ પાનાચંદ મોરારજી પાસે પોતાના પિતાનો લખેલો "આત્મ-સિદ્ધિશાસ્ત્ર"નો આખો ગ્રંથ મધુર સ્વરે વંચાવ્યો. ઉપરાંત, "હે પ્રભુ, હે પ્રભુ, શું કહું?"થી શરૂ થતું પોતાના દોષાવલોકનનું ભક્તિનું પદ તેમ જ "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?"

એ કાવ્ય વંચાવ્યાં. તેનું બરાબર બે કલાક શ્રવણ કર્યું. દેહત્યાગ પહેલાં ચાર દિવસે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની પ્રસ્તાવના કે જેમાં આત્મા હોવાપણા સંબંધીના છ પદનું સ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યું છે તે વંચાવ્યું; અને દેહ પ્રત્યે કેવી રીતે ભ્રાંતિ થાય છે તેનો સ્પષ્ટ ખુલાસો પૂછીને તેની સમજણ પ્રાપ્ત કરી લીધી. આત્મા ત્રણે કાળમાં અમર છે તે શી રીતે તે બરાબર દૃષ્ટાંતપૂર્વક ત્યાર પછી સમજ્યો. એ ઉપરાંત પિતાએ દેહત્યાગ પહેલાં નવ દિવસે લખેલું "ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ" આખું કાવ્ય સમજવા માટે વંચાવ્યું. આ કાવ્યમાં "પ્રવચન સમુદ્ર–બિંદુમાં ઊલટી આવે જેમ, પૂર્વ ચૌદની લબ્ધિનું ઉદાહરણ પણ તેમ" એ બે પદ ઉપર પોતે લંબાણ ચર્ચા કરી.

જ્યારે વેદના સહન ન થતી ત્યારે વારંવાર તે કહેતો, "કાકા, હું કેવો દુષ્ટ અને પાપી છું કે વેદના થાય છે ત્યારે આત્માર્થ ચૂકી જાઉં છું! ધન્ય છે, આપુને (શ્રીમદ્‌જીને)! તેઓ કેવી અપૂર્વ શાંતિ રાખતા હતા!"

મંગળવારની રાત્રીના સવા ત્રણ વાગ્યે શ્વાસોચ્છ્‌વાસ શાંત થવા લાગ્યા. મંગળવારની સવારથી તેણે કહ્યું, "હવે મને દવા આપવી બંધ કરો. કાકા, આ દેહ ટકવાનો નથી." સવારથી શરીર ઠંડું પડવા લાગ્યું હતું. તાવ ૧૦૪ ડિગ્રી રહેતો તે ઘટીને શીતમાં આવી જવાથી ૯૬ ડિગ્રી થઈ ગયો હતો. મંગળવારની બપોરે આ લખનાર (તેના હતભાગી કાકા)ના મનમાં એમ થયું કે તબિયત વધારે લથડી રહી છે. તો તેને કંઈ મા કે ભાઈ–ભાંડુ માટે કહેવાની ઇચ્છા હોય તો સૂચન કરવું; પણ તેની સાથે મનમાં એમ આવ્યું કે જો તેને સૂચના આપીશ તો તેને મોતની નોટીસ આપવા જેવું થશે. માટે એવી રીતે કહેવું કે જેથી તેને તેવું કંઈ ન લાગે. આ ઉપરથી જુદાજુદા પ્રકારનું આશ્વાસન આપી કહ્યું, "ભાઈ, શાસ્ત્રકારોએ તો અનિત્ય, અશરણ, એકત્વ આદિ ભાવનાઓનું સ્વરૂપ ભાષામાં કહ્યું છે, પણ તું તો પ્રત્યક્ષ વેદે છે. તો, તું અમને તે વિશે કશીક એવી વિચારણા દર્શાવ કે જેથી તે વિચારણા અમને બધાંને આખા જીવનપર્યંત એક ભોમિયારૂપ બની રહે.

આના જવાબમાં તે મહાનુભાવ પુત્રે શું કહ્યું? "કાકા, આ દેહ મારો થયો નહીં, તો મારું બીજું કોણ સગું થવાનું છે કે હું તેને માટે કાંઈ ભલામણ કરું? તેમ છતાં તમારી લાગણી સંપૂર્ણ છે તે હું જાણું છું."

યુવાન વયમાં જ્યારે દેહ ટકવાનો નથી એવી પ્રતીતિ થાય છે, ત્યારે જેઓ હળુકર્મી જીવો નથી તેને કેવી હાયવલે થઈ જાય તેના દાખલા આપણે અનેક જોઈ શકીએ છીએ. પરંતુ આ બાળ કે જેણે એક જ્ઞાનીને છાજે તેવા ઉદ્ગારો કાઢ્યા એ તેના જ્ઞાની પિતાનો વારસો જ સૂચવે છે.

સાંજના સાડાપાંચ-છનો સુમાર હશે. અમારા એક નિકટના સંબંધી મોરબીના વકીલ શ્રી નવલચંદ ડોસાભાઈ, છગનલાલની તબિયત જોવા આવ્યા. તેઓએ દિલાસો આપવા ખાતર કહ્યું, "છગનભાઈ, ગઈ કાલના કરતાં આજ આઠ આની તબિયત વધારે ઠીક લાગે છે." ત્યારે પોતે કહ્યું, "એ ભૂલ થાય છે. બાપુ (શ્રીમદ્ રાજચંદ્ર) નો દેહ ચૈત્ર વદ પાંચમના રોજ પડ્યો હતો અને હવે હું નજીક છું (કારણ કે તે દિવસે ચૈત્ર વદ એકમ હતી)."

ત્યાર બાદ ડૉકટર બામ આવ્યા. તેઓએ કહ્યું, "છગનલાલ, આ કફની દવા છે, તે કફ ભરાય ત્યારે લેશો." આના જવાબમાં છગનલાલે કહ્યું, "ડૉકટર સાહેબ, આ તો થીંગડાં છે; હવે તો મને ક્લોરોફૉર્મ જેવી કોઈ દવા આપો કે, જેથી શાંતિની નિદ્રા લઈ શકું. (અર્થાત્ વેદના અનુભવ્યા વિના દેહની પૂર્ણતાનો અનુભવ કરું.)"

રાત્રિના આઠ વાગ્યે તેની દાદી (દેવબાઈ) તથા તેની બા (ઝબકબાઈ) તેની પાસે આવ્યાં. તેમને તેણે ઘણા માણસોની હાજરીમાં બેત્રણ વખત ફરી ફરી કહ્યું, "મા, મારી વાંસે રોશો નહીં."

દોઢ બે મહિના થયા ઝાડાનો વ્યાધિ પોતાનું ભયંકર કામ કરતો હતો. આ મંગળવારને દિવસે સવારથી તે રાત્રિના ત્રણ વાગ્યા સુધીમાં લગભગ ૩૫ ઝાડા થયા હશે. લગભગ ૧૦ વાગ્યાને સુમારે તેને દીર્ઘશંકાએ જવાનું હતું, ત્યારે બીજાની આવશ્યક

સહાયની જરૂર હતી, એટલે પોતાના પિતાના ફોઈના પુત્ર ભાઈ કાળીદાસથી એમ દુઃખપૂર્વક બોલાઈ ગયું, "અહો, જે માણસની અદ્‌ભુત સંયમશક્તિ હતી તેની આ સ્થિતિ?" જેવું ભાઈ કાળીદાસના મુખમાંથી આ વચન નીકળ્યું કે ભાઈ છગનલાલ બોલી ઊઠ્યા, "શી દશા? જેવા ઋતુના રંગ, તેવા દશાના ઢંગ!"

રાત્રિના ત્રણ વાગ્યે છેલ્લી વખત દીર્ઘશંકાએ ગયા. પોતાને હાથે હંમેશ કરતાં બમણા પાણીથી પ્રક્ષાલન કર્યું. બરાબર સવાત્રણે કહ્યું, "કાકા, મારી આંખે અંધારાં આવે છે માટે દબાવો," આમ કહેતાંની વાર તેના મુખમાંથી સ્વાભાવિક રીતે નીકળી ગયું, "ટપુ (તેમનાં ફોઈના પુત્ર)નું કલ્યાણ થજો." આ પછી ત્રણ ચાર શબ્દોનું વાક્ય સ્પષ્ટ ન બોલાયું. આ ઉપરથી આ લખનારને થયું કે, હવે દેહની પૂર્ણતા થવી શરૂ થઈ. એ ઉપરથી તેણે ભાઈ છગનલાલ પ્રત્યે કહ્યું, "ભાઈ, વિસ્મૃતિ તો થતી નથીને?" તેના ઉત્તરમાં તેણે બીજી ક્ષણે એમ પ્રશ્ન કર્યો, "કાકા, શેની? આત્માના નિત્યત્વની?"

તરત જ તેના દાદા રવજીભાઈ આવ્યા. પોતાના પિતામહને કહ્યું, "અદા, (કાઠિયાવાડમાં 'દાદા'ને 'અદા' કહેવામાં આવે છે) હવે તમે મારી પાસે બેસો." પોતાના દાદાને આમ કહેતો હતો તેવામાં ભાઈ કાળીદાસે ભાઈ છગનલાલને પૂછ્યું, "તારે કાંઈ તારી મા કે બહેનને માટે ભલામણ કરવાની છે?" એટલે પોતે કહે, "ના." ભાઈ કાળીદાસે "અરિહંત તીર્થંકર ભગવાન" શબ્દો કહ્યા કે પોતે એ ત્રણે શબ્દો બોલીને "રામ" શબ્દ બોલ્યો [ આ તેનો રામાયણ પ્રત્યેનો અનુરાગ સૂચવે છે ].

આ "રામ" શબ્દ નીકળ્યા પછી વાણીના પુદ્‌ગલો ન રહેવાથી તેણે હાથ વડે લખવાની તજવીજ કરી; પણ શરીરક્રિયા બંધ થતી હોય ત્યારે ક્યાંથી લખી શકાય? તેના હાથમાં પેનસિલ આપવામાં આવી. ભીંત ઉપર "કાકા" જેવો કાંઈ શબ્દ લખવા જતા હતા, પણ શરીરબળ ન રહ્યું હોવાથી ભાંગ્યાતૂટ્યા કા–કા એ બે અક્ષરો લખી શકાયા એમ જણાયું.

સવા ત્રણથી કેવળ નિદ્રાની પેઠે શ્વાસોચ્છ્વાસ બંધ થયા અને બુધવારના પ્રભાતે ધીમેધીમે સાત વાગ્યાના સુમારે છગનલાલનો આત્મા તેમને છોડીને ચાલ્યો ગયો.

ઉપર હાઈકૉર્ટના જે ખટલા સંબંધી કહેવામાં આવ્યું છે તેના સંબંધમાં એક અક્ષર પણ લખી શકાય એવો જરા પણ સંયોગ નથી એટલે તે સંબંધમાં કાંઈ પણ લખી શકાય તેમ નથી; નહીં તો ભાઈ છગનલાલના નાની વયના સંબંધમાં આ પ્રસંગે જે ભાગ ભજવ્યો હતો તેનું ખાસ આલેખન કરવા જેવું છે. કોઈની પણ કિંચિત્ માત્ર લાગણી ન દુખાય તેવી પ્રતિજ્ઞા કરી ભાઈ છગનલાલના જીવને ન્યાય આપવા ખાતર એટલું જ કહેવું યોગ્ય છે કે, આ મુકદ્દમા દરમ્યાન તેણે બતાવેલો કુટુંબવાત્સલ્યભાવ, શ્રીમાન્ રાજચંદ્રના પુત્રથી જ દર્શાવી શકાય. સત્તર વર્ષની બાલવયે તેણે જે અડગ કુટુંબ વાત્સલ્યભાવ બતાવ્યો હતો તે તેના પૂજ્ય પિતાશ્રીના સંસ્કાર–વારસાનું પરિણામ હતું. તેણે રામાયણનું જે સુંદર અધ્યયન કર્યું હતું તેમાંથી કુટુંબવાત્સલ્યની તેના પર અસાધારણ છાપ પડી હતી.

જેઓ ભાઈ છગનલાલના પરિચયમાં આવ્યા હતા, અથવા જેઓએ હાઈકોર્ટના મુકદ્દમા દરમ્યાન તેની અખંડ દૃઢવૃત્તિ જોઈ હતી તેઓને છગનલાલના કુટુંબવાત્સલ્યનો વાસ્તવિક ખ્યાલ છે. તોપણ એક દાખલો અહીં આપીએ: પોતાની નિવાસભૂમિ–વવાણિયાથી દેહાંત પૂર્વે બરાબર એક મહિને ઔષધ અર્થે આવ્યા તેને આગલે દહાડે પોતાનાં સગાંવહાલાંઓને બધાંને બોલાવીને પોતે કલાકેક સુધી વાતચીત કરી. દરેકની પાસે પોતે "અપરાધ કર્યો હોય તો તેની ક્ષમા માગી." મનમાં એવો હેતુ રાખીને કે દેહ ન ટકે તો પાછું ન મળાય. વવાણિયાથી પ્રભાતના પાંચ વાગ્યે ચાલવાનું હતું. પોતે સાડા ત્રણ વાગ્યે જાગ્રત થઈ ઘેરથી નીકળતાં પહેલાં આ લખનાર (કાકા)ના ત્રણ મહિનાના પુત્રને હાથમાં લીધો; કાકાની ત્રણ વર્ષની પુત્રીને ચુંબન પણ કર્યું. ઘરમાં દરેકની પાસે અપરાધની ક્ષમા માગી મોરબી ગયા. ત્યાર બાદ પાછા અડવાડિયે દાદા, કાકી, ફોઈ વગેરેને પોતાની પાસે જ રહેવા માટે બોલાવ્યાં.

પોતે કેટલો સદ્‌ગુણી હતો તેનો ખ્યાલ એક જ દાખલાથી આપીશું. પોતાનું શરીર કેવળ હાડપિંજર થઈ ગયું હતું; એટલે બિછાનામાં પડી રહેવાથી દુઃખ થઈ આવતું. એક વખત તેની કાકીએ શરીર દાબવાનું કહ્યું એટલે વિનમ્રભાવે ખચકાયો. પોતાના શરીર માટે કોઈને શ્રમ આપવાનું એને રુચતું ન હતું. પછી જ્યારે તેની દાદીએ કહ્યું, "તારી કાકી એ તારી મા જ છે; માના સંતોષ માટે ચંપાવવામાં હરકત નહીં!" ત્યારે તેણે હા પાડી.

હાઈકોર્ટના મુકદ્દમા દરમ્યાન પોતે મોરબીથી વિદ્યાભ્યાસ છોડી મુંબઈ આવીને કાકાની સાથે કેસને અંગે કલકત્તા, રંગૂન, સુધી આવીને કાકાને જે સહાય કરી હતી તેનો આ કાકા અને ભત્રીજા સિવાય અન્ય કોઈને ખ્યાલ આવી શકે તેમ નથી. રંગૂનથી પાછા ફરતાં પવિત્ર "સમેત શિખરજી"ની યાત્રા કરી હતી. વ્યાધિ લાગુ પડયો તેની શરૂઆતમાં પવિત્ર "શેત્રુંજય સિદ્ધક્ષેત્ર"ની યાત્રા કરી હતી.

એક બાળકનું ચરિત્ર આવી ઝીણીઝીણી બાબતો સહિત એટલા માટે આપ્યું છે કે જેથી જ્ઞાની પિતાનો કેવો વારસો મળે છે તેનો ખ્યાલ આવતાં જ્ઞાની પ્રત્યે પ્રમોદભાવના ઉત્પન્ન થાય. શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ઉત્તમ કુળમાં જન્મ થયો તે એક સુંદર કર્મ છે. ભાઈ છગનલાલનું શ્રીમાન્ રાજચંદ્રના પુત્ર તરીકે ઉત્પન્ન થવું અને તેથી આવા સંસ્કારી થવાનું બન્યું તે એ સિદ્ધ કરી આપે છે. બાળવયમાં કુટુંબવાત્સલ્ય અને આત્માર્થવૃત્તિ હોવાં એના કરતાં કયા વધારે સદ્‌ગુણો હોઈ શકે? મંગળવારની બપોરે જ્યારે કંઈ કહેવા કારવવાનું કહેવામાં આવ્યું ત્યારે તેના મુખમાંથી એવા ઉદ્‌ગાર નીકળેલા કે "આ દેહ મારો ન થયો, તો મારું બીજું કોણ સગું થવાનું છે કે હું કાંઈ ભલામણ કરું?" એ એની જીવનદૃષ્ટિ સૂચવે છે.

દેહપૂર્ણતાએ આત્માના કલ્યાણ સિવાય બીજું કાંઈ ન સંભળાય એવી તેની અખંડ વૃત્તિ રહેલી તે એક દાખલા ઉપરથી જણાય છે. દેહત્યાગ પહેલાં આઠદસ દહાડે ભાઈ નવલચંદભાઈએ કહ્યું, મનના આનંદ ખાતર કોઈનું ફોનોગ્રાફ મંગાવો. ગામના

ફોનોગ્રાફમાં શૃંગારી ગાયનો હોવાં જોઈએ એવા ખ્યાલથી તેણે ગામનું ફોનોગ્રાફ મંગાવવાની ના પાડતાં કહ્યું, "અમદાવાદથી ફોનોગ્રાફ મંગાવો. એમાં બાપુનાં રચેલાં કાવ્યો ઉતારેલાં છે." (મતલબ કે શ્રીમાન રાજચંદ્રના આત્મા સંબંધીનાં કાવ્યો સાંભળવાની જ તેની વૃત્તિ હતી.)

ઉત્તમ કુળમાં જન્મ, સત્સમાગમ અને સત્ શાસ્ત્રનું વાચન-શ્રવણ માણસના મન ઉપર કેવી છાપ પાડી શકે છે તે ભાઈ છગનલાલના જીવન ઉપરથી સ્પષ્ટ જણાય છે. ભાઈ છગનલાલનું ચરિત્ર લખવું એ આ લખનારને માટે એક પ્રકારના પામર દિલાસા (poor consolation) જેવું છે; પરંતુ સમાજને તેમાંથી અનેક પ્રકારે ફાયદો થાય તેમ છે, કારણ કે આ બાળકનું જીવન જે એક ઉત્તમ પિતાના પ્રતાપે આવું સુંદર થઈ શક્યું, તે પિતાના વિષે સમાજે 'જ્ઞાની' તરીકે આદરભાવ દર્શાવ્યો છે. તેમાં કંઈ ભૂલ કરી નથી એ આ જીવનથી પણ પ્રતીત થયા વિના નહીં રહે.

આવા ભત્રીજાના—પુત્ર કરતાં પણ અધિકતર ભત્રીજાના—વિયોગથી અનેક આશાઓ બાંધનાર કાકાને કેટલું દુઃખ થાય તેનો ખ્યાલ વાંચનારને આપવાની કોઈ જરૂર રહે છે ખરી?

"સારા કામમાં સો વિઘ્ન" એ આપણામાં અતિ પ્રચલિત કહેવત છે. તેનો ખરેખરો અનુભવ કોઈને પણ થયો હોય તો આ લખનારને થયો છે.

જૈન ધર્મમાં અનેક સંપ્રદાયો, ગચ્છ ભેદો પડેલા છે અને તેથી વીર પ્રભુના બોધેલા આત્માનું પરમ કલ્યાણ કરનાર માર્ગની અવ્યવસ્થિત સ્થિતિ થઈ ગઈ છે, તે ટાળી સમગ્ર જૈન સમાજનો અવિભક્ત જૈનના સંસ્કારો ઉત્પન્ન કરવા માટે ભગવાન વીર પ્રભુ પછી પ્રથમમાં પ્રથમ પ્રયત્ન શ્રી પરમકૃપાળુ રાજચંદ્રજીએ કરેલો. પોતાનો પ્રયત્ન, પોતાની જાહેર રીતે સ્વીકારાયેલી અસાધારણ શક્તિ વડે અમલમાં મૂકયો. અવિભક્ત જૈનની હિલચાલ હજુ શરૂ કરી ત્યાં જ ૩૬ વર્ષની યુવાન વયે અકાળે શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહવિલય થયો. તેઓની અસાધારણ બુદ્ધિનો એક અંશ પણ

મારામાં નહીં છતાં તેમના માર્ગે ચાલવાની બુદ્ધિથી શ્વેતાંબર-દિગમ્બર બંને ગ્રંથો છપાવવા અર્થે "શ્રીમદ્ રાજચંદ્ર શાસ્ત્ર-માળા" નામની ગ્રંથશ્રેણિ શરૂ કરી, ત્યાં ભાગીદારો વચ્ચે મુકદ્દમો શરૂ થતાં તે હિલચાલ પડતી મૂકવી પડી. તે જ અરસામાં "સનાતન જૈન" પત્ર અવિભક્ત જૈનના સંસ્કાર ઉત્પન્ન કરવા માટે શરૂ કર્યું અને તરત જ મારું આરોગ્ય બગડ્યું. જરા ઠીક થયું કે ઉપરોક્ત મુકદ્દમો ઊભો થયો અને તે પૂરો થયા બાદ અવિભક્ત જૈનની હિલચાલ વિશેષ બળથી આગળ વધી શકે એટલા માટે ભાઈ છગનલાલ ઉપર સંસારભાર મૂકી દેવાની ઇચ્છા કરી તેને વેપારમાં કેળવવાની શરૂઆત કરી દીધી. પણ હજી શરૂઆત પૂરી પણ થઈ નથી ત્યાં તો તે બાળક પણ ભયંકર વ્યાધિમાં આવી પડ્યો. હું એવી આશામાં ને આશામાં વખત કાઢતો કે ક્યારે છગનલાલનું આરોગ્ય સુધરે અને ક્યારે વેપાર, સંસાર-વ્યવહારમાં કેળવી તેના ઉપર સંસારભાર મૂકીને વ્યવહારથી બને તેટલી નિવૃત્તિ મેળવી હું 'અવિભક્ત જૈન'ની હિલચાલ માટે પ્રયત્ન કરું. એ આશા નિર્મૂળ થઈ ગઈ અને ભાઈ છગનલાલ ચાલ્યો ગયો! ઊલટો મારે આ વ્યવહાર દુઃખપૂર્વક કરવાનો સમય આવ્યો એટલે 'અવિભક્ત જૈન'ની હિલચાલ આગળ વધારવાનું બંધ રહ્યું. 'સનાતન જૈન' દ્વારા જરાતરા અવ્યવસ્થિત પ્રયત્ન થાય છે. તેમાં પણ મંદતા આવવાનો વખત આવ્યો. પૂર્વકર્મ, તને જે ગમ્યું એ ખરું!

વવાણિયા, ચૈત્ર વદ ૮<br>
ભોમ, તા. ૧૩-૪-૧૯૦૯

મનસુખ (દુઃખ)

☆ ☆ ☆



સ્વ. પૂ. રણછોડદાસભાઈ ધારસીભાઈ

## સદ્‌ગત રણછોડભાઈ ધારસીભાઈનો પરમકૃપાળુ દેવ સાથેનો પરિચય

**શ્રી સહજાત્મ સ્વરૂપાય નમઃ**

[પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર ભગવાન સાથેનો મારો સમાગમ]

**મારો** જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો. હું સાધારણ વણિક કુટુંબમાં જન્મી દુનિયાદારીની જુદીજુદી સ્થિતિમાંથી પસાર થયેલો છું. ન્યાયનીતિમાં અગ્રસ્થાન ભોગવતા કાઠિયાવાડના એક રાજ્યની હું જ્યારે નોકરી કરતો હતો, ત્યારે પરમકૃપાળુ દેવલિખિત મોક્ષમાળા સંવત ૧૯૪૬માં મેં મંગાવી. તે વખતે તે પુસ્તકનું ફક્ત નામ વાંચીને જ મંગાવેલું, પણ વાંચતાં તેમાં અદ્‌ભુત ભાવ અનુભવ્યો અને તેથી તેના લખનારપુરુષ પ્રત્યે બહુ જ ઊંચો આદર જાગૃત થયો. હું પોતે તો સ્થાનકવાસી જૈન હોવાથી જ્યારે કોઈ જૈન ધર્મ વિષે પૂછતું ત્યારે આ પુસ્તકની હકીકત રજૂ કરતો.

જો કે મને રસાયણવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને પદાર્થવિજ્ઞાન વગેરેનું સામાન્ય જ્ઞાન હતું અને કુદરતના નિયમ સમજવા મને હમેશા બહુ ઉત્કંઠા રહેતી, પણ 'તત્ત્વાતત્ત્વ' કે જૈન ધર્મની દૃષ્ટિ વિષે કોઈ જાતની માહિતી કે વિવેકજ્ઞાન નહોતું.

પરમકૃપાળુ દેવ સાથે મારો પ્રથમ મેળાપ સં. ૧૯૪૯માં મુંબઈમાં થયો. તે વખતે મારા સ્વચ્છંદને લઈને પરમકૃપાળુશ્રીનો આ યોગ યથાર્થ પરિણામી ન નીવડ્યો. ત્યાર બાદ સં. ૧૯૫૫ના આસો માસમાં તેઓશ્રી સાથે મુંબઈમાં પંદરવીસ દિવસ રહેવાનું

બન્યું હતું. તેઓશ્રી પ્રત્યે ઉચ્ચ આદરભાવ અને પૂજ્યભાવ હોવા છતાં તેમની વ્યાવહારિકતા વિશે મારા મનમાં સંકલ્પવિકલ્પ ઊઠતા હતા. પરમકૃપાળુ દેવનું આરોગ્ય તે વખતે જોઈએ તેવું સારું ન રહેતું, તેથી હવાફેર કરવા ધરમપુર પધારવાનું મેં તેમને આમંત્રણ આપ્યું અને પછી પત્રવ્યવહારમાં તે માગણી કર્યે જ રાખી. તેને માન આપી પરમકૃપાળુ દેવે સં. ૧૯૫૬ની સાલમાં ચૈત્ર માસમાં ધરમપુર પધારી મારી અભિલાષા અને ઇચ્છા પરિપૂર્ણ કરી. મૂળથી જો કે હું કુદરતી નિયમ સમજવા માટે ઉત્સુક તથા ઉચ્ચ નીતિરીતિને અનુસરી વર્તન કરવા આગ્રહી રહેતો તેમ જ મારા સમાગમમાં આવતી દરેક વ્યક્તિને તે રીતે વર્તવા આગ્રહ અને પ્રેરણા કરતો, તોપણ મારી સંયમશક્તિની ખામીને લીધે મારી ઇચ્છા જોઈએ તેવી પાર પડી નહીં. તેથી હંમેશાં મને તેને માટે દુઃખ લાગ્યા કરતું અને હૃદય બળ્યા કરતું. પ્રભુ શ્રી પરમકૃપાળુ દેવ આ હકીકત સમજી જતા, જાણી જતા અને વખતોવખત કરુણાથી સમજાવતા, "આર્તધ્યાન કરવું નહીં જોઈએ." પણ 'કમજોર ને ગુસ્સા બહોત' એવી મારી સ્થિતિ તે વખતે હતી. વળી મારો સ્વચ્છંદ પણ પાતળો નહોતો પડ્યો. જ્યારે જ્યારે તેઓશ્રી મને સારી સમજણ આપે ત્યારે મનમાં એમ જ થાય કે પોતે વ્યવસાય ચલાવતા છતાં મને પરમાર્થ કરવાની શિખામણ દે છે, જેથી તેનો મારા મનમાં અનાદર કરતો. તેઓ જે વાત કરે તેનો આશય હું સમજી શકતો નહીં. એમના અદ્‌ભુત જ્ઞાનનો મને ખ્યાલ ન આવવાથી મને એ વાત રુચતી નહીં.

એક વખત તેઓશ્રી પત્ર લખતા હતા ત્યારે હું ત્યાં પાસે બેઠો અને લખવા સંબંધી કંઈ કામ લેવાની માગણી કરી, તે વખતે એક કાગળના કવર ઉપર "મહામહોપાધ્યાય પોપટલાલ મહોકમચંદ" મુ. અમદાવાદ" એવું નામ લખાવ્યું. આ વખતે મનમાં આશંકા થઈ કે બ્રાહ્મણ અથવા વેદાંતીઓમાં આવી પદવી હોય છે. આ નામ કોઈ વણિકનું હોય તો આ મહામહોપાધ્યાયની પદવી કેમ બંધબેસતી થાય? પણ તે પદવી તેમણે ભાઈશ્રી પોપટલાલભાઈને આપી હતી.



પૂ. શ્રી મણીબેન રણછોડભાઈ મોદી

મને પરમાર્થ હવે ખરી રીતે સમજાય છે. પહેલાં મને મોહને કારણે કોઈ પ્રવૃત્તિમાં ઝંપલાવવાનો વખતોવખત બહુ જ આગ્રહ રહ્યા કરતો. હું જે રાજ્યમાં નોકર હતો તે રાજ્યના કર્તા તથા મુખ્ય મંડળની શીતળ છાયાને લઈ મારા કામમાં મને કોઈ દિવસ આડખીલી થતી નહીં. તેથી પરોપકાર અર્થે વ્યવસાય ચલાવવાનો શોખ વધતો જતો હતો. એક ગૃહસ્થે આવી માગણી કરી કે પોતાની મૂડીથી, પોતાના માણસોથી, રાજ્યની હદ બહાર તે કશોક વ્યવસાય શરૂ કરવા માગે છે એ કામમાં નુકસાન થાય તો મારે કંઈ ન આપવું અને નફો મળે તો અમુક ભાગ આપવો. આવી ચોખ્ખી નફાની વાત હતી, તે પરમ-કૃપાળુ દેવ પાસે મૂકી. તેઓશ્રીએ મને તેમાં પડવા ના પાડી. તે વખતે મારા મનમાં સંતાપ થયો કે આવા લાભની વાતમાં પણ પરમકૃપાળુ દેવ કેમ પ્રતિકૂળ થયા? થોડા વખત પછી તે ગૃહસ્થને પોતે શરૂ કરેલું કામ કાંઈ પણ નફો મેળવ્યા સિવાય ખોટ ખાઈ સમેટી લેવાની જરૂર પડી હતી એ હકીકત મેં જાણી, તો પણ આવા બનાવથી પરમકૃપાળુ દેવ પ્રત્યે અનન્ય આશ્રયભાવ કે પરમાત્મપણાનો ભક્તિભાવ ઉત્પન્ન થયો નહોતો. છતાંય નિગૂઢ રીતે કોઈ અપૂર્વ શ્રદ્ધાભાવ ઉત્પન્ન થઈ વૃદ્ધિ પામ્યા કરતો હતો.

પરોપકાર અને શુભ માર્ગે ધન વાપરવાની પરમકૃપાળુ દેવ સાથે એક ચર્ચા થઈ હતી. અને તેવી કોઈ સંસ્થા હોય કે જેમાં વાપરેલું ધન ગેરરસ્તે વપરાવાનું બને નહીં, એ બાબતમાં તેવું કોઈ કાર્ય ભવિષ્યમાં નિર્ણીત થયે જણાવવા પોતે ફરમાવ્યું હતું. અને તેઓશ્રીના દેહોત્સર્ગ પહેલાં થોડા સમય અગાઉ 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તથા 'ખંભાત સુબોધક પુસ્તકાલય'ના કાર્યમાં યથાશક્તિ ઊભા રહેવા સૂચન થયું હતું. આ બંને સંસ્થાઓ અંગે તેઓશ્રીના નિર્મળ જ્ઞાનનો પ્રભાવ અત્યારે અંતરમાં વેદાય છે.

ઘરમાંથી મારાં ધર્મપત્નીએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય થવું એમ પરમકૃપાળુ દેવની આજ્ઞા થયેલી તે મુજબ તેમનું આજીવન સભ્ય તરીકે નામ નોંધાવ્યું હતું.

પરમકૃપાળુ દેવશ્રી પોતે વાત કરતાં 'અમે' શબ્દ બહુ વાપરતા. એક વખત એકાંતમાં સવાલ કર્યો હતો કે આવી રીતે વાત કરવી યા બોલવું એ હુંપદપણું સૂચવે છે એમ નથી લાગતું ? ત્યારે તેઓશ્રીએ તેનો અર્થ સમજાવ્યો હતો કે, અ=નહીં અને મે=હું. તેથી અમે=હું નહીં એવા અર્થમાં 'અમે' શબ્દ વાપરીએ છીએ. આ વખતે તત્ત્વજ્ઞાન સંબંધી કંઈ મનનો નિર્ણય થયેલો નહીં હોવાથી એ અર્થનું મહત્ત્વ લાગ્યું નહોતું. હવે એ શબ્દનું ગાંભીર્ય અને તે શબ્દ વાપરવામાં પરમકૃપાળુ દેવની તેવી ખરી વીતરાગ દૃષ્ટિ અને સ્થિતિનું ભાન થાય છે. અર્થાત્ તેઓશ્રીનો ખરો આશય યથાર્થ સમજાય છે. એ રીતે કદી તેઓશ્રી વાત કરવામાં કે ખુલાસા કરવામાં સામાન્ય રીતે પોતાપણું આરોપતા નહીં.

સામાન્ય રીતે સુરત જિલ્લામાં રાંધેલી દાળ સાથે દહીં ખાવાનો રિવાજ વિશેષ હતો. પોતે એક વખત જણાવેલું કે રાંધેલું અને ઠંડું પડી ગયેલું દ્વિદળ એટલે કોઈ જાતનું કઠોળ, દૂધ–દહીં મેળવી જમવાના ઉપયોગમાં લેવું નહીં. આવું ઘણી જગ્યાએ જૈનાચાર્યો કહેતા આવ્યા છે. તે વખતે આ વાત સમજાઈ નહીં પણ અત્યારે સમજાય છે. અતીંદ્રિય જ્ઞાન વિના ખરી હકીકત ભાસ્યમાન થઈ શકે નહીં. જે વાત મહાન સૂક્ષ્મદર્શક યંત્રથી બૅકટેરિયોલોજી હાલ સિદ્ધ કરે છે, તે જ અતીંદ્રિય જ્ઞાનવાળા સહેજે સમજી શકે છે અને આવા મિશ્રણનો નિષેધ એ સ્વાભાવિક રીતે સમજાય છે.

શ્રીમદ્જીની કારુણ્યવૃત્તિનો એક બીજો દાખલો પણ નોંધપાત્ર છે: તે એ કે જ્યારે ધરમપુરના પહાડી પ્રદેશમાં અમે સાથે હતા તે અરસામાં એટલે સં. ૧૯૫૬ ના ચૈત્ર માસમાં અમારા રાજ્યકર્તાના મુલકમાં પોલિટિકલ એજંટ સાહેબનો મુકામ થયો હતો. તે સાહેબના સન્માન અર્થે શિકારની ગોઠવણ થઈ હતી. પણ જાનવરના સદ્‌ભાગ્યે જ્યાં દયાનો ઝરો વહેતો હોય ત્યાં દૈવી રક્ષણ મળ્યા વિના કેમ રહે? એ બનાવને ગમે તેમ ગણવામાં આવે પણ એટલું ખાસ નોંધવાની જરૂર છે કે જ્યાં સુધી શ્રીમદ્જીની સ્થિતિ એ મુલકમાં રહી ત્યાં સુધી શિકાર મળી

શક્યો નહીં. પરમકૃપાળુ દેવશ્રી ત્યાંથી પધારી ગયા અને સાહેબનો મુકામ પડોશી રાજ્યમાં થયો ત્યાં તેને પાછળથી શિકાર મળ્યાના સમાચાર સાંભળ્યા હતા.

પરમકૃપાળુ દેવના ધરમપુરના નિવાસ વખતે મારા તરફથી ડાઘુઓ માટે એક આશ્રયસ્થાન બનાવવામાં આવતું હતું ત્યાં હરવખત જવું થતું હતું. એ આશ્રયસ્થાનની બાજુમાં નાનો સરખો બગીચો અને જુદાજુદા રંગના પાંચીકાથી કોઈ લેખ ચિતરવાનો વિચાર થયો હતો. શો લેખ ચિતરવો એ બાબત શ્રીમદ્જીને વિનંતી કરી પૂછવામાં આવ્યું હતું. "ભાવના સિદ્ધિ" એ લેખ માટે સૂચન થયું હતું. આ લેખનું મહત્ત્વ તે વખતે સમજાતું હતું તેના કરતાં અત્યારે વિશેષ સમજાય છે. મારી સમજણ પ્રમાણે તો સુખદુઃખના હરકોઈ સમયે આ મુદ્રાલેખનું સ્મરણ દરેકને બહુ જ ઉપયોગી અને શાંતિદાયક થઈ પડે એમ લાગે છે.

ઉપર જણાવેલા આશ્રયસ્થાને શ્રીમદ્જી સાથે વખતોવખત જવાનું બનતું. ત્યાંથી મોડી રાત્રે ઘેર આવતાં કોઈ કોઈ વાર શ્રીમદ્જી પોતે એકલા એ સ્થળેથી થોડે દૂર ઝાડીમાં જતા અને પૂછે કે તમને સર્પ કે વાઘનો મેળાપ થાય તો ડરો કે કેમ? એ સવાલ પૂછતાં હું જવાબ આપતો કે આપની સમીપે તો ડરીએ નહીં. પણ પ્રત્યક્ષ તેની પરીક્ષા થયા સિવાય શું કહી શકાય? તેનો જવાબ શ્રીમદ્જી તરફથી મળેલો પણ અત્યારે તે યાદ નથી. એ આશ્રયસ્થાનના બગીચામાં નવી કેળો નાખી હતી તેમાંની એક કેળને નવાં પલ્લવ આવેલાં હતાં. એક પ્રસંગે સવારને વખતે પવનની લહેરથી તે પલ્લવ ફરફરી રહ્યું હતું તેથી ઘણું રમણીય ભાસતું હતું. તે જોઈ આ લખનારની દૃષ્ટિ તે પાનની મનોહરતા પર પડી તે જોઈ શ્રીમદ્જીએ મને જણાવ્યું કે મન તેમાં બહુ આકર્ષાશે તો ત્યાં ઊપજવું પડશે. તે આશ્રયસ્થાનમાં એક બ્રહ્મચારી સાધુ તે વખતે રહેતો હતો તે જણાવતો કે રાતને વખતે બાગમાં એક સાપ આવે છે. તે મોઢામાંથી મણિ મૂકી ચરવા જાય છે. તે સમયે અજવાળું થઈ રહે છે. શ્રીમદ્જીએ તે પર લક્ષ નહોતું આપ્યું તેમ સાધુએ એ વાતની પ્રતીતિ કોઈ વખતે કરાવી નહોતી.

લગભગ એક માસ સાથે રહ્યા છતાં, બેસવું, ઊઠવું, સૂવું એ બધો જ પ્રસંગ સાથેનો હોવા છતાં તેમ જ વચ્ચે કોઈની પણ દખલગીરી નહીં હોવા છતાં શ્રીમદ્‌જી સાથે સહચારીપણા સિવાય વિશેષપણે અંતરાત્મા જાગ્યો નહોતો. તેઓશ્રીના દરેક કાર્યમાં નિર્મળતા અને સ્વચ્છતા તથા નિર્દોષતા જોવામાં આવતી, છતાં આ પ્રદેશમાંથી શ્રીમદ્‌જી મુંબઈ જવા નીકળ્યા તે વખતે વળાવવા સાથે ગયો ત્યારે રસ્તામાં વાતચીતના પ્રસંગે મેં અસભ્ય અને અવિનયભર્યો શબ્દ ઉચ્ચાર્યો હતો. આ લખનારને ખાસ યાદ છે કે રસ્તામાં તે વખતે બીજી બાબતો ઉપર વાત ચલાવી કરુણાર્દ્ર હૃદયે પોતે શ્રી "ભગવાન" છે એવું કબૂલ કરાવી પોતાની પાસે એ કઠોર વચનની માફી મંગાવી હતી. આજે તે દૃશ્ય સંભારતાં રોમાંચ ઊભાં થાય છે. તે વખતની તેમની મુદ્રા અત્યંત અનંત કરુણાથી ભરેલી, ઓજસ્વી લાગતી હતી. શાસ્ત્રમાં કહ્યું છે કે સત્પુરુષો ભગવાનરૂપ, કરુણાના મહાસાગર હોય છે. તેમની કરુણા સ્વયંભૂરમણ સમુદ્ર સાથે હરીફાઈ કરતી હોય છે. તે ભગવાનની કરુણા અનંત અને અપાર છે, તેનો ત્યારે અનુભવ થયો. જેનું જ્ઞાન સંપૂર્ણ નિરાવરણ હોય તે પુરુષ જ આમ કરુણા કરી શકે. સામાન્ય મનુષ્યનું શું ગજું ? ત્યાર બાદ મુંબઈ પાસે શીવ, વલસાડ, તિથલ અને મોરબી તથા વઢવાણ કૅમ્પમાં સમાગમ ચાહીને ઇચ્છ્યો હતો. સાથે ને સાથે ઘડી પણ જુદા ન રહેવાનો યોગ બન્યો હતો છતાં "તત્ત્વાતત્ત્વ"નો નિર્ણય કરવા મેં જરાય દરકાર કરી નહોતી.

ભગવાન તો માત્ર નિરંજન નિરાકાર જ હોઈ શકે. જૈન સિદ્ધાંત કોઇ બાબતના નિર્ણય ઉપર નથી એવું નાનપણથી મનમાં ઠસેલું હતું તથા પશ્ચિમની યાંત્રિક–તાંત્રિક વિદ્યાના પરિચયથી જડવાદ મગજમાં ભરેલો હતો. બીજું કોઈ સાધ્ય કરવા તરફ લક્ષ રહેતું જ નહીં. ન્યાય, નીતિ એ જ દરેકનો ધર્મ હોઈ શકે; પણ ખરું કહીએ તો બધો એકાંતિક આગ્રહ હતો. વિવેકપૂર્વક સમજવાની તે વખતે ખામી હતી, જે થોડા અંશે પાછળથી ઓછી થવાનું ભાસ્યમાન થતું હતું. મોરબીના સમાગમ વખતે મારા એક વયોવૃદ્ધ પૂ. વડીલ કુળદેવીની માનતાએ ગોંડલ જતા હતા, ત્યારે

શ્રીમદ્જીએ તેઓને વાર્યા અને જણાવ્યું કે ‘તેનું જોખમ બધું અમે અમારે શિરે રાખીએ છીએ.’ પણ આગ્રહને લઈને એ ભાઈને માનતાએ જવાનું થયું અને ત્યાં તેઓ હેરાન થયા હતા એમ પાછળથી સમજાયું હતું.

શ્રીમદ્જીને એક વખત મેં સવાલ પૂછ્યો હતો કે જૈન ધર્મના બોધ પ્રમાણે કોઈ સાધુ વિચરી શકે નહીં, હોઈ શકે નહીં. હાલ એવો કોઈ સાધુ પુરુષ હશે? જવાબ મળ્યો “હોઈ શકે.”

વ્યાવહારિક પ્રસંગોના સવાલના જવાબમાં શ્રીમદ્જી હંમેશાં ઉપેક્ષા દાખવતા. શ્રીમદ્જીના દેહોત્સર્ગ પછી ‘શ્રીમદ્ રાજચંદ્ર’ નામનો ગ્રંથ (મોટો) છપાઈ બહાર પડ્યો અને તે ગ્રંથનું અવલોકન કર્યું ત્યારે જ શ્રીમદ્જી કેવી દશાના પુરુષ હતા તે સમજાયું. અર્થાત્ તેમનું ભગવતસ્વરૂપ યથાતથ સમજાયું છે તથા જગત અને જીવનું ભાન થયું છે. તેઓશ્રીની ભાષા અને કથન એ પુસ્તક દ્વારા અદ્ભુતતાનો ચિતાર આપે છે. તેઓશ્રીની બધી કૃતિ સહજ જ હતી, તે સ્વાભાવિક સમજાય છે. કર્મના નિયમનું સાચું ભાન જિજ્ઞાસુ મુમુક્ષુને આ પુસ્તકમાંથી મળી આવે એવું મારું માનવું છે. તત્ત્વાતત્ત્વનું ભાન થવા માટે આ “શ્રીમદ્ રાજચંદ્ર” ગ્રંથ બીજરૂપ છે, અને તે સમજણને ખીલવનાર તથા પોષણ આપનાર પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈ “મહામહોપાધ્યાય.” મુનિશ્રી શ્રી લઘુરાજ સ્વામી વગેરેનો આભાર માની તેઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું.

આ જગતના ત્રિવિધ તાપના નિવારણ અર્થે શ્રીમદ્જી પરમ-કૃપાળુ દેવનાં વચનામૃતો જુગોજુગ પ્રસિદ્ધિને પામો! શ્રી રાજચંદ્ર ભગવાન પ્રત્યે આજ પર્યંત જાણતાં-અજાણતાં થયેલ અવિનય, અશાતના, અયોગ્યતા માટે માફી માગી અંત સમયે ફક્ત તેઓની જ સેવા મળો, તેમના ચરણમાં જ નિવાસ મળો એટલું ઇચ્છી અંતઃકરણપૂર્વક નમસ્કાર કરું છું, ત્રિકાળ નમસ્કાર કરું છું.

દાસાનુદાસ અલ્પજ્ઞ સેવક
રણછોડદાસ ધારશીભાઈ

☆ ☆ ☆

# સદ્‌ગત ભગવાનલાલભાઈના વ્યક્તિત્વની ઝાંખી

લેખક : **નાનાલાલભાઈ ખીમચંદભાઈ પારેખ**

**ભ**ગવાનલાલભાઈમાં કુટુંબવાત્સલ્ય ઘણું હતું. એ એમની ખાસ લાક્ષણિકતા હતી. એમના મૃદુહૃદયની એ સાક્ષી પુરાવતી હતી, તેથી જ સામાન્ય સંબંધોમાં પણ તેઓ અસાધારણ સહાનુભૂતિ દર્શાવતા. કેટલીક વાર તો એમ પણ ભાસતું કે જાણે તેઓ પોતાના સંબંધમાં આવતા જીવોનું આત્યંતિક ઋણ ચૂકવવા જ ન આવ્યા હોય! એમાંથી એમની અદ્‌ભુત નિઃસ્પૃહ વૃત્તિ જાગી હતી. કૌટુંબિક સંબંધોમાં જસાણી કુટુંબ સાથે તેમનો સારો સંબંધ ચાલ્યો આવતો. શ્રી નાનાલાલભાઈ અને શ્રી બેચરલાલભાઈને તો તેઓ વડીલ જ ગણતા. શ્રી મોહનલાલભાઈ સમવયસ્ક હોવાથી તેમની સાથે સહોદર જેમ જ વર્તતા. શ્રી અમૃતલાલભાઈ તો માસીના દીકરા હતા એટલે તેમની સાથેનો સંબંધ પણ મધુર આત્મીય અને આહ્‌લાદક હતો.

જસાણી કુટુંબનાં પુત્રો અને પુત્રીઓ સાથે પણ પોતાનાં પુત્રપુત્રીઓ જેવો જ ભાવ રાખતા. શ્રી ગોપાળજીભાઈ અને તેમનો સંબંધ પ્રથમ તો વેપારી સંબંધ હતો. પછી તે ભાગીદારીમાં પરિણમ્યો. બીજા પણ ભાગીદારો હતા અને સૌ તેમના તરફ પ્રેમ–આદરભાવ રાખતા. એક જ પંક્તિએ તેઓ જમવા બેસતા, તેવી એકતા તેઓમાં હતી. આમાં શ્રી ગોપાળજીભાઈ તેમના અજોડ અનુરાગી હતા; તે જાણે તેમના પડછાયા હોય તેમ વર્તતા. ભગવાનલાલભાઈની તે સતત સંભાળ રાખતા. તે તેમના હંમેશના સહચારી બન્યા હતા. બન્ને લગભગ બધે જ સાથે હોય.

તેમના વિના શ્રી ગોપાળજીભાઈ લાંબો સમય રહી જ ન શકે. સવારે ઘરે આવ્યા જ હોય; વળી રાત્રે પણ લટાર મારી ગયા જ હોય. વાતો તો બન્ને ભાગ્યે જ કરે, છતાં પણ એકબીજાની એકતાનો મૌન આનંદ બન્ને અનુભવે. આવો લગભગ તેમના વર્ષોજૂના સંબંધોનો દૈનિક ક્રમ હતો. તેમના વ્યાવહારિક અને વેપારી હિસાબને લગતું તથા કુટુંબને સ્પર્શતું કામ શ્રી ગોપાળભાઈ જ ઉપાડી લેતા, જેથી તેમને ઓછામાં ઓછો શ્રમ પડે. તેમના કામની ગોપાળભાઈ સારી તકેદારી રાખતા. આ રીતે તેઓ તેમના સાચા અનુજ બન્યા હતા.

શ્રી ચીમનલાલ મણિયાર સાથે તેમનો અંતરંગ મેળ હતો. જીવનના ગૂહ્યતમ કોયડાઓમાં તેમની પાસેથી માર્ગદર્શન મળતું અને અનેરી શાંતિ અનુભવતા. અંત સમયે પણ શ્રી મણિયારની હાજરીથી તેઓશ્રીએ ખૂબ આનંદ અને આશ્વાસન મેળવ્યું હતું. આમ શ્રી મણિયાર તેમના સન્મિત્ર તરીકે છેવટ સુધી રહ્યા હતા. મને પ્રથમ મેળાપ સને ૧૯૩૭ માં થયો, જો કે સ્પષ્ટ યાદ નથી. પણ પહેલી છાપ એવી પડી કે કદાચ એ મોટા વેપારી હશે અને તેમનું બીજી બાબતોનું જ્ઞાન સાધારણ હશે. તે વખતે તેઓ કરાંચીના ઘરની અગાસીમાં બાંકડા પર બેઠા હતા. પૂ. ભાઈશ્રીએ કાંઈ પૂછયું ત્યારે મેં જવાબ એવો આપ્યો કે જાણે તે બાબતમાં હું ઊંડું જ્ઞાન ધરાવું છું. તે વખતે મારા મનમાં એવું થતું કે આવી બાબતમાં વેપારી માણસ શું સમજે? સૌથી પ્રથમ આ વાર્તાલાપ હોય તેવો મને ખ્યાલ છે.

તેમની મુખમુદ્રા સૂચવતી કે અંદરનો પ્રકાશ બહાર ન આવી જાય તેની જાણે તેઓ તકેદારી રાખતા ન હોય! તેઓ જ્ઞાન અને સમજણના અનુભવથી રંગાયેલા હતા એટલે દરેક બાબતમાં ખૂબ ઊંડાણથી ઊતરી શકતા અને તેનાં પરિણામોને જોઈ શકતા. અનુભવી પુરુષમાં જે એક જાતની ઠાવકાઈ હોય છે તે તેઓશ્રીમાં ભારોભાર ભરેલી હતી. ૧૯૩૭ માં તો કરાંચીમાં સ્વજનોની ભારે જમાવટ થઈ હતી. સૌ શાંતિથી, સંપથી, આનંદથી રહેતા, હળતા-મળતા અને કિલ્લોલ કરતા. તેમાં પૂ. ભાઈશ્રીનું સ્થાન અનોખું હતું. તેમનું અનોખું વ્યક્તિત્વ નિરાળું તરી આવતું હતું.

ભરાવદાર શરીર, ઉપર શુદ્ધ ખાદીનાં સાદાં વસ્ત્રો, ધોતિયું અને ઝભ્ભો–ટોપી ભાત પાડતાં. બધાની દૃષ્ટિ તેમના તરફ રહેતી. તેઓ સૌના સલાહકાર હતા, દીન–દુઃખીના તો બેલી હતા. મુત્સદ્દી માણસોની આવજા પણ હરદમ ચાલ્યા કરતી. મને ઘણી વાર થતું કે એવું તે તેમનામાં શું છે? જોઈએ તો આપણા જેવા જ માણસ! દૈનિક ક્રમમાં પણ તેવું. બાહ્ય જપતપ, વ્રત કશું જ નહીં. કોઈ જાતની દેખીતી ક્રિયાકાંડી વૃત્તિ નહીં. જે આવ્યું તેનાથી ચલાવે. કોઈ જાતનો મતાગ્રહ નહીં. પ્રત્યક્ષ રીતે પૂરા વ્યવહારી. વેપારી સંસારી પુરુષ હોવા છતાં, આટલો બધો લોકલાગણીનો પ્રવાહ તેમના તરફ શા માટે વળ્યો હશે?

જીવનના અનેકરંગી ક્રમોમાં અમુક ચોક્કસ ગુણોની સત્યતા જેનામાં જળવાતી હોય છે તેના તરફ લોહચુંબકની જેમ મનુષ્યોનો પ્રવાહ ખેંચાયેલો રહેતો હોય છે. તેવું જ પૂ. ભાઈશ્રી તરફ સૌનું ખેંચાણ હતું. નાનામોટા, શ્રીમંત કે ગરીબ સૌને તેમના સાંનિધ્યમાં બેસવાથી એક જાતની આંતરિક શાંતિનો અનુભવ થતો. મારો અને મારી જાણમાં છે તેવા અનેક સ્નેહીઓનો આ નિત્ય અનુભવ હતો. ઉજ્જ્વળ આત્મા પાસે બેસવાથી જે પરોક્ષ અને વિશુદ્ધ આનંદ ઊભો થાય છે તેવો અનુભવ પૂ. ભાઈશ્રી પાસે કલાકોના કલાકો વગર વાતચીતે બેઠા રહેવાથી પણ થતો. તેમની એક સૌમ્ય દૃષ્ટિ જ કેટલીક વાર મનના ઉકળાટને શાંત કરવા બસ થઈ પડતી હતી.

પ્રાચીન કાળમાં ઋષિઓનો પ્રભાવ પ્રવર્તતો. પછીના કાળમાં રાજર્ષિઓની આણ વર્તતી. વર્તમાનકાળમાં પુણ્યશાળી અને સંસારી છતાં પવિત્ર અને ત્યાગી, વ્યવહારમાં હોવા છતાં અનાસક્ત એવા નવા સંસારર્ષિઓનો પ્રભાવ પ્રવર્તવાનો હોય એવું લાગે છે. આવા આત્માઓનું લક્ષ્ય પ્રાણીમાત્રની સેવા હોય છે. મનુષ્ય માત્ર માટે નિઃસ્વાર્થ, પૂર્ણ, સહૃદય પ્રેમ હોય છે. આ લક્ષ્યની સિદ્ધિ માટે આવા આત્માઓ પોતાની રીતે પ્રયત્ન કરતા હોય છે. પૂ. મહાત્માજીએ સંસારમાં રહી, સત્ય અને અહિંસાના પાઠો ભણાવી માનવસેવા કરી. આવા અનેક આત્માઓ સંસારમાં રહી અદૃષ્ટ રીતે દીન–દુઃખીઓની સેવા કરતા હોય છે. આવી જ

સેવા પૂ. ભાઈશ્રી અંતકાળ સુધી કરતા ગયા છે. માનવમાત્રના સુખ માટે, કલ્યાણુ માટે, તેમનું કરુણાપૂર્ણ હૃદય છલકાતું હતું તે એમના નિકટના સહવાસમાં આવનાર સ્પષ્ટપણે જોઈ શકતા હતા. જેમ વિરલ આત્માઓના જીવનમાં એક પ્રકારની સુસંવાદિતા જળવાતી હોય છે તેવી જ સંવાદિતા પૂ. ભાઈશ્રીના જીવનમાં જોવામાં આવતી હતી.

તેમનું બાલ્ય જીવન, કુમાર જીવન, કુટુંબ જીવન, વ્યાપારી પ્રવૃત્તિ, રાજકીય પ્રવૃત્તિ અને અન્ય પ્રકારની સામાજિક અને સાંસ્કારિક એવી ઘણી પ્રવૃત્તિઓમાં તેમનું આત્મશ્રદ્ધાથી ભરેલું ધાર્મિક હૃદય દૃષ્ટિગોચર થયા કરતું હતું. વિશાળ બુદ્ધિ, સમતોલવૃત્તિ, તલસ્પર્શી વિચારશક્તિ, સંપૂર્ણ ઉદારવૃત્તિ, સાચી પારખશક્તિ અને કરકસરવૃત્તિ, અનન્ય પૂજ્ય ભાવ વગેરે ઘણા ગુણો તેમના જીવનમાં ઓતપ્રોત થયા હતા. વેપારી અને વ્યવહારી સમજ અસામાન્ય હતી, છતાં જાણે તેઓ કોઈ પૂર્વના યોગને પૂરો કરવા જ ન આવ્યા હોય એવું લાગતું હતું. કુટુંબ-સેવા અને કુટુંબપ્રેમનો પદાર્થપાઠ શીખવવા જાણે પોતે અવતાર ધારણ કર્યો હોય તેમ પણ લાગતું હતું. વિવેકબુદ્ધિ એટલે નીરક્ષીર સમજવાની શક્તિ. બુદ્ધિ તો સૌમાં હોય જ છે, દરેક વ્યક્તિ બુદ્ધિથી વ્યવહાર ચલાવે છે, પણ એ સામાન્ય બુદ્ધિ-શક્તિ હોય છે. જ્યારે અસામાન્ય વ્યક્તિઓમાં બુદ્ધિના ચમકારા પ્રબળ રીતે ચાલુ હોય છે, ત્યારે અંતઃકરણના ભાવ પ્રમાણે તેઓ પોતાની સાથે અન્યને દોરે છે. તેમની પારદર્શી દૃષ્ટિ બધું પામી જાય છે અને પલકારામાં ખરો નિર્ણય લેવાઈ જાય છે. જ્યાં સુધી અનિષ્ટ ન થવાનું હોય ત્યાં સુધી ભલે ચાલવા દે, પણ જ્યારે લાગે કે આમાંથી અનિષ્ટ થશે ત્યારે તે નિર્ણયોને અમલમાં મુકાવતાં તેઓ અચકાતા નથી. એટલું જ નહિ પણ પોતાના પ્રભાવથી તેઓ તે માટેનું અદ્દભુત મનોબળ પણ દર્શાવે છે. પૂ. ભાઈશ્રીમાં આવી વિશાળ વિવેકબુદ્ધિ હતી. દરેકેદરેક પ્રસંગમાં તેઓ વસ્તુનો તાગ પામી જતા. વેપારમાં કે અન્ય કાર્યોમાં પણ તેઓની નિર્ણયશક્તિ સાચું પામી જતી. અંતર્બુદ્ધિના વ્યાપારો અગમ્ય છે, વિવેકબુદ્ધિ એ અંતરની સાથે સંકળાયેલી સૂક્ષ્મ

પ્રજ્ઞા છે. આવી પ્રજ્ઞાવાળા માણસો થોડા હોય છે. તેમને અંતરની કોઈ અજબ સૂઝ હોય છે. આવી સૂઝને લીધે તેમના જીવનમાં વિવેક ઊભરાતો હોય છે. વિશાળ વિવેકબુદ્ધિ હોય ત્યાં અપાર માનવતા, જીવમાત્ર પ્રત્યે પરમ દયા, અસંગવૃત્તિ હોય છે. પૂ. મહાત્માજી સામાન્ય માનવ હતા. તેમના કરતાં બુદ્ધિશાળી ઘણા હશે. તેમના કરતાં ત્યાગી અને સંયમી પણ ઘણા હશે. તે છતાં તેમની અંતર્પ્રજ્ઞાશક્તિ એટલે કે અંતરની સૂઝ એવી હતી કે જ્યાં કોઈની બુદ્ધિ પહોંચતી નહોતી. એ સૂઝ પ્રમાણે તેમણે પોતાનું અને અન્યનું જીવન ઘડયું હતું. આવા વિરલ આત્માઓ જ માનવજાતિને માર્ગદર્શક કાર્ય કરી જાય છે. પૂ. ભાઈશ્રીમાં ભલે મહાત્માજીના જેટલી શક્તિ વિકસિત ન હોય છતાં, એમનામાં પણ એવી થોડી અંતરસૂઝ હતી. એ શક્તિથી તેઓ ઘણું કરી શકયા છે. પૂ. ભાઈશ્રી આટલા મોટા જનસમુદાયમાં જે સુવાસ મૂકી ગયા છે તે તેમની તલસ્પર્શી અંતરસૂઝને લીધે જ.

સાધારણ રીતે સમતોલતા એટલે તટસ્થ વૃત્તિ. પણ તટસ્થતામાં એક જાતની ઉદાસીનતાનો આભાસ થાય છે; પણ તેઓ કોઈ પણ પ્રવાહમાં તણાયા સિવાય વસ્તુને યોગ્ય રીતે જોઈ શકે છે. મહાન આત્માઓમાં આ ચારિત્ર્યગુણ ભર્યો હોય છે. આ ગુણને લીધે પોતાના માર્ગદર્શક પ્રકાશથી તેઓ લોકોને આગળ ધપાવે છે. આવા લોકોત્તર જનો પાસે આશ્વાસન મેળવવા અનેક લોકો આવે છે. નાના નોકરથી માંડીને સિંધના મોટા નેતા જયરામદાસજી સુધી પૂ. ભાઈશ્રી પાસે આવતા, સલાહ લેતા અને માર્ગદર્શન મેળવતા તે આ ગુણશક્તિને કારણે. તટસ્થ અને સમતોલ માણસોમાં પૂર્વગ્રહોથી દૂષિત થયેલું માનસ હોતું નથી; ત્યાં તો સ્પષ્ટ દર્શનનું તેજ પ્રકાશતું હોય છે. જે આવે તે સૌના અંતરપટ પર પ્રકાશ પડે છે. આવી ગુણશક્તિ પૂ. ભાઈશ્રીમાં હતી તેથી તેઓ દરેક વાતનો પાર પામી શકતા. એટલે જ તેમણે ઘણા ઝંઝાવાતોને જીરવવાની અદ્ભુત શક્તિ કેળવી હતી. વેપારમાં, વ્યવહારમાં તેમ જ કુટુંબમાં આવેલા ઘણા આઘાતોને તેમણે આ શક્તિથી જ હળવા બનાવ્યા હતા અને અન્યના માર્ગદર્શક અને આશ્વાસક બન્યા હતા.

સાધારણ માણસો વિચાર કરે છે, પણ તેમાં એકાગ્રતા નથી હોતી. વિચાર તો ચાલ્યા કરે, પણ તેને એકાગ્ર કરવું એ જુદા પ્રકારની શક્તિ માગી લે છે. તેમાંથી જ સાધના શરૂ થાય છે, અને ત્યારે જ તે ધાર્યું પરિણામ લાવી શકે છે. પૂ. ભાઈશ્રી હંમેશાં કોઈ વિચારમાં તલ્લીન હોય તેવું લાગતું. છાપું વાંચતા હોય ત્યારે વાંચેલું જાણે પામતા જતા હોય તેવું લાગે. પોતાના કે પારકા વિચારના મૂળમાં પેસી જઈ તેની યથાર્થતાનું દર્શન કરે છે. તેથી જ આવા પુરુષોનો એક વર્ગ જ એવો હોય છે જે પોતાના વિચારદર્શન પ્રમાણે વર્તન અને કાર્યનું નવસર્જન કરતા જાય છે. આવી તલસ્પર્શી વિચારશક્તિ એ દૈવી બક્ષિશ હોય છે. પૂ. ભાઈશ્રીની વિરલ વિચારશક્તિ આવી હતી. આ શક્તિ વડે તેઓ અન્યને વ્યવહાર કે મુશ્કેલીઓના અંધકારમાંથી સત્યકાર્યના પ્રકાશમાં લઈ જતા. તેથી જ તેમના પરિચયમાં આવનાર તેમના અનુરાગી બની જતા.

પૂ. ભાઈશ્રીના અંતરની ઉદારતા અસીમ હતી. તેમની આર્થિક ઉદારતાનાં દૃષ્ટાંતો તો અસંખ્ય છે જ, પણ માનસિક ઉદારતાનાં ઉદાહરણો ઓછાં નથી. પરોપકારી પુરુષોનાં હૃદયો સહાનુભૂતિથી દ્રવીને ઐક્ય અનુભવે છે; તેથી જ તેઓ અન્યને ઉપયોગી થવાની વૃત્તિ સદૈવ ધરાવે છે. કુટુંબીઓને છૂટે હાથે મદદ કરી પગભર કર્યા, સાથીઓને ઉદાર હૃદયે આત્મીય બનાવ્યા અને અર્ધસંપન્ન સ્નેહીઓને નાનાંમોટાં કામોમાં ભેળવી અર્થ-લાભ અપાવ્યો. તેથીય વિશેષ તો જેઓ તેમના નિકટના સંપર્કમાં આવ્યા તેમને ઊર્ધ્વગામી બનાવ્યા. જેને અર્થની જરૂર હતી તેમને તે આપ્યું. અભ્યાસીને અભ્યાસ માટે યોજના કરી શાળાઓ આપી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં અને જનહિતનાં કાર્યોમાં પ્રાણ પૂર્યા. કરાંચીના શારદા મંદિરને જીવંત બનાવવામાં તેમનો ઉદાર હાથ હંમેશાં મદદરૂપ થયો છે. પણ કોઈ ચોક્કસ સંસ્થાને લક્ષમાં રાખી તેઓ બેસી રહ્યા નહોતા. જ્યાંથી સાચો સાદ સાંભળ્યો ત્યાં તેઓની મદદે પહોંચ્યા જ હોય. નાનાભાઈ ભટ્ટની સંસ્થા હોય કે નારણદાસભાઈની રાષ્ટ્રીય શાળા હોય, કોઈ રાહતકાર્ય હોય કે પછી રચનાત્મક પ્રવૃત્તિ હોય, તેમણે બધે જ પોતાનું

ધન વહેતું મૂક્યું હતું. હૃદયની ખરી ભાવનાથી તેઓ દરેકનો ઉત્કર્ષ ઝંખતા હતા.

મૌન તો પૂ. ભાઈશ્રીનો સહજ સ્વભાવ હતો. ઓછા બોલાપણું તેમના જીવનમાં વણાઈ ગયું હતું. એ મૌન ઘણી વાર ભારે અકળામણ પણ ઊભી કરતું છતાં પરિણામે તો સુખકારક જ નીવડતું. મહાપુરુષોમાં આ ગુણ દૃષ્ટિગોચર થાય છે. મૌનથી આત્મપ્રભા વિશેષપણે પ્રગટે છે. પૂ. ભાઈશ્રીનું લખવું કે બોલવું હંમેશાં ટૂંકું રહેતું. જ્યાં થોડાથી પતે ત્યાં એટલામાં જ પતાવતા. દીર્ઘદૃષ્ટિ અને વિશાળ વિવેકબુદ્ધિ હોય તે સાથે અર્થસૂચક મૌનનો બહુ મેળ ખાય છે. બધાંની વાત સાંભળવી, બધાંને તેમની પ્રકૃતિ પ્રમાણે સમજીને બે વાક્યમાં માર્ગદર્શન આપી દેવું, એ પૂ. ભાઈશ્રીની લાક્ષણિકતા હતી. આમ પૂ. ભાઈશ્રીનું જીવન સરિતા જેવું સતત વહેતું અને શુદ્ધ રહ્યું હતું.

પૂ. બહેનશ્રી પ્રત્યે ભગવાનલાલભાઈને પ્રભુપુત્રી તરીકેનું વિશિષ્ટ પ્રકારનું માન હતું. આપણે આગળ જોઈ ગયા કે તેમના મનને સંતોષ થાય તેમ જ તેઓ વર્તતા. તેઓશ્રીના અંતરમાં પૂ. બહેનશ્રીના ઉત્તમોત્તમ સદ્ગુણો પ્રત્યે આદર હતો, તેમનું મહત્ત્વ તેમને સમજાયું હતું. તેથી નિરંતર "ભગવાનનાં પુત્રી" રૂપે તેમનું માન જાળવતા અને એમને બહુમાનની દૃષ્ટિથી જોતા અને એને લઈને છેવટની પણ તેમની અંતરની અભિલાષા હતી કે એમના સાંનિધ્યમાં જ પોતાનો દેહ છૂટે. એ અંતરેચ્છા પૂ. શ્રી ભગવાનલાલભાઈના ઉદ્‌ગારરૂપે નીકળેલા શબ્દોમાં નીચે પ્રમાણે વ્યક્ત થઈ છે :

પૂ. બહેનશ્રી કહે છે, "પોતે કરાંચીથી મંદવાડ પહેલાં પત્ર લખી પૃચ્છા કરે છે કે 'સમ્યક્‌ત્વનાં લક્ષણ શાં?' પણ મને લાગ્યું કે હવે દેશમાં આવવાનાં છે એટલે તેનો જવાબ ન લખાયો. એ મારી ભૂલ આજે મને સાલે છે."

પૂ. બહેન વવાણિયા હતાં ત્યારે તેમને પોતે લખે છે: "હું તમારા ખોળામાં માથું રાખીને જાઉં એ ઇચ્છું છું." થયું પણ

એમ જ. તે પ્રમાણે જ બન્યું અને છેવટ સુધી માથા પાસે બેસી પ્રભુસ્મરણ કર્યે રાખ્યું. તે આત્માને જ્યાં હશે ત્યાં શાંતિ જ હશે.

મનુષ્યના મનનો શુભ સંકલ્પ તેના કાર્યને અવશ્ય સિદ્ધિ આપે છે. અંતરની પવિત્ર ભાવનાને અશક્ય કંઈ નથી—જો કે મનુષ્ય કલ્પી શકતો નથી કે તેના સંકલ્પની સિદ્ધિ કેવી રીતે થશે. છતાં પ્રબળ ભાવના એ એવી ઉત્તમ વસ્તુ છે કે ગમે તેવા વિપરીત સંજોગોને પણ અનુકૂળ કરી આપે છે; એને કોઈ રોકી શકતું નથી. આકાશ–પાતાળને ભેદીને પણ તેનું ફળ પ્રગટ થાય છે.

મનની દૃઢ જિજ્ઞાસાને પરિણામે જ મુક્તિ આવે છે માટે કલ્યાણના ઇચ્છુક જીવે નિરંતર શુભ લાભો જ ચિંતવવા. શ્રી પરમકૃપાળુ દેવે કહ્યું છે:

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય ઉત્તમ જહાં વિચાર,
તે ભાવે શુભ ભાવના તે ઊતરે ભવપાર."

☆ ☆ ☆

# શ્રી ભગવાનલાલભાઈના પત્રો અને અંતરેચ્છા

## પત્ર નં. ૧

કરાંચી,
૧૫–૬–'૪૨

વહાલાં બાળકો,

ગઈ કાલે તમને પત્ર લખ્યો છે, જે મળ્યો હશે. ઘેર ગયા પછી તમારો પત્ર મળ્યો છે. રવિવાર હોવાથી દુકાનેથી ટપાલ વહેલી બંધ થઈ હતી.

શ્રીપરમકૃપાળુ દેવના હસ્તાક્ષરના ફોટાઓ આપણે ત્યાં છે. તેમાં એક શ્રી વચનામૃત આ પ્રમાણે છે એમ યાદ આવે છે:

(૧) "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધી તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યે જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે."

(૨) "સત્પુરુષ એ જ કે જેને નિશદિન આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. બાકી તો કાંઈ કહ્યું જાય તેમ નથી. આમ કર્યા વિના તારો કોઈ કાળે પણ છૂટકો થવાનો નથી. આ અનુભવ પ્રવચન પ્રમાણિક ગણ."

(૩) "એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં અને તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."

આજકાલ વિદ્યમાન પુરુષોમાં પૂ. બાપુજી (મહાત્માશ્રી ગાંધીજી) ઉત્તમ પુરુષ છે. તેમનું થોડે અંશે પણ ભક્તિનું લક્ષ્ય રાખશો. વધારે નહિ તો 'આત્મકથા'માંથી પાંચ મિનિટ પણ સર્વે સાથે મળીને સમૂહ વાચન રાખશો. રાત્રે 'શ્રી આત્મસિદ્ધિજી'માંથી પંદર વીસ કડીઓ ખૂબ જ શાંતિથી વિચારપૂર્વક બોલવાનું નિયમિત રાખશો. અઠવાડિયે 'આત્મસિદ્ધિજી' પૂરી બોલાઈ રહે એમ બને તો ગોઠવશો. અનુકૂળતા પ્રમાણે કરશો. ધીરુભાઈને જો ન આવડતી હોય તો ચોપડી આપવી અને બધાએ સાથે બોલવું, બોલાવવાનું રાખવું.

લિ.

ભગવાનલાલના આશિષ

ૐ

પત્ર નં. ૨

તીર્થભૂમિ વવાણિયા

તા. ૭-૯-'૪૫

(વવાણિયામાં પર્યુષણ કરવા રોકાયા હતા ત્યારનો પત્ર છે)

વહાલાં ભાઈઓ અને બહેનો,

રાત્રિના જે વિચારો આવેલા તે નીચે પ્રમાણે છે:-

(૧) મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
ઇચ્છે છે જે જોગી જન.

(૨) રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ
જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ઇચ્છે.....

(૩) નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહીં ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિત લોભ. ઇચ્છે.....

આ પદો યાદ આવતાં તેમાંથી પ્રથમ મધ્ય હે મહાપાત્ર! વિચારતાં કાલે વાંચ્યું-જેણે જિહ્વાનો રસ જીત્યો એટલે જે નીરસ આહાર કરી શકે તેણે જગતને જીત્યું. મનમાં પ્રશ્ન થયો કે આ (પ્રયોગ) કરું છું તે બરાબર છે? જવાબ મળ્યો કે ખોટાને સાચું કહેવું હોય તો બરાબર છે. ખરો નીરસ આહાર આપણામાં નાનુભાઈ કરે છે. જે વખતે જે મળે તે જરા પણ અરુચિ વગર આરોગી શકે છે. એ ખરા સંયમી છે. તેમની મહત્તા આજે સમજાણી છે. બીજાં તમારી બા છે. તેમણે ખરો જિહ્વાનો રસ જીત્યો છે. તેમને બન્નેને નમન છે.

તમે બહુ જ ભાગ્યશાળી છો અને રહો એ જ પ્રભુ પાસે પ્રાર્થના છે. હમણાં તો 'પરમગુરુ' એ જાપ મનમાં ઘણા વખતથી રહે છે. ઘંટ રવિવારે સવારે ત્રણ સાંભળ્યા અને એક બુધવારે સાંભળ્યો. તેનો રણકાર જુદો જ છે. આ ધામમાં આનંદ છે. અત્યારે મનને જરા પણ ચિંતા નથી. ખૂબ આનંદમાં છું. એ આનંદ ક્યાં સુધી ટકશે તે ખબર નથી; તે તો પ્રભુ જાણે! પણ હંમેશ ટકશે એમ લાગે છે. પ્રભુની ઇચ્છા હશે તેમ થશે.

જ્ઞાનીને જોયા જાણ્યા પછી હર્ષ-શોક થાય નહિ. અહીં તો બધું થાય છે. ટબૂડીમાં કાંકરા જેવું છે. ગભરામણ થાય છે કે બધા બહુ વખાણે છે અને છે મીંડું. પણ હોય તે જ હોય ને અંદરથી ન આવે ત્યાં સુધી શું? "બીજા વખાણે અને અહંકાર આવે તો તે પાછો હઠે" "પોતાના આત્માને નિંદે નહિ. અભ્યંતર દોષ વિચારે નહીં તો જીવ લૌકિક ભાવમાં ચાલ્યો જાય. પણ જો પોતાના દોષ જુએ, પોતાના આત્માને નિંદે તો સત્પુરુષના આશ્રયથી આત્મલક્ષ થાય."

લિ.

ભગવાનલાલના આશિષ

## પત્ર નં ૩

તા. ૭–૯–'૪૬

સૌ. બહેન સૂરજબહેન,

“ખૂબ જંજાળવાળી છું. મોહમાયામાંથી જાણતાં છતાં છૂટાતું નથી.” જોકે તમે આમ લખ્યું તે ખરું છે, પરંતુ ખરું જોતાં તો તે તરફનો આપણો ખરો પુરુષાર્થ જ નથી. પછી ચીલે ચાલી દોષની માફી માગ્યા કરવી. જે ભાવાર્થે (હેતુએ) પર્યુષણ પર્વ છે તે તો હૃદયમાં ઊતર્યું નથી. માત્ર શરીર ઉપર પાણી ઢોળવાની માફક આ માફી માગવાની રીત છે. કેટલાક ગરમ પાણીથી અગર સાબુથી મસળીને શરીર ઉપરનું તેલ કાઢી નાખે છે. જ્યારે એટલો પણ પુરુષાર્થ ઉપયોગ આપણી પ્રથાવાળી માફીમાં નહીં હોય એમ ધારું છું. હું પણ એમાં જ ચીલે ચાલનારો રહ્યો એટલે બીજું આવડે નહીં. આપ સર્વેની માફી માગું છું.

દ.: ભગવાનલાલના આશિષ

## પત્ર નં. ૫

પ્રિય ભાઈ જયંતિલાલ,

બને તો ‘શ્રી આત્મસિદ્ધિજીની’ ‘હે પ્રભુ! હે પ્રભુ!’ અને ‘બહુ પુણ્યકેરા’ની, રેકર્ડ બનાવવાની ભાવના છે તે માટે કોણ ગાય તો ઠીક? કોઈની તપાસ કરી લખશો અને શો ખર્ચ આવે છે? કેટલી રેકર્ડ ઉતારવી પડશે? વગેરે જણાવશો.

દુનિયામાંથી જતાં પહેલાં વવાણિયાને ખૂબ સરસ કરવું છે. રેકર્ડ ઉતરાવવી તે ‘નિયોન લાઈટ’ના અક્ષરોમાં! તેમ જ રેકર્ડ સાથે લાઈટ થતી આવે અને બદલાતું જાય એવું કાંઈ નવું કરવા વિચાર છે.

લિ.

ભગવાનલાલના આશિષ

☆ ☆ ☆

## એક
## અંજલિ

[રાજકોટનિવાસી સ્વ. શ્રી ભગવાનલાલ રણછોડદાસ મોદીની જીવનપ્રતિભાને અંજલિ]

"સ્વર્ગસ્થ એક વીર અને વિરલ આત્મા હતા. સ્વજનો તથા એમના સંપર્કમાં આવનાર સૌને એમની જીવનસુરભિ આહ્‌લાદક બનતી હતી. બીજાઓને અર્થે જીવવું અને જરૂર પડયે ખપી જવું એ આ નમ્રાત્માનો જીવનમંત્ર બની ગયો હતો. એ જ રીતે તેઓ જીવ્યા અને એ જ રીતે એમણે જીવન ત્યાગ્યું."

આ સંસ્થાના કરાંચીના દિવસોના સદાના પ્રાણપોષક અને ઉપ-પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી ભગવાનલાલ રણછોડદાસ મોદીનો કરાંચીમાં સને ૧૯૫૦માં સ્વર્ગવાસ થયો, ત્યારે સંસ્થાના ટ્રસ્ટી-મંડળે આ મહાનુભાવના અપ્રતિમ કોટિના જીવનને ઉપરોક્ત શબ્દોમાં અંજલિ આપી હતી.

હૃદયના ઊંડાણમાંથી સરેલા આટલા જ શબ્દોએ આ મહાનુ-ભાવને કેટલી ભવ્ય અંજલિ આપી છે! એથી ઘણી વિશેષ અંજલિના તેઓશ્રી અધિકારી હતા.

ભગવાનલાલભાઈનો જન્મ ગોંડળ મુકામે સંવત ૧૯૪૮ના કારતક સુદ પાંચમના રોજ થયો હતો. પિતાશ્રી રણછોડભાઈ છેક એ દિવસોમાંય રાષ્ટ્રીયતાની ભાવનાથી રંગાઈ પૂરેપૂરા સ્વદેશી વ્રતધારી બન્યા હતા. શાંત અને સરળતાભરી પરોપકારી પ્રકૃતિ સાથે સમન્વિત વ્યવહારકુશળતા અને ઈશ્વરપરાયણવૃત્તિથી તેઓશ્રી સર્વને પ્રભાવિત કરે એવી સર્વતોભદ્ર પ્રતિભા ધરાવતા

હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના સમયથી તેઓશ્રીની વિચારસરણીની અસર નીચે આવીને શ્રી રણછોડદાસભાઈ પ્રસંગોપાત્ત એક કે બીજી રીતે ગાંધીજીના સંપર્કમાં આવ્યા હતા. કરાંચીમાં મોદી કુટુંબનો વાસ ઈ. સ. ૧૯૧૦ના અરસામાં શરૂ થયો. એ જ અરસામાં પૂ. ગાંધીજીએ કરાંચીની પ્રથમ મુલાકાત લીધી ત્યારે શ્રી. રણછોડદાસભાઈને ત્યાં તેઓશ્રીનો ઉતારો રહ્યો હતો.

આવા સંસ્કારસંપન્ન, ધર્મપરાયણ અને રાષ્ટ્રીય ભાવનાથી ભરપૂર પિતાના ચારિત્રબળનો અને વિવિધ સદ્‌ગુણોનો સબળ વારસો શ્રી ભગવાનલાલભાઈને મળ્યો હતો. કરાંચીમાંના વસવાટ સાથે તેઓશ્રીના વેપારનો આરંભ સને ૧૯૧૦ના અરસામાં કોટ કું. થી થયો. ક્રમશઃ ધંધો ખૂબ કુશળતાપૂર્વક વિકસાવીને એ ધંધા સાથે શ્રી રણછોડદાસભાઈએ મિલ્સ સ્ટોર્સનો આરંભ કર્યો. ઈ. સ. ૧૯૨૦માં પોતાના આ તેજસ્વી પુત્રને પરદેશના વ્યાપારના સંબંધો વિકસાવવા ઈંગ્લંડ ઈત્યાદિના પ્રવાસે મોકલ્યા. એ દિવસોમાં આવા પરદેશના પ્રવાસો અસાધારણ ગણાતા હતા. શ્રી ભગવાનલાલભાઈએ આવા પરદેશપ્રવાસ છ વખત ખેડ્યા હતા. એમના પુરુષાર્થથી પરદેશી વેપારી-સંબંધો વિશેષ ને વિશેષ વિકસતા થયા.

સને ૧૯૩૦ આસપાસ શ્રી ભગવાનલાલભાઈએ વેપારના વિકાસની દૃષ્ટિએ દેશપરદેશમાં અસાધારણ કહી શકાય એવું સાહસિક પગલું ભર્યું. પેટ્રોલ અને કેરોસીનની મોટા ઈજારાવાળી બર્મા શેલ જેવી ધરખમ પરદેશી પેઢીઓની સામે એમણે પેટ્રોલ-કેરોસીનના વેપારની શરૂઆત કરી. દેશની પરાધીન રાજકીય અવસ્થામાં પરદેશી હિતો સામે આવું સાહસ કરનાર દેશભરમાં આ એક માત્ર હિંદી પેઢીએ એમની કુશળતાભરી બુદ્ધિશક્તિથી એ પરદેશીઓને પણ ચકિત કરી મૂક્યા હતા. પછી તો એમનો આ વેપાર કરાંચી ઉપરાંત મુંબઈ, કલકત્તા સુધી વિકસ્યો હતો. પરંતુ એકાએક મહાયુદ્ધ આવી પડવાને લીધે પ્રતિકૂળતાઓ ઊભી થતાં આ મહાસાહસને કુશળતાપૂર્વક સંકેલી લેવું પડ્યું હતું.

શ્રી ભગવાનલાલભાઈ કરાંચીના રાષ્ટ્રીય આંદોલનના ભારે ક્રિયાશીલ કાર્યકર અને સમર્થ સાથી બની રહ્યા હતા. એમની યોજનાશક્તિ અદ્‌ભુત હતી. એમની નિર્મળ, શાંત, સ્વસ્થ બુદ્ધિ-શક્તિના ચમકારાનો જેમને જેમને અનુભવ થયો છે તેઓ સૌ એમની એ શક્તિથી ભારે પ્રભાવિત થયા છે. રાષ્ટ્રીય આંદોલનના એક મૂક મહારથી તરીકે તેઓશ્રી સિંધભરમાં સર્વત્ર આદરપાત્ર બન્યા હતા.

શ્રી ભગવાનલાલભાઈને પરમ સાધક શ્રીમદ્ રાજચંદ્રજીના જમાઈ થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. શ્રીમદ્‌જીનાં ધર્મ-સંસ્કારયુક્ત પુત્રી શ્રી જવલબહેનથી તેઓશ્રીને ત્રણ પુત્રો—બુદ્ધિધનભાઈ, પ્રફુલ્લભાઈ, મનુભાઈ તથા ત્રણ પુત્રીઓ વિદ્યુબહેન, લીલાબહેન અને શાંતાબહેન એમ છ સંતાનો થયાં. મોટા પુત્ર બુદ્ધિધનભાઈનો સ્વર્ગવાસ થયો છે. પ્રફુલ્લભાઈ અને મનુભાઈએ સદ્‌ગુણી માતપિતાની સંસ્કારસમૃદ્ધિનો વારસો જાળવીને તેને શોભાવ્યો છે.

'સંસારમાં સરસો રહે અને મન મારી પાસ'– એ કથન શ્રી ભગવાનલાલભાઈએ પોતાના જીવનમાં એમના પવિત્ર પિતાને પગલે ચાલી ચરિતાર્થ કરી બતાવ્યું છે. ઈશ્વરે જે બુદ્ધિશક્તિ અને ધનવૈભવ આપ્યાં તેને તેઓશ્રીએ ઈશ્વરની પ્રસાદી ગણી છે. એ સર્વ ઈશ્વરાર્થે જ વાપરવાની વૃત્તિને અણિશુદ્ધ સાચવવાનો તેઓશ્રીએ સદાય પ્રયત્ન કર્યો છે. પૂર્ણ નમ્રાત્મા શ્રી ભગવાનલાલ-ભાઈ સાદાઈની તો મૂર્તિ હતા. પોતાની સૈદ્ધાંતિક દૃઢતા વજ્ર જેવી હતી, છતાં તેઓ પુષ્પ જેવા કોમળ – પરમ વત્સલ – હૃદયના હતા. એ પુરુષે પોતાના સિદ્ધાંતોનું પાલન પોતાના જે હોય તેમણે કરવું જ જોઈએ એવો આગ્રહ ક્યારેય રાખ્યો નથી. પોતે કદી કોઈને ઉપદેશ આપતા જ નહિ. પણ સૌની સમક્ષ પોતાનું જીવન દૃષ્ટાંતરૂપ રાખીને–સૌને પોતાના રાહે ખેંચી લાવવાની એમનામાં અજબ કળા ભરી હતી. એઓમાં માનવ-સ્વભાવનું વિશ્લેષણ કરવાની શક્તિ તો ભલભલા કેળવણીકારોને પણ ચકિત કરી નાખે તેવી હતી.

પોતાના જીવન પર જેમની જીવનસુરભિની અસર અંકિત થઈ હતી, એવા પૂ. ગાંધીજીનાય ગુરુ અને પોતાના શ્વસુર શ્રીમદ્ રાજચંદ્રજીની પરમ પાવનકારી ધર્મપરાયણતા શ્રી ભગવાનલાલભાઈએ પોતાના જીવનમાં સાધનાપૂર્વક વણી લીધી હતી. સં. ૨૦૦૦ (ઈ. સ. ૧૯૪૩) માં એ પરમ તપસ્વીના જન્મસ્થાન વવાણિયા મુકામે શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવનની તેઓશ્રીએ પ્રતિષ્ઠા કરાવી હતી.

બીજાઓને અર્થે જીવવું અને જરૂર પડયે ખપી જવું એ એમનો જીવનમંત્ર અંતકાળ સુધી એમણે અખંડ રીતે સાચવ્યો. દેશના ભાગલા થયા અને કરાંચીમાં હિંદુ પ્રજા માટે ડગલે ને પગલે પારાવાર ભયસ્થાનો ખડાં થયાં હતાં ત્યારે એ વિષમ સ્થિતિ વચ્ચેથી દેશમાં જઈ સુરક્ષિત સ્થાને વસવાટ અને વેપાર ઊભો કરવાનું બાજુ પર મૂકી કરાંચીમાંના પોતાના સાથીઓ સાથે રહીને એ વીરપુરુષે ત્યાં જ મરણને નોતર્યું.

ભગવાનલાલભાઈના ગુપ્ત દાનનો ઝરો નિત્યનિરંતર વહેતો રહેતો હતો. આવી મદદોમાં ક્યાંય પોતાનું નામ ન આવે તેની ચીવટ તેઓશ્રી ખાસ રખાવતા. દેશભરમાં ક્યાંય આપત્તિ આવે કે એમનું ધન અચૂક રીતે એ આપત્તિને સ્થાને સૌથી પહેલું પહોંચી જાય એવી એમની લાક્ષણિકતાનો અનુભવ જાહેર કાર્યકર્તાઓને નિરપવાદ રીતે થયા કરતો.

કરાંચીના ‘શારદામંદિર’ના જન્મકાળથી તેઓશ્રીના પિતા શ્રી રણછોડભાઈ સંસ્થાના સદાય સહાયક રહ્યા હતા. પિતાને પગલે આ પુત્ર પિતાથી ખૂબ આગળ વધીને સંસ્થાના પ્રાણપોષક બન્યા. સંસ્થાના ઉપ-પ્રમુખ તરીકે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્થાના વહીવટનું તેઓશ્રી ધ્યાન રાખતા હતા. સંસ્થાનું આર્થિક પાસું ઝીણવટપૂર્વક તપાસતા રહીને જ્યારે જ્યારે સંસ્થા ભીડમાં મુકાતી ત્યારે તેમાંથી માર્ગ કાઢવાના પ્રયત્નોમાં તેઓશ્રી સંસ્થાને પડખે ઊભા રહીને એ પ્રયત્નોને બળ આપતા અને આવશ્યક બધી જ મદદ કરીને સંસ્થાની ભીડ ભાંગ્યે જ રાખતા.

કરાંચીનું 'શારદામંદિર' બાળકોને રાષ્ટ્રીય ભાવનાયુક્ત, સંસ્કાર-પોષક જીવનશિક્ષણ આપતું હતું, એથી શ્રી ભગવાનલાલભાઈ ખૂબ પ્રસન્ન રહીને પોતે તેને ઉપયોગી થઈ શકવાની સાર્થકતા અનુભવતા હતા. પરંતુ આપણો દેશ જ્યાં વસે છે એવા ગ્રામ-પ્રદેશમાં આશ્રમી કેળવણીનું આયોજન 'શારદામંદિર' કરે એવી ઝંખના તેઓશ્રીના અંતરમાં હંમેશાં રહ્યા કરતી હતી. શારદા-મંદિરનું સૌરાષ્ટ્રમાં શારદાગ્રામ સ્વરૂપે નવનિર્માણ કરવાના પ્રયત્નોની પાછળ એમની પ્રસન્નતાભરી પ્રેરણા મળ્યા કરી હતી. સંસ્થાના નવનિર્માણના આ સ્થાને આવવાની તેઓશ્રીને ખૂબ ઇચ્છા હતી, પરંતુ એ ઇચ્છા પૂરી થાય તે પહેલાં જ પ્રભુએ એમને પોતાની પાસે લઈ લીધા.

તેઓશ્રીના દેહાંત પછી પોતાની આવી પ્રિય સંસ્થામાં તેઓ-શ્રીનું પુણ્યસ્મરણ રહે એ ઉદ્દેશે તેઓશ્રીના પરિવાર તેમ જ પ્રિય બંધુ સરખા વેવાઈ સ્વ. ગોપાળજી માનસંગ શાહે રૂ. દસ હજારનું પુણ્યસ્મૃતિ દાન સંસ્થાને આપ્યું. સંસ્થાના સદાના પ્રાણ-પોષકના જીવનની પ્રેરણાત્મક સ્મૃતિ રહે એ દૃષ્ટિએ એ સંસ્થામાં તેઓશ્રીની અર્ધપ્રતિમા મૂકવાનું સંસ્થાના ટ્રસ્ટીમંડળે ઠરાવ્યું. એ પ્રતિમાનું અનાવરણ શ્રી ભગવાનલાલભાઈના પરમ આત્મીય એવા શ્રી ઢેબરભાઈના વરદ્ હસ્તે થયું હતું.

☆ ☆ ☆



સ્વ. પૂ. શ્રી નાનાલાલભાઈ ખીમચંદભાઈ પારેખ

## સદ્ગત શ્રી નાનાલાલભાઈ પારેખ

સદ્ગત ભગવાનલાલભાઈના વચલા જમાઈ શ્રી નાનાલાલભાઈએ જે ટૂંક પ્રશસ્તિ લખેલી છે તે આપણે ગયા પ્રકરણમાં વાંચી ગયા. તેમના પરિચયમાં આવતાં શ્રી નાનુભાઈના અંતરમાં તેઓશ્રીની મહત્તાની જે છાપ પડી છે–ગુણદર્શન થયું છે–તેને હૃદયના ભાવ સાથે સુંદર શબ્દોમાં તેમણે વ્યક્ત કર્યું છે.

શ્રી નાનાલાલભાઈનો તેમની સાથે માત્ર કૌટુંબિક કે વ્યાવહારિક સંબંધ જ નહોતો; પરંતુ પરમાત્મસ્વરૂપ શ્રીમદ્ રાજચંદ્ર દેવના સન્માર્ગના ઉપાસક તરીકે સહધર્મીપણાનો પૂજ્યભાવ મુખ્ય હતો એ તેમની જીવનચર્યા પરથી જોઈ શકીશું.

શ્રી નાનાલાલભાઈ એક મહાન વ્યક્તિ હતા. તેમનાં લગ્ન ભગવાનલાલભાઈનાં પુત્રી લીલાબહેન સાથે થયાં હતાં. બંને ખૂબ સમજણ અને શાંતિથી પોતાનું નિર્મળ જીવન ગાળતાં હતાં. બાળકોમાં તેઓ સુસંસ્કાર પાડતાં હતાં. નાનાલાલભાઈના જીવનમાં ઉત્તમ નીતિ અને પ્રીતિ નીતરતાં હતાં. વેપારમાં સારી રીતે નીતિનું પાલન કરવું એને તેઓ પોતાનો સ્વાભાવિક ધર્મ સમજતા. ઉચ્ચ આર્ય સંસ્કૃતિ માટે તેમને ખાસ અભ્યાસ કરવો પડ્યો નહોતો. પૂર્વ ભવના રૂડા ગુણો લઈને જ જન્મ્યા હતા. જાણે એ એમના અંતરમાં ઓતપ્રોત વણાઈ જ ગયા હતા. બે ભાવ રાખતા નહીં, તેથી ઘરાકોને તેમના પર પૂર્ણ વિશ્વાસ રહેતો. આવી નીતિને લઈ કલકત્તાના વેપારી વર્ગમાં તેમનો એક ધર્મમૂર્તિ તરીકે પ્રભાવ પડતો. પવિત્રતા અને સંતોષના ખૂબ આગ્રહી હતા. પરમકૃપાળુ દેવના વચન પ્રમાણે પરનિંદાને તેઓ મોટું પાપ

માનતા. દિવસે વેપાર કરતા અને બાળકોને સુંદર કેળવણી મળે તેટલા માટે રાત્રિના બાર વાગ્યા સુધી સ્કૂલમાં ભણાવવા જતા. તે અર્થે તેમણે તન અને મનનો શ્રમ લઈ નિસ્પૃહ ભાવે સેવા કરી હતી. તેઓ આવા પરોપકારી અને નિરભિમાની હોવાથી કલકત્તામાં ખૂબ પ્રિય થઈ પડચા હતા.

નાનપણમાં તેમણે દક્ષિણામૂર્તિમાં અભ્યાસ કર્યો હતો. સત્યાગ્રહની લડત ચાલી ત્યારે બેત્રણ વખત જેલયાત્રા પણ કરી હતી. તેમને પૂ. ગાંધીજી પ્રત્યે બહુમાન અને અત્યંત આદર હતાં. ગાંધીજીના વિચારો અને સિદ્ધાંતો તેમને બહુ રુચતા. ગાંધીજીનો મૌનનો સિદ્ધાંત તેમણે આચરણમાં મૂકેલો.

પોતાની ઇચ્છા વેપારમાં ન જોડાતાં શિક્ષક તરીકે નિસ્વાર્થ બુદ્ધિએ વિદ્યાદાન આપવાની હતી, કેમકે તેમાં સાચાખોટા કરવાનું હોતું નથી, પણ અન્ય વ્યક્તિઓના ચારિત્ર્ય ઘડવાનું હોય છે. પરંતુ કુટુંબીજનો અને ભગવાનલાલભાઈના આગ્રહથી પોતે વેપારમાં જોડાયા. ત્યાં તબિયત નરમ પડી. લીવરનો દુખાવો રહેતો. કલકત્તામાં ડૉક્ટરના ઉપચારથી ફેર ન પડચો એટલે મુંબઈ આવ્યા. ત્યાં ડૉક્ટરનો અભિપ્રાય હવાફેર માટે થતાં પોતાના મનમાં તીર્થક્ષેત્રની ભાવના ઘણા વખતની રહેલી એટલે શ્રી વવાણિયા આવ્યા. ત્યાં આવતાં જ જાણે દર્દ શમી ગયું. પેટનો દુખાવો મટી ગયો. શક્તિ અને સ્ફૂર્તિ પણ સારાં રહેતાં. પ્રભુના યોગબળનો પ્રતાપ વેદાયો. મન પણ હળવું ને પ્રફુલ્લિત બન્યું. સ્વાધ્યાય ભક્તિમાં અનેરા ઉત્સાહથી સમય નિર્ગમન થવા લાગ્યો. બાકીનો સમય પોતે ચિંતનમાં ગાળતા. આ વખતે શ્રી જયંતિભાઈનો સાથ એક મોટાભાઈ જેવો પ્રેમપૂર્ણ ને ઘનિષ્ઠ બન્યો. નમ્ર અને માયાળુ સ્વભાવને લઈને શ્રી નાનુભાઈ સૌ મુમુક્ષુઓના પ્રિય થઈ પડચા હતા. પૂ. બાની પ્રત્યે અંતરથી પૂજ્યભાવ અને આદર રાખતા. તેમના મનને સંતોષ આપવો એ પોતાની પ્રથમ ફરજ સમજતા. તેમના શુભાશીર્વાદ એ એમને મન જીવનની કૃતકૃત્યતા હતી. એક દિવસ પૂ. બાએ કહ્યું કે પરમકૃપાળુ દેવની જન્મભૂમિનો મહિમા આપણે સૌએ જનતાને સમજાવવો જોઈએ.

આપણી ભક્તિથી આ પરમકૃપાળુ દેવને પ્રગટમાં આણવા વવાણિયા તીર્થભૂમિ શા કારણે મનાય છે એનો ઇતિહાસ સમાજ આગળ રજૂ કરવો જોઈએ, કારણ કે તેના કારણે અનેક ભવ્યાત્માઓ એ મહાપુરુષને ઓળખી શકે, અને તેમની ભક્તિ કરી ભવસાગર તરી જાય.

શ્રી નાનુભાઈની કવિત્વશક્તિ, ભાષાની પ્રૌઢતા અને વિવેક અને વિચક્ષણ બુદ્ધિએ તેમને આ કાર્યમાં દોર્યા. શ્રી વવાણિયાનો ઉદ્‌ગમ લખવાની ઝંખના જાગી. અંતરમાં સંસ્મરણો રમવા લાગ્યાં પણ....પણ....કુદરતની કળા અકળ છે! તેમની હૃદયની અભિલાષા અમલમાં મુકાય તે પહેલાં જ તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા!

ડૉક્ટર તરફથી ખબર આવ્યા: 'ઑપરેશન તરત કરાવો.' આથી મુંબઈ જવાનું થયું. મંગળવારે ઑપરેશન નક્કી થયું. પૂ. બાને શ્રી વવાણિયા આ ખબર મળતાં તેઓ પણ મુંબઈ પધાર્યાં. બધાં કુટુંબીજનો મુંબઈમાં ભેગા થયાં. બધા પાસેથી ખૂબ આનંદથી છૂટા પડી સોમવારે હૉસ્પિટલમાં દાખલ થયા. બીજે દિવસે સવારે સાત વાગ્યે ઑપરેશન હતું. પૂ. બાએ માંગલિક સંભળાવ્યું, નવકારમંત્ર ગણ્યા. પોતે હસતા વદને સાંભળ્યા અને પૂ. બાને કહે, "ચિંતા કરતાં નહીં. ઑપરેશન નાનું છે." પૂ. બાએ કહ્યું, "પ્રભુસ્મરણ રાખશો." પોતે મસ્તક નમાવ્યું. તે સમયે ઘણા માણસો ભેળા થયા હતા. સૌને બે હાથ જોડી પ્રણામ કરતાં કરતાં ઑપરેશન રૂમમાં ગયા. સૌ સાથેના ઋણાનુબંધ પૂરા થયા. ડૉક્ટરે ઇંજેકશન દીધું, ત્યાં હૃદય બંધ પડી ગયું. ડૉક્ટરે હૃદય ફરી ચાલુ કરવા અનેક કોશિશો કરી પણ તેમનો આત્મા ચેતન, નશ્વર દેહનો ત્યાગ કરી પ્રભુના ચરણમાં ચાલ્યો ગયો હતો.

આ દુઃખદ સમાચારથી કુટુંબીઓને ઘણો આઘાત લાગ્યો. આશા નિરાશામાં પરિણમી. સૌ ક્ષણભર તો સ્તબ્ધ થઈ ગયા. પથ્થર પિગળાવે એવો આ અકસ્માત પ્રસંગ ઉપસ્થિત થવાથી સ્વજનોનાં દિલ ઝાલ્યાં નહોતાં ઝલાતાં. પ્રભુ પરમકૃપાળુ દેવનાં

ઉપશમદાયક વચનોથી સર્વેએ શાંતિ રાખી. આ વખતે જ્ઞાની પુરુષોનો બોધ વિચારવાન જીવોને પરમાદરરૂપ ધીરજદાતા અને શાન્તિદાતા થાય છે.

શ્રી નાનુભાઈનું ટૂંકું પણ ગુણોથી ભરપૂર જીવન પરોપકાર, નીતિ, શાંતિ, ક્ષમા અને ઉદારતાનો બોધપાઠ શીખવે છે.

ખેદની વાત તો એ છે કે આવા સજ્જન, નમ્ર અને ગુણી પુરુષનો અમને અચાનક સદાને માટે વિયોગ થયો. અમે તેમના ઉત્તમોત્તમ સદ્‌ગુણોને વંદીએ છીએ.

તેમનો પવિત્રાત્મા શાંતિ પામો!

પ્રભુ તેમને ચિરશાંતિ બક્ષે એ જ શ્રદ્ધાંજલિ આપી વિરમીએ છીએ.

એમ. બી. મોદી
પી. બી. મોદી
એસ. બી. મોદી

☆ ☆ ☆

## દેસાઈ પોપટલાલભાઈ મનજીભાઈ
## વવાણિયા

### પરમકૃપાળુ દેવ સાથેનો એક અંગત પરિચય

**મા**રે સાહેબ (શ્રીમદ્ રાજચંદ્ર) સાથે બચપણથી મૈત્રીનો સંબંધ હતો, તેમ જ સગાસબંધી તરીકે પણ સબંધ હતો. તેઓશ્રી બાળપણથી જ ગામમાં ઘણા હોશિયાર, મહાશાન્ત તથા ઘણા જ વિદ્વાન ગણાતા હતા. ઘણા પુરુષો તેમની પાસે આવતા અને પ્રશ્ન પૂછતા. સાહેબજી તેઓના પ્રશ્નોનો ઉત્તર એવો સરસ આપતા કે જેથી આવેલા પુરુષો શાંત થઈને દંડવત્ નમસ્કાર કરી પાછા જતા. આમ તેમના પ્રત્યે કુદરતી ભક્તિભાવ ઉત્પન્ન થતો.

સાહેબજી નાની ઉંમરના હતા, ત્યારે એક વખત કચ્છ રાજ્યના દીવાન મણિભાઈ જસભાઈએ તેમને કચ્છ પધારવાની વિનંતી કરી. તેથી તેઓ કચ્છ પધાર્યા હતા અને ત્યાં એક નાનું સુંદર ભાષણ આપ્યું હતું તેમ જ ધર્મ સંબંધી વ્યાખ્યાન કર્યું હતું તે ઉપરથી કચ્છવાળા લોકોએ વિચાર કર્યો કે આ છોકરો આગળ ઉપર મહાપ્રતાપી તેમ જ યશવાળો થશે. એ કોઈ અદ્ભુત વ્યક્તિ છે.

મારા પિતાશ્રી મનજીભાઈ મોરબી ગયેલા. ત્યાં સાહેબજીનાં આઠ અવધાન સંબંધી કેટલીક ચમત્કૃતિ જોઈને તાજુબ બની ગયા હતા. તેઓ રાત્રે વવાણિયા આવ્યા ને ઘેર ન આવતાં તરત જ રવજીભાઈને ત્યાં સીધા ગયા. તેમને ઘરની સાંકળ ઠોકીને ઉઠાડચા. પછી કહ્યું, "રવજીભાઈ, તમારો દીકરો તો કોઈ દેવતાઈ જાગ્યો! ગજબ કરી નાખ્યો!"

મોરબીમાં જેઠમલજી નામના સાધુ વિદ્વાન ગણાતા હતા. તેઓએ સાહેબજીને પ્રશ્ન પૂછ્યા. તે પ્રશ્નના ઉત્તર તેઓશ્રીએ તત્કાળ આપ્યા. સાધુએ વિચાર્યું કે જો આપણી સાથે રહે તો ઘણું સારું થાય. તેથી એક વખત તે સાધુએ કહ્યું, "આપ આ ઢુંઢકમતને દીપાવો." તેઓએ કહ્યું, "સત્ય વસ્તુ હશે તે જ કહેવાશે."

આ બધા તેઓશ્રીની નાની ઉંમરના એટલે કે તેર-ચૌદ વર્ષની ઉંમરના હતા ત્યારે બનેલા બનાવો છે.

એક વખત મુસલમાન જાતિના ખોજામેમણ લોકો સાહેબજી પાસે આવ્યા હતા. તેમની સાથે તેઓ મસીદમાં ગયા હતા. ત્યાં સાહેબજીએ તેઓને કહ્યું કે તમારા મહમદ પેગંબર સાહેબે આ પ્રમાણે કહ્યું છે અને તમે આ પ્રમાણે વર્તો છો, તે તમારી ભૂલ છે. તેમનું ધારવું આમ હતું. નમાજનો અર્થ પણ સાહેબજીએ કરી બતાવ્યો હતો.

કેટલાક જૈન લોકો એમ ધારતા કે આ તો કાંઈ બધાથી જુદી જ વાત કરે છે. પણ સાહેબજી તેઓને કહેતા કે મહાવીરે જે પ્રમાણે કહ્યું છે, તે જ પ્રમાણે કહેવાનું છે અને તે સિવાય બીજા કોઈ પ્રકારે માર્ગ મળી શકવાનો નથી. અમારે કાંઈ મહાવીર વિરુદ્ધ કહીને અનંતો સંસાર વધારવો નથી, વિરુદ્ધ કહીને મને કંઈ મળી જવાનું નથી તેમ જ ધન સંબંધી મને જરૂર નથી.

સાહેબજી પોતે સવારમાં સ્નાન કર્યા બાદ બે ત્રણ કલાક સુધી સૂત્રો વાંચતા, તે એવી રીતે કે એક પાનું લીધું, બીજું ફેરવ્યું એમ અનુક્રમે પાનાં ફેરવી જતા. જેમ ટ્રેન ચાલતી હોય તેમ બોલી જતા. વળી સાહેબજીએ માત્ર ગુજરાતીનો જ અભ્યાસ કરેલો હતો, છતાં પણ શતાવધાન વખતે ગમે તે ભાષામાં બોલી શકતા તેથી મને ઘણું જ આશ્ચર્ય થતું.

સાહેબજીનું તેજ તેમ જ કડપ, બંને એટલાં બધાં હતાં, કે હું કાંઈ દસ વાતો પૂછવા આવ્યો હોઉં અગર બીજા કોઈ આવ્યા

હોય તો માંડ એ પૂછી શકે. કારણ સિવાય સાહેબજી બોલતા ન હતા તેમ જ બોલાવવામાં આવે તોપણ ટૂંકામાં જવાબ આપવાનો એમનો રિવાજ હતો. સાહેબજી જે વખતે ધ્યાનમાં કે વિચારમાં હોય તે વખતે કોઈનાથી કાંઈ પણ બોલી શકાય નહીં. પણ જ્યારે નીચી દૃષ્ટિ ઊંચી કરી જુએ ત્યારે કંઈ કહેવું હોય તે કહી દઉં. મને સાહેબજી 'વવાણિયા સમાચાર' કહેતા.

સાહેબજીને ઘેર કોઈ સાધુ વહોરવા આવે તો પોતે પાસે રહીને વહોરાવતા, અને કહેતા, 'જો તમે અવળી રીતે પ્રરૂપણા કરશો તો બૂરા હાલ થશે, સંસાર રખડવો પડશે એમ ચોક્કસ યાદ રાખજો.'

તેમને માતુશ્રી–પિતાશ્રી કહેતાં, "ભાઈ, આપણી સ્થિતિ સારી નથી. માટે કાંઈ ઉપાય કરો તો ઠીક." ત્યારે કહેતા, "સ્થિતિ જેવી જોઈએ તેવી સારી થશે તે વિષે કાંઈ ફિકર કરશો નહીં. સારી રીતે નિભાવ થાય તેવું થશે." ૧૯૪૨માં સાહેબજી વવાણિયા બંદરથી મુંબઈ પધાર્યા હતા.

✡ ✡ ✡

## ભાગ બીજો

# પ્રકીર્ણ

ॐ

**શ્રી સદ્‌ગુરુદેવ ચરણાય નમોનમઃ**

**અ**હો સુંદર સૃષ્ટિ! તારી વિસ્મયકારક લીલા કેવી આનંદમય અને બોધજનક છે! તારી કૂખે કેવાં અનેકવિધ મનુષ્યરત્નો ઉત્પન્ન થયાં છે, થાય છે અને થશે! તારી કૂખે વીર પુરુષો કંઈ ઓછા પાક્યા નથી; નિર્મળ (માર્ગનો) ધર્મનો અનુપમ

ઉપદેશ આપી મુક્તિમાર્ગને દેખાડનારા મહાપુરુષો પણ કંઈ ઓછા થયા નથી. યુદ્ધમાં ઘા સહન કરી વીજળીવેગે ખડ્ગ ચલાવી વિજય પ્રાપ્ત કરનાર વીર યોદ્ધાઓ પણ કંઈ ઓછા થયા નથી. અગાધ સર્જનશક્તિ તેમ જ દર્શનશક્તિદાતા કવિઓ પણ ઓછા થયા નથી. તારી કૂખ ઉત્તમ મનુષ્યમણિનો ખજાનો છે. હે સુંદર સૃષ્ટિ! આવી તારી અકળ લીલા માટે તારા આ બાળકનાં પ્રણામ સ્વીકારજે.

જૈન ધર્મમાં મનુષ્યજન્મને શ્રેષ્ઠ માન્યો છે. એ કથનને ચરિતાર્થ કરતા એક મહાત્માનું વર્તમાનકાળનું જન્મચરિત્ર જનમંડળ આગળ ખડું કરું છું. તે મહાત્માની અજબ શક્તિથી હું દિઙ્મૂઢ થઈ તેને પ્રણામ કરું છું કારણ કે તેમના આત્મ-સંતર્પક સાંનિધ્યથી કર્મસંચિતના વિષયમાં હું પૂરેપૂરો આસ્તિક થયો; તેમની અનુપમ ધર્મવૃત્તિથી મારામાં ધર્મપ્રકાશ પ્રગટ્યો અને તે દિવ્ય દર્શનથી પ્રભાવિત થઈ હું તે પુરુષને પરમેશ્વર જ માનું છું; તે મહાત્મા પુરુષના ચરિત્રની આ ઝાંખી વાંચી આપને પણ જરૂર આનંદ પ્રાપ્ત થશે એમ હું માનું છું.

એ મહાત્માનો જન્મ સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ પૂર્ણિમા એટલે દેવદિવાળીના દિવસે સૌરાષ્ટ્રમાં વવાણિયા બંદર નામના ગામમાં દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ રવજીભાઈ અને માતુશ્રીનું નામ દેવબાઈ. એ મહાત્માનું નામ રાયચંદ્ર. એમના દાદા પરમ ઈશ્વરભક્ત અને નીતિમાન પુરુષ હોવાથી, રાયચંદ્રભાઈને બાળપણથી જ તેઓની વિશેષ સહાયતા મળી હતી. શ્રીમંત અને ઉચ્ચ કુળમાં જન્મેલો આત્મા શ્રેષ્ઠ વિચાર ધરાવનાર થયો એમાં કોઈ વિધિસંકેત હશે. રાયચંદ્ર-ભાઈનું હસતું મુખારવિંદ, બાલસુલભ સરલ પણ સચોટ એવી મીઠી અમીઝરતી વાણી, ઉમદા રીતિ વગેરે લક્ષણોથી બાળપણથી જ તેઓ અદ્દભુત વ્યક્તિત્વવાળા લાગતા.

એમના પિતાજીના તેઓ એક જ પુત્ર હોવાથી એમનું લાલન-પાલન ઉત્તમ પ્રકારે થયું હતું. સાડા સાત વર્ષની ઉંમરે એમને

નિશાળે મૂકયા. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય એ કહેવત મુજબ આ બાળયોગીએ તો શાળામાં પ્રવેશ કર્યાને પૂરો એક માહનો પણ ન થયો ત્યાં તો બધા આંક પૂરા કરી નાખ્યા. ગોખવું શું એ તો તેઓ સમજતા જ નહિ. કોઈ પ્રકૃતિદત્ત એવી અદ્‌ભુત શક્તિથી તેમણે એ જ વર્ષમાં સાતમા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. જે શિક્ષકે પહેલી ચોપડીનું થોડું જ્ઞાન આપેલું તેમને આ બાળવીરે સાતમી ચોપડી સુધીનું જ્ઞાન બતાવી આપ્યું. પૂર્વજન્મના કોઈ નિગૂઢ સંકેતથી કેવી પ્રજ્ઞાશક્તિ તેમને મળી હતી તે આ ઉપરથી જણાઈ આવશે.

એમની નૈસર્ગિક કવિતાશક્તિ આઠમે વર્ષે જ પ્રકાશ પામી રહી હતી. એમણે નાનાવિધ વિષયો કવિતામાં ઉત્તમ શૈલીથી ગૂંથવા માંડયા હતા. અભ્યાસમાં જેમ વિચક્ષણતા તરી આવતી હતી તેમ તેમના લખાણમાં કવિત્વશક્તિ પણ તરી આવતી. નવા નવા વિષયો પર પહેલે વર્ષે જ આશરે પાંચ હજાર શ્લોકો તેમણે રચેલા. દસ વર્ષની નાની વયમાં એમના વિચારો કોઈ મહાન અને ગંભીર, પ્રૌઢ ઉમરવાળી વ્યકિતના હોય તેવા પરિપકવ હતા.

નવું નવું સાંભળવું, શીખવું અને મનન કરવું એ એમનો સહજ સ્વભાવ હતો. રસમય ભાષણ કરવાની શકિત પણ દસમે વર્ષે જ અદ્‌ભુત રીતે ખીલી નીકળી હતી. કવિત્વશકિત, સ્મરણશકિત, વકતૃત્વશકિત એ તો જાણે એ બાળયોગીને જન્મથી જ વરેલાં હતાં.

અગિયાર વર્ષની વયમાં તેઓએ ચોપાનિયામાં નિબંધો આપવા માંડયા અને તેમાં યોગ્ય ઇનામો મેળવ્યાં હતાં.

બાર વર્ષની વયે તો કવિત્વશક્તિ અલૌકિક રીતે પ્રકાશી ઊઠી હતી. નવા વિષયોની શોધમાં રહેવાનું એમને પ્રિય હોવાથી ત્રણ દિવસમાં એક ઘડિયાળ પર ત્રણસો શ્લોક રચી કાઢયા. આમ, અનેક વિષયો પર તેઓ કવિતા રચી કાઢતા અને તે પણ માત્ર બાર વર્ષની બાળવયમાં જ. તેથી એ કોઈ અદ્‌ભુત અને વિરલ બાળક હતા તેમ માન્યા સિવાય રહેવાતું નથી.

તેર વર્ષની વયથી તેઓએ નિયમિત એકાંતમાં નવાનવા વિષયોનો અભ્યાસ કરવા માંડયો. પંદર વર્ષની વયે તો કોઈ અદ્‌ભુત જ્ઞાન મેળવી લીધું હોય તેમ બધાને લાગવા માંડયું હતું. વસ્તુતઃ તેઓ જન્મથી જ જ્ઞાની હતા. ગામ નાનું હોવાથી સુજ્ઞ મનુષ્યોનો સમાગમ અત્યંત અલ્પ થવા પામતો હોવાથી તેઓના મનમાં પ્રવાસની ઝંખના ઊઠયા કરતી. તેઓ સોળ વર્ષની ઉમરે મોરબીમાં પધાર્યા હતા.

અષ્ટાવધાન જેવી અદ્‌ભુત સ્મૃતિ-શક્તિવાળા મનુષ્યો બહુ થોડા પ્રમાણમાં જોવા મળે છે. આપણા ભારતમાં એ સમયે માત્ર બે અષ્ટાવધાનીઓ પ્રસિદ્ધ હતા: (૧) મોરબીના શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર ભટ્ટ અને (૨) મુંબઈના ગટ્ટુલાલજી મહારાજ. આ બંને એ શક્તિને લીધે પૂજ્યરૂપ બની ગયા હતા. ભારતની કરોડોની વસતિમાં જ્યારે આવી અદ્‌ભુત શક્તિ ધરાવનારા માત્ર બે જ પુરુષો હોય, ત્યારે બીજા લોકોને આશ્ચર્ય ઉપજે એ સ્વાભાવિક છે. એક જ વખતે જુદીજુદી આઠ બાબતોની ધારણા કરવી અને એકી સાથે આઠેયનો ઉત્તર આપવો એનું નામ અષ્ટાવધાન. આ શક્તિનો પ્રભાવ નિહાળી ઘણા નાસ્તિક પણ આસ્તિક થઈ ગયા, અને એ બંને અષ્ટાવધાનીઓ પોતાનો આ શક્તિપ્રભાવ દર્શાવી ભારતની ધર્મસેવા પણ કરી રહ્યા હતા.

ઘણા કાળ પહેલાં થઈ ગયેલાં એક અષ્ટાવધાની બાળસરસ્વતી તરીકે લોકોમાં ખ્યાતિ પામ્યાં હતાં અને તે સમયમાં એ સાક્ષાત્ સરસ્વતી રૂપે જ મનાયાં હતાં એમ 'બુદ્ધિપ્રકાશ'માંના એક ઉલ્લેખ પરથી જણાય છે.

રાજા ભોજના વખતમાં એકપાઠી, બેપાઠી, ત્રિપાઠી અને ચાર પાઠી—એમ આવી શક્તિવાળા કવિઓ દરબારી સભામાં હતા તેવી વાયકા છે. કોઈ પણ નવો કવિ આવીને નવો શ્લોક બોલે તે એકપાઠીને તરત જ યાદ રહી જતો. તે બે પાઠી બે વખતમાં યાદ રાખતો તેવી જ રીતે ત્રણ-ચારવાળા અનુક્રમે યાદ કરી લેતા. આવી શક્તિથી રાજા ભોજ તેઓ પર પ્રસન્ન રહેતા અને ઘણી

વખત ખૂબ પ્રસન્ન થઈ મોટાં ઇનામો આપતા એવું આવી દંતકથાઓમાં વાંચવા મળે છે. આપણા આ બાળયોગીમાં તો માત્ર પંદર જ વર્ષની વયે એકપાઠી જેવી ઉત્કૃષ્ટ શક્તિ જોવામાં આવી હતી. નવા અને ગમે તે ભાષાના શ્લોક આપણે ગમે તેટલી ઝડપથી એક વાર બોલી જઈએ, તોપણ તેઓ આબેહૂબ શબ્દશઃ તે જ પ્રમાણે કહી બતાવતા.

આ સમયમાં તત્ત્વશોધક જૈનના ઉપાશ્રયે શાસ્ત્રી શંકરલાલના અવધાનપ્રયોગ થયા, ત્યારે આપણા આ બાળયોગી પણ આમંત્રણથી તે અવધાનોનું નિરીક્ષણ કરવા પધાર્યા હતા. જેવાં અવધાન પૂરાં થયાં કે શ્રીમદ્‌માં પણ એ શક્તિ ખીલી ઊઠી અને વસંત નામે બાગમાં જઈ પ્રથમ પોતાના મિત્રમંડળમાં સ્મરણમાં રાખેલા નવાનવા શ્લોકો શાસ્ત્રી શંકરલાલથી પણ સરસ રીતે કહી બતાવ્યા. આવી અદ્‌ભુત શક્તિ ધરાવનાર બાળ પર કોને પ્રેમ ન આવે ? વિરોધી પણ શાન્ત થઈ જાય અને આ અદ્‌ભુત શક્તિ આગળ તો નમી જ પડે. નવી વિદ્યા જોતાં જ ગ્રહણ કરી શકવાની શક્તિ આવા અદ્‌ભુત પુરુષ સિવાય કોની હોઈ શકે? આવા વિરલ જન્મયોગી વીર અહીં આપણા મહાભાગ્યે આપણને સાંભળવા, દર્શન કરવા મળ્યા.

નવા અવધાની કવિનો વિચાર માત્ર આટલા જ વિષય યાદ રાખવાથી સંતોષાયો નહીં; બીજે દિવસે તેઓએ બે હજાર પ્રેક્ષકો સમક્ષ ઉપાશ્રયમાં જ બાર અવધાન કરી બતાવ્યાં. તેમની કીર્તિગાથા સ્થળે સ્થળે, ઘેર ઘેર ગવાવા લાગી. વળી, એમના ઉત્કૃષ્ટ સદ્‌ગુણોથી આ બાળમહાત્મા પૂજ્ય બની ગયા. બાર પછી સોળ અવધાન કર્યાં ને સોળ પછી બાવન ને પછી સીધાં સો અવધાન કર્યાં. કેવળ આટલી નાની વયે શતાવધાનની શક્તિ ધરાવનાર અન્ય રીતે પણ આ બાળયોગી પૂજનીય બની ગયા તે તેમની લોકોત્તર પ્રતિભાને કારણે.

પરનિંદા અને પરધનનો ત્યાગ, એ સુલભ નથી. આ બાળયોગીમાં એ નાનપણથી જ જોવામાં આવતાં હતાં. કોઈ એમ કહે કે હજુ તેમનું વય એટલું ક્યાં હતું કે આવા ગુણોની કસોટી

થાય. પણ પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય, તે મુજબ આ વીર અનેક દૃષ્ટિએ અસામાન્ય પુરુષ હતા. જો તે પુરુષમાં અહંભાવ કે એવું કોઈ અન્ય દૂષણ આવવાનું હોત, તો આટલી નાની ઉંમરમાં શતાવધાન કરી જ્યારે અપૂર્વ પ્રસિદ્ધિ પામ્યા, ત્યારે જ તેમનામાં અહંભાવ આવી ગયો હોત. ઘણા વૃદ્ધ વિદ્વાનો પણ અહંભાવથી મુક્ત રહી શક્યા નથી તો એમની તો તરુણાવસ્થા હતી! છતાં પણ તેમના વ્યક્તિતેજમાં ક્યાંય કલંક જોવા મળતું નહોતું. તેઓ પ્રકૃતિથી જ ગંભીર, સત્ત્વગુણી અને વિનયી હતા. મહાન પુરુષમાં આવા ઉત્કૃષ્ટ ગુણો હોય તેમાં કંઈ આશ્ચર્ય નથી. ટૂંકમાં, દિવ્ય પુરુષે જ આ જન્મ ધારણ કર્યો છે એમ સૌને લાગતું. નહિતર આવી નાની વયે આવી શક્તિ, આવા સદ્‌ગુણ અને આવી ભવ્ય દૃષ્ટિ ક્યાંથી હોય? અનેક સદ્‌ગુણોના પ્રકાશથી તેમનું વિરલ વ્યક્તિત્વ અદ્‌ભુત રીતે ઝળહળી ઊઠતું હતું.

આવા સાધુરત્નની દેદીપ્યમાન વિભૂતિથી આખું ભારત ગૌરવ લઈ શકે. પણ બધા કરતાં જૈનોએ વિશેષ આનંદ અને અનહદ ઉપકાર માનવો જોઈએ, કારણ કે તેમણે જૈનો માટે ધર્મ-તત્ત્વ શોધી આપ્યું છે, તેટલું બીજું કોઈ કરી શક્યું નથી. જૈન ધર્મની ગ્લાનિ દૂર કરવા માટે જાણે કોઈ મહાત્મા જન્મ્યા હોય તેમ આ બાળયોગી આપણા ઉદ્ધાર માટે જાગ્યા. જૈન ધર્મમાં તીર્થંકરો પછી આવો કોઈ પુરુષ થયો નથી એમ ઘણા માને છે તેનું કારણ પણ તેમની જૈન ધર્મતત્ત્વની આવી અજોડ સેવા છે.

ધર્મવૃદ્ધિપ્રકાશક એ શબ્દ આગળ રાખી વિચારીએ. આ ધર્મવૃદ્ધિ માટે આપણે જેટલું માન આ બાળ યોગીવરને આપીએ તેટલું ઓછું જ છે. ધર્મ પરનો એમને મૂળથી જ પ્રેમ એવો હતો કે એનું મનન, રટણ, ગંભીરતાની સાથે ચાલતાં, ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, ખાતાં, પીતાં, પહેરતાં, ઓઢતાં, સૂતાં, જાગતાં—એમ એમની દરેક જીવનક્રિયામાં જૈન ધર્મનું તત્ત્વ પ્રગટ થતું હતું.

જૈન ધર્મના અનાદિકાળથી ચાલ્યા આવતા મહાનિયમોને અનુસરીને જ એ ધર્મમતમતાંતર અને એ માટે ગ્રંથો રચવાનો

રૂડો વિચાર સ્ફુરતાં જ એવાં સાત શાસ્ત્રો એમણે રચવાનું નક્કી કર્યું. નીતિ, ભક્તિ, અહિંસા, શીલ અને અધ્યાત્મ સંબંધી ગ્રંથો રચવા તેમણે પ્રયત્ન કર્યા છે. 'મોક્ષમાળા' નામે સુંદર ગ્રંથ રચ્યો છે. તેમાં આશરે છ હજાર જેટલા શ્લોક છે. તે ગ્રંથ માત્ર ત્રણ દિવસમાં જ રચ્યો હતો. જેના મુખે અમૃતધારા વહી જતી હોય તેને સૂત્રસિદ્ધાંતના ધાર્મિક ભેદો સમજતાં શી વાર? આ ગ્રંથમાં પણ તેમની સ્વભાવસુંદર શૈલીથી આપણામાં ધર્મસંસ્કાર સ્ફુરે છે. 'મોક્ષમાળા'માં તેમની ધર્મયુક્ત કવિત્વશક્તિનું આપણને દર્શન થાય છે. તેમાં મોક્ષનો માર્ગ મતભેદ વિના બોધ્યો છે. 'મોક્ષમાળા' સૂત્રસિદ્ધાંતનો ટોડો છે. આપણું એ પુસ્તક દરેક શ્રાવકે એક વખત તો વાંચવું જ જોઈએ, સમજવું જોઈએ અને ન આવડે તેઓએ બીજા પાસે જઈ શ્રવણ કરવું જોઈએ અને તેનો રૂડો ઉપયોગ કરવો જોઈએ. 'નમિરાજ' નામના સંસ્કૃત મહાકાવ્યના નિયમાનુસાર એમણે એક ગ્રંથ રચ્યો છે. તેમાં શાંત રસને પ્રધાન રાખી નવરસની રેલંછેલ કરી છે, તેમાં ધર્મ, અર્થ અને મોક્ષ સંબંધી ઉપદેશ કરી ફળમાં મોક્ષમાર્ગ મૂકી દીધો છે. પાંચ હજાર શ્લોકવાળો એ ગ્રંથ એમણે છ દિવસમાં રચ્યો હતો. એ ગ્રંથથી જૈનો અને અન્ય ધર્મીઓ આ જન્મસિદ્ધ કવિયોગીની શક્તિથી સાનંદાશ્ચર્ય અનુભવે છે.

આ મહાત્માએ એક સાર્વજનિક સાહિત્યનો એક હજાર શ્લોકનો ગ્રંથ એક દિવસમાં રચ્યો હતો અને એ ગ્રંથ હમણાં ધ્રાંગધ્રાનાં એક ડૉકટર પ્રસિદ્ધ કરનાર છે. આવી શક્તિવાળો દેવાંશી નર આપણા ધર્મમાં અવતર્યો છે માટે હે શ્રાવકો, તમે તે પવિત્ર પુરુષના દરેક ગ્રંથનું શ્રવણ, મનન કરો એવું તમને નમ્રભાવે વિનવું છું. જે પુરુષને અન્ય ધર્મીઓ પણ ઈશ્વરી અંશ માને છે, તે તમારો ઉદ્ધાર કરવા અવતર્યો એમ જાણીને જાગો! જૈન ધર્મનો ઉદ્ધાર કરવા આ મહાત્માએ જન્મ ધર્યો તેમાં શંકા રાખવા જેવું નથી. પ્રત્યેક તત્ત્વશોધક, શ્રાવક અને તેને જે માને તેનો ખરી વૃત્તિમાં લાવી ઉદ્ધાર કરવો એ તેનો હેતુ છે. એનામાં અપાર શક્તિ, અદ્‌ભુત સામર્થ્ય અને ધર્મને નામે ડૂબી રહ્યા છે તેને તારી પાર કરવા સિવાય તેમને કોઈ કામના

નથી, સ્પૃહા નથી. ફક્ત કરુણામાંથી જ આટલો પરિશ્રમ પોતે ઉઠાવવા તત્પર થયા છે. સંસારમાં ભોગ, વિલાસ, મિત્ર ઘણા મળશે, પરંતુ મહાભાગ્ય વગર આવા દિવ્ય પુરુષનાં દર્શન અને ઉપદેશ મળશે નહીં. કરોડો રૂપિયા ખર્ચતાં પણ આ વસ્તુવિચાર ક્યાંય નહીં મળે. માટે ઢીલ કરો મા. એની શૈલી સુંદર અને નિરાળી છે. હે જૈન બહેનો અને ભાઈઓ, તમે જો મુક્ત થવા ઇચ્છતા હો તો આ મહાન ગ્રંથનો રૂડો ઉપયોગ કરો, રૂડા ઉપદેશનું મનન કરી અંતરમાં અવધારો. અન્ય ધર્મીઓ પણ એની કેટલા પ્રેમથી સ્તુતિ કરે છે. તમારો ઉદ્ધાર કરવાને માટે જ આ બાળપ્રભુએ જન્મ ધારણ કર્યો છે, નહીં તો આટલી નાની વયમાં આટલી અનન્ય શક્તિ કેમ હોય ?

આ લઘુલેખમાં મેં અતિશયોક્તિ કરી છે એમ કોઈકને જણાશે; પણ એવું નથી. જે મનુષ્યે એ મહાપુરુષનાં અવધાનોનું નિરીક્ષણ કર્યું હશે અને એમની દિવ્યપ્રતિભાનાં દર્શન કર્યાં હશે તે તરત જ કહેશે કે આમાં લખેલા કરતાં તો તે બાળવીર અનંત ગુણોથી શોભતો હતો. ધર્મશાસ્ત્ર અંગેના મર્મમાં જેની શક્તિની કંઈ સીમા નથી તે પુરુષનું અનુસરણ કરવું શું યોગ્ય નથી? તેઓ આટલા સમર્થ જ્ઞાની છતાં નિર્દંભ અને ગુણગ્રાહી હતા. જૈન ધર્મીઓએ તો આ જન્મયોગીનું પાદપૂજન કરવા જેવું છે. જે ભૂમિમાં, જે પિતાથી, જે ગામમાં, જે જનેતાથી, જે કુળમાં–કુટુંબમાં અને જે રાજ્યમાં આ દેવાંશી પુરુષે જન્મ ધર્યો તે સર્વને ધન્ય છે. હે પરમાત્મા જિનેંદ્ર ભગવાન! એ દિવ્ય નર અમર તપો! તથાસ્તુ!

હવે હે કવિવર્ય, ચક્રચૂડામણિ શ્રીમદ્ રાજચંદ્ર ભગવાન! જે આપના સ્નેહના આકર્ષણે બંધાયા હશે, જેઓ આપનાં દિવ્ય દર્શન કરતાં હશે, જે આપના ઉત્કૃષ્ટ ઉપદેશો શ્રવણ કરતાં હશે, જેઓ આપનાં સગાં–સંબંધી હશે, આપની કીર્તિ, બુદ્ધિ અને મહાન શક્તિનું અંતરથી નિરીક્ષણ તેમ જ શ્રવણ કરતા હશે તેઓને પણ ધન્ય છે! તે સર્વ પર આપની અમીદૃષ્ટિ હો એ જ આ વિનયચંદ પોપટ દફતરીની માગણી છે.

## શ્રીમદ્-સ્તુતિ

(રાગ કલ્યાણ)

૧ શ્રી રાયચંદ્રને હે વિશ્વના પતિ,
આયુ, કીર્તિ, અચળ આપ પ્રેમથી અતિ....શ્રી રાય.

૨ જ્ઞાન, ધ્યાન, ભક્તિ, યુક્તિ મુક્તિના તરંગ
સર્વ પર વહાવે, શુદ્ધ જ્ઞાનનો પ્રસંગ....શ્રી રાય.

૩ ધર્મ, કર્મ, મર્મમાં પ્રગાઢતા વિશેષ
મિથ્યાદંભ મદ નિવારનાર છો અશેષ....શ્રી રાય.

૪ માત્ર જેણે દશ પાંચ વર્ષની વયે જ
વિજયડંકો દીધો દેવાંશીનો એ જ....શ્રી રાય.

૫ શતાવધાની હજુ હિંદમાં ન કોઈ
એવો નર આજે એ તો લીધો એ જ જોઈ....શ્રી રાય.

૬ જૈન ધર્મતણી વૃદ્ધિનો પ્રકાશ
ચિત્ત વિષે ચાહી કીધો રાખી ઇચ્છા ખાસ....શ્રી રાય.

૭ શીઘ્રતાથી શ્લોક કર્યા એકે દી' હજાર
મનાયો જે શારદાનો પોતે અવતાર....શ્રી રાય.

૮ ધન્ય તાત, ધન્ય માત, ધન્ય જન્મ ગામ
વિનેચંદ તણા તેને સદા છે પ્રણામ....શ્રી રાય.

આ મહાત્મા પુરુષની અદ્‌ભુત વૈરાગ્ય દશા તથા અપૂર્વ જ્ઞાન-દશા અઢારમા વર્ષથી શરૂ થાય છે. વિચારોનો સંગ્રહ "શ્રીમદ્ રાજચંદ્ર" નામના ભવ્ય, અપૂર્વ ગ્રંથના આકારે મુમુક્ષુ જનના હિતાર્થે બહાર પડી ચૂકચો છે. આ અપૂર્વ ગ્રંથમાં તેઓશ્રીના તત્ત્વજ્ઞાન અંગેના નિર્ણયો, અભ્યંતર દશા અને પરમાર્થ સંબંધોના વિચારોનો સમાવેશ થાય છે.

તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતજ્ઞાન જેવા કઠિન અને બહોળા વિષયોના અધિકારીઓને એ ગ્રંથનું એક વાર અવલોકન કરવા નમ્ર વિનંતી છે.

☆ ☆ ☆

## 'સમુચ્ચય વયચર્યા'

(શ્રીમદ્ રાજચંદ્રે બાવીસ વર્ષની વયે પોતાના બાળપણનું વર્ણન 'સમુચ્ચય વયચર્યા' નામના આ લેખમાં કર્યું છે.)

સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ ૧૫, રવિએ મારો જન્મ હોવાથી આજે મને સામાન્ય ગણતરીથી બાવીસ વર્ષ પૂરાં થયાં. બાવીસ વર્ષની અલ્પ વયમાં આત્મા સંબંધમાં, મન સંબંધમાં, વચન સંબંધમાં, તન સંબંધમાં અને ધન સંબંધમાં મેં અનેક રંગ દીઠા છે. નાના પ્રકારની સૃષ્ટિરચના, નાના પ્રકારનાં સંસારી મોજાં, અનંત દુઃખનું મૂળ એ બધાંનો અનેક પ્રકારે મને અનુભવ થયો છે. સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પવયમાં મેં કરેલા છે. મહાન ચક્રવર્તીએ કરેલા તૃષ્ણાના વિચાર અને એક નિઃસ્પૃહી મહાત્માએ કરેલા નિઃસ્પૃહાના વિચાર મેં કર્યા છે. અમરત્વની સિદ્ધિ અને ક્ષણિકત્વની સિદ્ધિ ખૂબ વિચારી છે. અલ્પવયમાં મહદ્ વિચારો કરી નાખ્યા છે. મહદ્ વિચિત્રતાની પ્રાપ્તિ થઈ છે. એ સઘળું બહુ ગંભીર ભાવથી આજે હું દૃષ્ટિ દઈ જોઉં છું તો પ્રથમની મારી ઊગતી વિચારશ્રેણી, આત્મદશા અને આજને આકાશપાતાળનું અંતર છે; તેનો છેડો અને આનો છેડો કોઈ કાળે જાણે મળ્યો મળે તેમ નથી. પણ શોચ કરશો કે એટલી બધી વિચિત્રતાનું કોઈ સ્થળે મેં લેખન-ચિત્રણ કર્યું છે કે નહીં? તો ત્યાં એટલું જ કહી શકીશ કે એનું લેખન-ચિત્રણ સઘળું સ્મૃતિના ચિત્રપટમાં છે. બાકી મેં પત્ર-લેખિનીનો સમાગમ કરી જગતમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો નથી.* જો કે હું એમ સમજી

* મૂળમાં 'દર્શાવવાનું પ્રયત્ન કર્યું નથી' એમ છે.

શકું છું કે તે વયચર્યા જનસમૂહને બહુ ઉપયોગી, પુનઃ પુનઃ મનન કરવાયોગ્ય અને પરિણામે તેઓ ભણીથી મને શ્રેયની પ્રાપ્તિ થાય તેવી છે; પણ મારી સ્મૃતિએ તે પરિશ્રમ લેવાની મને ચોખ્ખી ના કહી હતી, એટલે નિરુપાયતાથી ક્ષમા ઇચ્છી લઉં છું. પારિણામિક વિચારથી તે સ્મૃતિની ઇચ્છાને દબાવી તે જ સ્મૃતિને સમજાવી, તે વયચર્યા ધીરેધીરે બનશે તો, અવશ્ય ધવળ–પત્ર પર મૂકીશ; તોપણ સમુચ્ચય વયચર્યાની ઝાંખી રેખા અહીં સંભારી જઉં છું.

સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમતગમત સેવી હતી. એટલું મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પના–કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર–મારા આત્મામાં થયા કરતી હતી; રમતગમતમાં પણ વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની મારામાં પરમ જિજ્ઞાસા હતી. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવાપીવાની, સૂવાબેસવાની, બધી વિદેહી દશા હતી; છતાં હાડ ગરીબ હતું. એ દશા હજુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં. એની નિરપરાધી દશા હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે.

સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં ગયો હતો. આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્યાતિ ભોગવવાથી તે કંઈક અપરાધી થઈ છે; પણ તે કાળે નિરપરાધી સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું; છતાં ખ્યાતિનો હેતુ નહોતો, એટલે ઉપાધિ બહુ ઓછી હતી. સ્મૃતિ એવી બળવત્તર હતી કે તેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં આ કાળે, આ ક્ષેત્રે હશે. હું અભ્યાસમાં પ્રમાદી બહુ હતો. વાતડાહ્યો, રમતિયાળ અને આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક વંચાવે તે જ વેળા વાંચી તેનો ભાવાર્થ કહી જતો. એ ભણીની નિશ્ચિંતતા હતી. તે વેળા પ્રીતિ—સરળવાત્સલ્યતા—મારામાં બહુ હતી; સર્વથી એકત્વ ઇચ્છતો; સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ એ મને સ્વાભાવિક આવડ્યું હતું. લોકોમાં

કોઈ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જોતો કે મારું અંતઃકરણ રડી પડતું. તે વેળા કલ્પિત વાતો કરવાની મને બહુ ટેવ હતી. આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી, જે પાછળથી તપાસતાં સમાપ માલૂમ પડી હતી.

અભ્યાસ એટલી ત્વરાથી કરી શક્યો હતો કે જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો મેં પાછો બોધ કર્યો હતો. ત્યારે કેટલાક કાવ્યગ્રંથો મેં વાંચ્યા હતા તેમ જ અનેક પ્રકારના બોધગ્રંથો આડાઅવળા મેં જોયા હતા, જે પ્રાયઃ હજુ સ્મૃતિમાં રહ્યા છે. ત્યાં સુધી મારાથી સ્વાભાવિક રીતે ભદ્રિકપણું જ સેવાયું હતું. હું માણસ જાતનો બહુ વિશ્વાસુ હતો; સ્વાભાવિક સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી.

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમાં કૃષ્ણકીર્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં તેમ જ જુદાજુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા, જેથી મને ભક્તિની સાથે ને અવતારોમાં પ્રીતિ થઈ હતી અને રામદાસજી નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી. નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતો, વખતોવખત કથાઓ સાંભળતો, વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો અને તેને પરમાત્મા માનતો. તેથી તેનું રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી. તેના સંપ્રદાયના મહંત હોઈએ, સ્થળેસ્થળે ચમત્કારની હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઈએ તો કેટલી મજા પડે!—એવી વિકલ્પના થયા કરતી. તેમ જ કોઈ વૈભવી ભૂમિકા જોતો કે સમર્થ વૈભવી થવાની ઇચ્છા થતી. 'પ્રવીણસાગર' નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો, તે વધારે સમજ્યો નહોતો; છતાં સ્ત્રી સંબંધી નાના પ્રકારનાં સુખમાં લીન હોઈએ અને નિરુપાધિપણે કથાકથન-શ્રવણ કરતા હોઈએ તો કેવી આનંદદાયક દશા પમાય, એ મારી તૃષ્ણા હતી. ગુજરાતી ભાષાની વાચનમાળામાં જગત્કર્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઈ ગયો હતો, જેથી જૈન લોકો ભણી મારી બહુ

જુગુપ્સા હતી. બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેમને ખબર નથી. તેમ જ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામાં આવતી હતી, જેથી તે ક્રિયાઓ મલિન લાગવાથી હું બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી.

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે તે બધાની કુળશ્રદ્ધા ભિન્નભિન્ન છતાં કંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પનારો હતો. લોકો મને પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી ગણતા, તેથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી ચપળ-શક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો કંઠી માટે તેઓ વારંવાર મારી હાસ્યપૂર્વક ટીકા કરતા; છતાં હું તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવેહળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં; તેમાં બહુ વિનય-પૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઇચ્છી છે તેથી મારી પ્રીતિ તેમાં પણ થઈ અને પેલામાં પણ રહી. હળવેહળવે આ પ્રસંગ વધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમ જ બીજા આચારવિચાર મને વૈષ્ણવના પ્રિય હતા. જગત્કર્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તૂટી ગઈ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા ન બાંધવાનું કાંઈ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્યા છે. પછી હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છ દરબારને ઉતારે મને લખવા માટે બોલાવતા ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે. અનેક પુસ્તકો વાંચ્યાં છે, રામ ઇત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે, સંસારી તૃષ્ણાઓ કરી છે, છતાં કોઈને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી કે કોઈને મેં ઓછુંઅધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

☆ ☆ ☆

## મુગટમણિ રવજીભાઈ દેવરાજની પવિત્ર જનાબે
## વવાણિયા

૨૮

મિ. ૨-૬-૧-૮-૧૯૪૨

વવાણિયા બંદરથી વિ. રાયચંદ વિ. રવજીભાઈ મહેતાના પ્રેમપૂર્વક પ્રણામ માન્ય કરશોજી. અત્રે હું ધર્મ-પ્રભાવ વૃત્તિથી કુશળ છું. આપની કુશળતા ચાહું છું. આપનો દિવ્ય પ્રેમભાવ-ભૂષિત પત્ર મને મળ્યો, વાંચીને અત્યાનંદાર્ણવતરંગ રેલાયા છે; દિવ્ય પ્રેમ અવલોકન કરીને આપનું પરમ સ્મરણ ઊપજ્યું છે. આવા પ્રેમી પત્રો નિરંતર મળવા વિજ્ઞાપના છે અને તે સ્વીકૃત કરવી આપને હસ્તગત છે, એટલે ચિંતા જેવું નથી. આપે માગેલા પ્રશ્નોનો ઉત્તર અહીં આગળ આપી જવાની રજા લઉં છું:

પ્રવેશક: આપનું લખવું ઉચિત છે. સ્વ સ્વરૂપ ચીતરતાં મનુષ્ય ખચકાઈ જાય ખરો. પરંતુ સ્વ સ્વરૂપમાં જ્યારે આત્મ-સ્તુતિનો કિંચિત્ ભાગ મળે ત્યારે, નહીં તો નહીં જ, આમ મારું મત છે. આત્મસ્તુતિનો સામાન્ય અર્થ પણ આમ થાય છે કે પોતાની જૂઠી આપવડાઈ ચીરતવી. અન્યથા આત્મસ્તુતિનું ઉપનામ પામે છે; પરંતુ ખરું લખાણ તેમ પામતું નથી; અને જ્યારે ખરું સ્વરૂપ આત્મસ્તુતિ ગણાય તો પછી મહાત્માઓ પ્રખ્યાતિમાં આવે જ કેમ? માટે સ્વ સ્વરૂપની સત્યતા કિંચિત્ આપની માગણી ઉપરથી જણાવતાં અહીં આગળ મેં આંચકો ખાધો નથી, અને તે પ્રમાણે કરતાં ન્યાયપૂર્વક હું દોષિત પણ થયેલો નથી.

અ—પંડિત લાલાજી મુંબઈ નિવાસીનાં અવધાનો સંબંધી આપે બહુ યે વાંચ્યું હશે. એઓ પંડિતરાજ અષ્ટાવધાન કરે છે, તે હિંદપ્રસિદ્ધ છે.

આ લખનાર બાવન અવધાન જાહેરમાં એક વખતે કરી ચૂક્યો છે; અને તેમાં તે વિજયવંત ઊતરી શક્યો છે તે બાવન અવધાન :–

| | | |
|---|---|---|
| ૧. | ત્રણ જણ સાથે ચોપાટે રમ્યા જવું. | ૧ |
| ૨. | ત્રણ જણ સાથે ગંજીફે રમ્યા જવું. | ૧ |
| ૩. | એક જણ સાથે શેતરંજ રમ્યા જવું. | ૧ |
| ૪. | ઝાલરના પડતા ટકોરા ગણતા જવું. | ૧ |
| ૫. | સરવાળા, બાદબાકી, ગુણાકાર, અને ભાગાકાર –મનમાં ગણ્યા જવું. | ૪ |
| ૬. | માળાના પારામાં લક્ષ આપી ગણતરી કરવી. | ૧ |
| ૭. | આઠેક નવી સમસ્યાઓ પૂર્ણ કરવી. | ૮ |
| ૮. | સોળ નવા વિષયો વિવાદકોએ માગેલા વૃત્તમાં – અને વિષયો પણ માગેલા રચતા જવા. | ૧૬ |
| ૯. | ગ્રીક, અંગ્રેજી, સંસ્કૃત, અરબી, લૅટિન, ઉર્દૂ, ગુર્જર, મરાઠી, બંગાળી, મરૂ, જાડેજી, આદિ સોળ ભાષાના ચારસેં શબ્દો અનુક્રમવિહીનના કર્તા–કર્મ સહિત પાછા અનુક્રમ સહિત કહી આપવા. વચ્ચે બીજા કામ પણ કર્યે જવા | ૧૬ |
| ૧૦. | વિદ્યાર્થીને સમજાવવો | ૧ |
| ૧૧. | કેટલાક અંલકારના વિચાર | ૨ |
| | | ૫૨ |

આમ કરેલાં બાવન અવધાનની લખાણ અહીં આગળ પૂર્ણાહુતિ થાય છે.

આ બાવન કામો એક વખતે મનઃશક્તિમાં સાથે ધારણ કરવાં પડે છે. વગર ભણેલી ભાષાના વિકૃત અક્ષરો સુકૃત કરવા પડે છે. ટૂંકામાં આપને કહી દઉં છું કે આ સઘળું યાદ જ રહી જાય છે. (હજુ સુધી કોઈ વાર વિસ્મૃત થઈ ગયું નથી.)

આમાં કેટલુંક માર્મિક સમજવું રહી જાય છે. પરંતુ દિલગીર છું કે તે સમજાવવું પ્રત્યક્ષને માટે છે એટલે અહીં આગળ ચીતરવું વૃથા છે. આપ નિશ્ચય કરો કે આ એક કલાકનું કેટલું કૌશલ્ય છે? ટૂંકો હિસાબ ગણીએ તો પણ બાવન શ્લોક તો એક કલાકમાં યાદ રહ્યા કે નહીં? સોળ નવા, આઠ સમસ્યા, સોળ જુદીજુદી ભાષાના અનુક્રમ વિહીનના અને બાર બીજાં કામ મળી એક વિદ્વાને ગણતરી કરતાં માન્યું હતું કે ૫૦૦ શ્લોકનું સ્મરણ એક કલાકમાં રહી શકે છે. આ વાત અહીં આગળ એટલેથી જ પતાવી દઈએ છીએ.

આ—તેર મહિના થયાં દેહોપાધિ અને માનસિક વ્યાધિના પરિચયથી કેટલીક શક્તિ દાટી મૂકયા જેવી જ થઈ ગઈ છે. (બાવન જેવાં સો અવધાન તો હજુ પણ થઈ શકે છે) નહીં તો આપ ગમે તે ભાષાના સો શ્લોકો એક વખત બોલી જાઓ તો તે પાછા તેવી જ રીતે યાદીમાં રાખી બોલી દેખાડવાની સમર્થતા આ લખનારમાં હતી. અને તે માટે તથા અવધાનોને માટે 'સરસ્વતીનો અવતાર' એવું ઉપનામ આ મનુષ્યને મળેલું છે. અવધાન એ આત્મશક્તિનું કર્તવ્ય મને સ્વાનુભવથી જણાયું છે. આપનો પ્રશ્ન આવો છે કે "એક કલાકમાં સો શ્લોક સ્મરણભૂત રહી શકે?" ત્યારે તેનો માર્મિક ખુલાસો ઉપરના વિષયો કરશે, એમ જાણી અહીં આગળ જગા રોકી નથી. આશ્ચર્ય, આનંદ અને સંદેહમાંથી હવે જે આપને યોગ્ય લાગે તે ગ્રહણ કરો.

ઇ–મારી શી શક્તિ છે? કંઈ જ નથી. આપની શક્તિ અદ્‌ભુત છે. આપ મારે માટે આશ્ચર્ય પામો છો, તેમ હું આપને માટે આનંદ પામું છું.

આપ કાશીક્ષેત્ર તરફ સરસ્વતી સાધ્ય કરવા પધારનાર છો. આમ વાંચીને અત્યાનંદમાં હું કુશળ થયો છું. વારુ, આપ ન્યાયશાસ્ત્ર કયું કહો છો? ગૌતમ મુનિનું કે મનુસ્મૃતિ, હિંદુધર્મશાસ્ત્ર, મિતાક્ષર, વ્યવહાર, મયૂખ આદિ પ્રાચીન ન્યાયગ્રંથો કે હમણાંનું બ્રિટિશ લૉ પ્રકરણ? આનો ખુલાસો હું નથી સમજ્યો.

મુનિનું ન્યાયશાસ્ત્ર મુક્તિપ્રકરણમાં જાય તેમ છે. બીજા ગ્રંથો રાજ્યપ્રકરણમાં "બ્રિટિશમાં માઠાં" જાય છે; ત્રીજા ખાસ બ્રિટિશને જ માટે છે, પરંતુ તે અંગ્રેજી. ત્યારે હવે એમાંથી આપે કોને પસંદ કર્યું છે? તે મર્મ ખુલ્લો થવો જોઈએ. મુનિશાસ્ત્ર અને પ્રાચીનશાસ્ત્ર સિવાય જો ગણ્યું હોય તો એ અભ્યાસ કાશીનો નથી. પરંતુ મૅટ્રિક્યુલેશન પસાર થયા પછી મુંબઈ-પૂનાનો છે. બીજાં શાસ્ત્રો સમયાનુકૂળ નથી. આ આપનો વિચાર જાણ્યા વિના જ વેતર્યું છે, પરંતુ વેતરવામાં પણ એક કારણ છે. શું? તો આપે સાથે અંગ્રેજી વિદ્યાભ્યાસનું લખ્યું છે તે હું ધારું છું કે એમાં આપ કંઈ ભૂલથાપ ખાતા હશો. મુંબઈ કરતાં કાશી તરફ અંગ્રેજી અભ્યાસ કંઈ ઉત્કૃષ્ટ નથી. જ્યારે ઉત્કૃષ્ટ ન હોય ત્યારે આવું પગલું ભરવાનો હેતુ બીજો હશે, આપ ચીતરશો ત્યારે દર્શિત થાય. ત્યાં સુધી શંકાગ્રસ્ત છું.

૧. મને અભ્યાસ સંબંધી પૂછ્યું છે, તેમાં ખુલાસો જે દેવાનો છે, તે ઉપરની કલમની સમજણફેર સુધી દઈ શકતો નથી અને જે ખુલાસો હું આપવાનો છું તે દલીલોથી આપીશ.

જ્ઞાનવર્ધક સભાના મંત્રીનો હું ઉપકાર માનું છું, એઓ આ અનુચરને માટે તસ્દી લે છે તે માટે.

આ સઘળા ખુલાસા ટૂંકામાં પતાવ્યા છે. વિશેષ જોઈએ તો માગો.

☆ ☆ ☆

## પરમકૃપાળુ દેવ ઉપર સૌભાગ્યભાઈના, અન્યના પત્રો તથા પરમકૃપાળુ દેવના થોડા જવાબો

"ૐ"

૧૯૫૧ ના ચૈત્ર સુદ ૬ સોમવાર

તે પૂર્ણાનંદી મહાત્માને ત્રિકાળ નમસ્કાર

હે હરિ! હરિ! શું કરું? દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ;
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ?

હે પ્રભુ! તુમ તો અપાર, અપાર, અપાર છો. રાજચન્દ્રજી, તુમને વંદન વિનય સહિત.

છોરુની વિનંતી કે અલ્પજ્ઞ પામર, અનાથ, બાળકનાં વંદન પુનઃ પુનઃ સ્વીકારશોજી. હે પ્રભુ! આપનો પત્ર એક આવ્યો તે વાંચી અત્યંત આનંદ તમારા કિંકર-દાસને થયો છે. વળી એ જ રીતે આ બાળક ઉપર કૃપાદૃષ્ટિ કરી આ અલ્પજ્ઞ પામરને ભાન કરાવશો. હે પ્રભુ! આપનાં અમૃતવચનોનું પાન કરતાં આ અતૃપ્ત આત્મા ધરાતો નથી. હે ભગવાન! આ પત્ર વાંચી દાસની અરજી ધ્યાનમાં લેશો, જેથી આ છોરુ અજ્ઞાન, બંધન અને મિથ્યા ભ્રાંતિથી મુક્ત થાય. સંસાર અશરણ છે. સર્વ પ્રકારે તે સંસારની આસ્થા તજીને નિર્ભય થાય તે પ્રકાર, હે પ્રભુ, આપ જ બતાવો છો. આપ જ આ કિંકર ઉપર કરુણા આણીને આત્મસ્વભાવને પમાડશો તથા સર્વ પ્રકારે આ સેવકની હંમેશાં હોંશ પૂરી કરશો.


D.N. KHANDEKAR

હે પ્રભુ, આ જીવ પૂર્વકર્મ કર્યાં સુખદુઃખ ભોગવે છે. તેમાં, હે પ્રભુ, જ્ઞાની પ્રભુને જે કોઈ પ્રકારથી વૃત્તિ ફરી જતી નથી. વાહ! ધન્ય છે! આ તો, હે પ્રભુ, કોઈ અઘોર કર્મને ઉદયે એક વૃત્તિ આ મૂઢ બાળકની ઠરતી નથી. પણ, હે પ્રભુ, આ દાસ ઉપર અત્યંત દયા લાવી અપૂર્વ મંત્ર બતાવીને પણ બધું જગત ભ્રમ બતાવ્યું તે એવું તો ચોંટી ગયું છે કે મારા ગુરુએ–પ્રભુએ જે કીધું તે સત્ છે. તો મને બીજા કોઈમાં આસ્થા આવતી જ નથી. ગુરુ પરમાત્મામાં ભિન્નભાવ નથી ને તે વિના, હે પ્રભુ, બધું ભ્રમ છે. જગત દશ્ય છે તે માટે, હે પ્રભુ, તમે જો કોઈ વાત આ બાળકને કહેવા જોગ હોય તો લખી જાણ કરવા કૃપા કરશો. શાથી જે બીજા કોઈનું મને કહેવું થાય અથવા કાંઈ સાંભળવું થાય પણ મને અંતઃકરણમાં ઊતરે જ નહીં. આપ જે લખો અને કહો જે એ વાત સત્ છે તે કહ્યું જ ખરું છે; તો જ મને શાન્તિ મળે છે.

મને અનુભવથી જોઈ ખરું લાગે તો પણ એમ રહ્યા કરે છે કે જો પ્રભુ સ્વીકારે તો તે પ્રમાણે છે તેથી શાંતિ થાય છે. નહિતર ચિત્ત વિકલ રહે છે. માટે, હે પ્રભુ, આ પત્ર વાંચી આ મૂઢ બાળકને કોઈ પ્રકારે શિખામણથી ખરા મારગનું ભાન અને ભ્રાંતિનું નિરસન કરી જણાવશો. ને જે મિથ્યા હોય તે પણ જણાવશો. આ કહેવું ખરું છે અને આ કહેવું ખોટું છે તે પણ જણાવશો ને ખરો સત્ મત હોય તે પણ જણાવશો. શાથી કે જે હાલમાં અમારે અહીં રૂપચંદ વેદાંતવાત કહે છે તેથી કરી, હે પ્રભુ, તેઓ વેદાંત મતની વાત ખરી કહી માંહી જીવને સમાવે છે. તે પોતાની કલ્પનાએ અને મુનિ દેવકરણજીને અમોએ પ્રથમ આપની આજ્ઞાથી સમાધિશતક વાંચવા આપેલ તથા બીજી અમારી પાસે ચોપડી છે તે પણ આપની આજ્ઞાથી વંચાવેલ; તેથી કરી અને આપના બોધથી મુનિ દેવકરણજી મહત્ અહંકાર છેદવા પોતીકું સ્વચ્છંદ રોકતા હતા. સન્માર્ગની તેમને થોડી થોડી પ્રતીતિ થવા સંભવ હતો. તેમાં અહીં આ વેદાંતીના સમાગમથી અને તેના શાસ્ત્રથી પોતે કલ્પનાએ સન્માર્ગ, સત્સંગનો વિચાર છોડી એક બ્રહ્મ છે તે પરમાત્મા છે, તે હું જ છું એમ

સમજી હવે કાંઈ તેમનાં ભજનભક્તિ નહીં કરવાં પડે. હું જ પરમાત્મા છું તો હવે ભજન કોનું કરવું? અને જો ભજન કરીએ તો કલ્પના કરે. માટે હવે પરમાત્માનું ભજન પણ કરવું નહીં અને જે છે તે પ્રારબ્ધે બંધાયું છે તે ભોગવે છૂટકો. જે જે થાય છે તે પ્રારબ્ધ પ્રમાણે થાય છે. આવો નિશ્ચય કરી જે અહંકાર મમત્વ સ્વચ્છંદાદિકને કાઢવા પુરુષાર્થ કરવો નહીં તે, હે પ્રભુ, મને તો મોટી ભૂલ લાગે છે. એ એમ કેમ બને?

આ કલ્પના ઉપર બધું છોડીને ક્રિયા માત્ર કરવી નહિ અને વિનયનું તો મૂળ નહિ! આ જગતમાં હું પરમાત્મા અને સર્વ ઠેકાણે પરમાત્મા છે એમ સમજી હાલ નય ઉપરનો ચાલી છેવટે નય છોડવી જોઈએ તે કોઈ પણ સમજ્યા વગર હાલ છોડી છે.

વળી હું તો એમ જાણું છું જે, હે પ્રભુ, તમો કહો તે સત્ છે. પણ આ તો અનેક વાત નક્કી કરી પોતીકા સ્વચ્છંદે ચાલ્યા છે તેમાં મુનિ દેવકરણજી પણ તેમ જ સમજ્યા છે. તો હવે મારે કોઈ પ્રકારેથી કોઈની જરૂર નથી; આપ જ મને બોધ કરો. તે વિના બીજાનો બોધ સમજાતો નથી. પણ આ લોક તો કલ્પનાથી અનુમાન કરી કહે છે કે મને કેવળજ્ઞાન છે. વળી કહે છે જે મને કાંઈ લાગતું નથી. તે લોકો હમણાં વેદાંતી સંન્યાસી પાસે જઈ આવ્યા અને રૂ. ૧૨) નો આત્મપુરાણ ગ્રંથ ખરીદી લાવ્યા છે. તે ગ્રંથ મુનિ દેવકરણજીને વાંચવો છે. તો તે ગ્રંથ, હે પ્રભુ, મારે વાંચવો સાંભળવો યુક્ત છે કે નહીં તે વિષે, હે પ્રભુ, આજ્ઞા કરશો. જો વાંચવા લાયક હોય તો વાંચું; નહીં તો કાંઈ જરૂર નથી. તો તે કૃપા કરી જણાવશો. વળી મુનિ દેવકરણજી વેદાંતને બહુ વખાણે છે ને તેમ છે તે મતમાં ચાલવું એમ કહે છે તે સહેજ જણાવ્યું છે. હે પ્રભુ, હવે મારે કાંઈ બીજું જોવું નથી. મારે તો મારા આત્માનું કલ્યાણ થાય તેમ કરવું છે.

હાલમાં, હે પ્રભુ, હું ઉત્તરાધ્યયન વાંચું છું. વળી અમારી પાસે અંબાલાલભાઈએ ચોપડી ઉતારી આપી છે તે વાંચી બહુ જ આનંદ માનું છું. હાલમાં મારો ખરો આશરો, હે પ્રભુ,

તમારાં વચનામૃતોનો બોધ થયેલ તે સ્મૃતિમાં આવે છે; ને તમારું જ મને શરણ છે. બાકી, હે પ્રભુ! આપે મને બોધ અને સાચા માર્ગનું ભાન ન કરાવ્યું હોત તો, આ સંસારસમુદ્રમાં રઝળીને હું મરત, ગોથાં ખાધા કરત. ધન્ય છે, હે પ્રભુ, આપની પવિત્રતાને! જેથી આ રાંક કિંકરને તાર્યો અને તમારા શરણથી મને ચિર શાન્તિ મળશે. આ બાળકને જેમ સમજાવવો ઘટે તેમ, હે નાથ, ભાન કરાવશો. એ જ વિનંતી.

☆ ☆ ☆

સં. ૧૯૫૨ વૈશાખ સુદ ૫

પ્રેમસ્વરૂપ પૂજ્ય તરણતારણ બોધસ્વરૂપ પરમાત્મા દેવ શ્રી સહજાત્મસ્વરૂપ સાહેબજી.

મુ. મુંબાઈ બંદર.

**શ્રી** સાયલેથી લિ. આપના આજ્ઞાંકિત સેવક સોભાગના નમસ્કાર વાંચશોજી. આપનો કૃપાપત્ર લાલચંદ ભેગો આવ્યો તેમાં લખ્યું છે કે ઘણા દિવસ થયા તમારો પત્ર નથી. તો અહીંથી પત્ર મણિલાલ ભેગો આવ્યો તેની પહોંચ ત્યાર પછી વિસ્તારથી લખી છે. ત્યાર પછી પત્તું આવ્યું તેની પહોંચ પણ લખેલ છે. તેમ એક કાગળ લાલચંદમાં બીડેલ, તે આપને મળ્યો જણાતો નથી.

આપના કાગળ જે હમણાં બેચાર આવેલ તે ખંભાત બીડી આપ્યા છે. વળી બીજા કાગળ પણ મંગાવે છે તે મણિલાલે ક્યાંક મૂક્યા છે તે હાથ લાગ્યા નથી. મણિલાલ મોરબી ગયેલ છે તે ૫-૬ દિન વેરા આવ્યાથી કાગળની તજવીજ કરી ખંભાત બીડીશ.

ચિ. મનસુખભાઈના વિવાહ વૈ. સુદ ૧૫ના નિરધાર્યા છે અને તે વિવાહ ઉપર સાહેબજી દિન ૪-૫માં પધારશે એમ મોરબીથી મણિલાલ લખે છે. તે વાત સાચી હશે. વરધ ટૂંકી છે એટલે જવાની તાકીદ હશે, તો પણ એક રાત અહીં પધારવાનું થાય

તો બધાંને દર્શનનો લાભ થાય. અને કદી હાલ તેટલો વખત કાઢતાં અડચણ જેવું દેખાતું હોય તો મુંબઈ જતી વખત તો આવવાનું જરૂર રાખશો; અને જે તારીખે આપ વઢવાણ પધારો તે તારીખે મને અગાઉ લખી જણાવજો એટલે આપના દર્શને વઢવાણ કાંપ અગર મૂળી સ્ટેશને આવું. કાંપમાં આવું તો વળતી વખત કલાક દોઢ કલાકનો સમાગમ થાય એમ મારો વિચાર છે.

મારે શરીરે બે દિવસ થયા ઠીક જેવું વરતાય છે. તેમ જ આંખે પણ જરા ઠીક વરતાય છે.

જ્ઞાની પુરુષ પૂર્વના ઉદેભાવથી અજ્ઞાની માફક વર્તતા હોય તેને કયા લક્ષણથી જ્ઞાની જાણવા લખું, તો જો પૂરવનું ઉપાર્જનનું બળ હોય અને જ્ઞાની પુરુષનો સમાગમ હોય તો તે પુરુષને જ્ઞાનીની અવિરોધ વાણીની પરીક્ષા થાય. વળી જ્ઞાની પુરુષની આંખ વૈરાગથી ભરેલાની પરીક્ષા થાય. એ બે પરીક્ષા જેને થઈ છે તેને સંદેહ ઊપજવાનું કારણ નથી. જ્ઞાની પુરુષને કાંઈ ચાર હાથ વગેરે બીજી કોઈ નિશાની હોતી નથી. માણસના જેવી જ ચેષ્ટા હોય છે. આજ અને ગયા કાળમાં જે જ્ઞાની પ્રત્યક્ષ છે તેનું માહાત્મ્ય વાગૂજાળથી થઈ ગયેલા જ્ઞાનીનું જાણે છે તેવું જણાતું નથી. એ જ મોહની કરમનું બળ છે પણ જો પ્રત્યક્ષ જ્ઞાનીનું માહાત્મ્ય જેમ થઈ ગયેલા જ્ઞાનીનું સમજે છે તેમ જ જો આ જીવ સમજે તો સુગમમાં સુગમ તરવાનો ઉપાય એ છે. તે સિવાય બીજો ઉપાય મને તો દેખાતો નથી.

અહંતા, મમતા, ક્રોધ, માન, માયા, લોભમાં ઉદાસીનપણું જ્ઞાનીને વરતે છે. પણ કોઈ ઉદેભાવથી તેનો વે'વાર જોઈ સંદેહકારક લાગે છે તો તે કેવી રીતે વરતવું જોઈએ ? ઉદે આપ વચે લખો તે તો હાલો હલે નહીં તો પણ જ્યારે સંસારનો વે'વાર મૂકી જોગીનો વે'વાર આદરે તો સંદેહ પડવાનું ઓછું કારણ થાય.

મને જેમ લાગ્યું તેમ લખી જણાવ્યું છે, પણ આપના ધારવામાં કાંઈ ફેરફાર દેખાતો હોય તો લખી જણાવશો.

મનસુખભાઈના વિવાહ ઉપર મારે આવવા મરજી છે તે ફક્ત આપના સમાગમ સારુ જ. પણ અહીં લાલચંદની દીકરીના વિવાહ વૈ. વદ ચોથના છે. એટલે જો હું તે પડતું મૂકી ત્યાં આવું તો લાલચંદ તથા ઉજમબા અજ્ઞાનને લીધે ખેદ કરે એટલે બીજો ઉપાય નથી અને વિવાહ પછી આપ વવાણિયા પાંચ પંદર દિવસ રહેવાના હો તો જણાવશો. જો બનશે તો મારો વિચાર ત્યાં આવવાનો છે.

જ્ઞાન વિષે વિચાર કરતાં ઓછી બુદ્ધિથી ચાલી શકે નહીં. તેમ કોઈ બતાવનાર નહીં તેથી બુદ્ધિ થાકી ગઈ. મનની દોડ બધી ઘણીખરી ઓછી પડી ગઈ છે. છેવટ એક વિચાર એ નક્કી કર્યો કે રાતદિવસ સહજાત્મસ્વરૂપનું સ્મરણ કરું છું; તે તુંહી તુંહી જ. બીજાની કાંઈ જરૂર નથી. આપની ભક્તિ કરું છું; હવે આપની મરજી પ્રમાણે કરશો. એ જ વિનતિ.

લિ. સેવક સોભાગના નમસ્કાર વાંચશો.

ભાઈશ્રી રેવાશંકરભાઈને પ્રણામ કહેશો.

☆ ☆ ☆

## ૫૮૮

મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ ૧૯૫૧

ૐ

શ્રી જિન વીતરાગે દ્રવ્ય :– ભાવસંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે. અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણ–કમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર.

આત્મસ્વરૂપનો નિશ્ચય થવામાં જીવની અનાદિથી ભૂલ થતી આવી છે. સમસ્ત શ્રુતજ્ઞાનસ્વરૂપ એવાં દ્વાદશાંગમાં સૌથી પ્રથમ ઉપદેશયોગ્ય એવું 'આચારાંગસૂત્ર' છે. તેના પ્રથમ શ્રુત સ્કંધમાં પ્રથમ અધ્યયનના પ્રથમ ઉપદેશમાં પ્રથમ વાક્યે જે શ્રી જિને ઉપદેશ કર્યો છે, તે સર્વ અંગના, શ્રુતજ્ઞાનના સારસ્વરૂપ છે, મોક્ષના બીજભૂત છે, સમ્યક્ત્વસ્વરૂપ છે, તે વાક્ય પ્રત્યે ઉપયોગ સ્થિર થવાથી જીવને નિશ્ચય થશે કે જ્ઞાનીપુરુષના સમાગમની ઉપાસના વિના જીવ સ્વચ્છંદે નિશ્ચય કરે તે છૂટવાનો માર્ગ નથી.

સર્વ જીવનું પરમાત્માપણું છે એમાં સંશય નથી. તો પછી શ્રી દેવકરણજી પોતાને પરમાત્મા સ્વરૂપ માને તો તે વાત અસત્ય નથી, પણ જ્યાં સુધી તે સ્વરૂપ યથાતથ પ્રગટે નહીં, ત્યાં સુધી મુમુક્ષુ, જિજ્ઞાસુ રહેવું તે વધારે સારું છે; અને તે રસ્તે યથાર્થ પરમાત્માપણું પ્રગટે છે. જે માર્ગ મૂકીને પ્રવર્તવાથી તે પદનું ભાન થતું નથી; તથા જિન વીતરાગ સર્વજ્ઞ પુરુષોની આસાતના કરવારૂપ પ્રવૃત્તિમાં થાય છે. બીજો ભેદ કંઈ નથી.

મૃત્યુનું આવવું અવશ્ય છે.

આત્મસ્વરૂપઃ પ્રણામ.

☆ ☆ ☆

## ૭૭૯

મુંબઈ, જ્યેષ્ઠ સુદ, ૧૯૫૩.

ૐ સર્વજ્ઞ

### સ્વભાવજાગૃત દશા

મિત્રસારી ન્યારી, પરજંક ન્યારો, સેજ ન્યારી,
ચાદરિ ભી ન્યારી, ઈહાં ઝુકી મેરી નયના;
અતીત અવસ્થા સૈન, નિન્દ્રાવાહિ કો૦ યૈન,
વિદ્યમાન પલક ન, થામેં અબ છયના;
સ્વાસ ઔ સુપન દોઉ નિન્દ્રાકી અલંગ બુઝે,
સૂઝૈ સબ અંગ લખિ, આતમ દરપના;
ત્યાગી ભયૌ ચેતંન, અચેતનતા ભાઈ ત્યાગિ,
ભાલૈ દૃષ્ટિ ખોલિકૈ, સંભાલૈ રૂપ અપના.

### અનુભઉત્સાહદશા

જૈસૌ નિરભેદરૂપ, નિરચૈ અતીત હુતૌ,
તૈસૌ નિરભેદ અબ, ભેદકો ન ગહૈગૌ?
દીસૈ કર્મરહિત સહીત સુખ સમાધાન,
પાયૌ નિજસ્થાન ફિર બાહરિ ન બહેગૌ;
કબહું કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,
રાગ રસ રાચિકૈં ન પરવસ્તુ ગહૈગૌ;
અમલાન જ્ઞાન વિદ્યમાન પરગહ ભયૌ,
થાહિ ભાંતિ આગમ અનંતકાળ રહૈગૌ.

### સ્થિતિ દશા

એક પરિનામકે ન કરતા દરવ કોઈ,
દોઈ પરિનામકે એક દર્વ ન ધરતુ હૈ;
એક કરતૂતિ કોઈ દર્વ કબહું ન કરૈ,
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;
જીવ પુદ્દગલ એક ખેત અવગાહી દોઉં,
અપને અપને રૂપ દોઉ કોઉ ન હરતુ હૈ;
જડ પરિનામનિકૌ કરતા હૈ પુદ્દગલ
ચિદાનન્દ ચેતન સુભાવ આચરતુ હૈ.

શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે તે 'મુક્ત' છે.

બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે તે 'મુક્ત છે.'

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્ત દશા વર્તે છે તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કોઈ પણ સંબંધ ન હતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે.

શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

☆ ☆ ☆

## ૭૮૦

મુંબઈ, જેઠ સુદ ૮, ભોમ, ૧૯૫૩

**જેને કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી, તે મહાત્માને વારંવાર નમસ્કાર.**

**પ**રમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ,

ભાઈ ત્ર્યંબકનો લખેલો એક કાગળ આજે મળ્યો છે.

"આત્મસિદ્ધિ" ગ્રંથના સંક્ષેપનું—અર્થનું—પુસ્તક તથા કેટલાંક ઉદ્દેપશપત્રોની પ્રત અત્રે હતી જે આજે ટપાલમાં મોકલ્યાં છે. બંનેમાં મુમુક્ષ જીવોને વિચારવા યોગ્ય ઘણા પ્રશ્નો છે.

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષનું (વિશેષપણું) રહ્યું છે તે એ કે, તેના સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત (છૂટા) થવું કે જેથી ફરી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષોનો નિશ્ચય છે.

કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય—જાણતાં અથવા અજાણતાં—તો તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.

આ દેહે કરવાયોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે. એ જ વિનંતી.

શ્રી રાયચંદના નમસ્કાર પ્રાપ્ત થાય.

☆ ☆ ☆

શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે તે 'મુક્ત' છે.

બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે તે 'મુક્ત છે.'

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્ત દશા વર્તે છે તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કોઈ પણ સંબંધ ન હતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે.

શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

☆ ☆ ☆

૭૮૦

મુંબઈ, જેઠ સુદ ૮, ભોમ, ૧૯૫૩

જેને કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા
નથી, તે મહાત્માને વારંવાર નમસ્કાર.

પરમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ,

ભાઈ ત્રંબકનો લખેલો એક કાગળ આજે મળ્યો છે.

"આત્મસિદ્ધિ" ગ્રંથના સંક્ષેપનું—અર્થનું—પુસ્તક તથા કેટલાંક ઉદ્દેપશપત્રોની પ્રત અત્રે હતી જે આજે ટપાલમાં મોકલ્યાં છે. બંનેમાં મુમુક્ષ જીવોને વિચારવા યોગ્ય ઘણા પ્રશ્નો છે.

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષનું (વિશેષપણું) રહ્યું છે તે એ કે, તેના સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત (છૂટા) થવું કે જેથી ફરી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષોનો નિશ્ચય છે.

કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય—જાણતાં અથવા અજાણતાં—તો તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.

આ દેહે કરવાયોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે. એ જ વિનંતી.

શ્રી રાયચંદના નમસ્કાર પ્રાપ્ત થાય.

☆ ☆ ☆

સં. ૧૯૫૩ના જેઠ સુદ ૧૦ વાર ગુરુ

પરમપૂજ્ય તરણતારણ પરમાત્મા દેવ પરમ પુરુષ કૃપાળુનાથ શ્રી રાજ્યચંદ્રભાઈની પવિત્ર સેવામાં. શ્રી મુંબઈ.

જોગ શ્રી સાયલેથી લિ. આજ્ઞાંકિત સેવક સોભાગ લલુભાઈના પાયલાગણું વાંચશો. આપનો કાગળ ગઈ કાલે આવ્યો તે પહોંચ્યો છે. વાંચી અતિ અતિ આનંદ થયો છે. વળી હે કૃપાળુનાથ! એ જ રીતે દિન ૪ને આંતરે કૃપા કરી કાગળ લખશો, જે વાંચી અતિ અતિ આનંદ થાય. બીજું આપ સાહેબે કૃપા કરી કાગળોની નકલ તથા 'આત્મસિદ્ધિ' ગ્રંથના સંક્ષેપમાં કરેલા અર્થનું પુસ્તક એક મોકલ્યું છે તે આજે ટપાલમાં આવ્યું ને પહોંચ્યું છે તે આવતી કાલે વાંચીશ તે જાણશો. બીજું મારા શરીરને હજુ તાવ આવે છે. ગઈ કાલે જરા ઠીક હતું. આજે અશક્તિ વિશેષ છે. અનાજ થોડું ખવાય છે. બને તે ખરું. તો લખવાને અરજ કે, હે પરમ પુરુષ કૃપાનાથ, દયાભાવ રાખો છો તેવો રાખશો અને ફુરસદની વખતે કાગળ લખવા કૃપા કરશો. આપનો કાગળ આવ્યો તે ગોસળીઆને વંચાવ્યો નથી. વળી ઉપર લખ્યું પુસ્તક આજે આવ્યું તે પણ વંચાવશું નહીં. આપની આજ્ઞા નહિ હોય તો બીજાને પણ વંચાવશું નહીં. માટે મહેરબાની કરી ઉપદેશપત્રો લખી સેવકના ખબર લેશો. એ જ કૃપાભાવ રાખો છો તેવો રાખશો.

લિ. છોરુ મણિનું પગેલાગણું વાંચશો. ત્રંબકલાલ તથા ચબુબા તથા લેરાભાઈ તથા મગન વગેરે સરવેનાં પાયેલાગણું વાંચશોજી. એ જ વિનતિ.

કેશવલાલ ગઈ પરમ દિવસે આવ્યો છે. લાલચંદ આજે રાત્રે કાંપમાં આવ્યા હશે. ઘણું કરી પરમ દિવસ અત્રે આવશે એ જ જણાવવા લખ્યું છે. અમારે ભાણેજ ઠાકરશી દિન ત્રણ થયા લીમડીથી આવ્યો છે. તેણે આપ સાહેબને પુનઃ પુનઃ નમસ્કાર કહ્યા છે. લિ. સેવક ત્રંબકનાં પાયેલાગણું વાંચશો. લાલચંદ આજ સવારમાં આવ્યો છે.

☆ ☆ ☆

સં. ૧૯૫૩ જેઠ સુદ ૧૨

**શા. અંબાલાલ લાલચંદ**

ઠે. જીરાસની પોળે, ખંભાત.

સર્વે શુભોપમા જોગ ભાઈશ્રી અંબાલાલ લાલચંદ

જોગ શ્રી ખંભાત

**શ્રી** સાયલેથી લિ. સોભાગ લલુભાઈના પ્રણામ વાંચશો. આપનું પત્તું આવ્યું તે પહોંચ્યું. મારું શરીર નરમ રહે છે તે ઉપરથી તમારે અત્રે આવવા નગીનદાસ સાથે સાહેબજીએ કહેવરાવેલ તેથી તમે અત્રે આવવા વિચાર કરેલ, પછવાડેથી તાર આવતાં આપ આળસ્યા. તો હવે લખવાનું કે મારું શરીર દિન ૧૦ થયા વિશેષ નરમ રહે છે, તેમ દિન બે થયા સાવ થોડું અનાજ ખવાય છે. અશક્તિ ઘણી આવી ગઈ છે. દિન દિન શક્તિ વિશેષ ઘટતી જાય છે. હવે આ દેહ લાંબો વખત ચાલે તેમ સંભવ નથી. તો હવે લખવાનું કે, સાહેબજીની આજ્ઞા હોય અને આપને અત્રે આવતાં કંઈ હરકત ન હોય તો જરૂર પાંચ દહાડા આવવાનો વિચાર કરશો. એ જ કામકાજ લખશોજી.

દ. મણિલાલના પ્રણામ વાંચશોજી

☆ ☆ ☆

સંવત ૧૯૫૩ જેઠ સુદ ૧૪

અહો અહો શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર
આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન
તે તો પ્રભુએ આપીયો, વરતું ચરણાધીન.

પરમપુરુષ ને તરણતારણ પરમાત્મા દેવ કૃપાનાથ બોધસ્વરૂપ દેવાધિદેવ મહાપ્રભુજી સહજાત્મસ્વરૂપ સ્વામીની સેવામાં

મુ. મુંબઈ બંદર

**શ્રી** સાયલેથી લિ. આપના આજ્ઞાંકિત સેવક પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો.

આ કાગળ છેલ્લો લખી જણાવું છું. જેઠ સુદ નોમ ને બુધવારે મૃત્યુ છે એવો આગળ ભાસ થયેલ તે સુદ નોમે તો બન્યું નહીં. પણ મનમાં કોઈ રીતે આભાસ ખોટો પડે એવું નહીં છતાં તે તારીખ ગઈ. તો જેઠ વદ નોમને બુધવારે છે ઘણું કરી તે તારીખે મૃત્યુ થશે એમ ખાતરી છે. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો. અને આ દેહ ને આત્મા જુદા છે. દેહ જડ છે, આત્મા ચેતન છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજવામાં આવતો નહોતો પણ દિન આઠથી આપની કૃપાથી અનુભવગોચરથી બેય પ્રગટ જુદાં દેખાય છે અને રાતદિવસ આ ચેતન ને આ દેહ જુદાં છે એમ આપની કૃપાદૃષ્ટિથી સહેજ થઈ ગયું છે, તે આપને સહેજ જણાવવા લખ્યું છે.

ત્રંબક તથા મણિને આપ સાહેબ પધાર્યા અને સમાગમ થયો તે પણ આપની કૃપાદૃષ્ટિથી થોડા દિવસમાં ભક્તિમાર્ગ અંગીકાર સારી રીતે કર્યો છે. વગર ભણ્યે વગર શાસ્ત્ર વાંચ્યે થોડાક વખતમાં આપના બોધથી અર્થનો વગેરેનો ઘણો ખુલાસો થઈ ગયો છે. તે ખુલાસો ૨૫ વર્ષે થાય તેવો નહોતો તે થોડા વખતમાં થઈ ગયો છે. ગોસળીઆ વિશે જે કાંઈ આસ્થા હતી તે બિલકુલ

નીકળી ગઈ છે. તો હવે વખતોવખત બોધ આપવાના પત્રો આપ આપની ઇચ્છા પ્રમાણે લખી અને મોટી પાયરીએ ચડાવશો. એ જ વિનંતી.

આપનો મારાથી અવિનય અભક્તિ થઈ હોય તો ક્ષમા માગું છું. આપસાહેબ કૃપાળુ મોટા છો, તો જેવા આપ છો એવી સેવક ઉપર નજર રાખશો.

ખંભાતથી અંબાલાલભાઈને મોકલવા કૃપા કરશો. પાંચ દિવસનો સમાગમ થાશે. વળી 'આત્મસિદ્ધિ' ગ્રંથના અર્થ, ટીકા તથા કોઈ અર્થ નહીં સમજાતા હોય તો અંબાલાલભાઈ સમજાવશે. માટે જો આપની ઇચ્છા હોય તો મોકલાવશો એ જ અરજ.

સં. ૧૯૫૩ના જેઠ સુદ ચૌદશ રવિવાર બાલક મણિ તથા બાલક ત્રંબક તથા ભેરાભાઈ તથા મગન તથા ચબુબા તથા કાળુભાઈની માતાજી તથા મણિની મા તથા લાલચંદ તથા કેશવલાલ તથા બાલક નગીન તથા ઉજમબા વગેરેના નમસ્કાર વાંચશોજી. એ જ લિ. ભેરાના નિરંતર પ્રણામ હજો.

વિ. લ. એ છે જે આ જીવ સમે સમે પર પરિણુતીમાં મરી ગયો હતો તો આપસાહેબના ઉપદેશથી કાંઈક ઓધાર થયો છે વળી આપની કૃપા વડે કરી વિશેષતા ઓધાર થશે એમ ઇચ્છું છું.

આપનું પત્તું પહોંચ્યું છે. વાંચી બીના જાણી છે. મુ. શ્રી સોભાગભાઈ કહે છે કે કાગળ વાંચી મશ્કરી કંઈ કરશો નહીં. ભાસ થવાથી આપને લખેલ છે.

દા. ત્રંબકનાં પગેલાગણ વાંચશો.

☆ ☆ ☆

સં. ૧૯૫૩, જેઠ વદ ૩, વાર ગુરુ

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો અહો અહો ઉપકાર;
શું પ્રભુ ચરણ કને ધરું? આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીઓ વર્તું ચરણાધીન.

મહાપ્રભુજી પરમપુરુષ તરણતારણ કૃપાળુ નાથ પરમાત્મા દેવ કૃપાનાથ બોધસ્વરૂપ દેવાધિદેવ મહાપ્રભુજી સહજાત્મ સ્વામીની સેવામાં.

મુ. મુંબઈ બંદર

**શ્રી** સાયલેથી લિ. આપના આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો. આપનો કૃપાપત્ર સેવકની સંભાળ લેવા આવ્યો તે પહોંચ્યો છે. આપ સાહેબે આત્મા વિષે લખ્યું તો આપની કૃપાથી ઘણું કરી મારા ધાર્યા પ્રમાણે તેમ જ વર્તે છે અને મારા આત્માને તેમ જ ભાસે છે. આપની કૃપાથી મોહ હવે કાંઈ નથી અને એક આપનો જ આધાર છે. સહજાત્મ-સ્વરૂપ સ્વામીનું જ સ્મરણ દિનરાત રહ્યા કરે છે. હવે આપ સ્વીકારો તે ખરું. હું પામર અજાણ છું. કાંઈ જાણતો નથી પણ યાદ આવવાથી પરમાર્થ અર્થે લખું છું કે અંબાલાલ આપના શિષ્ય ઘણાં વરસના સમાગમવાળા છે, અનુભવવાળા છે. તે શિષ્ય પરખાવવા જેવું મારા ધાર્યા પ્રમાણે રહ્યું નથી. તો આપ સાહેબે તે શિષ્યને બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવી હશે. નહિ તો આપને યોગ્ય લાગે તો કરાવશો અગર આપની આજ્ઞા હોય તો અંબાલાલ અત્રે આવવાના છે. અને આવ્યાથી મને સુવાણ હોય તો હું બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવું. માટે આપની મરજી મુજબ લખશો. આટલું મેં પરમાર્થ અર્થે લખ્યું છે. તો આપને યોગ્ય ન લાગે તો માફ કરશો. હું માફી માગું છું. બીજું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના અર્થો નહિ સમજાય તેવા કોઈ હશે તો અંબાલાલભાઈ આવ્યાથી સુવાણ હશે તો સમજીશ. એ જ હે કૃપાનાથ, કૃપા છે તેવી રાખશો. આ સેવકને એક આપનો જ આધાર છે, એ જ.

લિ. છોરુ મણિનું પાયેલાગણું વાંચશો.

ભાઈ સોભાગભાઈના શરીરે તાવ આવે છે. તેમને તેમ આવે છે. દિન બે થયા પેટમાં ગાંઠોનો દુખાવો થાય છે. તેમ દિન બે થયા બિલકુલ ખવાતું નથી. અને બે વખત બેચાર રૂપિયાભાર રાબ પીવાય છે. શક્તિ સાવ ઘટી ગઈ છે. ખાટલા-માંથી નીચે ઊતરી શકતા નથી. એક માણસ બેઠા કરે ત્યારે થાય છે. અશક્તિને લીધે ઘણી વખત અતિશ્રમ લાગે છે. એ રીતે છે. આપને જણાવવા લખું છું.

ભાઈ મનસુખભાઈને માલૂમ થાય જે બહેન જીજીબા સાથે ધોતિયું ૧, છત્રી ૧ મોકલી છે તે પહોંચી હશે. એ જ ત્રંબક, લેરાભાઈ, મગન, ચબુબા વગેરે સર્વેના પુનઃ પુનઃ નમસ્કાર પરમકૃપાળુ સાહેબને પ્રાપ્ત થાય. એ જ

☆ ☆ ☆

## ૭૮૧

મુંબઈ, જેઠ વદ ૬, રવિ, સં. ૧૯૫૩

### પરમપુરુષ દશાવર્ણન

'કીચસૌ કનક જાકે, નીચ સૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકે ગારસી;
જહરસી જોગ જાતિ કહરસી કરામાતિ,
હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી,
જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ.
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.

જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીંપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્ય અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબિ એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝવણરૂપ જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબનાં કાર્યોને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને વિષ્ટા સમાન જાણે છે એવી જેની રીત હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો. જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે, જેમ જેમ આજ્ઞાથી અસ્થિમજ્જાથી રંગાશે, તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણના સુગમપણે પામશે એમ નિઃસંદેહતા છે.

ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુને તો સત્સમાગમ વિષેની રુચિ અંતરેચ્છાથી કંઈક આ અવસરના સમાગમમાં થઈ એટલે એકદમ દશા વિશેષ ના થાય તોપણ આશ્ચર્ય નથી.

ખરા અંતઃકરણે વિશેષ સત્સમાગમના આશ્રયથી જીવને ઉત્કૃષ્ટ દશા પણ ઘણા થોડા વખતમાં પ્રાપ્ત થાય છે.

વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમ પુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મશક્તિ (આત્મસ્થિતિ) કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઈ ખરા અંતઃકરણથી સત્પુરુષનાં વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી; અને શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે. એટલે તે વિષે પણ કંઈ વિકલ્પ રાખવા યોગ્ય નથી. જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે, તોપણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે.

સર્વ જીવ પ્રત્યે, સર્વભાવ પ્રત્યે અખંડ એક રસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે, એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્ દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવ દશા રહે તે સમ્યક્ચરિત્ર ઉત્કૃષ્ટ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વદુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેસ (સંદેહ), કેવળ નિઃસંદેહ છે. એ જ વિનંતી.

☆ ☆ ☆

શ્રી સાયલા જેઠ વદી ૧૧, શુક્ર, સં. ૧૯૫૩

**શ્રી**મદ્ પરમાત્મા શ્રી સદ્‌ગુરૂદેવ પરમાત્માશ્રીને ત્રિકાળ નમસ્કાર. પરમકૃપાળુ, દેવાધિદેવ, શ્રીમદ્ સદ્‌ગુરૂ શ્રી સહજાત્મ-સ્વરૂપ સ્વામીશ્રીની પવિત્ર શુભ સેવામાં.

હે પ્રભુ! પ્રભુ! બેહદ દિલગીર છું કે પરમ પૂજ્ય, પૂજવા-યોગ્ય, પરમ સ્તુતિ કરવાયોગ્ય, મહાન શ્રી સૌભાગ્યભાઈ સાહેબે પરમ સમાધિભાવે શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક દેહનો ત્યાગ કર્યો છે. એ પવિત્ર પુરુષની દુઃખ વેદવાની સ્થિતિ, આત્માનુભાવ અને છેવટ સુધીનો ઉપયોગનો એક જ ક્રમ એ જોઈને મને બહુ જ આનંદ થાય છે. વારંવાર તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે. જેઠ વદી ૧૦ને ગુરુવારે સવારના સાત વાગતાંની સ્થિતિ મેં નિવેદન કરી છે. તે પછી ભાઈ મણિલાલે કહ્યું, "આપ એક જ સહજાત્મસ્વરૂપ સ્વામીશ્રીના સ્મરણનું લક્ષ રાખજો." ત્યારે પોતે કહ્યું, "મને એક જ લક્ષ છે. બીજું લક્ષ નથી. પણ હવે તમે મને કાંઈ કહેશો નહિ. કારણ કે મારે તમે બોલો તેમાં અને મારે તેનો જવાબ આપવામાં લક્ષ આપવું પડે છે તેથી મને ખેદ રહે છે. એવી પોતે વાત કરી જેથી એમની સમીપમાં કંઈ પણ કહેવું બંધ રાખ્યું. દશ વાગતાં માથાશ્વાસ થયો. પોતે છેવટના વખતની અત્યંત પીડા ભોગવવા માંડી તેથી દશ અને અડતાલીસ મિનિટે મારા મનમાં એમ થયું કે વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મો-પયોગ ભૂલી ગયા હોય અથવા દુઃખના લક્ષમાં ચડી ગયા હોય તો સ્મરણ આપ્યું હોય તો ઠીક. એમ ધારી ધારસીભાઈની સલાહ લઈ મેં સહજાત્મસ્વરૂપ સ્વામી એવું એક, બે અને ત્રણ વાર નામ દીધું, એટલે પોતે બોલ્યા કે હા, મારું એ જ લક્ષ છે. મારે કેટલોક ઉપદેશ કરવાની ઇચ્છા છે. મને પણ તેવો વખત નથી. હું સમાધિભાવમાં છું. તું સમાધિભાવમાં રહેજે. હવે મને કાંઈ કહીશ નહિ કારણ કે મને ખેદ રહે છે. એટલાં વચનો પોતે બોલ્યા કે તરત સર્વ દુઃખી પરિવારે ત્રિકરણયોગથી નમસ્કાર કર્યા કે તરત પોતે ડાબું પડખું ફેરવ્યું ને ૧૦ અને ૫૦ મિનિટે પોતે દેહનો ત્યાગ કર્યો.

તે વખતે ૧૦ અને ૪૮ મિનિટે પોતે ભાષણ કર્યું તે વખતે ગળફો ખાઈને તૂટક તૂટક શબ્દે. પણ અક્ષર ચોખ્ખો બોલાય. પણ જાણે ઇંદ્રિયો સાવ મરી ગઈ હોય અને માંહીથી આત્મા જેમ બોલતો હોય તેવી રીતે પરાણે ઉપર કહ્યાં તે વચનો પરમકૃપાભાવે પોતાના મુખમાંથી બહાર કાઢયાં એવી અનંત દયા કરી છે.

ચાર દિવસ ઉપર રવિવારના દિવસે ભાઈ ચુનીલાલે પૂછ્યું, "આપે ભવનું કાંઈ નક્કી કર્યું?" ત્યારે પોતે કહ્યું, "હા સાહેબજીએ કહ્યું છે કે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા વિના મોક્ષ હોય નહિ.

તેથી છેવટને સમયે અત્યારની સ્થિતિ જોતાં અને સાહેબજીની કૃપાથી એક બે મિનિટ જો કેવળજ્ઞાન પ્રાપ્ત થશે તો તો આ જ ભવે મોક્ષ થશે. નહિ તો એક ભવ કરીને તો મોક્ષ જરૂર થશે. ત્યારે મણિલાલે પૂછ્યું કે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેની અમને ખબર કેમ પડે? ત્યારે પોતે કહ્યું કે એક બે મિનિટ જો બની શકશે તો હું તે વખતે જે કહેવાનું હશે તે કહીશ. એવી રીતે વાત કરેલી તે આપની સેવામાં નિવેદન કરું છું.

દુઃખની સ્થિતિમાં પોતે વખતે ઉપયોગ ભૂલી જાય એટલા સારુ વખતેવખતે સ્મરણ આપવાનું થતું તો પોતે કહે કે વારેવારે શું કહે છે? આ જીવને તે બીજું લક્ષ હોય? એ જ મારું લક્ષ છે. વળી મૃત્યુના થોડા વખત પહેલાં ગોસળીઆએ બોલાવ્યા, તો પોતે કહ્યું કે હાલ બધા છાનામાના બેસી રહો. વખતેવખતે પોતે ઉચ્ચાર કરે તો હે નાથ! હે દયાળુ! પરમાત્મા! દેવાધિદેવ, સહજાત્મસ્વરૂપ સ્વામી એ જ વચનો કહેતા હતા અને તે જ વચનો જેમ પૂર્વના વિશેષ અભ્યાસયુક્ત કરી મૂક્યાં હોય તેવી રીતે સહેજે પણ મુખથી નીકળતાં હતાં. પોતે ઉપયોગમાં બરાબર વર્તતા હતા. અને વખતે કાંઈ બોલાવે તેથી ઉપયોગથી ચુકાવું પડે તેથી એમના મનમાં ખેદ થતો હશે એમ લાગ્યું હતું. પણ પછી કાંઈ પણ દેવાનું બંધ રાખ્યું હતું અને સમાધિભાવથી વેદવા દીધું હતું. કુટુંબાદિના ભક્તિભાવ ઘણા જ સારા હતા. સેવા કરવા બધાં સારી રીતે અનુરક્ત રહ્યાં હતાં અને મૃત્યુ સુધરે એવી રીતે બધાય આજ્ઞાનુસાર વર્તતા હતા. તેમ પ્રેમ પણ ધર્મની લાગણીનો સારો હતો. સૌભાગ્યભાઈના ઉપદેશથી લાગણી હાલ

પણ કુટુંબ વર્ગમાં વર્ધમાનપણે રહી છે. હે પ્રભુ! એ પરમ પવિત્ર પૂજ્ય સૌભાગ્યભાઈના સમાધિમરણની સ્થિતિ જોઈ હું આનંદ સાથે પરમ હર્ષિત થયો છું. કારણ કે આવું સમાધિમરણ મેં કોઈનું હજી જોયું નથી. પણ એક રીતે મારા હીનભાગ્યનો ખેદ રહે છે કે આવા પરમ–પવિત્ર અમૂલ્ય રત્નનું લાંબું જીવન થઈ ન શક્યું, જેથી આવો ખરો હીરો મેં ખોયો છે અને એ પુરુષની મોટી ખોટ પડી છે. એ મારા ખેદનો હું વિસ્તાર કરવાને યોગ્ય નથી. આપ સર્વે જાણો છો. આપ સર્વે દેખો છો જેથી મારાથી કોઈ પણ અવિનય, અભક્તિ થઈ હોય તો વારંવાર નમસ્કાર કહી ખમાવું છું. મારા હીનભાગ્યથી ચાર દિવસ અગાઉથી આવવું થયું હોત તો મારા ઉપર પોતે દયા કરી કેટલાક ખુલાસા અન્યોન્ય કરવાનું બની શકત. પણ મારા અંતરાયથી તે યોગ ન બન્યો. એ મને અત્યંત ખેદ બનવા જેવું થયું છે. જેથી હવે તે ખેદ થાય છે. પણ આટલો દર્શનનો લાભ મને થવાથી પરમાનંદ થયો છે એમ સમજું છું.

અત્રેથી હું આજે શુક્રવારે ખંભાત જવા ઇચ્છતો હતો. પણ સૌભાગ્યભાઈના કુટુંબાદિનો વિશેષ આગ્રહ હોવાથી આજે રોકાવાનું થયું છે. તો હું અત્રેથી શનિવારે મેલમાં નીકળી રવિવારે ખંભાત જવા ધારું છું. અત્રે આપ કૃપાળુશ્રી તરફથી પ્રાપ્ત થયેલ 'સિદ્ધિશાસ્ત્ર' તથા મારા હાથે ઉતારેલા ઉપદેશપત્રોના છૂટા પત્રો તથા જેઠ માસમાં અત્રે પ્રાપ્ત થયેલા ત્રણ પત્રો એ બધું હું સાથે ખંભાત લઈ જવા ધારું છું. ઉતાવળથી અશુદ્ધ ઉપયોગે પત્રમાં કોઈ રીતે અવિનયાદિક કાંઈ પણ દોષ થયો હોય તો વારંવાર નમસ્કાર કરી ખમાવું છું. હાલ એ જ, કામસેવા ઇચ્છું છું.

અલ્પજ્ઞ દીનદાસ અંબાલાલના
વિધિપૂર્વક પરમપ્રેમે નમસ્કાર સ્વીકારશોજી!

ભાઈ મણિલાલ 'સિદ્ધિશાસ્ત્ર' રાખવાની આજ્ઞા મેળવવા સારું મને આપવાની હાલ ના કહે છે. બીજા પત્રો હું ભેગો લેતો જઈશ.

☆ ☆ ☆

## ૭૮૨

મુંબઈ, જેઠ વદ ૧૨ શનિ, સં. ૧૯૫૩

**આર્ય**શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દશને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ-જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમતેમ અધિક અધિક ખેદ થાય છે.

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે. જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે એમાં સંશય નથી.

વડીલપણાથી તથા તેમના તમારા પ્રત્યે ઘણા ઉપકાર હોવાથી તેમ જ તેમના ગુણોના અદ્‌ભુતપણાથી તેમનો વિયોગ તમને વધારે ખેદકારક થયો છે અને થવા યોગ્ય છે. તેમનો તમારા પ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી, તેમણે તમારા સર્વે પ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય તથા તેમના ગુણોનું જે જે અદ્‌ભુતપણું તમને ભાસ્યું હોય તેને વારંવાર સંભારી, તેવા પુરુષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખી તેમણે આરાધવા યોગ્ય જે જે વચનો અને ગુણો કહ્યાં હોય તેનું સ્મરણ આણી તેના આત્માને પ્રેરવો, એમ તમો સર્વ પ્રત્યે વિનંતિ છે. સમાગમમાં આવેલ મુમુક્ષુઓને શ્રી સોભાગનું સ્મરણ સહેજે ઘણા વખત સુધી રહેવા યોગ્ય છે.

મોહે કરીને જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણી મોહથી થતો ખેદ શમાવીને ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવાનો યોગ્ય છે.

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

ધીરજથી એ સર્વે ખેદ શમાવવો અને તેમના અદ્ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય લેવો યોગ્ય છે. શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.

સંસારનું સ્વરૂપ જેણે સ્પષ્ટ જાણ્યું છે તેને સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તોપણ એમ જણાય છે કે સત્પુરુષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને થવા યોગ્ય છે.

"આત્મસિદ્ધિ" ગ્રંથ તમારી પાસે રાખશો. ત્ર્યંબક અને મણિને વિચારવાની ઇચ્છા હોય તો વિચારશો. પણ તે પહેલાં કેટલાંક વચનો અને સદ્ગ્રંથો વિચારવાનું બનશે તો આત્મસિદ્ધિ બળવાન ઉપકાર થશે, એમ લાગે છે.

શ્રી સોભાગની સરળતા, પરમાર્થસંબંધી નિશ્ચય મુમુક્ષુ પ્રત્યે ઉપકાર આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

☆ ☆ ☆

ખંભાત, જેઠ વદી ૧૩, સોમવાર, સંવત ૧૯૫૩

શ્રીમદ્ સદ્‌ગુરુ દેવ પરમાત્માશ્રીને ત્રિકાળ નમસ્કાર!

પરમકૃપાળુ દેવ, દેવાધિદેવ, શ્રીમદ્ શ્રી સહજાત્મસ્વરૂપ સ્વામી શ્રી સદ્‌ગુરુદેવ પરમાત્મા પ્રભુની શુભ સેવામાં.

ગઈ કાલે રવિવારે સાંજના અત્રે મારું આવવું થયું છે. રસ્તામાં આવતાં વીરમગામ સ્ટેશન ઉપર શ્રી સુખલાલભાઈના દર્શનનો લાભ થયો હતો. અમદાવાદ એક રાત્રિ વીશીમાં રોકાયો હતો. ત્યાં શ્રી ઉગરીબહેન તથા પાર્વતીબહેન પાસે ગયો હતો. પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ સાહેબના વિદેહ થયા પછી વારંવાર તેમના પવિત્ર ઉત્તમોત્તમ ગુણો મને સ્મૃતિમાં આવવાથી મારું હૃદય ભરાઈ આવ્યું છે. તે પવિત્ર પુરુષની દયા, ક્ષમા, અનુકંપા, દુઃખ વેદવાની સહનતા, અસંગપણું, અને આત્માના શુદ્ધ ઉપયોગની તારતમ્યતા એ વારંવાર મને સ્મૃતિમાં આવ્યા કરે છે. એવા અમૂલ્ય રત્નનો વિશેષ સમાગમ આ લેખકના હીનભાગ્યે ક્યાંથી અધિક કાળ હોઈ શકે? હવે બહુ જ પશ્ચાત્તાપ થાય છે. તેવા પરમ પૂજવા જોગ પુરુષની મારાથી કાંઈ પણ સેવાભક્તિ થઈ નથી. અરેરે! પૂજ્ય શ્રી જૂઠાલાલ અને પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ જેવાં અમૂલ્ય રત્નોની મારા જેવા દુષ્ટ જીવોને વિશેષ સમાગમની પ્રાપ્તિ ન થઈ; ખરેખર, એવા પવિત્ર આત્માની મને બહુ જ ન્યૂનતા થઈ પડી છે. પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ જેવા પવિત્ર પુરુષનું જે કુળમાં ઉત્પન્ન થવું થયું તે કુળમાં, ગામમાં અને તેવા પુરુષના સમાગમમાં આવતા સામાન્ય મનુષ્યોને પણ પરમાર્થપ્રાપ્તિ થવાની. તેવા પુરુષનું ઉત્કૃષ્ટ નિમિત્ત થયું છે. સહકુટુંબ વર્ગ, મૃત્યુના પ્રસંગે સમીપમાં હતું. પણ સર્વનાં ચિત્ત પરમ પ્રેમે સૌભાગ્યભાઈની ભક્તિમાં હતાં. છેવટના વખત સુધી એ પુરુષની સમાધિદશા જોઈ સહર્ષ આનંદ વર્તાતો હતો. કોઈના મનમાં ખેદ કે સ્વાર્થ સંબંધને લીધે મોહાદિ પ્રકારથી રડવું કરવું કાંઈ હતું નહિ. આજ્ઞાનુસાર વર્તવામાં વિશેષ જિજ્ઞાસા હતી. શિષ્ય જેવાં વચનો ગુરુ પ્રત્યે ગુરુપણાની બુદ્ધિથી વાપરે તેવાં જ વચનોથી

દીનપણે પુત્રાદિ વર્તતા હતા. એવા એ પવિત્ર પુરુષની કુટુંબ પ્રત્યેની અનુકંપા અને દયા જેથી કુટુંબ વર્ગનો એ ભક્તિભાવ જોઈ મને એવા પુરુષની એક ખોટ પડી છે એમ વારંવાર સ્મૃતિમાં આવી ખેદ થયા કરે છે. તેમાં વળી પૂજ્યશ્રી સૌભાગ્યભાઈ સાહેબની મારા પ્રત્યેની જે દયા, અનુકંપા અને વળી મારા પ્રત્યેનું અસંગ-પણું એ મને બહુ જ યાદ આવે છે. મારા જવા પહેલાં જેવી મને મળવાની ઇચ્છા હતી, તેવી મારાથી પોતાની અનુકંપા તો તેવી જ હતી. પણ મારા પ્રત્યે અસંગપણું વિશેષ કરીને પોતાને થયું હતું. હું અલ્પજ્ઞ એવાં અમૂલ્ય રત્નોનું શું વર્ણન કરું? પણ મને તે પુરુષની બહુ જ ખોટ થઈ પડી. એ હવે મને યાદ આવી મારું હૃદય ભરાઈ જાય છે. શોકનો અવકાશ નથી મનાતો. ભાઈ મણિલાલ પાસેથી ઉપદેશ પત્રો ૫૦ના આશરે આગળના આવેલા હાથ આવવાથી અત્રે લેતો આવ્યો છું તથા આપ કૃપાળુશ્રી તરફથી હાલ પ્રાપ્ત થયેલ ઉપદેશપત્રો ૩—એ રીતે અત્રે લાવ્યો છું. 'સિદ્ધિશાસ્ત્ર' ભાઈ મણિલાલે હાલ આપ્યું નથી. આપશ્રીની આજ્ઞા થયેથી મોકલાવીશ એમ કહ્યું છે.

હાલ એ જ..........છોરુ યોગ્ય કામસેવા ફરમાવશોજી.

અલ્પજ્ઞ પામર અંબાલાલના
ભક્તિભાવે નમસ્કાર.

☆ ☆ ☆

## ૭૮૩

મુંબઈ, અષાડ સુદ ૪, રવિ, ૧૯૫૩.

### શ્રી સોભાગને નમસ્કાર

**શ્રી** સોભાગની મુમુક્ષુદશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઇચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઇચ્છા ઉત્પન્ન થયે જો સત્પુરુષના સમાગમનો લાભ પામે છે તો તે ઉપાયને જાણી શકે છે અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઇચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગોની પ્રતીતિ અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને દુર્લભ છે.

મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી એ પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાન સ્વામીએ ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં દર્શાવ્યું (ઉપદેશ્યું) છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને આશ્રયમાં વિચારતાં મુમુક્ષુઓને મોક્ષ સંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પકાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો દુર્લભ છે. તે જ સમાગમમાં યોગમાં મુમુક્ષુ જીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તેવો યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરી હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે. કેમ કે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે, માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે. પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

☆ ☆ ☆

વૈશાખ વદ ૧૩, બુધ, સં. ૧૯૫૪

પૂ. ભાઈશ્રી ૫ ભાઈ રવજીભાઈ પચાણજી સાહેબજીને દેજો
શ્રી વવાણિયા બંદર

પરમપૂજ્ય શ્રીમદ્ સાહેબજીને ત્રિકાળ નમસ્કાર!

શ્રી સાયલેથી લિ. અલ્પજ્ઞ બાળક ત્રંબકના નમસ્કાર વાંચશો. આપનો કૃપાપત્ર હાલમાં નથી, તો આ બાળક ઉપર દયા લાવી લખવા કૃપા કરશો. મારાથી હાલમાં પત્ર લખાણો નથી તો માફ કરશોજી. પૂજ્ય શ્રી ડુંગરશીને ગયા શુક્રવારથી તાવ આવે છે તથા મરડો શરૂ થયો છે અને લોહી પાચ પડે છે. અનાજ બિલકુલ ખવાતું નથી. તેમાં આફરો ચડી આવે છે. તેનો વ્યાધિ વધારે વર્તાય છે. પણ શ્રદ્ધા ઘણી સારી છે. ફક્ત જ્ઞાનની વાતું કરે જાય છે. બીજો કંઈ જવાબ નહિ અને આપના ઉપર કાગળ લખો અને આમ પ્રશ્ન લખો તે બોલે જાય છે. શ્રદ્ધા સારી છે. અત્યારના વ્યાધિ દરદ જોતાં દેહ રહેવાનો સંભવ રહેતો નથી, એ જ.

☆ ☆ ☆

## ૮૩૩

વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧, શનિ, સં. ૧૯૫૪

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કાંઈ પ્રિય નથી, અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્યમાં ઊપજે છે. (ઉપજાવે છે.)

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથા તથા દીઠો છે, મ્યાન પ્રત્યે તલવારને જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે તે મહાપુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિ સ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજ સ્વરૂપ છે. એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યા તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમનો થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારેય પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્ય-સ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ આત્મભેદતા માને એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ-ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યદૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પતિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ ક્યાંથી હોય?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજ અનુભવ પ્રમાણ સ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પર દ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે, પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્યસુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકોપ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ શાંત ચૈતન્ય છું. હું નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપ ઉપયોગ કરુ છું, તન્મય થાઉં છું.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

☆ ☆ ☆

જેઠ સુદ ૪, વાર સોમ, સં. ૧૯૫૪
વવાણિયા બંદર

શ્રીમદ્ સહજાત્મસ્વરૂપ સ્વામીને ત્રિકાળ નમસ્કાર!

શ્રી સાયલાથી લિ. અલ્પજ્ઞ બાળક ત્રંબકના નમસ્કાર વાંચશો.

આપનો પત્ર ગઈ પરમ દિવસે સાંજે આવ્યો. તે વાંચી રાત્રે શ્રી ડુંગરશી પાસે વંચાવવા ગયા હતા પણ શુદ્ધ નહીં હોવાથી કાગળ નથુલાલને આપેલ. દશ બજ્યા પછી શુદ્ધિ આવેલ ત્યારે વંચાવ્યો. વળી ગઈ કાલે દશ બજે શુદ્ધિ આવી ત્યારે ફેર વંચાવ્યો છે. તે કહે જે સાહેબજીએ લખ્યું છે, તે જ પ્રમાણે અને તેવી વૃત્તિમાં છું. માટે બીજું કંઈ નથી. હવેથી મને કોઈ બોલાવશો નહિ. મારા ધ્યાનમાં ચૂક પડે છે. તેમ કહી સૂતા અને બોલતા બંધ થયા. તાવ આવી શરીરમાં ધ્રૂજ થઈ ગઈ. કાલ રાતના ૯ વાગતાં શ્રી ડુંગરે સુખ સમાધિસહિત દેહનો ત્યાગ કરી અપૂર્વ હિત કર્યું છે તે આપને જણાવવા લખ્યું છે. એ જ!

લિ. ત્રંબક

☆ ☆ ☆

## ૮૩૪

વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૬, ગુરુ, સં. ૧૯૫૪

મહત્ ગુણનિષ્ઠ સ્થવીર આર્યશ્રી ડુંગર જ્યેષ્ઠ સુદી ૩ સોમવારની રાત્રીએ નવ વાગ્યે સમાધિસહિત દેહમુક્ત થયા.

મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થયા. (થાય.)

☆ ☆ ☆

## ૯૧૩

ધર્મપુર, ચૈત્ર વદ ૪, બુધ, ૧૯૫૬.

પત્ર સંપ્રાપ્ત થયું. અત્ર સમાધિ છે.

અકસ્માત શારીરિક અશાતાનો ઉદય થયો છે અને શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવાનું હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા–અશાતાએ ઉદય અનુભવ્યા છે (અનુભવ્યા જ કરે છે), જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દેહ-સંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતઃ ત્યાં પણ અંતર–દાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ એ અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે, એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષોને અંતરદાહ શાતા અને બાહ્યાડંબર બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી અને તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા–અશાતાનો ઉપદેશ (ઉદય) કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષવા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થતો અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતી.

કેટલાંક કારણ વિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતાં, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય

કરી, તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્માનિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધ દશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા–અશાતા-રૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા–અશાતાનો સંબંધ કરે છે, તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ-ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપરામતિ થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંત્વના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવાયોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થીજનને પરમ વીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયાળુ (પરમદયા યુક્ત) ધર્મવ્યવહાર અને પરમ શાંત રસ રહસ્ય વાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે, જે આત્માના કલ્યાણનાં પરમકારણો છે.

અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્રમાં સંક્ષેપીએ છીએ.

भीसण नरयईए, तिरियगईए कुदेवमणुयगईए;
पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव.

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમ શાંત સ્વરૂપ ચિંતવવાના) ભાવ ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

☆ ☆ ☆

## ૯૫૧

રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭.

**ઘ**ણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.

માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી. એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.

પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.

ૐ શાંતિ:

☆ ☆ ☆

## ૯૫૨

રાજકોટ, ફા. વદ ૧૩, સોમ, ૧૯૫૭

ૐ

**શ**રીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો. જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો!

☆ ☆ ☆

## ૯૫૩

રાજકોટ, ચૈત્ર સુદ ૨, શુક્ર, ૧૯૫૭

ૐ

**અ**નંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમો નમઃ વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો? ૐ શાંતિ:

☆ ☆ ☆

## ભક્તિ—પદો


| | |
|---|---|
| ૧ પ્રભુ તારું નામ વિસારું નહીં | ૨૧૩ |
| ૨ રાજ પ્રભુ ધરે ધ્યાન | ૨૧૪ |
| ૩ જંગલમાં રાખી છે ઝૂંપડી | ૨૧૫ |
| ૪ લાખ લાખ દીવડાની આરતી | ૨૧૬ |
| ૫ વાંસળી રે, ચાલો સુણવાને જઈએ | ૨૧૭ |
| ૬ સહુ ચાલો વવાણિયા જઈએ | ૨૧૮ |
| ૭ અમર દીવડો | ૨૧૯ |

## ૧

## પ્રભુ તારું નામ વિસારું નહીં

પ્રભુ તારું નામ વિસારું નહીં (૨)
જગદીશ્વર પ્રભુ રાજ વિના
હું અવર કોઈ અવધારું નહીં....
...પ્રભુ તારું નામ વિસારું નહીં

તારા નામજપનથી થાયે પુલકિત આત્મારામ,
શ્રદ્ધાન્વિત મન સ્મરણ કરું તો થાયે પૂરણકામ,
તારી કરુણા-જ્યોત જલે
ત્યાં અંતરમાં અંધાર નહીં....
....પ્રભુ તારું નામ વિસારું નહીં

ક્ષમા અને સમતાથી સોહે, નહીં મમતા કે માયા
દાવાનલમાં દાઝેલાંને મળતી શીતળ છાયા
તારા નામ પ્રતાપે જગમાં
કદીયે હિંમત હારું નહીં...
...પ્રભુ તારું નામ વિસારું નહીં

ભવસાગરમાં ડૂબતાં ડૂબતાં કંઈક તર્યાં તુજ નામે
પાપી એક પલકમાં થાતાં પુણ્યશાળી તુજ નામે
પ્યારું તારું નામ તજીને
બીજું કંઈ લલકારું નહીં....
....પ્રભુ તારું નામ વિસારું નહીં

☆ ☆ ☆

# ૨

## રાજપ્રભુ ધરે ધ્યાન

ઘોર ભયંકર વનવગડામાં રાજપ્રભુ ધરે ધ્યાન. અહોહો ! ....રા.

સિંહસમા એ ક્રૂર જીવોની વૃત્તિ થઈ ગઈ શાંત, અહોહો !...રા.

સપ્ત મુનિઓને ઈડર વનમાં સિદ્ધ શિલાની પાસ
દિવ્ય સંગ્રહનો બોધ કરીને આપ્યું આત્મ જ્ઞાન. અહોહો !...રા.

અમૃત ઝરતી વાણી તારી ક્ષણુ ક્ષણુ છે મનડું હરનારી,
પળ પળ જાગે નિર્મળકારી તારું આત્મજ્ઞાન. અહોહો !...રા.

મોહમયીની મોહનીમાં રહ્યો છતાં નિર્મોહી
"વનમાં જઈએ વનમાં જઈએ" એવો જપ તું જાપ, અહોહો !...રા.

લોક સંગમાં તને ન 'સોહ્યું' ઈડરિયા ગઢમાં મન મોહ્યું
જૂઠ, પ્રપંચી અત્યાચારો જોઈ હૃદય અકળાય, અહોહો !...રા.

"દોષિત પર અનુકંપા આણો, ઉપકારો કરી શિવસુખ માણો,
પ્રાણી માત્રમાં તું જ રહ્યો છે," આપે એવું જ્ઞાન, અહોહો ! ....રા.

"દુષ્ટ જનોને દંડ ન દેવો ક્ષમા કરી લઘુતાને સેવો
દયા ધર્મ એ વીર તણો" તું બોધે વારંવાર, અહોહો !...રા.

"નિજના અવગુણોને જોવા ગુણુ તણા અભિલાષી બનવું"
મુક્ત થવાનું એ જ ખરેખર, કહ્યું પ્રથમ સોપાન, અહોહો ! ....રા.

☆ ☆ ☆

## ૩

# જંગલમાં રાખી છે ઝૂંપડી

(પૂ. અંબાલાલભાઈની, પરમકૃપાળુ પ્રત્યેની અનન્ય ભક્તિનો ભાવોદ્રેક આમાં સાદી સીધી–homespun–વાણીમાં પ્રગટ થયો છે.)

હાંરે મારા દીનદયાળ પ્રભુ આવજો હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.
હાંરે આણંદ નગર મોઝાર હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

સાખી

ભક્તિ રસમાં ઝીલશું, કરશું અમીરસ પાન,
હૃદયે હૃદય મિલાવશું ને કરશું ગોષ્ઠિ ઉદાર.
હાંરે તુમ સંગે અસંગ બની ઘૂમશું હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

સાખી

કૃપાળુ દેવ આજ્ઞા કરે "જાવું નિવૃત્તિ માંય,
એક રસોયો મોકલો, બીજાનું નહીં કામ."
હાંરે એમ વાંચી અંબાલાલ ચિંતવે હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

સાખી

પત્નીને બોલાવીને સમજાવે તેણે વાર
રસોઈ સવાઈ શીખવો જાવું ભક્તિ કાજ.
હાંરે માન મૂકીને જોવે વાટડી હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

સાખી

ખંભે નાખ્યો કોથળો, આવ્યા સ્ટેશન પાસ
કૃપાળુ દેવ પધારિયા પૂછે રસોયાની વાત
હાંરે અંબાલાલ કહે,"સેવક તૈયાર છું" હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

સાખી

હર્ષાશ્રુ આવી ગયાં ભક્તવત્સલ ભગવાન
જંગલમાં મંગલ કર્યું આપ્યું આત્મિક ભાન,
હાંરે પરા ભક્તિના ગુણ અમે ગાઈશું હો રાજ.
જંગલમાં રાખી છે ઝૂંપડી.

## ૪

# લાખ લાખ દીવડાની આરતી

લાખ લાખ દીવડાની આરતી ઉતારજો,
લાખ લાખ તોરણ બંધાય....આંગણિયે૦
અવસર આનંદનો.

ગાઓ ગાઓ ગીત ગાજો-ગવડાવજો
આત્મસિદ્ધિજીને પ્રેમે વધાવજો.
હર્ષિત હૈયાં સૌ થાય....આંગણિયે૦

કુમકુમ ચંદનથી કરો વધામણાં
'આત્મસિદ્ધિજી' આજ આવ્યા સોહામણા
મુમુક્ષુ થાય રળિયાત....આંગણિયે૦

પહેલો વધાવો મારે સૌભાગ્ય આંગણે,
બીજો વધાવો સદ્‌ભાગ્ય લઘુરાજને,
ધન્ય જીવન બની જાય....આંગણિયે૦

ત્રીજો વધાવો મારે સોહે અંબાલાલને,
ચોથો વધાવો એમ મોંઘા માણેકનો,
અમૃત સાગરમાં ઝીલાય....આંગણિયે૦

જ્ઞાનગંગાના અમીરસ ઝરણાં
પૃથ્વીપે ઊતર્યાં રાજનાં સંભારણાં
શુભ મંગલ વરતાય....આંગણિયે૦

☆ ☆ ☆

# ૫

## વાંસળી રે...ચાલો સુણવાને જઈએ

વાંસળી રે મધુવાજીને તીરે
વગાડી રાજચંદ્ર વીરે રે....ચાલો સુણવાને જઈએ.

વાંસળી સુણીને જાગ્યા વહાલા સૌભાગ્યજી,
જાગ્યા છે વીર અંબાલાલ રે....ચાલો સુણવાને જઈએ.

જાગ્યા લઘુરાજ ને જાગ્યા શુકરાજજી,
એણે જગાડચા કંઈક ભાગ્યવાન રે....ચાલો સુણવાને જઈએ.

ધન્ય ઉપકારી મારા વહાલા વીરાએ,
સુણી તારી વાંસળીની વાણી રે....ચાલો સુણવાને જઈએ.

જેણે લીધા વીતરાગને જાણી રે....ચાલો સુણવા જઈએ.

☆ ☆ ☆

## ૬

## સહુ ચાલો વવાણિયા જઈએ

સહુ ચાલો વવાણિયા જઈએ;
રાજ ભેટી પાવન થઈએ.
પ્રભુનું દર્શન મળવું એ મોટું ભાગ્ય છે....સહુ૦

ત્યાં રાજ પ્રભુ બિરાજે
સઉ જીવના હિતને કાજે
કરુણાસિંધુ ભવદરિયે નાવ સમાન છે....સહુ૦

વવાણિયા બંદર માંહી
વસે રવજી પંચાણુભાઈ
દેવા માના નંદન એ કુળશણગાર છે....સહુ૦

નિજ નામને પ્રભુએ દીપાવ્યા
સાથે તાતનાં કુળ અજવાળ્યાં
મારા પ્રભુએ તાર્યું મુમુક્ષુ વૃન્દને....સહુ૦

તવ ગામ પવિત્ર બનાવ્યું
જાત્રાનું ધામ ઠરાવ્યું
પ્રભુના દર્શનથી દુઃખનો અભાવ છે....સહુ૦

ભવિ જીવનું હિત વિચારી
આત્મસિદ્ધિજી સુંદર બનાવી
વહાલા વિભુજી ઉપકારના ભંડાર છે....સહુ૦

અમ ભાગ્યે પ્રભુજી મળિયા
નક્કી ભવફેરા ટળિયા
પ્રભુ પ્રતાપે વર્તે છે જયજયકાર રે....સહુ૦

સ્વપરનું હિત તે સાધ્યું
આશ્રિતનું અજ્ઞાન કાઢયું
શરણું દઈને ઉતાર્યા ભવના થાક તે....સહુ૦

સદા શુભાશિષ દેજો
તમ શિશુની સંભાળ લેજો
ઉરે ધરજો આ બાળની અરજને....સહુ૦

## ૭

## અમર દીવડો

તીર્થ વવાણિયાનો દીવો રે.......રાજપ્રભુ અલબેલો છે.

તેં તો ભારતભૂમિને અજવાળ્યો રે.......રાજપ્રભુ અલબેલો છે.

તારી કીર્તિ જગ આલાપે રે.......રાજપ્રભુ અલબેલો છે.

તને ભજતાં સબ સુખ વ્યાપે રે......રાજપ્રભુ અલબેલો છે.

તારા ધ્યાને અનુભવ જાગે રે......રાજપ્રભુ અલબેલો છે.

અમ ભવનાં દુઃખ સૌ ભાગે રે......રાજપ્રભુ અલબેલો છે.

મને મળ્યો મમ સદ્‌ગુરુ સાચો રે........રાજપ્રભુ અલબેલો છે.

તેણે મોહને માર્યો તમાચો રે......રાજપ્રભુ અલબેલો છે.

તારું અંગઅંગ આનંદ સાગર રે.......રાજપ્રભુ અલબેલો છે.

તું જ્ઞાન-સુધા સોદાગર રે........રાજપ્રભુ અલબેલો છે.

ક્રોધ કામ અરિને વશ કીધા રે.......રાજપ્રભુ અલબેલો છે.

સતધર્મે લહાવા લીધા રે......રાજપ્રભુ અલબેલો છે.

તારું હૈયું વિરાગનું રસિયું રે......રાજપ્રભુ અલબેલો છે.

એવું નામ અમારે મન વસિયું રે......રાજપ્રભુ અલબેલો છે.

☆ ☆ ☆

## 'મચ્છુકાંઠાનો મહાજન'

રચયિતા

મોરબીનિવાસી

શ્રી વલ્લભજી ભાણજી મહેતા

પરવર્યા પૃથ્વીવાસીઓ એકદા,
અમૃત ચોઘડિયે સમુદ્ર-પૂજને,
અને લાધ્યું પૂર્ણ કલાએ પ્રકાશતું
સર્વાંગ સુંદર મોંઘું રત્ન રાજચન્દ્ર.
જન્મ્યા એક દેવ લગ્નની ધન્ય તિથિએ
જૈન શાસનના પરમ પ્રકાશક,
પંચમકાલના પ્રજ્ઞ, આચાર્યવર હેમચંદ્ર;
અને બીજા વવાણિયાના વૈશ્યવર
મચ્છુકાંઠાની મંગલ મૂર્તિ મહાનુભાવ-
દેવદૂત શો દેવબાઈનો આત્મજ.
આત્મલક્ષી, અરિહંતનો અનુચર,
ગાર્હસ્થ્ય તપોવનનો તપસ્વી.
વૈરાગ્યની મૂર્તિ, સિદ્ધાર્થનો સહોદર,
નવયુગ જૈનવિક્રમ શ્રીમદ્ રાજચંદ્ર.
સોરઠની શ્રુતિ-સ્મૃતિઓમાંયે સોહંત,
ગુજરાતની ગાથાઓમાંયે ગૌરવાન્વિત,
ભારતની ભૂગોળની ભોગળમાંય ભગવંત,
અને અવનીના ઇતિહાસમાંયે ઉજ્જવલ.
હતા એ દેવ પ્રભાવી માનવકૌસ્તુભ.
હતા એ અદ્ભુતશક્તિનો આવિર્ભાવ.
સૃષ્ટિવાસી સ્મરણ-શક્તિનો સીમાડો.
મનુકુલની મેધાનો મહાદેવ,
પ્રાસાદિક કવિતાની પ્રગટમૂર્તિ,
અને વીતરાગનો વીર વારસ,

શુકદેવ સરીખડો, ને જન્મજોગી.
મધુર મરકલડાંના મકરંદે મહેકતાં
પુષ્પ સરીખડાં એનાં પ્રિય સુભાષિત
નિર્ઝરતાં શાંતિનાં અમૃતબિંદુડાં
અને હૈયે હૈયે હેતલડાં જગાવતાં.
દેહવિભૂતિ નહોતી એની અનન્ય
કે નહોતા એને ભીષ્મબાહુબલ.
નથી હોતી દેવ વિભૂતિના આત્માને
સ્થૂલતનુની સમૃદ્ધસંપત્તિ.
આજ ક્યાં નથી પ્રત્યક્ષ પ્રમાણ
મહાત્મા ગાંધીના સુદામા શરીરનું ?
હતો એ એકપાઠી જન્મકવિ.
કૂદ્યો બે વર્ષની જ અવધમાં
સાતે અક્ષર માળાના મહાનદો.
એનાં આઠ વર્ષના જ ઉઘાડમાં
ઊઘડી કવિતાની કુંદ-કળીઓ
અને ઊઠી એના હૃદયસિંધુમાંથી
પચાસ શતકોની તરંગાવલિ.
અને સર્જ્યા એણે છત્રીસ કલાકમાં
ત્રણ શતક શ્લોકો સ્થૂલ ઘડિયાલના.
ઊભો નહિ તે પંદર વર્ષના પગથારે
ત્યાં આદર્યાં એણે અષ્ટાવધાન.
બીજે દિવસે તે સોળ સોપાને ઊભો.
એમ જ કૂદ્યો તે ઉત્તરોત્તર
વામન પ્રભુના ત્રણ જ પગલે
જઈ ઊભો શતાવધાનના ગિરિશિખરે.
અનિમિષ નેત્રે સૌ કોઈએ જોયું.
એ મહાપુરુષના અદ્‌ભુત અવધાનથી.
દિગ્મૂઢ થયાં દેશીવિદેશીઓ,
મોહિત થયા માંધાતા-કુશળ કાજીઓ,
આશ્ચર્યચકિત થયાં સૌ કોનાં લોચન.

એ કાયની કીર્તિ–કસ્તૂરી ભભકી
મહાજનોની મંડળી કે મુંબઈના માળાઓમાં;
એના પરાક્રમની પ્રશસ્તિ
પ્રગટ થઈ પ્રસિદ્ધ યાદપત્રોમાં;
અને એની દિવ્ય શક્તિનો
વિજયધ્વજ ઊડ્યો દિશામંડલમાં.
"ધન્ય! ધન્ય!" એવા ધુરંધર ધ્વનિ
ઊઠ્યા સૌ કોઈનાં હૈયાંમાંથી,
'હિન્દના હીરા' 'સાક્ષાત્ સરસ્વતી'—
એવા યશસ્વી સન્માન સુવર્ણચંદ્રકો
પામ્યો તે સજ્જન મિત્રોની મંડળીઓમાંથી
કે સાક્ષરોની શાણી સભાઓમાં.

* * * *

તેજ વયે એણે રચી 'મોક્ષમાળા'
ગૂંથી આત્મવિચારનાં મધુર પુષ્પોની,
જાણે જૈન સંપ્રદાયની શ્રેણી.
માંડ્યા એણે પ્રવૃત્તિના પાટલા ઝવેરી બજારમાં
વીર સુકાની થયો એ વ્યાપાર નૌકાનો
ત્યાં એણે દાખવ્યાં અનેરાં કૌશલ્ય,
મોહ્યો નહિ તે મોહમયી મહાલયોમાં,
કે લપટ્યો નહિ તે લક્ષ્મીની લીલાઓમાં.
સંસારનાં સ્થૂલ સમૂહમાંથીયે
સાંચરી સુર–સમૃદ્ધિ વિરાગની
એ આત્મ–બંદરના વહાણવટીએ.
ધર્મ એ જ એમનો અચલ ધ્રુવ.
અને સદાય એની દૃષ્ટિ ઠેરતી
અધ્યાત્મ જ્ઞાનની અડોલ દીવાદાંડીએ.
હતો તે સંન્યાસી સંસારના સ્વાંગમાં
હતો તે વિરક્ત વ્યવહારના વિલાસમાં
અને હતો તે અહોનિશ આત્માર્થી.

ભાગ્યો નાહ તે ભીરુ થઈ વનવાસમાં,
ભડકી ભવ કે ભામિનીઓના ભયે.
ઊભો તે કર્મયોગી સંસાર-સંગ્રામમાં
માનવ મેદની કે માયાના મેદાનમાં.
ડર્યો નહિ તે ષડ્‌રિપુની સેનાથી,
ઘાવ ખાતાંય તેણે નિષ્કામ વૃત્તિ દાખવી.
હતી એ ધર્મવીરની વિહાર-ભૂમિ
પૃથ્વીના પડદાની પેલે પાર.
દેહસ્થ છતાંય તે દેહાતીતના
સ્થૂલ સૂક્ષ્મ જીવનની ખીણોમાંથી
અખંડ વૈરાગ્યનાં વહેણુ ફૂટતાં.
હતો તે ઉત્કૃષ્ટ ત્યાગમૂર્તિ,
હતો તે ઉદાર-ચરિત આદર્શ આર્ય,
અને સમ્યક્દૃષ્ટિનો એ સંત (શિરોમણિ).
હતો એ સંયમશીલ શ્રાવક
પાર્શ્વનાથના પદપંકજનો મધુકર
અવિભક્ત જૈન ધર્મ-ભાવનાઓનો ભક્ત
જોયું એણે વીતરાગદર્શનને વિશ્વવ્યાપી
જીવ્યો એ ધર્મપ્રવર એના અમૃતપાનમાં,
અને ફૂંક્યા એણે એ જ મંતવ્યના મંત્રો,
વિચાર્યો એણે વેદ વેદાંગને.
મંથન કીધા એણે સર્વદર્શન મહોદધિના
અને સર્જી એણે 'આત્મસિદ્ધિ' સૂત્રરત્નાવલિ.
ઐહિક ઐષણાનો તે ઉદાસી,
પારલૌકિક પ્રભુતાનો તે પૂજક,
પાશવ વૃત્તિઓથી તે પરાઙમુખ;
સર્વસંગ-પરિત્યાગનો તે ઉત્સુક,
જીવનમુક્તિનો તે સદા મુમુક્ષુ,
અને રાગદ્વેષ વેરીઓનો તે વિજેતા,
નિર્જીવ પદાર્થની નિરીક્ષણામાંથી
કે શુષ્ક માયાવી વિષય ઊંડાણમાંથી

જન્માવતા તે આત્મપ્રિય ઉપશમતા.
એ ધર્મવીરની વૃત્તિ સ્વકીયા
નિરંતર તલપતી, વાંછતી વૈરાગ્યવર
અને તેમાં જ વિલસી–વિરામતી.
વાસના–સુવાસ વિહોણો તે વિમુક્ત
જીવ્યો વ્યવહારમાં પ્રારબ્ધ-કર્મ ફિટાડવા
આત્મહિત એ જ એનો આદર્શ,
પરકલ્યાણ એ જ એની મહત્ત્વાકાંક્ષા,
અને આત્માની સત્ય ઓળખ
એ જ એની માનવલીલાનું લક્ષ્ય.
આત્મચિંતન રાજમાર્ગનો તે પ્રવાસી
વિહરતો ગુજરાતની કુંજનિકુંજોમાં,
ધ્યાનસ્થ સમાધિસ્થ થતો એકાંતમાં,
ભદ્રભાવનાનો એ વિશ્વભૂખ્યો
અને તત્ત્વજ્ઞાનનો એ તીવ્રતમ તરસ્યો.
સતત વાંચતો વિચારતો વિવિધ ધર્મગ્રંથો
અને સાધતો સિદ્ધિ જઈ નિર્જન નિકેતને.
વાડા વાડાઓના વિષમ વિગ્રહો,
મતમતાંતરોનાં મહામલ્લ યુદ્ધો,
અને ગચ્છ ભેદનાની ભીષ્મ જાદવાસ્થલી.
એના હૃદયકમળમાં થતી કાંકશી અવનતિ,
કે શિથિલ થતા સંસારશાસનનાં વ્રતો,
અને જો ભ્રષ્ટ થઈ જતી પૂર્વની ભાવના,
તો પ્રગટાવે એના અંતરે ડંખવેદના.
પૃથ્વી પર નવીન પંથ પ્રગટાવવાને
હતાં નહિ એના પ્રયાસ, પ્રવૃત્તિ કે પ્રેરણાયે,
આચાર્યરૂપે ઓળખાવવાનો એને અણગમો હતો.
હતા એના અંતરે અભિલાષાના આતશ
વિશ્વવ્યાપી વીતરાગ દર્શન પ્રગટાવવા
અને સનાતન જૈન ધર્મ ઉદ્ધારવા,
એવા જ એના અમૃત આશયથી

માંડ્યાં એણે જાગૃતિનાં ચેતનપગલાં
આપ્યા એણે વિચારરત્નરાશિઓ
અને ભાખ્યાં શિક્ષાનાં સુવર્ણસૂત્રો
આત્મના અનુપમ મોતી આરોગતો
વિહરતો ધર્મના માનસસરોવરે
તે નિર્મલ બુદ્ધિનો રાજહંસ;
માનસિક શક્તિઓનો તે મહેરામણ,
કાવ્યકલાપનો તે દેવાંશી કલાધર;
વિરાગ વિતરતિનો તે મહા વૈભવી;
આત્મસમૃદ્ધિનો તે સમ્રાટ;
સૌજન્યનો તે સુભગ સહકાર
ક્ષમાનો તે શીતળ ચંદનદ્રુમ;
અને દયાનો તે દિગંબર મેઘ.
પીધાં વીર વિવેકાનંદે
રામકૃષ્ણના જીવનના અમૃતને
તેમ જ એ સાધુચરિત રાજચંદ્રનાં
મોંઘા અમૃત પીધાં મહાત્મા ગાંધીએ.
ઊગ્યો તે રાજચંદ્ર મચ્છુકાંઠાના સીમાડે
અને આથમ્યો અકાળે તે આજીના આરે.
કહે છે યોગભ્રષ્ટોને કાજે
નથી આલેખાઈ આયુષ્યની લાંબી અવધો.
અનાદિ સત્ય ઉચ્ચારે કે ચિત્રગુપ્તના ચોપડે
આત્માર્થીને આયુષ્યની ઓછપ છે.
એવું જ આલેખે અવનિના ઇતિહાસો,
ઈશુ આથમ્યા એના ઉગમ કાળમાં;
શંકરે તો બે વીશીયે નથી માણી;
એટલી જ અવધ ભોગવી સ્વામી રામતીર્થે.
તો પછી રાજચંદ્રે ક્યાં વધુ પ્રકાશ્યા ?
નથી સ્થપાયાં જીવનસાફલ્ય,
કે નથી નિર્માયાં આત્માનાં નૂર,

આયુષ્યની અવધે કે વર્ષોના વિસ્તારમાં.
એમ તો ક્યાં નથી વડલાનો વયવિસ્તાર?
બે ઘડીનાં યે ધર્મમય જીવન મંગલ છે.
નિમિષનો યે નિર્મલ શ્વાસ ધન્ય છે.
તોળાયો જીવનજય કર્તવ્યના કાટલે.
દૂર થયું દુન્યવી દગ દિશાઓમાંથી
આજ શ્રીમદ્‌નું માટીનું માળખું.
ભસ્મ થયો એ રાજચંદ્રનો સ્થૂલ દેહ પણ,
વિરાજે છે એના વિપુલ વિચારોમાં
અને એનો ઉન્નતગામી આત્મા
રાજે છે એના અનુચરોના હૃદયમંદિરે.
એ પંચમકાળના જૈન ફિલસૂફને
નમે છે એના અનેક સ્તુતિ–પાઠકો.
અને વંદે છે એના આધ્યાત્મવિચારને
પૂર્વ કે પશ્ચિમની મનુમંડલી.
ઓ! માનવકુલના મુગટમણિ!
ઓ! વવાણિયાની વૈશ્યવર વિભૂતિ!
ઓ! મચ્છુકાંઠાના મોંઘા કૌસ્તુભ!
અને જ્ઞાનવિરાગના અમૃતનાથશા,
ઓ! તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્ર!
દીપાવ્યાં તેં દેવલ બાનાં હેતલ દૂધ
ઉજાળ્યાં તેં તારાં ઇકોતેર કુળ
અને કીધી જગતમાંયે જ્યોતિવંત
તારી જનની અને જન્મ–ભૂમિને.
પ્રણામ છે તારા પુણ્યપ્રભાવી આત્માને,
અને વંદન છે તને મહાવીરને.

☆ ☆ ☆

## જ્ઞાનીનો મહિમા

અહો, પરમ ઉપકાર!
શ્રી સદ્‌ગુરુ જ્ઞાનીનો,
અહો, પરમ ઉપકાર!!

યુગયુગના માયા – મેલનો
સમીપે સર્વ નિખાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

અહીં–તહીં, આ–તે વિટંબણામાં, લખ–ચોર્યાસી ફરિયો,
શાસ્ત્ર–પઠન કૈં કૈં કરી ક્રિયા, આત્મ–અર્થ આવરિયો;
એ શરણે સૌ અણસાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

અધમ, અયોગી, અજ્ઞાની ને અતિ પ્રતિબદ્ધ, પ્રમાદી,
પુદ્‌ગલ–પ્રેમી ખચિત અચિત શો, વિષયે વિષિત અનાદિ;
આ ત્મો ન્ન તિ નો ર ણ કા ર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

અનિત્ય દેહતણું અભિમાન ને ભરી અહંકાર હૃદયમાં,
અસત્સંગી રંગી પ્રયોજન, શૂન્ય વિવેક વિનયમાં;
મિથ્યાત્વ મટે સંસાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

સત્ય, દયા, સમતા, શીલ વિના, વિચર્યો મારગ રાગે,
અરસપરસની રસમાયામાં, મૂઢ રહ્યો અનુરાગે;
ભવસાગર તરણી તાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

કર્મ અનંતા પ્રગટ હિમાલય, મેરુ–અચલ વિભાવી,
ક્ષણ–ક્ષણ કરતાં વહ્યાં યુગાન્તર, નિષ્પરિણામી ધ્યાવી,
આંતર્મુહૂર્તે ભવનો પાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

શતશત્ શાસ્ત્રતણા નિદિધ્યાસનું અહો, અલૌકિક રૂપ!
કોટિ કોટિ મતમતાંતરોની, (જ્યાં) પ્રશ્નોત્તરી બને ચૂપ!!
એ અદ્‌ભુત વાણી–વિચાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

અનંત મંગલ ગુણ ધ્યાયેથી, અનેક મંગલ પામે;
મનના તાપ ઉત્તાપ મટે ને દિલની દુગ્ધા વામે;
સાંનિધ્યે અભય અપાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

પતિત–પાવન, અધમ ઉદ્ધારક, ભવતારક વિજ્ઞાની,
ભાવ–વિભાવ સુશાંત શમી સૌ, દેહ ટળે અભિમાની;
(ને) અનંત સુખ નિરધાર,
અહો, શ્રી સદ્‌ગુરુનો ઉપકાર!

—જયન્ત કાપડિયા

☆ ☆ ☆

ૐ

# પૂજ્યપાદ શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દી પ્રસંગે ભાવભીની અંજલિ

**શ્રી સ્થળ : વવાણિયા**

દોહરા

શ્રીમદ્ કેરા સ્થાનમાં કૌતુક દીઠું એક,
દુઃખ ભુલાવે દિલનાં શાન્તિ પમાડે છેક.

શ્રીમદ્ જન્મ વવાણિયા ગામ અનેરું ગણાય,
તીર્થસમ ભૂમિ બની, વિશ્વમહીં વખણાય.

ભારત મહીં એક આત્મા નિજસ્વરૂપે લીન,
ભૂત માત્ર ભગવાન દેખે પદનિર્વાહ હસ્તકીન.

યુગાન્તરે જગ આવતા આત્મા કોઈ અદ્‌ભુત,
કરતાં પાવન જગતને સ્વરૂપે થાતા તદ્રૂપ.

જગ પટાંગણુ જીવ સૌ કરતા કર્મના ખેલ,
વાસના ક્ષયે, જગક્ષય શ્રીમદ્ સિદ્ધાંત અર્પેલ.

સદ્‌ગુરુને સત્સંગ વીણુ મળશે નહીં આતમજ્ઞાન,
શ્રીમદ્ સમજાવે શુદ્ધરૂપ જ્ઞાને થાયે નિજ ભાન.

દેહાધ્યાસ છૂટે નહીં મન માયામાં લપટાય,
શ્રીમદ્ વૈરાગ્ય વીણુ જીવ પાછો પલટાય.

સમ્યક્‌દૃષ્ટિ સમ્યક્ જીવન વિચાર સમ્યક્ થાય,
શ્રીમદ્ કથન કથી રહ્યા આત્મા સ્વાનુભવે સમજાય.

બાહ્ય દૃષ્ટિ અંતર કરી વૃત્તિ સમાવો સ્વરૂપ,
શ્રીમદ્ સુણાવે સદ્‌બોધને નિદિધ્યાસને નિજરૂપ.

આત્મા તે પરમાત્મા શુદ્ધ સ્વરૂપ તું જાણુ,
શ્રીમદ્ આત્મદર્શન કરી મહા સુખને માણુ.

**આચાર્ય દલપતભાઈ વૈષ્ણવ**

# પ્રશસ્તિ કાવ્ય

ઢાળ : લોકગીત

જ્ઞાનની ગંગા વહાય શ્રીમદ્‌ના સ્થાનમાં
અંતર ઊજળાં થાય શ્રીમદ્‌ના સ્થાનમાં – ધ્રુવ

વિવેક વૈરાગ્ય તે આત્મવિચાર છે
સમ્યક્ દૃષ્ટિ થાય............શ્રીમદ્‌ના સ્થાનમાં.

કલ્યાણનો માર્ગ ને સત્સંગ થાય છે
આત્મતત્ત્વ પરખાય........શ્રીમદ્‌ના સ્થાનમાં.

શ્રીમદ્ જીવન દિવ્ય જીવન છે
જીવનનાં મૂલ્ય સમજાય ......શ્રીમદ્‌ના સ્થાનમાં.

પરમ તત્ત્વ એક વિલસી રહ્યું છે
જ્ઞાન જ્યોતિએ દેખાય........શ્રીમદ્‌ના સ્થાનમાં.

તપ, દાન, શૌચને શુભ વિચાર છે
આત્મા એક દેવ જણાય........શ્રીમદ્‌ના સ્થાનમાં.

શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ અવતાર છે
'મુદિત' મન લોભાય........શ્રીમદ્‌ના સ્થાનમાં.

વવાણિયા
તા. ૨૦-૧૦-'૬૭ } આચાર્ય દલપતભાઈ વૈષ્ણવ

☆ ☆ ☆

# અંતિમ પ્રશસ્તિ

धन्यास्त एव भूवनाधिप ये त्रिसंध्य-
माराधयन्ति विधिवद् विधृतान्यकृत्याः ।
भक्त्योल्लसत पुलकपक्ष्मल देहदेशाः
पादद्वयं तव विभो भुवि जन्मभाजः ॥

ભાવાર્થ :

"હે વિભો! હે ત્રણ ભુવનના સ્વામિ! ભક્તિ વડે વિકસિત થયેલાં રોમાંચથી જેનાં શરીરો શોભી રહ્યાં છે, જેઓએ અન્ય સર્વ કાર્યો તજીને એક તમારે વિષે જ મન લીન કર્યું છે અને જેઓ વિધિપૂર્વક ત્રિકાળ તમારા ચરણનું પૂજન, સ્તવન, કીર્તન કરે છે તે જ મનુષ્યો, ખરેખર, આ પૃથ્વી ઉપર ધન્ય છે."

—શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.

અનેક જન્મોની આરાધના અને તપોબળ હોય ત્યારે જ જીવને પરમાર્થસંસ્કારનો વારસો બાલ્યવયથી મળે છે. એવા કોઈ તપોબળે પૂ. બહેનશ્રીને મહત્ પુણ્યજોગ સાંપડ્યો: પરમાત્મ-સ્વરૂપ પુરુષ પિતા તરીકે મળ્યા અને તેઓશ્રીને એ ઓળખી શક્યાં. તેમનામાં ભગવાનપણાની પ્રતીતિ થવી અને તે પ્રેમભક્તિ-ભાવ નિરંતર ટકી રહેવો એ ખરેખર પુણ્યયોગ છે.

જે સાક્ષાત્ વિદેહી જીવનમુક્ત દશાએ વિચરે છે તે પરમ-પુરુષની કૃતિ એવી કોઈ વિલક્ષણ અને અસામાન્ય હોય છે કે સામાન્ય મનુષ્યને—બાહ્યદૃષ્ટિ જીવને—તે સમજાતી નથી. બહા-રથી સામાન્ય આકારમાં જણાતી તેમની ચર્યા હોવા છતાં તેના ગર્ભમાં (મૂળમાં) પરમાર્થ રહેલો હોય છે. અને તે પરિણામે કલ્યાણમય જ નીવડે છે. એવું જ કૃપાળુ દેવશ્રીના સંબંધમાં બન્યું છે.

પાછળ જણાવ્યા મુજબ ધરમપુરથી નીકળતાં પરમકૃપાળુ દેવે ભગવાનલાલભાઈના હાથમાં રૂપિયો મૂક્યો હતો.

એ જાણે ઉત્તમ શુભ ઘડીએ પ્રભુને હાથે પારમાર્થિક કાર્યનું બીજારોપણ થયું! અને તેનું ફળ તે 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન.'

આ પરિણામ જોતાં આપણને પણ પ્રતીતિ થાય છે કે જ્ઞાનીના જ્ઞાનમાં પહેલેથી જ અચૂક તે મુજબ ભાસ્યું હોવું જોઈએ. પૂ. બહેનશ્રી અને પૂ. મોટાંબાના નામથી 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં આજીવન સભ્ય તરીકે લવાજમ ભરાવવાનું થયું. અને જ્યારે શ્રી રણછોડભાઈના કુટુંબમાં ભગવાનલાલભાઈ સાથે પૂ. બહેનશ્રીના સગપણની વાત થઈ ત્યારે પૂ. માતુશ્રી દેવમાએ કહ્યું, "ભાઈ (પરમકૃપાળુ દેવ) આમ જ કહેતા હતા."

અને તેનું પરિણામ આપણે જોઈએ છીએ કે કુટુંબમાં વિશેષ આયુષ્યબળ પૂ. બહેનશ્રીનું, શ્રી ભગવાનલાલભાઈનું અને પૂ. મોટાંબાનું હોઈ તેમને હાથે શ્રીમદ્ રાજચંદ્ર દેવની જન્મભૂમિ વવાણિયામાં 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન' નામે ભવ્ય મંદિર બંધાઈ પવિત્ર તીર્થરૂપે અસ્તિત્વ ધરાવે છે. આજે અનેક મુમુક્ષુઓ-યાત્રાળુઓ ત્યાં દર્શનાર્થે આવે છે. તેમની રહેવાની, સૂવાબેસવાની વગેરે બધી સગવડ પૂ. બા સાચવે છે. એટલું જ નહિ પણ તેમને નાસ્તો તથા ભોજન પોતે પાસે બેસીને ભક્તિ-પૂર્વક જમાડે છે.

એવા પરમોત્કૃષ્ટ લોકોત્તર પુરુષનો મહિમા જીવંત રહેવાના અને તેમની પ્રભાવનામાં વૃદ્ધિ થવાના સુયોગ કેવા પ્રકારે બને છે? કોઈ અદ્ભુત અપૂર્વ વાત છે. આપણી અલ્પબુદ્ધિથી એવી અદૃશ્ય ઘટનાને શું માપી શકીએ? શું સમજી શકીએ? માત્ર એટલું જ કહી શકીએ કે ભાવિ શ્રેય થવા યોગ્ય બીજ, ભલે અવ્યક્તપણે પણ ખરા જ્ઞાનીથી જરૂર રોપાય છે.

જ્ઞાનીપુરુષ, તેમની અત્યંત કરુણા અને તેમનો જ્ઞાનમહિમા એ સર્વ પ્રત્યે આપણને અપૂર્વ દૃષ્ટિ પ્રગટ થાઓ! અને તેમની અત્યંત ભક્તિની-અનન્યાશ્રય ભક્તિની અંતઃકરણપૂર્વકની જિજ્ઞાસા જ પ્રાપ્ત થાઓ!

"....તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે...." (શ્રી પરમકૃપાળુ દેવ)

પરમકૃપાળુ દેવ પૂ. શ્રી રણછોડલાલભાઈને ત્યાં પધાર્યા ત્યારથી એ પુનિત સંસ્કારનાં બીજ તો વવાઈ ચૂક્યાં હતાં. તે જ વારસો (એટલે કે પરમકૃપાળુશ્રીમાં–તેમના ભગવત્પણામાં–પ્રેમ, તેમ જ તેઓશ્રી ઉપદિષ્ટ સદ્ધર્મમાં પૂર્ણ વિશ્વાસ) શ્રી ભગવાનલાલભાઈમાં પ્રગટ થાય છે. તે આ ગ્રંથમાં તેમની શુદ્ધ વ્યાવહારિક નીતિ, રીતિ, તેમના ઉત્તમ વિચારો અને તેમના પરિચિત મિત્રવર્ગના તેમને માટેના અભિપ્રાયોથી આપણે જોઈ શક્યા છીએ.

પૂ. બહેનશ્રી તો એ જ ભગવતરૂપ પિતાનાં પુત્રી. એટલે કુળસંસ્કાર તો ખરા જ. અને તેમાં પૂ. કાકા મનસુખભાઈ તરફથી તે શુદ્ધ પરમાર્થને પોષક કેળવણી પ્રાપ્ત થઈ અને સાથોસાથ વ્યાવહારિક કેળવણી પણ વિવાહિત થતાં સુધી મળતી રહી. વળી ત્યાર બાદ તે સંસ્કારોને ફાલ્યાફૂલ્યા રાખે તેવું અનુકૂળ સંસ્કારી શ્વશુરગૃહ તેમને પ્રાપ્ત થયું. આ શ્વસુરગૃહમાં પરમકૃપાળુ-શ્રીની ભક્તિનું બીજ તો રોપાઈ ચૂક્યું હતું.

આમ એક તરફથી પુણ્યશાળી આત્માનું પુણ્યબળ તપી રહ્યું હતું અને બીજી તરફ તેને સહાયક સુયોગ તૈયાર થતા જતા હતા. આ રીતે યોગાનુયોગ થતાં બંનેમાં—પૂ. બહેનશ્રી અને પૂ. શ્રી ભગવાનલાલભાઈમાં—સુસંસ્કારો સારી રીતે વિકાસને પ્રાપ્ત થયા. એ પ્રકારનું તેઓનું સહચારીપણું એક ઉત્તમ કોટિની, પરમાર્થને યોગ્ય પાત્રતા પ્રાપ્ત કરાવે છે. આપણને તેવી પ્રતીતિ કરાવે છે. એ તેઓનું સહચારીપણું, પરસ્પરની સહાનુભૂતિ, ઉચ્ચ અભિલાષાઓ અને ઉદારતાને પરિણામે આ શ્રી લોકોત્તર પુરુષની જન્મભૂમિ વવાણિયા એક મહાન તીર્થક્ષેત્રરૂપે ભારતમાં પ્રસિદ્ધિમાં આવે છે. એ તેઓનો ઉપકાર તેવા સત-જિજ્ઞાસુ મુમુક્ષુઓ પ્રત્યે અમાપ છે.

અમર તપો તેઓની યશકીર્તિ !

તેમના સત્ત્વગુણો સૌને આદરણીય અને અનુકરણીય થાઓ !

"....પૂર્વકાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે 'ક્ષેત્ર' અત્યંત ધન્ય છે, તે શ્રવણને, શ્રવણના કર્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે." (પ. કૃ. દેવ ૪૬૫ વ.)

શ્રી સત્પુરુષોનું યોગબળ, શ્રી પરમકૃપાળુ દેવનું યોગબળ, સૌનું કલ્યાણ કરો !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

☆ ☆ ☆

# श्रीमतां जन्मकुन्डली

जन्म सं. १९२४ कार्तिक शुद्ध १५ रवि.




[ लेखक महोदयः श्री० गोविन्द जनार्दन बोरकर
उर्फे श्री गजानन स्वामी, दादर–मुंबई. ]

## શ્રીમદ્‌ની જન્મકુંડલીના યોગનું ગુજરાતી ભાષાંતર

[ અનુવાદકઃ–શ્રીયુત્ લક્ષ્મીરામ શાસ્ત્રી, ભગવદ્‌ગીતા પાઠશાળા, ઘાટકોપર. ]

**આ** પુરુષની જન્મકુંડલીમાં 'ચંદ્રચૂડ' નામનો યોગ વર્તે છે. તે શ્લોકનો ભાવાર્થ : 'જ્યારે નવમા સ્થાનનો પતિ કેંદ્રસ્થાનમાં હોય છે ત્યારે ચંદ્રચૂડ નામનો યોગ થાય છે.' તે આ પુરુષના સંબંધમાં નવમા સ્થાનનો પતિ ભૌમ, કેંદ્ર અર્થાત્ ચતુર્થ સ્થાનમાં રહેલો છે. એથી આ પુરુષ અતિ ગુણવાન, મહાન પ્રભાવશાળી, દુખીઓનો પરિપોષક, અતિ દાનશીલ (થશે) તથા એના સંગપ્રભાવથી નિંદ્ય માણસો પણ સન્માર્ગમાં પ્રીતિવાળા થશે. એમ એક ચંદ્રચૂડ નામનો યોગ થયો.

અને આ પુરુષની કુંડલીમાં 'મયૂર' નામનો યોગ દેખાય છે. તે શ્લોક ૨ નો ભાવાર્થ : 'જ્યારે વિત્તપતિ અર્થાત્ બીજા સ્થાનનો પતિ કેંદ્ર અથવા અગિયારમા સ્થાનમાં તથા સ્વસ્થાનમાં હોય ત્યારે મયૂર નામનો યોગ થાય છે.' તે આ પુરુષ વિષે દ્વિતીય સ્થાનનો પતિ બુધ, કેંદ્ર–ચોથા–સ્થાનમાં રહ્યો છે. તેથી આ પુરુષ વાણી બોલવામાં ઘણો કુશળ તથા ધનવ્યય ઉત્સવમાં અને સન્માર્ગમાં ઘણું કરી શકશે. આ બીજો યોગ બહુ શ્રેષ્ઠ છે.

અને આ પુરુષની જન્મકુંડલીમાં ‘શ્રીવત્સ’ નામનો યોગ પણ દેખાય છે. તે શ્લોક ૩ નો ભાવાર્થ : ‘જ્યારે ગગનાધિપતિ અર્થાત્ દશમા સ્થાનનો પતિ કેંદ્રસ્થાને અથવા કોણસ્થાનમાં આવે છે ત્યારે ‘શ્રીવત્સ’ નામનો યોગ થાય છે.’ તે આમાં દશમા સ્થાનનો પતિ શુક્ર, કેંદ્રસ્થાન અર્થાત્ ચોથા સ્થાનમાં છે, તેથી આ પુરુષ સદાસર્વદા લક્ષ્મીવાન તથા બધા સુખયુક્ત રહેવાને લાયક છે એમ આ ત્રીજો યોગ દેખાડે છે.

અને આ પુરુષની જન્મપત્રિકામાં ચોથો યોગ ‘પારિજાત’ નામનો પણ છે. તે શ્લોક ૪ નો ભાવાર્થ : ‘જ્યારે તૃતીયસ્થાનપતિ પહેલા, ચોથા, સાતમા અને દશમા સ્થાનોમાં આવે છે ત્યારે આ પુરુષ ઘણો જ રાજસન્માનિત થાય.’ તે આ જન્મકુંડલીમાં તૃતીય સ્થાનનો પતિ ભૃગુ ચતુર્થ સ્થાને વસે છે, તેથી આ યોગ અત્યુત્તમ શોભે છે. એમ ચોથો યોગ થયો.

અને આ પુરુષની જન્મકુંડલીમાં ‘મુક્તાદામ’ નામનો યોગ પણ ઘણાં સુખવાળો દેખાય છે. તે શ્લોક ૫ નો ભાવાર્થ : ‘જ્યારે અમ્બુપતિ ચતુર્થ સ્થાનનો સ્વામી કેંદ્રસ્થાનમાં તથા લાભસ્થાનમાં, એકાદશમાં અથવા કોણસ્થાનમાં આવે છે ત્યારે ‘મુક્તાદામ’ નામનો યોગ થાય છે’. તે આમાં ચતુર્થ સ્થાનનો પતિ ભૌમ, કેંદ્ર એટલે ચોથા સ્થાનમાં રહેલો છે તેથી આ પુરુષ અતિ લક્ષ્મીવાન અને અમૂલ્ય પદાર્થોનો ભોક્તા થાય. વધારે શું ? આધ્યાત્મિક વિષયોને પણ આ સુખેથી ભોગવે. એમ પાંચમો ‘મુક્તાદામ’ યોગ પણ શોભે છે.

અને આ પુરુષનો વળી ‘મૃગરાજ’ નામનો પણ યોગ છે. તે શ્લોક ૬ નો ભાવાર્થ : ‘સૂર્યપુત્ર શનિ અને ભૂમિપુત્ર મંગળ, આ ગ્રહો જ્યારે વૃશ્ચિક, મેષ, સિંહ અને કર્ક રાશિમાં આવે છે અથવા ધન અને મીન રાશિમાં આવે છે, ત્યારે ‘મૃગરાજ’ નામનો યોગ થાય છે.’ એવી રીતે આ જન્મરાશિમાં શનિ અને ભૌમ, બે પાપગ્રહો કેન્દ્ર–ચોથા–સ્થાનમાં રહેલા છે તેથી ‘મૃગરાજ’ નામનો યોગ પણ દેખાય છે. આ યોગ પ્રાપ્ત થતાં મનુષ્ય અતિ સુખભાગી થાય છે. એમ છઠ્ઠો ‘મૃગરાજ’ નામનો યોગ દેખાય છે.

એવી રીતે આ પુરુષનો સાતમો 'અમર' નામનો યોગ અતિ સુખ કરનારો જણાય છે. તે શ્લોક ૭ નો ભાવાર્થ : 'કેંદ્ર તથા કોણ, નવ, પંચમયોગ સ્થાનમાં ગુરુ આવતાં તથા ચોથા સ્થાનમાં પાપગ્રહ હોતાં 'અમર' નામનો યોગ થાય છે. આ યોગ પ્રાપ્ત થતાં મનુષ્ય ચિરકાલ પર્યંત લક્ષ્મીથી યુક્ત રહે.' તે આ જન્મકુંડલીમાં ગુરુ સાતમા સ્થાનમાં છે તથા પાપગ્રહો રવિ, શનિ અને ભૌમ ચતુર્થસ્થાનમાં દેખાય છે, તેથી અમર નામનો પણ યોગ સુયોગ જણાય છે. જે પ્રાપ્ત થતાં મનુષ્ય શ્રી પદ ચિહ્ન વડે ભૂષિત થવાને શક્ય હોય છે.

એવી રીતે આ જન્મ કુંડલીમાં 'ફલ' નામનો યોગ પણ પ્રકાશે છે. જેમ કે લગ્નાધિપતિ તેમ જ એકાદશ સ્થાનનો પતિ અને દ્વિતીય સ્થાનનો પતિ જ્યારે કેંદ્ર અથવા કોણસ્થાનમાં આવે છે ત્યારે મનુષ્યોને અતિ સુખ આપે છે. તે આ જન્મ-કુંડલીમાં રવિ, ભૌમ અને બુધ ચોથા સ્થાનમાં રહેલા છે તેથી આ પુરુષ નાની વયમાં જ અતિ સુખભાગી થવાને લાયક છે. આ આઠમો યોગ થયો. એવી રીતે બીજા પણ ઘણા યોગ દેખાય છે. આ યોગો યોગચિંતામણિ ગ્રંથમાં સમ્યક્ પ્રકારે લખેલા છે.

વળી ભૃગુસંહિતામાં ભૃગુમુનિ તો એમ કહે છે કે જ્યારે ચોથા સ્થાનમાં રવિ, ભૌમ, બુધ, શુક્ર, શનિ, પાંચ ગ્રહો સાથે મળેલા હોય અને મોક્ષસ્થાનનો પતિ ચંદ્ર ધર્મસ્થાનમાં હોય ત્યારે આ માણસ અતિ તેજસ્વી, પૂર્વસંચિત પુણ્યોનો ભાગી તથા ઉદાર દાતા અને ધર્મોપદેશક થાય. વળી જે સુખ સંન્યાસી-ઓને સમાધિસ્થ ચિત્તથી પ્રાપ્ત થાય છે તે સુખ આવા માણસોને ગૃહમાં રહ્યા છતાં સુખેથી પ્રાપ્ત થાય છે. કંઈ પણ બળથી કષ્ટ કરીને નહીં પરંતુ જે બીજાઓને ઘણા કષ્ટે અથવા કરોડો જન્મે સંચિત પુણ્યવડે પ્રાપ્ત થાય તે ફલ આ માણસને ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સહેજે ઝટ પ્રાપ્ત થાય છે.

☆ ☆ ☆

## પરમ પૂજ્ય તત્વઅભીલાસી
## સદ્ગુરુ રાઈચંદભાઈ વી. રવજીભાઈ

(વવાણિયાનિવાસી રાયચંદભાઈ રવજીભાઈનો
કૃપાળુ દેવ પ્રત્યે લખેલો પત્ર)

લિ. આપનો સેવક રાઈચંદ મનજીના પ્રણામ વાંચજો.

જાત ઈસ્વરની કીરપાથી સુખ વરતી છે. આપની સુખ વરતીના કાગલ આજ દને આવાં, તે વાંચીને જીવને આનંદ ઉપજો છે, ને ગઈ કાલે બાઈ ઝવલ ખુશીથી ઘેર આવી છે. ને આજ દને બાઈ જીજીબાઈ ઘેર ખુશીથી આવા છે, ને આપના પીતાશ્રીજી શ્રી મોરબી છે તે દન ૨ થી ૩ માં ઘેર આવશે, ને માતુશ્રીજી ખુશી મઝામાં છે. તે તમારો કાગલ વંચાવવા ગએલ. તે કાગલ વાંચીને તમારી માતુશ્રીજીને જીવને આનંદ થયો છે ને તમારો કાગલ ન આવવાથી તમારી માતુશ્રીજી દલગીર થઈ ગીયા, માટે હવે કાગલ અઠવાડીએ અઠવાડીએ મહેરબાની કરી લખવો. કાગલ આવેથી તમારી માતુશ્રીજીને જીવને સુખ થાય ને સદગુરુ રાઈચંદભાઈ, છમસરી પડીકમણુ કરતી વખતે આપને ખમાવા છી ને તમો પણ ખમાવારસો ને સદગુરુ રાઈચંદભાઈ, આપના દરસન કરવાની ઈસા ઘણી જ છે, પણ કરમની અંતરાઈના જોગથી દરસનનો લાભ થાતો નથી. પણ સદગરુ રાયચંદભાઈ, નજીકના પધારવાનું થાય તો કુરપા કરી ખબર લખશો. પણ આપે સાસ્તર વાંચવાનો પરીચય કરસો તેવું લખું, પણ સદગરુ રાઈચંદભાઈ, ચોપડી વાંચતાં અરથની ખૂબી ન આવતા ત્યાં સુધી જીવને ઠીક પડે નહી, પણ હમેશ સદગરુના વચન સાંભળવામાં આવે તો જીવને બોધ ઘણો આવે. પણ જીવને અંતરાઈના જોગથી સદગરુનાં વચન કીયાથી સાંભળ-વામાં આવે. પણ સદગરુ રાઈચંદભાઈ, ગીતાનો બોધ હંમેશ કાગલમાં લખતા રહેસો, ને જુના કરમનો સી રીતે ખે થાય, ને નવા કરમનો ખે થાય તેવો બોધનો વીસ્તાર કુરપા કરી આપના

સેવકને લખસો એવી આસા છે....આપના સેવક ઉપર કુરપા કરો જેમ પુરવે સારી ગતી મળે તેમ કરસો ને આપને વસોમાં કેટલા દીવસનું રહેવાનું છે ને વસો થઈ કીએ ગામ પધારવાનું છે, તે વીગતવાર લખસો ને આપનો કાગલ આવેથી અમો કાગલ લખસુ ને ચી. ભાઈ છગન ખુશી મજામાં છે. તેમને પગે સારી રીતે આરામ છે. તેની કસી ફીકર ચીંતા રાખસો નહીં. ને ભાઈ અંબાલાલ લાલચંદભાઈને મારા પ્રણામ કેસો, ને ભાઈ અંબાલાલભાઈના દરસન કરવાની ચાહીના છે, પણ આપણે ભેગા થીએલ નથી. ને મારા સરખુ કામકાજ લખશો. એ જ દઃ આપનો સેવક રાઈચંદ મનજીના પ્રણામ વાંચજો, ભાઈ રાઈચંદભાઈ કાગલની આળસ રાખસો નહી. ચી. ભાઈ છગનની ફીકર ચીંતા રાખસો નહીં. સં. ૧૯૫૫ના ભાદરવા સુદ ૧૪ ને મંગરવારની રાત્રે લખો છે.*

☆ ☆ ☆

---

* તે વખતની ભાષાનો પરિચય થાય તેથી આ પત્રમાં મૂળની જોડણી રાખી છે; પણ હૃદયની ભાષામાં મૂળની જોડણી રાખવાથી ખરી વાસ્તવિકતા વ્યક્ત થશે એ મુખ્ય કારણ છે.—સં.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૧ | ચર્ચા–ચેષ્ટા | ચર્યા–ચેષ્ટા |
| ૧૩ | ૧૨ | સ-ઉલ્લાસથી | સ–ઉલ્લાસ |
| ૧૪ | ૧૫ | જેવી | જેતી |
| ૧૮ | ૨૩ | માતુશ્રી દેવમાને | મોટા માતુશ્રી દેવમાને |
| ૧૯ | ૮ | હેમંતભાઈ | હેમચંદભાઈ |
| ૨૦ | ૧૭ | ગ્રંથમાં જ | ગ્રંથમાં |
| ૨૩ | ૬ | તેમની સમીપ | સમીપ |
| ૩૧ | ૧૭ | ભક્તિ | ભક્તિમાં |
| ૩૩ | ૨ | ન લઈએ. | લઈએ. |
| ૫૬ | ૨૬ | નિશ્ચય | નિશ્ચળ |
| ૬૧ | ૧૯ | રહેતો. | રહેતા. |
| ૬૫ | ૩ | વિચાર | વિચાર-સંબંધી |
| ૬૬ | ૯ | આખુંય અણગાર | આખુંય શાસ્ત્ર |
| ૬૮ | ૧૦ | કુદેવમણુ | કુદેવમણુય |
| | ૧૯ | કાષાયનો | કષાયનો |
| ૭૦ | ૧૪ | આપ્ત પુણ્ય | આપ્ત પુરુષ |
| | ૧૭ | બારસના | તેરસના |
| ૭૧ | ૧૧ | સાર્થકતા | આવશ્યકતા |
| ૭૪ | ૧૧ | લખી નાખી. | લખી. |
| | ૧૩ | આજ્ઞાવતાર | આ જ્ઞાનાવતાર |
| ૭૭ | ૨ | મંડળ— | મંડપ— |
| ૮૪ | ૧ | પુણ્યો | પુષ્પો |
| ૮૪ | ૮ | નાશ થાય છે,' | નાશ છે,' |
| ૮૪ | ૨૯ | વિવિધ | ત્રિવિધ |
| ૮૬ | ૩ | સરસ | સરળ |
| ૮૯ | ૧૨ | દયા નથી, | દયા નથી, અને દયા નથી, |
| ૯૮ | ૧૩ | વ્યતીત થશે | વ્યતીત થયે |
| | ૧૫ | જીવે | જીવ |
| | ૧૬ | સ્વરૂપમાં | સ્વસ્વરૂપમાં |
| ૧૦૫ | ૨૨ | નવકારપદને | નવકાર મહા પદને |
| ૧૨૧ | ૨૩ | બાર ભાવનું | બાર ભાવનાનું |
| ૧૨૭ | ૨૮ | ૩૬ | ૩૩ |
| ૧૩૫ | ૧૨ | યથાતથ | યથાતથ્ય |
| ૧૪૧ | ૨૧ | અર્ધસંપન્ન | અર્થસંપન્ન |
| ૧૪૩ | ૧૧ | શુભ લાભો | શુભ ભાવો |
| ૧૪૪ | ૬ | શોધી | શોધીને |
| | ૭ | વર્ત્યે જા. | વર્ત્યો જા. |
| | ૯ | જેને નિશદિન | નિશદિન જેને |
| | ૧૧ | કથન છે; | કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે; |
| | ૧૨ | થવાનો | થનાર |
| | ૧૫ | અને તે જ | તે જ |
| ૧૪૬ | ૧ | હે મહાપાત્ર? | અને મહાપાત્ર |